# અનુભવની ઘટમાળ

લેખક : લાભુભાઇ સોનાણી

# અનુભવની ઘટમાળ

:: લેખક ::
લાભુભાઈ ટી. સોનાણી

:: મુદ્રક ::
રત્ના પ્રિન્ટર્સ
હલુરિયા ચોક, ભાવનગર

:: પ્રકાશક ::
અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ, ભાવનગર
C/o.શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા,
નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર,
ભાવનગર

:: મૂલ્ય : રૂા.૨૦૦/- ::

:: પ્રથમ આવૃત્તિ ::
તા.૦૫/૦૧/૨૦૨૦, રવિવાર, મલાડ, મુંબઈ.

:: પ્રાપ્તિ સ્થાન ::
શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધઉદ્યોગ શાળા,
નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર,
ભાવનગર (ગુજરાત)
ફોન નં. ૦૨૭૮-૨૪૨૩૯૧૭, ૨૫૧૨૦૨૧
મોબાઈલ : ૯૩૭૬૬૮૮૫૮૪
Website : www.ltsonani.com

e-mail :- Ltsonani@gmail.com
Face book Page :- Labhubhai T. Sonani
Youtube Channel :- Shri Labhubhai T Sonani

# બુક અર્પણ...

## અનમોલ ગ્રૂપ - મુંબઇ અને શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, શાળા વિકાસ કમિટી, મુંબઇ

(૧) શ્રી કીર્તિભાઇ શાંતિલાલ શાહ અને ભાણેજ પરિવાર
(૨) શ્રી સુભાષભાઇ પરમાણંદભાઇ શાહ
(૩) શ્રી ભરતભાઇ પ્રતાપરાય મથુરિયા (આર્કીટેક)
(૪) શ્રી અભયભાઇ પ્રવીણચંદ્ર ગાંધી (અલ્પેશભાઇ)
(૫) શ્રી કેતનભાઇ ચંદ્રકાંતભાઇ મહેતા
(૬) શ્રી પ્રિતેશભાઇ શશીકાંતભાઇ શાહ
(૭) શ્રી મનીષભાઇ દેવેન્દ્રભાઇ શાહ
(૮) શ્રી ભરતભાઇ નગીનદાસ શાહ
(૯) શ્રી પરાગભાઇ પ્રમોદભાઇ સંઘવી
(૧૦) શ્રી સમીરભાઇ મહેન્દ્રભાઇ સલોત
(૧૧) શ્રી જીનેશભાઇ જયસુખભાઇ મહેતા
(૧૨) શ્રી પ્રતીકભાઇ શૈલેષભાઇ ગાંધી
(૧૩) શ્રી ભાવિકભાઇ દિનેશભાઇ શાહ
(૧૪) શ્રી રૂપેશભાઇ નવીનચંદ્ર દોશી
(૧૫) શ્રી જીગેશભાઇ દેવેન્દ્રભાઇ શાહ
(૧૬) શ્રી ધર્મેશભાઇ પ્રવીણચંદ્ર ગાંધી

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| (૧) | લોકતંત્રનાં રખોપાં ........................ | ૧૧ |
| (૨) | કાશ ખૂલે અંતરનાં દ્વાર ........................ | ૧૯ |
| (૩) | પ્રજ્ઞાલોકની જ્ઞાનગંગોત્રી ........................ | ૨૪ |
| (૪) | અવસર ........................ | ૨૯ |
| (૫) | ચાંદામામા આવે ને અજવાળાં લાવે ............. | ૩૫ |
| (૬) | જીવનના તાણા-વાણા ........................ | ૪૧ |
| (૭) | અનુભવની આર-પાર ........................ | ૪૬ |
| (૮) | સંકલ્પથી સિદ્ધિ ........................ | ૫૨ |
| (૯) | અંતરની આંખે ........................ | ૫૮ |
| (૧૦) | હું છબી બની ગયો જગતને ગમી ગયો............ | ૬૩ |
| (૧૧) | ચાલો, કંડારીએ કેળવણીની કેડી ............... | ૬૯ |
| (૧૨) | શમણાની સોગાદ ........................ | ૭૪ |
| (૧૩) | માણસ બદલાઈ છે, સમય નહિ ................ | ૭૯ |
| (૧૪) | અનુભવના આંગણે સપ્તરંગી વાતો ............. | ૮૫ |
| (૧૫) | દિવ્ય છે દષ્ટિનો દરબાર ........................ | ૮૯ |
| (૧૬) | વિચારવાટિકા ........................ | ૯૪ |
| (૧૭) | સંકટ સમયે ધીરજ રાખનાર માણસની જીત થાય છે | ૯૯ |

# અનુક્રમણિકા


(૧૮) માંગો એટલે મળશે, શોધો એટલે જડશે ......... ૧૦૫

(૧૯) બધાંને સુખી કરવાની આપણી તાકાત નથી, પણ.. ૧૧૧

(૨૦) માનવ દેહ સ્વર્ગમાં જવાની નિસરણી છે ......... ૧૧૭

(૨૧) સત્તા અને સંપત્તિ ઈશ્વરના લાડકાં સંતાનને મળે છે ૧૨૨

(૨૨) સંઘબળ કોઈ પણ સંગઠનની ખરી તાકાત છે ..... ૧૨૮

(૨૩) આત્માની વસંત ............................ ૧૩૩

(૨૪) ઝાંઝવાનાં જળ ............................ ૧૩૯

(૨૫) સપનાંની રંગોળી ........................ ૧૪૫

(૨૬) ઊડવા માટે પાંખ નહિ, ચાહ જોઈએ .......... ૧૫૦

(૨૭) રાજનૈતિક પર્યાવરણની દૂરગામી અસરો ....... ૧૫૫

(૨૮) કહીં ખુશી કહીં ગમ ........................ ૧૫૮

(૨૯) જાહેર સંસ્થા ................................ ૧૬૪

(૩૦) વિચાર પ્રદેશની વાંસળીના સૂર ................ ૧૭૦

(૩૧) મૃત્યુ મહોત્સવ ............................ ૧૭૫

(૩૨) ભવસાગરની રમત ........................ ૧૮૧

(૩૩) રેલાયા રંગો અને વેરાયાં મોતી ................ ૧૮૭

# પ્રસ્તાવના

અનુભવની ઘટમાળ, જીવનમાં ડગલે ને પગલે ઘટતી ઘટનાઓમાંથી જન્મેલા પ્રસંગોનું ઉપવન છે. જેમાં વ્યકિતગત યાત્રા પ્રસંગો, શાળાનાં બાળકોએ કરેલા વિશિષ્ટ કાર્યો, પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓનાં યાત્રાપ્રવાસની વાતો, વિશિષ્ટ કાર્યક્રમો, સામાજિક સહયોગ જેવી બાબતોને આવરી લઇ કુલ ૩૩ પ્રકરણમાં ક્રમિક લેખમાળા સ્વરૂપે લોકસંસાર દૈનિકમાં પ્રસિદ્ધ થયેલા લેખોને પુસ્તક સ્વરૂપે આપ સમક્ષ પ્રગટ કરતા ખુશી અનુભવું છું.

આ પુસ્તક અંતરનાં ભાવોને ભાષાનાં રંગોથી મઢી શબ્દપુષ્પ તરીકે સંવેદનાનાં નગરમાં વસતા લોકો સમક્ષ મૂકવાનો મારો નમ્ર પ્રયાસ છે. કારણ કે આ પુસ્તકનો એક-એક શબ્દ ભીતરની ભાગોળે વણથંભી ચાલતી વિચારોની તૈયાર થયેલી હારમાળા સેવાક્ષેત્રમાં પ્રવેશતા પ્રત્યેક પથિકને મારા અંતરનાં આંગણે પહેરાવી સ્વાગત કરવા ઇચ્છું છું. પુસ્તકની વિચારધારાથી ઓતપ્રોત થયેલો વાચક વિકલાંગ બંધુઓ અને ભગિનીઓનાં સર્વાંગી વિકાસની યાત્રાને ટેકો કરવા પોતાનો હાથ લંબાવશે, તેવી મહેચ્છા મારા અંતર પ્રદેશમાં ઉછાળા ભરે છે. અંતરની ઊર્મિઓ સમગ્ર માનવજગતનાં હૈયાને ભીંજવી ભીતરનાં ભ્રમને ભાંગવા અમરત્વ આપશે, ત્યારે પુસ્તકનાં કુલ ૩૩ પ્રકરણો સાહિત્યની શોભા બનશે. કારણ, 'રેલાયા રંગો અને વેરાયા મોતી' આ પુસ્તકનું પારિજાત પુષ્પ છે. તો વળી 'લોકતંત્રનાં રખોપાં' કોઇ ઉપવનની પુષ્પની કોમળ ડાળખી બની વીંઝાતા પવન સામે પોતાનું અસ્તિત્વ ટકાવવા ઝઝૂમતી ઘટમાળ છે. એવી જ રીતે 'સેવાક્ષેત્રની જાહેર સંસ્થાઓ માટેનાં માપદંડ અને તેની બંધારણીય જોગવાઇઓ' પ્રત્યેની જાગૃતિ જેવા પ્રકરણો દિશા નિર્દેશ કરી સેવાયજ્ઞને પ્રજવલિત રાખવા આહુતિ આપવાનું કાર્ય કરે છે. આ ઉપરાંત સપનાની રંગોળી, કહી ખુશી કહી ગમ, આત્માની વસંત, ઝાંઝવાના જળ, ઊડવા માટે પાંખ નહિ - ચાહ જોઇએ, વિચાર પ્રદેશની વાંસળીનાં સૂર- પુસ્તકનું આકર્ષણ બનશે તેવી મને શ્રદ્ધા છે.

''શબ્દ બની વરસી પડી વાદળી,
ઘટમાળ થઇ ચાલી નીકળી વાક્યની નાવડી,
દેખી હતી અનુભવની આંખે,
લઇ ચાલી નીકળ્યો પ્રજ્ઞાની પાંખે.''

- - - - - - - - -

''કષ્ટનાં દીઠયા હતા મિનારા,
ને વળી અવરોધનાં વ્યાપ્યા હતા અંધારા,
કર્મની કમાલથી જાણ્યા હતા કિનારા,
સંવેદનાની સરિતામાં કદમ ઉપાડી,
'ઝગમગ' હૈયામાં હામ ભરી આપ્યો છે હોંકારો.''

ભીતરમાં કોઇવાર વેદનાની વાદળીમાંથી વરસતો વરસાદ વિચારોનાં વનમાં પલળેલા કાગડાની જેમ થથરતો કરી મૂકે છે. કારણ અન્યની વેદના વલોપાત આપી ભાંગી નાખે છે. તેમાંથી કોઇ ઘટના જન્મે છે. આ ઘટેલી ઘટના જીવન સાથે તણાવાળાની જેમ ગૂંથાઇ જાય છે. પરિણામે અન્યનાં દુઃખનાં દાવાનળમાંથી જન્મેલી ઘટના પોતીકી લાગવા માંડે છે. રાત-દિવસ આવી ઘટનાઓ મને પ્રજ્ઞાચક્ષુઓ અને વિકલાંગોનાં સેવાયજ્ઞને પ્રજવલિત રાખવા ખેંચતી રહે છે. હું તેમના તરફ સતત ખેંચતો રહું છું. મારા યજ્ઞમાં અન્ય લોકોને જોડી, તેના સાક્ષી બનાવવા મારું લેખનકાર્ય ચાલતું રહે છે. જેના ભાગરૂપે ખૂબ ટૂંકા સમયમાં આપની સમક્ષ મારું ત્રીજું પુસ્તક પ્રકાશિત કરવાની ઘડી આવી પહોંચી છે, ત્યારે મુંબઇ શહેરને માત્ર દેશની આર્થિક રાજધાની તરીકે ઓળખવાના બદલે લોકો તેને સંવેદનાની રાજધાની તરીકે પણ યાદ કરતા ગૌરવ અનુભવે તેવા હેતુથી મારું ત્રીજું પુસ્તક ''અનુભવની ઘાટમાળ'' સંવેદનાના વેપારી એવા મુંબઇવાસીઓની સાક્ષીમાં પ્રસિદ્ધ કરતા હર્ષ અને ગૌરવની લાગણી અનુભવું છું.

તારીખ: ૦૫-૦૧-૨૦૨૦

સ્થળ : મલાડ (મુંબઇ) લાભુભાઇ ટી. સોનાણી

# લેખક પરિચય

નામ : લાભુભાઈ ટપુભાઈ સોનાણી

જન્મ તારીખ : ૧૫/૦૩/૧૯૬૭

જન્મ સ્થળ : તરસમિયા (ભાવનગર)

પત્ર વ્યવહારનું સરનામું : શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, નવા ફિલ્ટર સામે, કૉલેજ રોડ, વિદ્યાનગર, ભાવનગર – ૩૬૪ ૦૦૧

કાયમી સરનામું : 'નિષ્ઠાકુંજ', ૧૪–બી, શિવાજીપાર્ક, મેરુબાગ, ફાતિમા કૉન્વેન્ટની પાસે, ઘોઘારોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૨

મોબાઈલ : ૯૩૭૬૬૮૮૫૮૪

e-mail : Ltsonani@gmail.com

Face Book : Labhubhai T Sonani

Website : www. Ltsonani.com

Youtube Channel: Shri Labhubhai T Sonani

લાયકાત : બી.એ., બી.એડ.
સંગીત વિશારદ

કુટુંબ પરિચય : **જીવનસાથી** : નીલાબેન લાભુભાઈ સોનાણી
**પુત્રી** : નિષ્ઠા લાભુભાઈ સોનાણી

સેવાકીય સંસ્થા સાથે જોડાણ :

(૧) જનરલ સેક્રેટરી : શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, ભાવનગર
રાષ્ટ્રીય અંધજન મંડળ, ભાવનગર જિલ્લા શાખા, ભાવનગર

(૨) પ્રમુખ : શ્રી અંધ અભ્યુદય મંડળ – ભાવનગર
અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ – ભાવનગર
ગુજરાત અપંગ સંસ્થા સંચાલક સંઘ – અમદાવાદ

આ ઉપરાંત રાજયની અનેક સંસ્થાઓ સાથે જુદા–જુદા હોદ્દા પર પોતાની સેવાઓ પ્રદાન કરી રહ્યા છે.

અન્ય પ્રકાશન : (૧) જીવનનો ધબકાર–મારી સ્મરણયાત્રા
(૨) સંવેદનાની શોધ
(૩) વિકલાંગતા વિધેયક ૨૦૧૬નો સંક્ષિપ્ત અનુવાદ
(૪) ઉપવન

સત્કાર :


વિવિધ સામાજિક સેવાઓ બદલ લેખક અને સામાજિક કાર્યકર શ્રી લાભુભાઈ ટી. સોનાણીને વર્ષ–૧૯૯૭થી લઇ આજ સુધીમાં રાજય સરકાર અને અનેક સંસ્થાઓ દ્વારા વિવિધ ઍવૉર્ડ અને સન્માનપત્રોથી સન્માનિત કરવામાં આવેલ છે.



# ઋણ સ્વીકાર

વિચારોની વણથંભી સરિતાને શબ્દદેહ આપી અનુભવનાં આંગણે ''અનુભવની ઘટમાળ'' પુસ્તક સ્વરૂપે આવકારવા ઑર્બિટનાં બટન પર ચાલતી હાથની આંગળીઓ વડે ચૂંટાયેલા અક્ષરોમાંથી નિપજેલા શબ્દપુષ્પને પુસ્તકરૂપી બાગમાં મહેકવા છાપકામ, પ્રકાશન, ટાઇપ સેટિંગ્સ, મુદ્રણકાર્યમાં જેમનો સતત સહકાર મળ્યો છે એવા મારા સ્નેહીમિત્ર શ્રી સુરેશભાઈ એન. ત્રિવેદી, હિતેશભાઇ કે. સોલંકી – રત્ના પ્રિન્ટિંગ પ્રેસ તેમજ મારા પ્રત્યેક કાર્યમાં ટેકો કરવા જેનો હૂંફાળો હાથ હંમેશા તત્પર રહે છે એવા મારા જીવનસાથી નીલા તેમજ મારા કાર્યને દીપાવવા જેમનો રાત-દિવસ વિચારોનો સંવાદ મને ઊર્જા આપે છે તેવી મારી વ્હાલી દીકરી નિષ્ઠા તથા પુસ્તકની જોડણી, વિરામચિહ્ન, ભાષા શુદ્ધિ કરી આપનાર ભાષાવિદ શ્રી બળવંતભાઈ તેજાણી તેમજ આ કાર્યમાં ડગલે ને પગલે ઉપયોગી બનતા એવા શ્રી ઘનશ્યામભાઈ બારૈયા (આચાર્ય શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા) તેમજ સહાયભૂત બનનાર હર્ષ નીતિનભાઈ ધ્રાંગધરિયા, શ્રી હસમુખભાઈ જી. ધોરડા, શ્રી પંકજભાઈ એન. ત્રિવેદી, શ્રી કીર્તિભાઈ એસ. શાહ, શ્રી મહેશભાઈ સી. પાઠક, શ્રી કનુભાઇ પટેલ આ ઉપરાંત નામી-અનામી સૌ કોઇ મદદ કરનારનો હાર્દિક આભાર માનું છું.

લાભુભાઈ ટી. સોનાણી



# ૦૧. લોકતંત્રનાં રખોપાં

કોઈ પણ દેશની રાજય વ્યવસ્થા જેટલી મજબૂત અને સુદ્રઢ હોય તેટલી જ તે દેશની પ્રગતિ નિશ્ચિત ગતિએ થતી હોય છે. રાજા અર્થાત્ સત્તાની લગામ સંભાળનાર સત્તાધીશ. રાજા જેટલો પ્રામાણિક હશે તેટલી જ તે દેશની પ્રજા પ્રામાણિક બનશે. રાજા જો લોભી, લફંગો કે ઢોંગી હશે તો, તે દેશની પ્રજા પણ તેવી બનશે. દેશના કરવેરા ભરવામાં તે પ્રજા લોભ કરશે. સમયસર કે પૂરતી રકમ નહીં ભરવા, રાજાની ચુંગાલમાંથી બચવા અવનવા નુસખા શોધી કાઢશે. જો રાજા તેની પ્રજાનું ધન એક યા બીજી રીતે ઝૂંટવી લેવાની મનોકામના ધરાવતો હશે તો, તેની પ્રજા પણ રાજની કરચોરી કરવાનું ડહાપણ શીખશે. તે આવકના પ્રમાણમાં રાજય કે દેશનો ટેકસ એનકેન રીતે નહિ ચૂકવવાના રસ્તા શોધી કાઢશે. કહેવાય છે ને – 'જેવો રાજા, તેવી પ્રજા.' અહીં રાજા મતલબ સત્તાનો ભોગવટો કરનાર સત્તાધીશ છે.

સત્તાતંત્ર દ્વારા જે કામ હાથ પર લેવામાં આવે તે પ્રત્યેક કામ પારદર્શક રીતે થવાં જોઈએ. જે સત્તાધીશ આ વાત પર અંગત સ્વાર્થ ખાતર વળગી રહેતો નથી તેવો રાજા મળેલી સત્તાની ગરિમાનો સરેઆમ ભંગ કરી અપમાન કરતો હોય છે. આપણા દેશના ઈતિહાસનો અભ્યાસ કરીએ તો આપણને અનેક રાજા–મહારાજાનાં દાખલા સોનેરી પાને કંડારેલા જોવા મળે છે. તેમાં પ્રજાનાં કલ્યાણ અને ઉત્થાનના હેતુ માટે પ્રજાની સુખાકારી વધારવા રાજા–મહારાજાઓએ કામ કર્યું હોય તેવું જોવા મળે છે. એટલું જ નહીં દુષ્કાળ જેવી સ્થિતિમાં પોતાનો હાથ લંબાવી ધન એકત્રિત કર્યાનું પણ આપણને જાણવા મળે છે. દા.ત., મહારાણા પ્રતાપે ચિત્તોડગઢનાં નગરશેઠ વીર ભામાશાની મદદ મેળવી પ્રજા અને પશુઓ માટે અનાજ અને ઘાસચારાની સગવડ ઊભી કરી હતી. આવા રાજવીઓ ખરા અર્થમાં પ્રજાવત્સલ પુરવાર થયા હતા. એટલું જ નહિ સમય આવ્યે પોતાના રાજયનો ત્યાગ કર્યાની જાણકારી પણ આપણને મળે છે. આ લોકો જે વચન આપતાં તેનું પાલન જરૂર કરતા હતા. તેમના માટે તો, પ્રજા જ સર્વોપરી ગણાતી હતી.

સન ૧૯૪૨ 'હિન્દ છોડો' ચળવળના પગલે આપણો દેશ ૧૯૪૭માં આઝાદ થતાં દેશી રજવાડાંઓને એક કરી દેશને એકસૂત્રે જોડવાનો પડકાર આવ્યો હતો. વળી,

સ્વાતંત્ર્યસેનાનીઓ સહિત આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઇ પટેલ અને જવાહરલાલ નહેરુ, બાબાસાહેબ ભીમરાવ આંબેડકર જેવા નેતાઓ દેશને પ્રજાસત્તાક બનાવવા ઇચ્છતા હતા તેથી તે દિશામાં તેનાં ચક્રો ગતિમાન થવા લાગ્યાં. દેશી રજવાડાંની સત્તા હસ્તગત કરવાનું ખૂબ કપરું કામ હતું. 'મન હોય તો માળવે જવાય' બાપુને દિલ્લીમાં સામે ચાલીને અઢારસો પાદરનો ધણી મહારાજા કૃષ્ણકુમારસિંહજી મળવા આવી પહોંચે છે. બાપુને વંદન કરી પોતાના રાજનો કબજો દેશના હવાલે કરવા પોતાની વાત મૂકે છે. સાથે પ્રજાની સગવડ ઊભી કરવા કેટલીક મૂડી પણ રાજકોષમાં જમા કરાવે છે. અંગ્રેજોએ ભારત દેશની સત્તા છોડયા પછી પહેલા કોઇ રાજવી બાપુના ચરણોમાં રાજ અર્પણ કરવા આવ્યા હતા. બાપુએ તેમને કહ્યું: 'તમે, રાણીસાહેબને તો પૂછયું છે ને ?' પધારેલા રાજવી પુરુષ બોલી ઊઠયાઃ 'બાપુ, તેની ચિંતા કરશો નહિ અમારા પરિવારમાં તેમની સંમતિ મળી ચૂકી છે.' આપણા જ મહારાજાશ્રી કૃષ્ણકુમારસિંહજીની આ ઉદારતા હતી. આજે પણ આપણી છાતી ગજ-ગજ ફૂલે તેવું આ કામ તેમણે બજાવ્યું હતું. દેશનો એ પહેલો રાજપુરુષ હતો, જેમણે પોતાનું રાજ કોઇ પણ જાતનાં લોભ કે લાલચ વિના ઘડીના છઠ્ઠા ભાગમાં- અઢારસો પાદરની સત્તાની પરવા કર્યા વિના - રૈયતના સુખ માટે દેશમાં સત્તાત્યાગનો પ્રથમ દાખલો બેસાડયો હતો.

ભાવનગરનાં મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીની આ ઉદારતાની નોંધ લઇ તેમને તાબડતોબ મદ્રાસનાં રાજયપાલ નિયુકત કરવામાં આવ્યા હતા પણ રાજપુરુષની કેવી ઉદારતા ! રાજયપાલ તરીકે તેમણે એક રૂપિયાના ટોકન પગારથી ફરજ અદા કરવાની સંમતિ આપી. પ્રજાની ખરી સેવા કરવાનો લોકશાહી પ્રણાલીમાં ઉત્તમ શાસકનો આ રાજપુરુષે જીવંત દાખલો બેસાડયો હતો. આજ ગંગા અવળી ચાલે છે : ધારાસભ્યો કે સંસદસભ્યોના વેતનમાં જો વધારો કરવાનો હોય અને તેના માટે સભાગૃહમાં કોઇ પ્રસ્તાવ લાવવામાં આવે તો, આપણા પ્રતિનિધિઓ પેલા દલા તરવાડીની જેમ બોલવા લાગે છે, 'ચૂંટણી અને થોડી દોડધામ, મળતિયાને જલસા કરવાના કામના ખર્ચા વસૂલવા પગાર ભથ્થાં ૧૦-૧૨ ટકા વધારું કે ? સાંભળી સૌ કોઈ બોલે : પૂછવાની જરૂર પડે ભાઇ ! વધારોને ભાઈ... ૨૫-૩૦ કે ૧૦૦ ટકા ! કોના

બાપની છે દિવાળી' -ધ્વનિમતે ગાજી ઊઠે સભાખંડ, ગુંજી ઊઠે તાળીઓનો ગડગડાટ.

આપણે ત્યાં કહેવાય છે કે : 'ભૂવો ધૂણે તો, નાળિયર તેના ઘર તરફ જ ફેંકે' ફાયદો પોતાને જ થાય તે-નેતા.' ફાયદો પ્રજાને થાય તે...

આપણા રાજવીશ્રી કૃષ્ણકુમારસિંહજી, ધન્ય તેમને.

ધન્ય છે તેમની જનેતાને.

ધન્ય છે તેમના પ્રજાપ્રેમને.

આપણી સંસદમાં કે વિધાનસભામાં ધમાલ મચાવતા આપણા રાજનેતાઓમાં એવું તો કયું રસાયણ એકાએક કામ કરવા લાગે છે કે, ફાયદાની વાત આવતા જ શાસક અને વિપક્ષ એકસૂરે વેતનમાં તોતિંગ વધારા માટેના પ્રસ્તાવને હર્ષનાદોથી વધાવી લે છે. હમણાં હમણાં તો ધારાસભ્યો ચલકચલાણાની રમત રમતા થઇ ગયા છે. શાળા-કૉલેજના આચાર્યોને હવે રમત-ગમતમાં ચલકચલાણાની રમત ખાસ ઉમેરવી પડશે. તમે સૌ કહેશો કે જમાનો તો ક્રિકેટનો છે. થોડા સમય બાદ ઇંગ્લૅન્ડમાં તેનો વર્લ્ડકપ યોજાવાનો છે. તો પછી ચલક-ચલાણાની રમતની અત્યારે શી ઉતાવળ છે ? તમે, સમજયા નહિ. માનો કે તમારો વિદ્યાર્થી નેતા બની ધારાસભામાં જવા ઇચ્છતો હોય કે ઇચ્છતી હોય તો પહેલા તે કોંગ્રેસમાં ધારાસભ્યની ચૂંટણી લડી ચૂંટાઇ આવે અને પછી દરખાસ્ત મળે એટલે જે રકમ નક્કી થાય તે લઇ શાસક પક્ષમાં જતો રહે, જો થોડું દબાણ કરી શકે તેવો મજબૂત હશે તો, મંત્રી પણ થઇ જશે. ક્રિકેટમાં ખેલાડી વધુમાં વધુ ૧૨ થી ૧૫ વર્ષ માંડ ફિટનેસ જાળવી રમી શકે છે પણ ચલક-ચલણાની રમતમાં આવા કોઇ ફિટનેસની જરૂર પડતી નથી. જેમ ઉંમર વધે તેમ પીઢ બની પૈસો કમાતા શીખી જશે. બોલો થઇને ફાયદાની વાત...! તો પછી ચલક-ચલાણાની રમત શાળા-કૉલેજમાં દાખલ કરી દો, જેથી કસરત પણ થશે અને લાભ લૂંટવાની આદત પણ ખીલશે. 'આમ કે આમ ગુટલીઓ કે ભી દામ !'

લોકતંત્રનાં રક્ષણ માટે હવે જાગવાનો સમય પાકી ગયો છે. જનપ્રતિનિધિ ધારામાં સુધારા લાવવાની તાતી જરૂર છે. જનપ્રતિનિધિ ધારો અસરકારક સુધારા સાથે જો અમલમાં મૂકવામાં આવશે તો ચલક-ચલણાની રમતની આપણા નેતાઓ 'ખો' ભૂલી જશે. ચૂંટણીમાં કરોડો રૂપિયાનો ખર્ચ કરતાં રાજનેતાઓને જનતાએ પાઠ

ભણાવવા જેવો છે. ચૂંટણીપંચે કોઇ પણ પરવા કર્યા વિના જેની ફરિયાદ મળે તેની તટસ્થ તપાસ કરી કસૂરવાર સામે પગલાં લેવા હિંમત એકઠી કરવી પડશે. કોઇ પણ ચમરબંધી હોય તેને ખુલ્લો પાડી કાયદા મુજબ તેની સામે પગલાં ભરવા પડશે. સામાન્ય જનતા પણ જાણતી હોય છે. શહીદોના ફોટા પોતાની ચૂંટણી સભામાં કોણ રાખે છે ? તેમ છતાં ચૂંટણીપંચ ઢાંકપિછોડો કરવા તમામ રાજકીય પક્ષોને કાગળ લખીને જણાવે છે કે : 'કોઇએ શહીદોના ફોટા પોતાની ચૂંટણીસભામાં રાખવા નહિ.' ચૂંટણીપંચ આવી શેહશરમ શા માટે ભરે છે ? અથવા એમ કહો જેમણે શહીદોના ફોટા રાખવાનું શરૂ કર્યું છે તેની સામે કડક પગલાં કેમ લેવામાં આવતા નથી ?

લોકતંત્રના રક્ષણની જવાબદારી આવા સમયે દેશની પાયાની સંસ્થાઓ ચૂંટણીપંચ, આપણું ન્યાયતંત્ર અને મીડિયા એટલે કે પ્રસાર માધ્યમોની બને છે. લોકશાહીનો તે પ્રાણ છે. આત્મા વિનાનું શરીર નકામું બની જાય છે તેમ આ બધી સંસ્થાઓની નિષ્ક્રિયતાના લીધે લોકશાહી નિષ્પ્રાણ થઇ જાય છે. સરહદ પરના સૈનિકો કરતાં આપણી પાયાની સંસ્થાઓના કાર્યને જરા પણ લોકશાહીના રક્ષણ માટે ઓછું મૂલવી શકાય નહીં.

રાજા હરિશ્ચંદ્ર પોતાના રાજધર્મને બચાવવા, આપેલા વચનને પાળવા રાજપાટ છોડી વાયદા મુજબ પોતાનું કરજ ચૂકવવા જાતે જ ચંડાળને ત્યાં વેચાયા હતા. તેના માટે વચન નિભાવવું વધુ મહત્ત્વનું હતું, રાજ ટકાવવું નહિ. આજે રાજ મેળવવા અને તેને ટકાવવા ગમે તેવી સાંઠગાંઠ થઇ શકે છે. જો આમ ને આમ ચાલતું રહેશે તો લોકશાહીનું પતન નક્કી છે. વાણીવિલાસ આજકાલના નેતાઓની ભાષાની લાયકાત માનવામાં આવે છે. વ્યક્તિગત આક્ષેપો તેની શોભા ગણાય છે. આ બધું લોકશાહી માટે ઘાતક છે. કેટલાંક દેશી રજવાડાંઓનો આપણે અભ્યાસ કરીએ તો તેમાં પણ લોકપ્રતિનિધિ સભા ચૂંટવાની પ્રથા હતી. આવાં રજવાડાંના નિયમો-ઉપનિયમો કે ધારાઓ ઘડી કાઢવાની પ્રણાલી અમલમાં હતી. આ વ્યવસ્થા જે-તે રજવાડાના સત્તાતંત્રમાં પ્રજાની ભાગીદારી સૂચવે છે. આમ પહેલાંના રાજા મહારાજાઓ પણ લોકો વડે સ્થપાયેલી રાજ વ્યવસ્થાનાં હિમાયતી હતા. આપણો દેશ ૧૯૫૦માં પ્રજાસત્તાક બન્યો હતો. માત્ર સાત દાયકાઓમાં જ તેની જડ હચમચી ગઇ છે.

ભ્રષ્ટાચાર, કામચોરી, ખોટાં વચનો, ચૂંટણીમાં ખર્ચાતાં અઢળક નાણાં જેવા અનેક દૂષણોએ આપણી લોકશાહી પ્રણાલીના પાયામાં ઘા કરી તેનું નિકંદન નીકળી જાય તેવો અત્યાચાર આરંભ્યો છે. દૈનિક સમાચારપત્રો કે ટીવી ચેનલોમાં અપાતી જાહેરખબરોમાં કોઇ વિશ્વસનીયતા નજરે પડતી નથી. પ્રજાએ ચૂંટેલી સરકાર આંકડાની માયાજાળ રચી તે જ પ્રજાને ગુમરાહ કરી, દિવસો વિતાવવા કડાકા-ભડાકા કરી, વર્ષા વિનાના ચાલ્યા જતાં ખોટાં વાદળોની જેમ ભાષણોની ભરમાળ કરતાં નેતાઓ ડગલે ને પગલે નજરે પડે છે. આવા નેતાઓ કોઇ આળસુ, સ્ત્રી જે રીતે માત્ર પાવળું તેલ ગરમ મૂકી જેમ તેની સુગંધ વડે મહેમાનોને જમાડયા વિના ઘર છોડવા મજબૂર કરવામાં કુશળ હોય છે તેમ આજકાલનાં નેતાઓ તેજાબી આક્ષેપો અને ભૂતકાળનાં બનાવટી શબ્દચિત્રો આલેખી જનતાનું પેટ ભરે છે. ભાષાના વૈભવ વડે. સત્તાની ખુરશી મેળવી લેવામાં સફળ થઇ રહ્યા છે. તે ખરેખર લોકતંત્રનું મોટું કલંક છે. લોકશાહી વ્યવસ્થામાં જનતા સર્વોપરી હોવી જોઇએ, તેમ છતાં ઘણીવાર જાણ્યે અજાણ્યે આપણો તે અધિકાર જતો કરી કોઇ ને કોઇ નેતાની માયાજાળમાં આપણે ફસાતા રહીએ છીએ. એટલે એમ કહેવાનું મન થાય ‘જનતા ને જળ દોરે ત્યાં (ખેંચે ત્યાં) જાય.’ કારણ જનતા તો આશાના ઘરમાં વસવાટ કરનારી ભોળી પ્રજા કહેવાય. જેમ પાણીને જે વાસણમાં ભરવામાં આવે છે તેવો આકાર તે ધારણ કરી લે છે તેમ નેતાઓની ખોટી-બનાવટી ઘડી કાઢેલી યોજનાઓમાં જનતા ગૂંચવાઇ જાય છે. ખોટા નેતાને આ રીતે તે ચૂંટી કાઢી જાળમાં ફસાઇ જાય છે. આ વાતને સમજવા મને એક નાનકડી વાર્તા યાદ આવે છે.

થોડી કીડીઓ ચૈતર માસ આવતા લોકો દ્વારા પરંપરા મુજબ પૂરવામાં આવતા કીડિયારાના મેદાન તરફ જઈ રહી હતી, એટલામાં એક કીડીનું ધ્યાન રસ્તા પર પસાર થઇ રહેલા ઊંટ તરફ જાય છે. ઊંટનો હોઠ લબડી નીચે પડું-પડું થઇ રહ્યો હતો. તે જોઇ, કીડીને લાગ્યું કે લોચો નીચે પડે તો મિજબાની થાય. ઊંટ જે દિશામાં જતું હતું તે દિશામાં કીડી આગળને આગળ ચાલવા લાગી. ઘણું અંતર કપાયા પછી, ઊંટની પાછળ ચાલી જતી કીડી થાકવા લાગી. દિવસ આથમવા લાગ્યો. બધી કીડીઓને તેની ચિંતા થવા લાગી. કેટલીક કીડીઓ તો તેને શોધવા પણ નીકળી પડી. ઘણી મથામણ કરવા છતાં કોઇને કીડી નજરે ન પડી. આખરે એકલી ખૂબ દૂર પહોંચી ગયેલી કીડીને એક મકોડો મળે છે. તે

કીડીને એકલી જોઇ પૂછે છે: 'કીડીબેન, આમ એકલા કયાં ચાલ્યાં ?' સાંભળી કીડી બોલે છે: 'ઊંટનો હોઠ કપાઇ ગયો લાગે છે. હમણાં તે નીચે પડશે એટલે ખાવાની મજા પડશે. તમારે પણ સાથે આવવું છે?' સાંભળી મકોડાએ કહ્યું : 'મારે તો આવવું નથી, તમે પણ તેની પાછળ જવાનું છોડી દો, કારણ કે ઊંટનો હોઠ કપાયેલો લાગે ખરો, તે કપાયો હોતો નથી તેથી તે કદી નીચે પડશે જ નહિ. માટે નાહક તેની આશામાં દોડધામ કરી દુઃખી થશો નહિ.' આપણે પણ નેતાઓના વાયદા- ઊંટના કપાયેલા દેખાતા હોઠ જેવા હોવા છતાં તેની પાછળ સમયનો વિચાર કર્યા વિના દોડતા રહીએ છીએ. ચૂંટણીનાં સમયમાં આવા નેતાઓની સભા માટે સમય અને પૈસાનો પણ વ્યય કરતાં રહીએ છીએ. પરિણામ તો ઊંટના હોઠ જેવું જ મેળવાનું છે. જે આપણને છતી આંખે દેખાય છે તે તો છે ઝાંઝવાના જળ જેવું ! તેથી આભાસી ચિત્ર પાછલ ભાગવું ફોગટ છે. હરણની દૂંટીમાં રહેલી કસ્તુરી તેની અજ્ઞાનતાના કારણે તે પામી શકતું નથી. હરણ તેની પાસે રહેલી કસ્તુરીની સુવાસ આવતા દોડવા લાગે છે. આખરે તે થાકીને નિરાશ થઇ જાય છે અને ધરતી પર પટકાય છે. હું અને તમે પણ હરણની માફક નેતાઓ પાછળ દેશ-પ્રદેશના વિકાસ ખાતર સાત કામ પડતાં મૂકી દોડીએ છીએ. મિત્રો, આ હરણદોટ કદી સફળ થવાની નથી. હવે તો જનતાએ જાતે જ જાગવું પડશે. તમે કહેશો કે તમારી વાત ગળે ઊતરે તેવી નથી. વિકાસ તો ખૂબ થયો છે. તમે સાચા છો, તમારી દષ્ટિ હકારાત્મક છે. મારે તમને એટલું જ પૂછવું છે કે : 'સમતોલ વિકાસની વાત કરતા આપણા પ્રધાનમંત્રીને ભાવનગરની પાયાની જરૂરિયાતો કેમ દેખાતી નથી? ચશ્માં આવ્યા હોય તો જુદી વાત છે. ભાવનગરના મહારાજાએ આપણને જો પાયાની સુવિધાઓ ન આપી હોત તો, આજે ભાવનગરનો થોડોઘણો તમને જે વિકાસ થયેલો દેખાય છે તે પણ થયેલો ન જોવા મળી શકે તેવી હાલત આપણી થઇ હોત.

મોટા નેતાઓ આ ભાવનગર જિલ્લાએ ઘણા આપ્યા છે. કોઇએ નગરનાં અરમાન પૂરા કરવાની તસ્દી લીધી હોય તેવું કામ દેખાતું નથી. આપણી હૉસ્પિટલ, ઍરપોર્ટ અને રેલવે - આ બધું જ આપણને આપણા મહારાજાએ આપ્યું છે. છેલ્લા દસ વર્ષથી ખખડધજ થયેલું બસસ્ટેન્ડ રિપૅર થઇ શકતું નથી. બે-બે વાર ખાતમુહૂર્ત થવા છતાં નવું બસસ્ટેન્ડ જનતાને મળી શકયું નથી. તાલુકા કક્ષાનાં, શહેરોનાં

બસસ્ટેન્ડ અતિ આધુનિક બની રહ્યાં છે ત્યારે ભાવનગરને શા માટે તડપવું પડે છે? જે મહાનગરને તેના રાજાની ઉદારતાનો લાભ મળવો જોઇએ તેના બદલે, તે જ નગરની જનતા સૌથી વધુ પિસાઇ રહી છે. 'નામુમકીન' નારો આપતા નેતાઓની સ્મૃતિમાં ભાવેણાના રાજવીની ઉદારતા કયાંય દૃશ્યમાન થતી નથી. નગરની સુવિધાને થોડીવાર બાજુ પર રાખી વિચાર કરીએ તો પણ મહારાજવીએ દેશનાં રજવાડાંઓમા પોતાનું રાજ સર્વપ્રથમ અર્પણ કર્યું છે તેવા રાજપુરુષ શ્રી કૃષ્ણકુમારસિંહજીને મરણોત્તર ભારતરત્ન ઍવૉર્ડ આપી, તેનું અને ભાવેણાનું સન્માન કરવું જોઇએ તેમ હું માનું છું. મને શ્રદ્ધા છે કે આપ સૌ પણ મારા પ્રસ્તાવને આવકારશો.

લોકશાહી એટલે શું ? રાજયનો કારોબાર ચલાવવા જે પ્રણાલી સ્થાપિત કરવા લોકોનાં હિત અને તેના વિકાસ માટે, લોકો દ્વારા કે લોકો વડે સ્થાપવામાં આવતી તંત્રવ્યવસ્થા. જેના પાયામાં દેશના સામાન્ય નાગરિકથી લઇ મૂડીવાદી સમાજની સામૂહિક શકિતનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. જેના કારણે સમગ્ર વિશ્વમાં ભારતની લોકશાહી વ્યવસ્થા અને તેના બહુમુખી બંધારણની નોંધ લેવામાં આવી છે. આપણા ભાવનગરના સ્વ. શ્રી બળવંતરાય મહેતા પ્રેરિત 'પંચાયતીરાજ' વ્યવસ્થા લોકશાહી પ્રણાલીનું સાચું ગૌરવ છે. આ વ્યવસ્થામાં ત્રિસ્તરીય પંચાયત હોય છે.

૧. ગ્રામ પંચાયત, ૨. તાલુકા પંચાયત અને ૩. જિલ્લા પંચાયત

આ ઉપરાંત વ્યવસ્થાનાં ભાગરૂપે મોટા ગ્રામ્ય વિસ્તારોમાં નગર પંચાયત, શહેરી વિસ્તારોમાં નગરપાલિકા અને મોટાં શહેરોમાં મહાનગરપાલિકા કાર્યરત હોય છે. આપણી લોકશાહી વ્યવસ્થાના રક્ષણ માટે આપણે આટલું તો જરૂર કરીએ.

- ચૂંટણીમાં આપણો કીમતી અને પવિત્ર, મૂલ્યવાન નિર્ણાયક મત કોઇ પણ કામ પડતાં મૂકી આપવાનું કદી ચૂકીએ નહીં.
- આપણો મત આત્માના અવાજે ઉમેદવારની કામગીરીના આધારે આપવાનું રાખીએ.
- કોઇની શેહશરમમાં આવ્યા વિના, કોઇ પણ લાલચ વિના મતદાન કરી આપણી પવિત્ર ફરજ બજાવીએ અને એ રીતે દેશનું ઋણ અદા કરીએ.
- શાળા - કોલેજના શિક્ષકો અને પ્રાધ્યાપકોએ વિદ્યાર્થીઓને નિયમિત રીતે

જાગૃત કરતા રહેવું જોઇએ.

- મતદાનના દિવસે ઉમેદવારનાં વાહનોનો ઉપયોગ કરવો નહીં. પોતાના વાહનથી મતદાન મથક પર જવાનું રાખવું જોઇએ.
- મત બદલ મળતા ધનનો સ્વીકાર કરવો નહીં, આપણા કોઇ પણ કામ માટે નેતાઓ કે અધિકારીઓને લાંચ આપવી કે લેવી નહીં.
- આપણી જાણમાં જો આવી કોઇ બાબત આવે તો, તેને છુપાવવી નહિ તેની ફરિયાદ નોંધાવી, તેને અટકવવા મદદ કરવી.
- લોકશાહીનું રક્ષણ કરવું પ્રત્યેક નાગરિકની ફરજ છે. ભાવુક થઇ તમારો મત એળે જવા દેશો નહીં. તમારો એક મત ખૂબ કીમતી છે.
- ચૂંટણીસભામાં ભાષણ બધા નેતાનું સાંભળો પણ નિર્ણય તમારા આત્માનો અવાજ સાંભળીને જ લેવાનું રાખો.
- ઇતિહાસની ભ્રમિત વાતોમાં આવી તમારો કીમતી મત એળે જવા દેશો નહીં. વળી, સમજી લેજો કોઇ પણ પરિસ્થિતિ ઇતિહાસમાં તમારી સામે મુકાઇ છે તેમાં તે વખતના લોકોની ભૂલ દેખાડવામાં આવે છે પણ તે ભૂલ હોતી નથી તે તો ઈશ્વરની ઇચ્છા વડે બનેલી ઘટના હોય છે તેથી ભૂતકાળને વાગોળતા નેતાઓથી ચેતતું રહેવું અને તેના વર્તમાનને તપાસવો જોઇએ.

આમ, લોકતંત્રનું રખોપું કરવું એ દેશના પ્રત્યેક નાગરિકની નૈતિક ફરજ બની જાય છે.

લોકતંત્રના રક્ષણ માટે નાઝીરની પંક્તિ યાદ રાખીએ :

'હું બે હાથ મારા લંબાવું તો તારી ખુદાઇ દૂર નથી<br>
પણ હું માગું ને તું આપી દે તે વાત મને મંજૂર નથી.'

# ૦૨. કાશ ખૂલે અંતરનાં દ્વાર

માતાના ગર્ભમાં પિંડબીજ રચાતાં બાળકનો આ જીવસૃષ્ટિમાં પ્રવેશ થાય છે. તેની આસપાસ એક ચોક્કસ આવરણ રચાયેલું હોય છે. તે બાળકનું માતાના ઉદરમાં રક્ષણ કરે છે. પરિણામે માતા ગમે તેવા ખાટા, ખારા, તીખા, ગરમ, ઠંડા આહાર લે તો પણ તેને થેલી જેવું આ આવરણ રક્ષણ આપે છે. એટલું જ નહિ બાળકને તેના ઉછેર માટે પોષણ મળી રહે તેવો સુરક્ષિત પ્રબંધ પણ પરમકૃપાળુ પરમેશ્વરે કરી અદ્‌ભુત લીલા વડે પોતાની કરુણાનાં દર્શન કરાવ્યાં છે. આવરણમાં રહેવા ટેવાયેલો આ જીવાત્મા જન્મતા જ તેની આદત મુજબ માયાનું આવરણ ધારણ કરવા લાગે છે. સમય જતાં આ આવરણ લોખંડી જેલ જેવું મજબૂત બનવા લાગે છે. પછી તેમાંથી માણસ કેમેય કરી મુકત થઇ શકતો નથી. દિવસે-દિવસે તે તેમાં ફસાતો જાય છે. તેમાંથી બહાર નીકળી માયામાંથી મુકત થતાં તે તેના અંતરનાં દ્વાર સુધી પહોંચી શકતો નથી. ચોતરફ પથરાયેલું અજ્ઞાનનું તિમિર તેને રોકે છે. તે દિશા શોધી અહંકારની બેડીઓ તોડી આગળ વધી શકતો નથી. માણસ પોતાની બાહ્ય દુનિયામાં ખૂબ જ આગળ વધવા દિનપ્રતિદિન મહેનત કરી રહ્યો છે. અંતરિક્ષમાં પણ પોતાનાં પરાક્રમો કરવાનું બાકી રાખ્યું નથી. કરોડો ટન લોખંડ આકાશમાં તેણે તરતું મૂકી માનવીનું ભાવિ ધૂંધળું કરી નાખ્યું છે. ખબર નથી તેને શું મેળવવું છે. વૈભવી લાલચે તેને આંધળો કરી મૂકયો છે. મોહ માયાના મતલબે તેને સ્વાર્થી કરી દીધો છે. આપણા ભારતની વાત કરીએ તો લોકશાહીના નામે લોકોને ભરમાવી સત્તાની ખુરશી એન-કેન રીતે મેળવી લેવામાં સફળ થતા નેતાઓ ડગલે ને પગલે નજરે પડે છે. અસત્યની ઢાલ લઇ તે સંસારભૂમિનું યુદ્ધ જીતવા નીકળી પડયા છે. નેપોલિયન જેમ સત્તાના મોરચે જીત મેળવ્યા પછી પણ દુખી-દુખી થઇ ગયો હતો, તેમ પરિણામ લગભગ નક્કી હોવા છતાં લાલચ કોઇ પણ રીતે રોકી શકાતી નથી. આપણે એ ભૂલી જઇએ છીએ કે સૂર્યના ઉદય સમયે સોનાનાં દેખાતાં નળિયાં સૂર્ય ચડતાં જ પુનઃ માટીનાં દેખાવા લાગે છે. ઝાંઝવાનું જળ કદી તરસ છિપાવી શકતું નથી. કાગળ પરની ઈમારત ગરમી, ઠંડી, વરસાદમાં રક્ષણ આપી શકતી નથી. એવી જ રીતે માણસને પણ સત્તા, સંપત્તિ વડે મળેલું વૈભવી સુખ શાંતિ આપી શકતું નથી. તેથી

તેની પાછળ એની હરણદોટ નિરર્થક છે. તેમ છતાં માણસ આ બધું જ મેળવવા અનેક અસત્યોનો આશરો લેતો રહે છે. ધન, સંપત્તિ અને સત્તાની ખુરશી મેળવવા તે રચ્યો-પચ્યો રહે છે. આવી સફળતા મેળવનાર લોકોની જગત પણ ખાસ નોંધ લે છે. એટલે જ કદાચ સંસારનો ત્યાગ કરી મોક્ષના માર્ગે આગળ ધપવા સાધુ બનેલા લોકો એકા-એક તેની માયા સંકેલી રાજકીય ક્ષેત્રે જંપલાવી રહ્યા છે. તેમાંના ઘણા મોટા નેતા પણ બની ગયા છે. આવા લોકો કહેવાતા ત્યાગના નામે સત્તાના સિંહાસને બિરાજમાન થઇ રહ્યા છે પણ તેઓ અંતરના ઉઘડેલાં દ્વારને સ્પર્શ્યા વિના જ પાછા ફરી રહ્યા છે. ખરા અર્થમાં તો આ તેની કાયરતા જ છે. એટલે મને મોક્ષમાર્ગે આગળ ધપવા ઇચ્છતા મહાત્માઓને કહેવાનું મન થાય છે .

''ડંકો વાગ્યો ને શૂરા સૌ જાગજો રે, શૂરા જાગજો રે;
કાયર ભાગજો રે... ડંકો વાગ્યોને''

આવા કહેવાતા ત્યાગી અને ઢોંગી લોકો પ્રજા કલ્યાણની વાતો કરી, ભોળી પ્રજાને તો ગેરમાર્ગે દોરી સત્તા મેળવી લેવામાં સફળ થતા હોય છે. પણ ખરું પૂછો તો તેઓ પોતાની જાતને જ છેતરતાં હોય છે. એટલું જ નહિ કહેવાતી સફળતા મળવા છતાં આવા લોકો ભીતરમાં વ્યાપેલા અંધકારના લીધે જ્ઞાનના પ્રકાશથી વંચિત રહી જાય છે. મોહમાયાની દીવાલ વચ્ચે કચડાઇ મરે છે. અસત્યનાં વાઘા પહેરી ફરતા આ લોકો ઇશ્વરના નામે સત્તાની ખુરશી મેળવી લેવા કોઇ પણ જાતનાં ત્રાગાં કરતા હોય છે. આમ કરી પોતાનો ખોટો સિક્કો ચલાવવામાં સફળ થઇ જતાં હોય છે.

આ વાતને સમજવા મને એક વાર્તા યાદ આવે છે.

એક ગામ હતું. નામ એનું સુંદરપુર. તેના નામ પ્રમાણે ગામ ખૂબ જ સુંદર હતું. આ ગામના લોકો ભારે માયાળું હતા. આ ગામમાં એક કથાકાર રહેતા હતા. કથાકાર જગનદાસ ગામ લોકોને ઉપદેશાત્મક વાતો કરતા રહેતા હતા. બદલામાં દાન-દક્ષિણા પેટે જે કંઇ તેને મળતું તેમાંથી જ પોતાનું અને પરિવારનું પોષણ કરતા હતા. ગામ લોકો પર જગનદાસનું ભારે પ્રભુત્વ રહેતું હતું. કોઇ પણ મહત્ત્વના કાર્યો કરતાં પહેલાં લોકો તેમની જ સલાહ લેતા હતા. આ કારણે ધીરે-ધીરે જગનદાસના

સ્વભાવમાં અભિમાન પ્રવેશ્યું. પોતાની હા માં હા મિલાવે એ વ્યક્તિ સામે કોઇ પણ જાતની તકલીફ ન હતી. પરંતુ પોતાની સામે આંગળી ઊઠાવનાર વ્યક્તિ તેના માટે અપ્રિય બની જતી હતી. લોકો આ વાત સારી રીતે જાણતા હતા. પણ તેઓ લાચાર હતા. કારણ કે જગનદાસ ગામના એકમાત્ર કથાકાર હતા. જયાં એક પણ ઝાડ હોતું નથી ત્યાં તો એરંડોય પૂજાતો હોય છે. આપણા દેશમાં રાજનેતાઓની બાબતમાં આવું જ બનતું હોય છે. નેતાશ્રીને જે પક્ષમાં માનપાન, જમવા મેવા મળે તે પક્ષમાં આપણા નેતા ફાવે ત્યારે પક્ષપલટો કરી જતા રહે છે. પછી જનતાએ પણ તેની પાછળ-પાછળ તે કહે તેવી વિચારધારા ધરાવતા પક્ષની તરફેણ કરવાની નોબત આવી પડે છે. પોતાનો કીમતી મત આપવાનો અનિચ્છાએ પડકાર ઝીલવો પડે છે. બોલો છે ને લાચારી અને દયનીય વાત ! જયાં ઇજારાશાહી હોય ત્યાં આવું જ બને છે. પરંતુ જેનો આરંભ થાય છે તેનો અંત નિશ્ચિત હોય છે. બાજુના ડુંગરપુર ગામના વતની, ખૂબ જ્ઞાની કથાકાર ભગવાનદાસ ગામમાં થોડા સમય માટે રહેવા આવી પહોંચે છે. થોડા જ સમયમાં જગનદાસના એકતરફી ઇજારાનો એકાએક અંત આવે છે. હવે જગનદાસના હાલ દિવસે-દિવસે બગડવા લાગે છે. ખાવાના સાંસા પડવા લાગે છે. મને તુલસીદાસની પંકિત યાદ આવે છે. 'તુલસી હાય ગરીબ કી કબૂ ના ખાલી જાય, મૂવે ઢોર કે ચામસે લોહા ભસ્મ હો જાય.' પોતાના અંગત લાભ માટે જનતાનો વિચાર કર્યા વિના જે નેતાઓ પાટલી બદલી દેશને કારણ વિનાના ચૂંટણી ખર્ચમાં ઉતારે છે. તેનું ભાવિ પણ પેલા કથાકાર જેવું આજ નહિ તો કાલ થવાનું નિશ્ચિત છે. આવા નેતાનું આ કૃત્ય એકવખતે તેની પરિસ્થિતિ પલટી શકે છે. એરંડો પ્રધાનપદ લાંબો સમય ટકાવી શકતો નથી. ગામમાં ભગવાનદાસની વિદ્વતા અંગે ચોતરફ વાયુવેગે વાત વહેતી થતા, ગામ લોકો જગનદાસનો બહિષ્કાર કરવા લાગે છે. આવું આપણા રાજકારણમાં પણ શકય છે. બિલાડીના ટોપ માફક ફૂટી નીકળેલા નેતાઓને આ વાત પૂરેપૂરી લાગુ પડે છે. કારણ કે ખોટા વાયદા, ખોટી મનઘડત ઉપજાવી કાઢેલી વાતો વડે લાંબો સમય રાજ સિંહાસન ટકતું હોતું નથી. સત્ય હંમેશાં બહાર આવ્યા વિના રહેતું નથી.

આપણા દેશમાં તમારે જો સરકારી પટાવાળા થવું હોય એટલે કે તમારે તેની નોકરી મેળવવી હોય તો ધોરણ ૮ કે ધોરણ ૧૦ પાસ કરેલું તો હોવું જ જોઇએ. પણ

તમારે ધારાસભ્ય કે સંસદસભ્ય બનવું હોય તો ભણતરની કોઇ જરૂર નથી. કારણ કે ઑફિસ કામમાં ફાઇલ આમ તેમ મૂકવામાં, તેની ગોઠવણ કરવામાં, સફાઇમાં શિક્ષણ હોવું અનિવાર્ય છે. પણ દેશ કે રાજયનો વહીવટ ચલાવામાં તેની કોઇ જરૂર પડતી નથી. તમે સમજયા ને, રાજ તો આપણા અધિકારીઓ ચલાવાના જ છે ને? આપણે તો ખાત-મુહૂર્ત, ઉદ્ઘાટન, દેશ-વિદેશના પ્રવાસો કરવાના હોય એમાં કયાં શિક્ષણની જરૂર પડવાની હતી. આપણે તો પેલા શ્વાનની જેમ માત્ર ગાડું ચલાવાનો જશ લેવાનો હોય છે. નેતાઓની આ માનસિકતા મને ને તમને ઠેર-ઠેર નજરે પડતી દેખાય છે.

સૈનિકોને શિક્ષણ તાલીમ આપતી અલાયદી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે, તે આવકારદાયક ગણી શકાય. સુરક્ષા માટે તે અનિવાર્ય પણ છે. પરંતુ જે રાજ નેતાઓને રાજય કે દેશનું સુકાન સંભાળવાનું છે, તે નેતા શિક્ષિત નહિ હોય તો તે નીતિઓ શી રીતે ઘડી શકશે ? લોકતંત્રનાં રક્ષણ અને તેની સંભાળ માટે રાજકારણમાં શિક્ષિત અને ખાસ તાલીમ પામેલા ઉમેદવારોને જ ચૂંટણી લડવા માટે લાયક ઠેરવવા જોઇએ. સ્નાતક સુધીનો તેના માટે ખાસ અભ્યાસક્રમ તૈયાર થવો જોઇએ. આવા સ્નાતક લોકો માટે વધારાનો ઓછામાં ઓછા બે વર્ષનો તાલીમી અભ્યાસ પૂર્ણ કરવાનું પણ ફરજિયાત હોવું જોઇએ. જો આમ થશે તો દેશ નવી ઊંચાઇઓ આંબી વિશ્વનો આદર્શ દેશ બની શકશે, તેમાં કોઇ શંકાને સ્થાન નથી. સૈનિકો દેશ ખાતર પોતાનું બલિદાન આપતાં પણ ખચકાતાં નથી. તેમ રાજકીયક્ષેત્રે કામ કરવા ઇચ્છતા નેતાઓ પ્રજાના કલ્યાણ માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેશની સેવા કરવા આગળ આવે, તેવું તેને અગાઉથી પ્રશિક્ષણ આપવાનો પ્રબંધ થવો જોઇએ. સૈનિકોની ભરતીમાં આપણે ઘણા બધા માપદંડો અપનાવતા હોઇએ છીએ. પણ દેશ ચલાવાની જવાબદારી જેના શિરે મૂકવા આપણે નેતાની પસંદગી કરીએ છીએ. તેમાં કોઇપણ પ્રકારનો માપદંડ અપનાવામાં આવતો નથી. તેથી નોકરી કે ધંધામાં પણ તદ્દન નિષ્ફળ ગયેલા અનેક લોકો રાજકારણમાં ઝંપલાવતા હોય છે. રાજકારણમાં કૂદી પડતા આવા નેતાઓને જનતાની સેવા કરતા પૈસા કમાવામાં વધુ રસ હોય છે. જેના કારણે દિન-પ્રતિદિન ભ્રષ્ટાચારનું દૂષણ વધતું ને વકરતું જાય છે. સૈનિકો દેશ માટે પોતાની મૂલ્યવાન જિંદગીનું બલીદાન આપતા ખચકાતા નથી. જયારે બીજી તરફ આપણા

રાજનેતાઓ તો એક દમડીએ ખોવા માંગતા નથી. એટલે તો આ લોકોને પક્ષપલટા માટે જેવી હાકલ કરવામાં આવે છે. તેવા જ બધા સિદ્ધાંતો બાજુ પર મૂકી પક્ષપલટો કરવા તૈયાર થઇ જાય છે. હકીકતમાં તો સત્તાના સિંહાસન પર બિરાજમાન દરેક નેતા સેવા અને પ્રજા કલ્યાણને વરેલો હોવો જોઇએ.

એક સમયે કહેવાતું હતું કે –

'જહાં ડાલ-ડાલ પર સોને કી ચીડિયા કરતી હૈં બસેરા . . .
વો ભારત દેશ હૈ મેરા, ભારત દેશ હૈ મેરા'

અહીં કવિ કોઇ સ્થૂળ વૃક્ષની ડાળ પર બેઠેલી ચકલીની વાત કરતા નથી. કવિ તો આ દેશની વિરાસત કે તેની સંસ્કૃતિરૂપી સોના સરખી આ દેશની પરંપરાની વાત કરે છે. વૃક્ષની ડાળ પર બેઠેલી સોનાની ચકલીનું ઉદાહરણ આપી. કવિ મને ને તમને સત્યનું આચરણ કરવા હાકલ કરી કહેવા માગે છે –

'કાશ ખૂલે ફરિયાદી ફાટક ઇશ વાત અમસ્તી રાખું,
પાંદડીઓ સુકાતી જોઇ દિવેલ મહીં હું દાઝું.
બાહ્ય બંધ દષ્ટિના દ્વાર દેખી,
ઉર ઉષાના શીતળ તેજે અંતર મારું સજાવું.'

આ કાવ્યાત્મક પંક્તિઓએ મારા હૃદયમાં મોટું ઘમસાણ મચાવી દીધું છે એટલે મને એમ કહેવાનું મન થાય –

'કાશ, ખૂલે અંતરનાં દ્વાર.'

# ૦૩. પ્રજ્ઞાલોકની જ્ઞાનગંગોત્રી

મહેસાણા જિલ્લાનાં વિસનગરની આ વાત છે. બ્રાહ્મણ દંપતી રાજેન્દ્રભાઇ અને રંજનબહેનને ત્યાં વર્ષ ૧૯૮૭ માં ૧૪ મી ઑક્ટોબરના રોજ તદ્દન અસામાન્ય દેખાતા દષ્ટિહીન બાળકનો જન્મ થાય છે. માતા રંજનબહેનને બાળકના જન્મબાદ પણ જાણ કરવામાં આવી નહોતી કે જન્મ પામનાર પોતાનું બાળક સંપૂર્ણ દષ્ટિહીન છે. રંજનબહેનનાં માતા-પિતા જન્મેલું બાળક સંપૂર્ણ જોઇ શકતું નથી તેવા સમાચાર આપી, પોતાની વ્હાલસોયી દીકરીને દુઃખી કરવા માંગતા ન હતાં. આ અસામાન્ય દષ્ટિહીન બાળકની સારવાર હાથ ધરી બાળક સામાન્ય બાળકોની જેમ બધું જ જોઇ શકે તેવો ઉપચાર કરવા ઇચ્છતાં હતાં.

રાજેન્દ્રભાઇને અમદાવાદથી તાબડતોબ પૂના (મહારાષ્ટ્ર) તેડાવવા કહેણ મોકલવામાં આવે છે. પૂના રંજનબહેનનું પિયર હોવાથી તેઓ રિવાજ મુજબ પ્રથમ બાળકની પ્રસૂતિ પોતાના પિયર પૂના આવ્યાં હતાં. રાજેન્દ્રભાઇ પૂના આવી પહોંચતા જ ડૉક્ટરી તપાસ પૂર્ણ કરવામાં આવે છે. ફરજ પરના તબીબીમિત્રોએ તપાસ પૂરી કરી કહ્યુંઃ 'આ બાળકની આંખોની તમામ નસો સુકાઇ ગઇ છે તેથી આ બાળક હવે કદી પણ દુનિયા નિહાળી શકશે નહિ' પિતા માટે આ વાત ખૂબ જ આઘાતજનક હતી. પૂના શહેરના આંખોના નિષ્ણાત તબીબમિત્રોએ પોતાના તમામ પ્રયત્નો બાદ હાર સ્વીકારી લીધી હોય તેમ હાથ ઊંચા કરી કહી દીધું કે – 'હવે આ બાળક પોતાની આંખો વડે દુનિયા જોઇ શકવા સમર્થ નથી.' ભારે નિરાશા ને હતાશા સાથે રાજેન્દ્રભાઇ પોતાના વતન વિસનગર પરત ફરે છે. દવાનું વેચાણ, એસ.ટી.ડી. - પી.સી.ઓ. જેવા ધંધા રોજગાર દ્વારા પોતાનું ગાડું ગબડાવતા રાજેન્દ્રભાઇનો તે વેળાએ જેમ-તેમ સમય પસાર થઇ રહ્યો હતો.

રંજનબહેનની કૂખે જન્મ પામેલ આ અંધ બાળકનું નામ જોશી પરિવાર દ્વારા કૃણાલ રાખવામાં આવે છે. બાળક કૃણાલનો તેના માતા-પિતા ભારે લાડકોડથી ઉછેર કરી રહ્યાં હતાં. પરંતુ આ અસામાન્ય બાળકનો વિકાસ ખૂબ જ ગોકળગતિએ થઇ રહ્યો હતો. પાંચ વર્ષની ઉંમરે પહોંચવા છતાં પણ આ અંધ બાળક પોતાની જાતે એક

ડગલુંય ચાલી શકતો નહોતો. 'લાખો નિરાશામાં એક આશા છુપાયેલી હોય છે.' એક દિવસ પ્રજ્ઞાચક્ષુઓને શિક્ષણ આપતા વિશિષ્ટ શિક્ષક શ્રી કાદરભાઇ મંસુરી રાજેન્દ્રભાઇના ઘરે આવી પહોંચે છે. કાદરભાઇ દર વર્ષે રજાના દિવસો આવતાં જ ખામીવાળા ક્ષતિગ્રસ્ત બાળકોની શોધ કરવા નીકળી પડતા હતા. ખામીવાળાં બાળકો જે મળી આવતા તે તમામ બાળકોની જાતે નોંધ કરી સંકલિત શિક્ષણની યોજનામાં સમાવી લેતા. આ યોજનાનો ચીલો ચાતરનાર સંસ્થા રાષ્ટ્રીય સંઘ વિસનગરમાં માહિતી પહોંચતી કરતા હતા. આવા જ સુંદર હેતુસર આજે કાદરભાઇ રાજેન્દ્રભાઇના ઘરે આવી પહોંચ્યા હતા. કાદર મંસુરી એક એવા શિક્ષક હતા, જેની જોડ મળવી દુષ્કર છે. મળી આવેલાં બાળકોને તેઓ માત્ર તાલીમ આપવાનું જ કામ કરતા ન હતા તેઓ તો આવા બાળકોમાં આત્મશ્રદ્ધા અને આત્મશક્તિ જગાડવાનું કામ કરી રહ્યા હતા. સેવાનું અદ્‌ભુત કામ કરતા આ શિક્ષકના પરિચયમાં આ પડકારરૂપ બાળક કૃણાલ આવતાં જ તેનામાં જાણે એકાએક ચેતન આવવા લાગ્યું. આ બાળક પોતાની જાતે પ્રયત્ન કરવા લાગે છે. થોડા જ સમયમાં કાદરભાઇની મહેનત રંગ લાવે છે. હવે કૃણાલ જાતે ચાલવાની સાથોસાથ ભણવામાં પણ રસ લેવા લાગે છે.

નેવુંના દાયકામાં ગુજરાતમાં વિકલાંગ બાળકોના શિક્ષણને વેગ આપવા રાજયના જી.સી.ઇ.આર.ટી. ના આઇ.ઇ.ડી.સી. સેલ દ્વારા ખૂબ જ સરસ કામ થઇ રહ્યું હતું. રાજયભરનાં વંચિત વિકલાંગ બાળકોને શિક્ષણની સેવાઓ નીચે આવરી લેવા સ્વૈચ્છિક સંસ્થાઓને આ કાર્યક્રમનું સંચાલન અને મૉનિટરિંગનું કામ સોંપવામાં આવ્યું હતું. ભારત સરકારે તૈયાર કરેલી સંકલિત શિક્ષણ યોજનામાં વધુમાં વધુ વિકલાંગ બાળકોને આવરી શકાય તેવા હેતુથી કેટલાક નિયમોમાં બાંધછોડ કરી બિનતાલીમી શિક્ષકોને પણ સમાવી લેવામાં આવ્યા હતા. આ માટે તેને ત્રણ વર્ષમાં આવી તાલીમ પૂર્ણ કરવા છૂટછાટ આપવામાં આવી હતી. સરકારની આ ઉદારતા વિકલાંગ બાળકોના શૈક્ષણિક વિકાસ અને તેના સમાવેશીકરણ પ્રત્યેની કટિબદ્ધતા સૂચવે છે. વર્ષ ૧૯૯૦નો દાયકો વિકલાગોનાં શિક્ષણ, તાલીમ, રોજગાર અને તેના પુનઃસ્થાપન માટેનો સુવર્ણકાળ લેખી શકાય. વર્ષ ૧૯૯૨માં ચીનના બેઇજિંગ ખાતે

વિકલાંગોના અસરકારક શિક્ષણ અને પુનઃસ્થાપનના કાર્યક્રમોને વેગ આપવા વિશ્વભરના દેશોનું એક સંમેલન મળ્યું હતું. જેમાં કોઇપણ વ્યકિતને પોતાની શારીરિક કે માનસિક મર્યાદાઓના કારણે વિશાળ માનવ સમુદાય વચ્ચે અસહાય કે દીનતાની લાગણી અનુભવવી ન પડે. તેમજ પોતાના માનવીય અધિકારોથી વંચિત રહી, પીડિત બની સહન કરવું ન પડે તે જોવાની જવાબદારી સમગ્ર માનવ સમુદાયની છે. ઉપરોકત ઉદ્દેશ્યને ચરિતાર્થ કરવા આવા લોકોને શિક્ષણ, રોજગાર અને જરૂરી તાલીમનો પ્રબંધ કરવા ખાસ પ્રસ્તાવો પસાર કરવામાં આવ્યા હતા. રજૂ થયેલ ઘોષણાપત્રમાં ભારત સરકારે સહી કરી સંમતિ આપી હોવાથી ૯૦ના દાયકામાં વિકલાંગોના પુનઃસ્થાપનના ક્ષેત્રે આમૂલ પરિવર્તનનું બીજ રોપાયું હતું. વર્ષ ૨૦૦૬ માં આ અંગે વિશ્વના દેશો દ્વારા વધુ એક સંધિ કરવામાં આવતા, ભારત સરકારે ૧લી ઑકટોબર, ૨૦૦૭ ના રોજ વિકલાંગ વ્યક્તિઓના અસરકારક પુનર્વસનના કાર્યક્રમને વેગ મળે તેવાં પગલાં ભરવાં વિકલાંગ ધારો – ૧૯૯૫ ના સ્થાને નવો કાનુન અમલમાં મૂકવાના પ્રયત્નો હાથ ધર્યાં હતા. જેના ભાગરૂપે વર્ષ ૨૦૧૦માં બીલ તૈયાર કરવા એક મુસદ્દા સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ દેશભરના નિષ્ણાત લોકો સાથે પરામર્શ કરી એક બીલ ઘડી કાઢયું હતું. આમ, આ દિશામાં સરકારે પોતાના સરાહનીય પ્રયત્નો આરંભ્યા હતા.

આવી જ કામગીરીના ભાગરૂપે શ્રી કાદરભાઇ મંસુરી વર્ષોથી રાષ્ટ્રીય સંઘ – વિસનગરમાં પ્રવાસી શિક્ષક તરીકે પોતાની ફરજ અદા કરી રહ્યા હતા, તેથી તેઓ સંવેદનશીલ શિક્ષકની ભૂમિકા ભજવી દષ્ટિહીન બાળકોને અસરકાર તાલીમ આપી, આવાં બાળકોનું ઘડતર કરતા હતા. શ્રી કાદરભાઇ બાળક કૃણાલને ઓરિયેન્ટેશન – મોબિલિટી અને બ્રેઇલલિપિનું શિક્ષણ નિયમિત આપતા હતા. પરિણામે દિવસે-દિવસે આ બાળક શિક્ષણમાં બ્રેઇલલિપિની મદદથી પ્રગતિ કરવા લાગે છે. જોતજોતામાં બાળક ધોરણ-૫ માં પહોંચી જાય છે. આ દરમિયાન રાજેન્દ્રભાઇનું ધંધા-રોજગારઅર્થે અમદાવાદ સ્થળાંતર થાય છે. આશ્રમ રોડ, નવરંગપુરા અંધજનોને શિક્ષણ આપતી ખાસ શાળામાં શ્રી રાજેન્દ્રભાઇ પોતાના દષ્ટિહીન પુત્ર કૃણાલને અભ્યાસ માટે દાખલ કરે છે. આ બાળક બાર ધોરણ પૂર્ણ કરી સોલા

વિદ્યાપીઠ – અમદાવાદ પુરાણો અને ધર્મશાસ્ત્રમાં ગોલ્ડ મેડલ સાથે અનુસ્નાતકની ઉપાધિ મેળવે છે. આ ઉપરાંત આગળ જતા સોમનાથ યુનિવર્સિટીમાં ભાગવત વિષય પર પોતાના ખંત અને ધીરજ વડે સંસ્કૃત વિષયમાં પી.એચ.ડી. પૂર્ણ કરનાર દેશનો પ્રથમ પ્રજ્ઞાચક્ષુ વ્યકિત બને છે. શ્રાવ્ય પુસ્તકોની સહાય મેળવી ડૉકટર જેવી મહા ઉપાધિ મેળવનાર યુવા ગૌરવ, નેશનલ ઍવૉર્ડ જેવા બહુમાનથી તેને નવાજવામાં આવે છે. વ્યાસપીઠ પર કલાકો સુધી તેઓ ધર્મગ્રંથો અને શાસ્ત્રો પર સંવાદ તેમજ પ્રવચન આપે છે. આગવી શૈલીમાં કથાનું રસપાન કરાવી સૌ કોઇને જીતી લેવાની તેમની પાસે વાકચતુરાઇ છે. તેમનું જ્ઞાન સમુદ્રની ઊંડાઇ અને ધ્રુવના તારા જેવું અવિચળ છે.

ઘણા જ્ઞાની લોકોને મારે બાવન વર્ષની ઉંમરમાં મળવાનું થયું છે. શ્રી કૃણાલભાઇ જોશીના વ્યકિતત્વથી હું અંજાયો છું. ભાવનગરમાં ૧૧ જાન્યુઆરી, ૨૦૧૬ ના રોજ પોથીયાત્રા પૂર્ણ થયા પછી અંધ ઉદ્યોગ શાળાના પટાંગણમાં વ્યાસપીઠ પર બિરાજમાન થઇ શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ થયો તે સમયને જો હું યાદ કરું તો, મારે કહેવું જોઇએ કે – **'મારો વ્હાલોજી આવ્યાની વધામણીજી રે ! સખી, આજની ઘડી તે રળિયામણી'** કાવ્યપંકિત ભલે ખૂબ જ જાણીતી છે તેની ખરી અનુભૂતિ તો તે સમયે અંધશાળાના મેદાનમાં જે હાજર હતા તેને જ થઇ હશે. શબ્દનો અવિચળ વહેતો પ્રવાહ અમને સૌને આજે જાણે પખાળી રહ્યો હતો, શુદ્ધ કરી રહ્યો હતો. મનની સફાઇ કરી અંતરને ઊજાળી રહ્યો હતો. સેવાના સંગ્રામને સતેજ કરવા શબ્દની સરવણી ગુંજી રહી હતી. આખેઆખું દેવલોક ખડું થઇ નરસૈયાની કડતાલે નાચી રહ્યું હતું. શાસ્ત્રોનું જ્ઞાન શિયાળાની સોનેરી સંધ્યાને શોભાવી રહ્યું હતું. નીમુબેન બાંભણિયા (મેયરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા), શ્રી મહેન્દ્રભાઇ ત્રિવેદી (ચેરમૅનશ્રી પવિત્ર યાત્રાધામ-ગુજરાત) આ પ્રસંગે ખાસ સાક્ષી બન્યાં હતાં. ડગલે ને પગલે આચરેલાં અસત્યોને ઉખાડી ફેંકવાનો મારા જીવનનો આ પવિત્ર દિવસ બની ગયો હતો. જીવનના અસત્યો તેમજ અહંકાર ઓગળતા જ જીવનનાં રહસ્યો અંતરમાં વ્યાપેલા ઉજાસ વડે મને સત્યના માર્ગે દોરી રહ્યા હતા. 'મેવા મળે કે ના મળે...' ભજનના શબ્દોએ મારા અંતરસાગરમાં વમળો જગાડી તોફાન મચાવ્યું હતું. અંતરમાં જાગેલું તોફાન મારી સમજરૂપી નાવને હચમચાવી રહ્યું હતું પણ વ્યાસપીઠ પરથી

વહેતો શબ્દપ્રવાહ મને નિર્મળ કરી જ્ઞાનના પ્રકાશથી પુલકિત કરી રહ્યો હતો. જેના વડે સંસારના ઘોર અંધકાર વચ્ચે પણ મારી સમજરૂપી નાવ નિયતગતિમાં પોતાનું અંતર કાપી રહી છે. મારા પર શ્રી કૃણાલભાઇ જોશીના જ્ઞાન, સંવાદની ઊંડી છાપ પડી છે. તેમની યાદશક્તિની જોડ મળવી કઠિન છે. કોઇપણ શાસ્ત્ર પર તેઓ કલાકો સુધી અસ્ખલિત સંવાદ સાધી શ્રોતાઓને જકડી રાખવાની અનેરી શક્તિ ધરાવે છે. જેનું બાળપણ પહેલી નજરે આપણને અંધકારમય દેખાતું હતું, તેના જીવનમાં જાણે ખુદ ઈશ્વરે ચમત્કાર કર્યો હતો. જયારે શાસ્ત્રીજી વ્યાસપીઠ પર બિરાજમાન થાય છે ત્યારે અર્જુનને ઉદ્દેશી કહેલા શબ્દો કર્ણ સાથે અથડાતાં હોય તેવો ભાસ થવા લાગે છે. ગીતાગાયક ભગવાન કૃષ્ણના કહેવા મુજબ પ્રધાન વકતાઓમાં ભગવાન કૃષ્ણ પોતે જ હોય છે તે વાતની ખાતરી કરવી હોય તો, શાસ્ત્રીજીને એક વખત જરૂર સાંભળજો. તમે જરૂર પ્રભાવિત થશો. **'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇ જા...'** પદ તમે સાંભળ્યું જ હશે પણ તેજથી નહાતા કૃણાલ જોશીને જાણવા અને માણવા માટે જીવનમાં એક વખત તો અવશ્ય સમય કાઢવા જેવો ખરો. જેમ પવનની શીતળતાની તસ્વીર ખેંચી શકાતી નથી તેમ શાસ્ત્રીજીના જ્ઞાનનું શબ્દચિત્ર આલેખવું અશકય અને અસંભવ છે. બાગની મહેકને માણવા બાગમાં વિહાર કરવો પડે છે, એમ પ્રજ્ઞાલોકની આ જ્ઞાનગંગોત્રીમાં ડૂબકી લગાવવા તેની જ્ઞાનગોષ્ઠિમાં જોડાવું પડશે. દેશભરમાં તેમની ૨૯પથી વધુ કથાઓનું આયોજન થયું છે. પડોશી દેશ શ્રીલંકાનાં નુવારેલિયા (અશોકવાટિકા) ખાતે પણ તેમની પ્રવચનમાળાનું આયોજન થઇ ચૂકયું છે. આપણા ભાવનગરમાં પણ તેમની બે કથાઓ અને બે પ્રવચનમાળા યોજાયાં છે. આજ સુધીમાં તેમને અનેક ઍવૉર્ડ અને સન્માનપત્રોથી નવાજવામાં આવી ચૂકયા છે.

આ વીરલ પ્રતિભાને મારા શત – શત વંદન...

# ૦૪. અવસર

લોકશાહીના પર્વમાં જોડાયેલા લહેરી લાલા ગુજરાતીઓ અને ભારતીયોને મારા શત શત વંદન...

**'મેં તો થાળ રે ભર્યો, શગ મોતીનો, હું હરખે વધાવવાને જાઉં,**
**મારે ઘેર સોના સરીખો અવસર આવ્યો રે...'**

આ અવસર એટલે આપણું લોકપર્વ ચૂંટણી. રાજ્યમાં જનપ્રતિનિધિઓને ચૂંટી કાઢવા માટે યોજવામાં આવતી પ્રત્યેક ચૂંટણી દેશના દરેક નાગરિકો માટે એક અવસર હોય છે. આ અવસર દ્વારા લોકતંત્રનો આધારસ્તંભ ટકે છે અને મજબૂત રીતે ઊભો રહી શકે છે. ૧૭મી લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાન પ્રસંગે લોકતંત્રના વિવિધ આધારસ્તંભો વિષે ચર્ચા કરીએ :

લોકતંત્ર શબ્દ આપણા કાને પડતાં જ ખ્યાલ આવે છે કે લોકો વડે કે લોકો દ્વારા અને લોકો માટે ચાલતા તંત્રની જ વાત હશે. ઈતિહાસમાં ડોકિયું કરતાં અનેક રાજવીઓ દ્વારા ચાલતાં રાજ્યોના તંત્રની સંચાલન વ્યવસ્થા અને તેને લગતી બાબતો દૃષ્ટિગોચર થાય છે. રાજા-મહારાજાઓ દ્વારા પ્રજા કલ્યાણ માટે વર્ષો પૂર્વે રાજ ચલાવવામાં આવતા હતા. આપણા દેશમાં પણ સેંકડો રાજાઓ દ્વારા આવા અનેક રજવાડાંઓ ચાલતા હતા. મહદ્અંશે આ રજવાડાઓના રાજા કે મહારાજા વંશ પરંપરાગત કે યુદ્ધમાં વિજય પામી નક્કી થતા. દરેક રાજાઓને તે વખતે પોતાના રાજ્યોના વિસ્તારો વધારવાની મહત્ત્વાકાંક્ષા રહેતી હતી. પરિણામે અવાર-નવાર લોહીલુહાણ ભયંકર યુદ્ધો ખેલાતા રહેતા. રાજા પોતાના રાજ્યનો વિસ્તાર દિનપ્રતિદિન વધારતા રહેતા અને યુદ્ધમાં પરાજિત થનારા રાજાઓ તથા નાનાં રજવાડાઓના રાજાઓને કાં તો અન્યાય સહન કરી, અન્યની દયા પર પોતાનું રાજ્ય ટકાવવું પડતું હતું.

આપણા દેશમાં અંગ્રેજોના પ્રવેશ પછી આ રજવાડાંઓની આર્થિક કમાન્ડ મુખ્યત્વે અંગ્રેજોના હાથમાં રહેતી. અંગ્રેજોની મુકાયેલી શરતોનું દેશી રજવાડાંઓએ મને-કમને સ્વીકાર કરી પાલન કરવું પડતું હતું. અંગ્રેજ સરકાર ઠરાવે તે રીતે રાજભાગ

(સાલિયાણું) પણ આપવો પડતો હતો. પરિણામે અન્યાય સામે લડી લેવાનો સૂર પ્રજામાં જાગવા લાગ્યો. વર્ષ ૧૮૫૭ ના વિપ્લવથી પ્રારંભ થયેલ અંગ્રેજ સરકાર સામેની લડતે એવો તો રંગ પકડયો કે આખરે અંગ્રેજ સરકારને મજબૂર બની દેશને આઝાદી આપવી પડી.

૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ ના રોજ આઝાદ થયેલા ભારત દેશે લોકતંત્ર શાસન વ્યવસ્થાનો સ્વીકાર કર્યો છે. આપણે આ શાસન વ્યવસ્થાને ટેકો આપનાર, ટકાવનાર શાસન વ્યવસ્થાના આત્મા સમાન અભિન્ન અંગરૂપ સ્થાન પામેલ આધારસ્તંભો વિષે જોઈએ :

**(અ) સુરક્ષા સાથે સંકળાયેલા કર્મવીરો :-**

(૧) સરહદ પરના લશ્કરના સૈનિકો :-

પ્રજાના હિતેચ્છુ અને દેશ માટે પોતાના પ્રાણનો પણ ભોગ આપી રક્ષણ કરનાર સાચા સેવક લશ્કરના પ્રત્યેક કર્મવીરો છે. જે પોતાની છાતીમાં ગોળી ખાઈને પણ પ્રજાના રક્ષણનો પોતાનો ધર્મ કદી ચૂકતા નથી, પરિણામે આપણે સૌ સલામત જીવન ગુજારી શકીએ છીએ. આવા કર્મવીરોના કલ્યાણ માટે કે જંગમાં શહીદ થયેલ સૈનિકોના પરિવાર માટે જેટલાં પગલાં સરકાર તરફથી સમયસર ઉદારતાપૂર્વક લેવાવાં જોઈએ તેવાં પગલાં લેવામાં હજુ સુધી આવેલી સરકાર એક યા બીજી રીતે ઊણી નીવડી છે. સસ્તી લોકપ્રિયતા માટે કેટલાક દંભી નેતાઓ આવા કર્મવીરો સાથે વિવિધ તહેવારો કે પ્રસંગોની ઉજવણી કરવા પહોંચી જતા હોય છે પરંતુ તેમની સાચી સમસ્યાઓ આવા નેતાઓના દિલને આજદિન સુધી સ્પર્શી શકી નથી. જે લોકતંત્રના જવાબદાર કર્મવીરો, દેશના સાચા સપૂતો તથા આપણે સૌ પ્રજાજનો માટે ઘણું દુઃખદ છે.

(૨) પોલીસતંત્ર :-

પોલીસતંત્ર પણ દેશની આંતરિક સુરક્ષા માટેની ઘણો મહત્ત્વનો વિભાગ છે. તેમાં ફરજ બજાવતા કર્મવીરો દેશની સરહદ પરના કર્મવીરોની જેમ પ્રજા માટે તટસ્થ ભૂમિકા અદા કરતા જોવા મળતાં નથી, જે ચિંતાજનક છે. ગુનેગારોને વગ અને પૈસાના નામે કે કોઈના ઈશારે બિન-ગુનેગારોને ભારતીય દંડસહિતાનો બિન-બંધારણીય રીતે

ઉપયોગ કરી દેશદ્રોહ સુધીની કલમ લગાવી જેલના સળિયા પાછળ ધકેલતા ખચકાતા નથી. આ ઉપરાંત બુટલેગરો, દારૂના અડ્ડા ચલાવનારા અને જમીન માફિયા જેવા લોકો કાયદાની પરવા કર્યા વગર પાછલા બારણે મદદ કરી કાયદાની હાંસી ઉડાડે છે, તે લોકતંત્ર માટે ઊધઈ સમાન છે.

(બ) ન્યાયતંત્ર :-

ભારતનું ન્યાયતંત્ર સ્વાયત્ત ન્યાયતંત્ર છે. તે સત્તાના સિંહાસન પર બેઠેલા વ્યકિતઓને પણ માર્ગેથી ભટકે તો શિક્ષાની તલવાર વડે તેની સાન ઠેકાણે લાવી શકે છે. તે પુરાવાના આધારે ફેંસલો આપી શકે છે. ગુનેગારને શિક્ષા અને નિર્દોષને ન્યાય આપવા તે સ્વતંત્ર છે. જેના કારણે લોકશાહી પ્રણાલી જીવંત છે. જે રીતે પર્વતારોહક ઓક્સિજનના સિલિન્ડરની મદદથી શ્વાસ લઇને પોતાનું જીવન ટકાવે છે તે જ રીતે ન્યાયતંત્રના સહારે લોકશાહીમાં પ્રત્યેક વ્યકિતઓ અન્યાય સામે ન્યાય મેળવી શકે છે. જે લોકતંત્રનું ઘણું ઉત્તમ અને મહત્ત્વનું પાસું ગણી શકાય. જોકે વિલંબથી મળતો ન્યાય 'વિવાહનું દાડામાં મળતું પરિણામ' જેવો છે. તેમ છતાં આજે જે રીતે આપણા દેશનું ન્યાયતંત્ર હિંમતપૂર્વક સરકારના નિર્ણય સામે સચોટ ચુકાદાઓ આપી પ્રજાને ન્યાય આપે છે, તે જ ખરા ઇશ્વરની પ્રતીતિ કરાવે છે. પરંતુ વર્તમાન સમયમાં ન્યાયતંત્રને પણ પોતાની સ્વાયત્તતા ટકાવવા સત્તાતંત્ર સામે ઝઝૂમવું પડે છે. કોઇવાર મીડિયાનાં શરણે જવું પડે છે. તો કોઇવાર અંતરની વરાળ પ્રજા સમક્ષ બહાર કાઢવી પડે છે. જે લોકતંત્રને વેર-વિખેર કરી શકે તેવી ઘટના કહી શકાય.

(ક) પ્રચાર માધ્યમો :-

સામયિક તેમજ દૈનિક મુદ્રિત માધ્યમો અને ઇલેકટ્રોનિક મીડિયા જેવા માધ્યમો પ્રજાના અવાજને સત્તાધીશો સુધી પહોંચાડવાનું મહામૂલું કાર્ય કરે છે, તો એ વળી માર્ગેથી ભટકેલા સત્તાધીશોની સાનને ઠેકાણે લાવવામાં પણ મદદ કરે છે. ક્રૂર સત્તાધીશો પ્રચાર માધ્યમથી હંમેશાં ડરતા હોય છે. તેમના ભયથી તે ક્રૂર પગલાં લેતા અનેકવાર વિચાર કરે છે. પ્રચાર માધ્યમો ગમે તેવા નેતા, સાધુ-મહાત્માઓ કે કોઇપણની જાંઘ ખુલ્લી કરી શકે છે. તેથી તેઓ આવા પ્રચાર માધ્યમોના હંમેશા નિયંત્રણમાં જીવે છે, જેનો લાભ સામાન્ય જનતાને મળી રહ્યો છે. આજે લોકશાહી

પ્રચાર માધ્યમોના ઉપકારથી જીવે છે. તેના જ પીઠબળથી તે વિકાસ પામે છે, ખીલે છે, ફાલે છે અને ફૂલે છે. જોકે આજના ભ્રષ્ટાચારી નેતાઓ પૈસાના દોરડા વડે પ્રસાર માધ્યમોના ગળા દબાવવામાં કોઇવાર સફળ થઇ જતા જોવા મળે છે. પરંતુ એટલું ચોક્કસ કહી શકાય કે પ્રચાર માધ્યમના ડરના કારણે શાસકો નિયંત્રિત જરૂર રહે છે. તેણે નિયંત્રણ રાખવું પડે છે કેટલાક નેતાઓ પોતાનાં નાનાં-મોટાં પરાક્રમો આવા માધ્યમો દ્વારા લોકો સુધી મૂકી રાતોરાત લોકપ્રિય થઇ જતાં પણ જોવા મળે છે. તો વળી, કેટલીવાર સાચા લોકસેવકની આવા માધ્યમોમાં બાદબાકી થતી જોવા મળે છે. તે ખરેખર લોકતંત્ર માટે શરમજનક બાબત છે કારણ કે પ્રચાર માધ્યમોએ ન્યાયતંત્રની જેમ જ પોતાની ભૂમિકા ભજવવી જોઇએ. પૈસા માટે ઘણી વખત ક્ષમતા વગરનાં કે જૂઠાણાં ફેલાવી ધાક જમાવવા માંગતા નેતાઓની પ્રશંસાથી શકય તેટલું દૂર રહેવું જોઇએ તો જ લોકશાહી અકબંધ રહેશે. લોકશાહીના જવતલિયો ભાઇ પ્રચાર માધ્યમ છે તેથી તેમણે તેમના રક્ષણ માટે દિન-પ્રતિદિન કામ કરતાં રહેવું પડશે અને તો જ શાસન વ્યવસ્થામાં લોકશાહી જીવંત રહી શકશે.

(ડ) **સંગઠનશકિત :-**

લોકશાહી રાજયવ્યવસ્થામાં 'સંગઠનશકિત' સૌથી મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સામાન્ય રીતે એકથી વધુ માનવીય તત્ત્વોના એકત્રિત થવાથી સંગઠનનો પ્રારંભ થાય છે, આવાં સંગઠનો ચોક્કસ હેતુ, પ્રજા ઉપયોગી કાર્યો કે રાજકીય હેતુ માટે રચવામાં આવતાં હોય છે. રાજકીયપક્ષ એ પણ સંગઠનનું બીજું નામ છે. સૌથી મોટું સંગઠન-લોકતંત્રનું હંમેશાં ચાલક બળ બને છે આવાં સંગઠનને દેશનો કારોબાર સોંપવામાં આવે છે. આપણે ત્યાં જુદા જુદા રાજકીય પક્ષો પોતાના ચોક્કસ એજન્ડા એટલે કે કાર્યસૂચિ મુજબ ચૂંટણી સમયે પ્રજા સમક્ષ ચૂંટણી ઢંઢેરો પ્રસિદ્ધ કરી તેઓ પ્રજાના કલ્યાણ માટે કઇ રીતે કાર્ય કરશે તેની ખાતરી આપે છે. જોકે આજકાલ મોટાભાગના રાજકીય પક્ષો પોતાના ચૂંટણી ઢંઢેરામાં જે ખાતરી કે બાંહેધરી આપે છે તેનો અમલ કરવાની આયોજનશકિત ભાગ્યે જ ધરાવતા હોય છે. પરંતુ પોતાની સત્તાની રાજકીય મંછા હાંસલ કરવા તેઓ પ્રજાને ભ્રમિત કરી એક યા બીજી રીતે સત્તા મેળવી લેવામાં સફળ થઇ જતા જોવા મળે છે. ચૂંટણી સમય નેતાઓ જે વચનોની

લહાણી કરે છે તેને પૂરા કરવાની ભાગ્યે જ ઇચ્છાશકિત ધરાવતા હોય છે, ઊલટાનું તેના પૂર્વગામી અન્ય પક્ષના નેતાઓ પર દોષારોપણ કરી પોતાની છબીને ઉજળી બતાવવાનું કામ હંમેશા કરતા રહે છે. એકની એક વાત જનતા સમક્ષ મૂકી પોતાની સત્તાનો આગામી પાંચ  વર્ષનો પરવાનો તાજો કરી લેવા ગમે તે હદે જઇ શકે છે. આવા નેતાઓ પ્રજાનો મિજાજ ઓળખી, સ્થાનિક સંવેદનશીલ મુદ્દાઓ રજૂ કરી પ્રજાને ગુમરાહ કરી ધાર્યું પરિણામ હાંસલ કરી લેવા ભારે મોટું પ્રપંચ રહી શકે છે. લોકશાહીને ટકાવવા લોકશાહીનો જે આત્મા છે તે પ્રજાએ જ જાગવું પડશે. વિધાનસભાગૃહ કે લોકસભામાં કોઇપણ રાજકીયપક્ષને બહુમતી ન મળે તે રીતે મતદાન કરી પ્રજાએ પોતાનું નિયંત્રણ સત્તાતંત્ર પર સ્થાપિત કરવાની આવશ્યકતા ઊભી થઇ છે. ત્યારે મને શ્રદ્ધા છે કે મારી આ વાતને સમજી, પ્રજા લોકશાહીના હિતમાં પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી લોકપર્વ એટલે કે ચૂંટણી દરમિયાન પોતાને મળેલ મતાધિકારનો સદ્ઉપયોગ સો એ સો ટકા કરશે. તેમજ પ્રજા કલ્યાણ માટે સંનિષ્ઠ કાર્યકરની ઓળખ મેળવી તેવા જ કાર્યકરને ચૂંટી કાઢવાનો મોકો જતો કરશે નહીં. છેલ્લાં કેટલાંક વર્ષોથી રાજકીય નેતાઓ આંખોને આંજી દે તેવા પ્રપંચ રચી આભાસી સંવેદનાઓ, લાલચનો સહારો લઇ સત્તા મેળવવામાં સફળતા મેળવી છે જે લોકશાહીતંત્ર માટે ભયાનક છે. કોઇપણ રાજકીય પક્ષના નેતા હોય પરંતુ તેની પ્રતિભા ખરડાયેલી હોય તો આવા લોકોને સત્તાનાં સૂત્રો સોંપતાં પહેલા પ્રજાએ અનેકવાર વિચારવું જોઇએ. તડીપાર અને હદપાર થયેલા નેતાઓ જયારે ટોચની ખુરશી પર બેસી જાય છે ત્યારે બાયપાસ સર્જરી થયેલા દર્દી જેવી લોકશાહીની હાલત થઇ જાય છે જે રીતે બાયપાસ સર્જરી કરેલ દર્દીઓએ પોતાના આહાર પર નિયંત્રણ રાખવાનો હોય છે. તે જ રીતે ગુનાહિત નેતાઓના રાજકીય ભાવિ પર પ્રજાજનોએ નિયંત્રણ રાખવાની તાકીદે જરૂરિયાત ઊભી થઇ છે.

રાજયતંત્રને ગતિશીલ અને કાર્યાન્વિત રાખવા પ્રજાએ પોતે ચૂંટેલા નેતાઓને સમયાંતરે રાજકીય અને પ્રજાલક્ષી કરેલ કામગીરી વિશે પ્રશ્નોત્તરી કરી જાણકારી મેળવતાં રહેવું જોઇએ. આ કાર્યમાં પ્રસાર માધ્યમોએ પણ પોતાની ભૂમિકા નિષ્ઠાપૂર્વક બજાવવી જોઇએ. આકાશવાણી-દૂરદર્શન પર માત્ર સરકારની વાહવાહના

સમાચાર પ્રસ્તુત કરવાને બદલે સામાન્ય જનતા સહિત સારાં કાર્યોની નોંધ લેતાં સમાચારો પણ પ્રસિદ્ધ કરવા જોઈએ. જયારે નિષ્પક્ષતાનો અભાવ જોવા મળે ત્યારે જનતાએ દરમિયાનગીરી કરી લોકશાહીના રક્ષણ માટે પ્રજાના અવાજને સ્થાન મળે તેવી ચળવળ ચલાવી , યોગ્ય વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા પોતાનું યોગદાન આપવું જોઈએ. ટૂંકમાં, 'સંપ ત્યાં જંપ.' પ્રજામાં સંપ હશે તો જ લોકતંત્રનો પ્રાણ 'લોકશાહી વ્યવસ્થા' અકબંધ રહેશે. અન્યથા તે સરમુખત્યાર કે પ્રજા માટે હાનિકારક બની રહેશે.

આપણે આપણી લોકશાહીને ટકાવવા સત્તરમી લોકસભામાં ત્રીજા તબક્કામાં આપણો પવિત્ર અને કીમતી મત આપી યોગ્ય ગુણવાન નેતાની પસંદગી કરીએ.

'ભાષાનો ખોલી ખજાનો, શબ્દની ભરી ફાંટ,<br>
કાશ મળે કોઈ, સેવાનો સમ્રાટ.'



# ૦૫. ચાંદામામા આવે ને અજવાળાં લાવે...

આથમણી દિશામાં ધીમી ગતિએ પૂનમના ચંદ્રનો પથરાયેલો પ્રકાશ ઓસરી રહ્યો હતો. વલસાડનાં વાપી શહેરમાં કાગળનું ઉત્પાદન કરતી કંપનીમાં ફરજ બજાવતો એક યુવાન બની-ઠનીને કંપનીમાં કામ પર પહોંચવા શહેરના બસ સ્ટેન્ડ પર ભારે ઉતાવળા પગે આવી પહોંચે છે. આ યુવાન બસ સ્ટેન્ડ પર એક પગનો ટેકો લઇ ઊભો હતો. બસ સ્ટેન્ડમાં ઉતારુઓને બેસવા માટે બાકડા અને ઊભા રહેવા માટે સ્ટીલના પાઇપ ગોઠવેલા હતા. યુવાન પાઇપનો ટેકો લઇને ઊભો હતો. આજુ-બાજુ દ્રષ્ટિ દોડાવી સોનેરી સવારનું સૌંદર્ય લૂંટી રહ્યો હતો. દરમિયાન તેની નજર એકાએક રસ્તાની પેલે પાર આવેલા મકાનની ખુલ્લી બારીમાં બેઠેલી એક યુવતી પર મંડાય છે. પૂરો સમય કાઢીને કોઇ કલાકાર પોતાની પ્રતિકૃતિ (મૂર્તિ) બજારમાં મૂકે તેવી યુવતીની કાયા અને મુખાકૃતિ દેખાતી હતી. કામ પર પહોંચવા રોજ યુવાન જે બસમાં જતો હતો તે બસ, બસસ્ટેન્ડ સામે આવીને ઊભી રહી જાય છે. યુવાનની નજર હજુ યુવતી પર મંડાયેલી જ છે. બસનું હોર્ન વાગે છે. યુવાન સફાળો જાગી જાણે પથારીમાંથી ઊઠીને ભાગે તેમ સ્ટેન્ડમાં ફેંકાયેલી ખાલી થયેલી પાણીની બોટલોને ઠેબે ચડાવતો જેમ-તેમ બસનાં પગથિયાં સુધી પહોંચી જાય છે. તે વિચારોના વંટોળનાં વમળોમાં ખોવાઇ જાય છે. યુવાન અને યુવતીનો આ નિત્યક્રમ બની જાય છે. એક દિવસ બસસ્ટેન્ડની બહાર નીકળી યુવાન રસ્તાને સામે પાર પહોંચી જાય છે. યુવતીના ઘરના બારણે ટકોરા વાગે છે. થોડી જ વારમાં યુવતીનો ભાઇ દરવાજો ખોલી આગંતુકને આવકારી આવવાનું પ્રયોજન પૂછે છે. યુવક પોતાની આખી કહાની કહી સંભળાવે છે. યુવતીનો ભાઇ ગુસ્સે થઇ પેલા યુવાનને બે થપ્પડ લગાવી રવાના કરી દે છે. હતાશ અને નિરાશ થયેલો યુવક પુનઃ પોતાના કામે લાગી જાય છે. હવે તે બારી બંધ રહેતી હોવાથી યુવકની બેચેની વધી જાય છે. પેલી યુવતીને જોઇ શકતો નથી. અણધારી આવેલી આફત યુવકના ખીલેલા નંદનવનને ઉજ્જડ કરી નાખે છે. લગભગ એકાદ માસ આમ ને આમ પસાર થઇ જાય છે. એક દિવસ એકાએ બારી ખૂલે છે. યુવક બારી સામે ટગર-ટગર જુએ છે. વારંવાર આમ જોવા છતાં પેલી યુવતી નજરે પડતી નથી. પછી યુવક ગણગણે છે. **'નયનને બંધ**

રાખીને જયારે તમને જોયાં છે, તમે છો તેના કરતાં પણ વધારે તમને જોયાં છે.' થોડીવારમાં જ યુવતી બારીમાં નજરે પડે છે. યુવક ફરી ગણગણી ઊઠે છે. **'ચાંદી જૈસા રંગ હૈં તેરાં, સોને જેસા બાલ; એક હી તૂ હૈં ધનવાન ગોરી, બાકી સબ કંગાલ.'** પ્રેમની ગાડી વાયુવેગે પ્રેમના માર્ગે પૂરપાટ દોડી રહી હતી.

દિવસો પછી દિવસો વીતી રહ્યા હતા. એક દિવસ યુવક પોતાની બધી હિંમત એકઠી કરી યુવતીના ઘર પર પહોંચી તેના બંધ બારણા પર ટકોરા લગાવે છે. બારણું ખૂલતા જ યુવતીના પિતા યુવકને ઓળખી કાઢે છે. તે યુવકને ધક્કો મારી કહે છે : 'જીવતો નહિ છોડું જો હવે અહીં કદી દેખાયો છો.' તારા બાપનો મોબાઇલ નંબર આપ, હું તેને ચેતવવા માગું છું; તને જરા સમજાવી દે. એક વખત તને મારા દીકરાએ જતો કર્યો છતાં હજુ તને સમજાતું નથી? તું શું અમને ઢીલાપોચા સમજે છો? બીજી વખત જો તું ભૂલથી પણ કદી અહીં દેખાયો તો તારા રાઇ-રાઇ જેવા કટકા કરી નાખીશું, સમજયો? બારીમાં બેઠેલી છોકરીને જોઇને પ્રેમ કરવા નીકળી પડતા તને શરમ નથી આવતી? યુવકને ધક્કા મારી કાઢી મૂકે છે. ફરી બારી બંધ થઇ જાય છે. ઊગતા સૂર્યને જાણે વાદળોએ ઘેરો ઘાલ્યો હોય તેમ સવાર થવાની પ્રતિક્ષાલયમાં યુવક પોતાનું સ્થાન ગ્રહણ કરી સમયની રાહ જોવા લાગે છે. સમય પાણીનાં પ્રવાહની જેમ વહેતો રહે છે. પાણી જેમ-જેમ અંતર કાપે છે, તેમ-તેમ તેના માર્ગમાં ઢોળાવ ને ખીણ, તો વળી કયાંક સપાટ મેદાન પણ આવે છે ; તેમ સમય પણ પોતાનો કરવટ બદલતો જ રહે છે. બસસ્ટોપના સામેના ભાગે આવેલા મકાન બાજુની ફૂટપાથ પર આવીને યુવક ઊભો રહી જાય છે. થોડી જ વારમાં યુવતીના મકાનનો દરવાજો ખૂલે છે. આધેડ ઉંમરની સ્ત્રી હાથમાં થેલી લઇ શાકભાજી ખરીદવાના ઇરાદાથી મકાનની બહાર આવે છે. યુવક મક્કમ પગલે શાકની લારી તરફ આગળ વધવા લાગે છે. યુવક મનોમન 'આ સ્ત્રી તેની મમ્મી જ હશે' લાવને તેને મારા દિલની વાત કરું. કદાચ સ્ત્રીઓ પુરુષો કરતા મૃદુ હોય છે, તેથી તે મારી વાત જરૂર સાંભળશે. તેમ વિચારી યુવક પોતાના પગ ઊપાડે છેઃ 'નમસ્તે... આન્ટી, હું આપની સાથે થોડી વાત કરવા ઇચ્છું છું.' આ સાંભળી નિયતિબેન બોલ્યાંઃ 'બોલ બેટા, શું કહેવું છે ? તું થોડા સમય પહેલા અમારા ઘરે આવ્યો હતો. તે જ છોરો છો ને?' 'હા, આન્ટી મારું નામ ચંદ્રકાંત.' નિયતિબેન

બોલી ઊઠે છે: 'બેટા, તું કેમ સમજતો નથી. વારંવાર છોકરી પાછળ ગાંડો થઇ કેમ આવે છે? તને ખરી હકીકત જાણવા મળશે તો તારો પ્રેમ ક્યાંય સુકાઇ જાશે. તારે મારી દીકરીને મળવુ જ છે? યુવક વંદન કરી હકારમાં પોતાનું માથું ધુણાવે છે. નિયતિબેન યુવકને પોતાના ઘરે સાથે દોરી જાય છે. દરવાજો ખૂલતા જ ઘરના બધા સભ્યો ભારે આશ્ચર્ય સાથે યુવક સામે જોઇ રહે છે. નિયતિબેન બધાને શાંતિ રાખવા ઇશારો કરે છે. નિયતિબેન યુવકને અંદરના રૂમમાં પેલી બારી પાસે લઇ જાય છે. એક વ્હીલચેર પર બેઠેલી છોકરીના કમરથી નીચેના પગ તદ્દન અચેતન થઇ ગયેલા છે. આ છોકરી વ્હીલચેરની મદદ વિના એક ડગલું પણ ચાલી શકતી નહોતી તેથી તેની વ્હીલચેર બારી પાસે આ લોકો રાખતા હતા. જેના કારણે છોકરી બહારની દુનિયા એક ડગલુંય ચાલ્યા વિના જોવાનો આનંદ ઊઠાવી શકતી હતી. રૂપથી અંજાયેલો યુવક હશે, તેમ સમજી ઘરના સભ્યો તેને ધિક્કારતા હતા. પરંતુ યુવકની લાગણી જોઇ સૌ અવાક બની ગયાં. કારણ કે, આ યુવક માત્ર રૂપથી અંજાયો ન હતો. યુવક તો યુવતીની આંખોમાંથી નીતરતો પ્રેમ પામીને અંતરથી ભીંજાયો હતો. યુવક બોલ્યો : 'કમરની નીચેના પગ ભલે અચેતન બન્યા હોય. આ યુવતીની આંખોમાં મારું આખું જીવન મને દેખાય છે. આપની મંજૂરી મારા નવા જીવનની રાહ જુએ છે. અંતરમાં મોટું તોફાન જાગ્યું છે. મારા માટે સુખની વ્યાખ્યા જરા જુદી છે. ભીતરની ભાગોળે આવેલી લીલીછમ વાડી, મારા બાગરૂપી જગતને સમૃદ્ધિ આપી ઊજાળી શકે છે. તેને આપની સંમતિના વાયુના સુસવાટાઓ અને લાગણીની વર્ષા ભીંજવી શકે છે.

ચંદ્રકાંતના મનમાં ખૂબ જ જાણીતું લોકગીત ગુંજી રહ્યું હતું...

**'વીજ બાબી ક્યાં રોકાણા રાત,**
**ઘટાટોપ વાદળ ઘેરાણા રે લોલ,**
**મેહુલો આવી આવી ને રહી જાય,**
**ઘટાટોપ વાદળ...'**

આ ગીતની પંક્તિઓ તેને લાગણીના પ્રદેશમાં ખેંચી રહી હતી. કારણ કે આંખ એકમેકને જોડતો સંવાદી સેતુ માણસને તેની લાગણીઓ સાથે અન્યના લાગણીનાં પ્રદેશમાં પહોંચાડે છે. આ માર્ગમાં અનેક અંતરાયો અને અવરોધો તો

આવતા જ હોય છે. પણ અવરોધો જે ખાળી શકે છે, તે પામી પણ શકે છે. મીરાંબાઇ જેવી સ્ત્રીને કૃષ્ણને પામવા ઝેરનો પ્યાલો આરોગવો પડયો હતો. પરંતુ શામળા સાથે તેમની નિર્મળ આંખો વડે થયેલો સંવાદ તેનું મિલન કરાવી શકયો હતો. ચંદ્રકાંતની આંખો પણ આવો જ સંવાદ સ્થાપી શકી હતી, તેથી તો ઘરના તમામ લોકો મૂંગામંતર થઇ ચંદ્રકાંતની ભીતરની ભાગોળે આજે રાસ રમવા લાગ્યા હતા.

'કોઇ ગોકુળ-મથુરા જાય રે,
લખી કાગળિયો રે પ્રેમનો;
હૈયે હરખ ના સમાય રે,
આવ્યો અવસરિયો આનંદનો.'

લગ્નવિધિ પૂર્ણ થતા જ ચંદ્રકાંત શ્રદ્ધાને રાજસ્થાનમાં આવેલી નારાયણ સેવા સંસ્થાન-ઉદયપુર ખાતે કૃત્રિમ પગ બેસાડવા લઇ જાય છે. સંસ્થાના નિષ્ણાત તજ્જ્ઞો દ્વારા નવા બંને પગ તૈયાર કરવામાં આવે છે. તેને થોડા દિવસ ચાલવાની તાલીમ પણ આપવામાં આવે છે. પરિણામ જાણી આપ સૌને આશ્ચર્ય થશે. બંનેનું જીવન સામાન્ય પરિવારના લોકો કરતાંય અસાધારણ ગતિએ ચાલવા લાગ્યું હતું. શ્રદ્ધા પણ ભણેલી-ગણેલી યુવતી હોવાથી તેને પણ ચંદ્રકાંતની કંપનીમાં કામ મળી જાય છે. થોડા જ સમયમાં પોતાની કુશળતાભરી કામગીરી વડે તે કંપનીમાં ટોચના સ્થાને પહોંચી જાય છે. ખૂબ આછો ચંદ્રનો પ્રકાશ પણ માણસને સૂર્યનાં દર્શનનાં દ્વાર સુધી દોરી જતો હોય છે. એમાંય પૂનમના ચંદ્રપ્રકાશનું તો પૂછવું જ શું ? ચંદ્રકાંત જેવા યુવકો અનેક યુવતિઓનું જીવન ઊજાળી શકે છે. પરંતુ આ માટે તો નિયતિબેન જેવી સંવાદની દૃષ્ટિ સમાજે કેળવવી પડે.

લગભગ વર્ષ ૧૯૮૬માં ભાવનગરના વિદ્યાનગર વિસ્તારમાં આવેલી અંધ ઉદ્યોગ શાળામાં પ્રાથમિક પછી આગળ ભણવાની સગવડ નહિ હોવાથી વિશુદ્ધાનંદ વિદ્યામંદિરમાં હું, માધ્યમિક શાળામાં દાખલ થવા માટે ગયો હતો. તે સમયનો એક પ્રસંગ મને અહીં ટાંકવો ઉચિત લાગે છે. તે સમયે સનેત્ર બાળકો સાથે અંધજનો પણ ભણી શકે તે વાતને કોઇ સમર્થન આપવા તૈયાર થતું ન હતું. તેમ છતાં હું મૈયાણીસાહેબ (પ્રથમ ઉપકુલપતિ - નરસિંહ મહેતા યુનિવર્સિટી)ની ઑફિસમાં

એડમિશન માટે હિંમત એકઠી કરી પહોંચી ગયો. ઘણી આનાકાની પછી સાહેબ ત્રણ દિવસ માટે મને વર્ગખંડમાં સામાન્ય સનેત્ર બાળકો સાથે ભણવા બેસવા દેવા તૈયાર થયા. તેમની શરત હતી, કે શિક્ષકો જો તારા દેખાવથી ખુશ થશે તો ત્રણ દિવસ પછી તારું નામ કાયદેસર રીતે દાખલ કરવામાં આવશે. પણ જો શિક્ષકોનો અભિપ્રાય જરા પણ નબળો આવશે તો તને એડમિશન કોઇ પણ સંજોગોમાં મળી શકશે નહિ. મારા માટે આ પડકાર હતો પણ મૈયાણીસાહેબનો તો એ પૂર્ણિમાના ચંદ્રપ્રકાશનો આછો ઊજાસ હતો. તેની આંખોએ મારો આત્મવિશ્વાસ જાણે જાણી લીધો હતો. લગભગ ૬૫ વિદ્યાર્થીઓ વચ્ચે મારે મારી શકિતનું પ્રદર્શન બતાવી શિક્ષકોની લાગણી જીતવાની હતી. શાળામાં શારીરિક શિક્ષણ અને ચિત્રકામના વિષયો પણ હતા. બધા જ વિષયોમાં મહેનત કરવાનો સંકલ્પ કરી લીધો પણ ચિત્રકામ અને શારીરિક શિક્ષણના વિષયમાં મને ચિંતા વધુ સતાવતી હતી. જોકે શરતી ત્રણ દિવસમાં આ વિષયનો એક પણ તાસ ન આવતા મને ઘણી રાહત મળી હતી. સંસ્કૃતમાં શીલાબેન, ગણિતમાં હરિભાઇ ભૂંગળિયા, ગુજરાતીમાં દેવયાનીબેન, અંગ્રેજીમાં સંગીતાબેનનો પ્રેમાળ અને લાગણીભર્યો વ્યવહાર જોઇ મારા થાકેલા પગમાં શકિતનો સંચાર થયો હતો. તમામ વિદ્યાર્થીઓમાં સૌથી પહેલો ઉત્તર હું આપી શકતો હતો. તેમાં પણ મારા શિક્ષકોની લાગણી વાર્તામાં જણાવેલા નિયતિબેન જેવી હતી. બધા જ શિક્ષકો મને કાયમી પ્રવેશ મળી જાય તે માટે અમારા આચાર્ય જીવરાજભાઇની ઑફિસમાં જઇ મને પ્રવેશ આપવા ભલામણ કરે છે. મને તાકીદે પ્રવેશ મળી જાય છે.

ચિત્રકામ અને શારીરિક શિક્ષણનાં વિષય ભણાવતાં શીલાબેન ત્રિવેદીના સંસ્કૃત વિષયના તાસમાં હું અગાઉથી પરિચયમાં આવ્યો હોવાથી મારી મુશ્કેલી તેમની સમક્ષ રજૂ કરી શકયો. તેમણે મને આ બંને વિષયના થિયરી પર ભાર મૂકી મારો અભ્યાસ શરૂ રાખવા આશ્વાસન આપ્યું. પ્રૅક્ટિકલમાં મારી મર્યાદાને ધ્યાને લઇ તેઓ મારી પાસે શારીરિક શિક્ષણના તાસમાં પ્રૅક્ટિકલ કરાવતા હતા. ચિત્રકામનાં વિષયમાં પણ તેમ જ કરતા હતા. તેના કારણે હું માત્ર થિયરીમાં મહેનત કરી જેમ તેમ બન્ને વિષયમાં પાસ થઇ જતો હતો. શ્રી શીલાબેન ત્રિવેદીની સંવેદનાભરી દષ્ટિના કારણે આજે હું પ્રગતિનાં પંથે ડગ માંડી રહ્યો છું. જો વિશુદ્ધાનંદના પ્રિન્સીપાલ જીવરાજભાઇ

મૈયાણી અને તે શાળાના શિક્ષિકા શ્રી શીલાબેન ત્રિવેદી જેવી સમાજની દૃષ્ટિ કેળવાશે તો અસંખ્ય ક્ષતિગ્રત લોકો પોતાની જીવનયાત્રામાં આગળ ધપી શકશે. એટલું જ નહિ તેઓ પ્રગતિ પણ કરી શકશે.

પૂનમના ચંદ્રનો આછો પ્રકાશ પણ જે રીતે સૂર્યનાં દર્શન કરાવી સોનેરી સવાર આપે છે, તેમ સમાજની થોડી હકારાત્મક વિચારધારા પણ અક્ષમ લોકોને સમાજની મુખ્યધારામાં સ્થાન અપાવી શકે છે.



# ૦૬. જીવનના તાણા-વાણા

જીવનરૂપી જાળીમાં સુખ દુઃખ તાણાવાણાની જેમ ગૂંથાયેલાં હોય છે. આ બંનેની હાજરી વિના જીવનરૂપી જાળીનું અસ્તિત્વ શકય નથી. તેથી આપણે ત્રાજવું લઇ બંનેના લેખાં-જોખાં કરતાં રહી જીવનરૂપી ગાડીમાં યાત્રા કરતાં રહેવું જોઇએ. તેમજ સંગીતનાં પંચમના નાદની જેમ અવિચળ રહી જીવનને મધુર બનાવવું જોઇએ. જીવનપંચમનો નાદ જીવનને સજાવે છે, તેને નવી ઊંચાઇ આપે છે. ઘણી વેળા આપણે સ્થૂળ સુખ સગવડ અને સંપત્તિમાં ખોવાઇ જઇએ છીએ. સૂક્ષ્મ દ્રશ્યો નિહાળવા આપણે માઇક્રોમીટર જેવા અનેક ઉપકરણોનો ઉપયોગ કરીએ છીએ. પણ ભીતરના ભેરુને પડતી અગવડ કે તેને નડતી સમસ્યાઓ પ્રત્યે જાગૃત નથી. કોણ જાણે આપણે આધ્યાત્મિક બાબતોથી શા માટે દૂર ભાગતા રહીએ છીએ? ખેર જવા દો આ બધી અટપટી વાતો. હું તો આપ સૌને એટલું જ કહેવા માગું છું :

**'કોમ-કોમના એક જ ધરતીના આપણ ભારુ, શાને રકત રેલાય છે?**
**પાંદડીઓ પુષ્પ તણી ખીલ્યા વિના જ કરમાય છે.'**

જીવનનાં કેટલાંક રહસ્યો વિશે હું પડદો ખોલવા માંગું છું.

જીવાત્માની સફર કોઇ ચોકકસ હેતુસર આ સંસારમાં થતી હોય છે. આ સંસારનો ઉદ્‌ભવ બ્રહ્માના દિવસ દરમ્યાન થાય છે. આ દિવસનો સમયગાળો લગભગ એક હજાર યુગનો હોય છે. જેમાં પ્રત્યેક જીવાત્માએ લખચોરાશી યોનીમાં ભટકવું પડે છે. જે રીતે આપણે સંસારનો દિવસ થતા કામ-ધંધાર્થે રજળપાટ કરીએ છીએ. આપણો હેતુ આપણી અને આપણા પરિવારની સુખ-સાયબી તેમજ તેના ભરણ પોષણનો હોય છે, જે કામ પણ આપણે સુપેરે પાર પાડીએ છીએ. અન્ય પ્રાણીઓને પણ ઈશ્વર આ કામમાં મદદ કરતો હોય છે. પણ માણસ પોતે જે સફળતા મેળવે છે. તેનો યશ પોતે જ લેવા માગે છે. કોઇ પણ કારણોસર તે નિષ્ફળ નીવડે તો હતાશ અને નિરાશ થઇ દુઃખી દુઃખી થઇ જાય છે. હકીકતમાં તો માણસે તેનું પાત્ર સંસારભૂમિ પર ભજવી બતાવવાનું હોય છે. ઈશ્વર દ્વારા મુકાયેલી મર્યાદાઓથી ચલિત થયા વિના સત્યના માર્ગે મંજિલ કાપતા-કાપતા આગળ ને આગળ ધપતાં રહેવાનું હોય છે, પણ

એક વાત યાદ રાખવા જેવી છે. શરીરને સુદઢ બનાવવા કસરત કરવી પડે છે. તેમ મોક્ષયાત્રાના માર્ગે આગળ ધપવા પ્રત્યેક આત્માએ શરીરની સગવડ સાચવવા અસત્યો આચરવાના બદલે અન્યના કલ્યાણ માટે કામ કરવા આગળ આવવું જોઇએ. મહાભારતના યુદ્ધમાં ડરી ગયેલા અર્જુનને ઉદ્દેશીને ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું હતું કે – 'હે... અર્જુન, હે... ધનંજય, તું તારું કર્મ કર. તારે ડરવાની જરૂર નથી, કારણ કે આ બધા જ લોકો ખરેખર તો મૃત્યુ પામેલા જ છે. માટે તું તારું કર્મ બજાવ. કર્મ નહિ કરીને તું દુર્ગતિને પામીશ. તું કાયર કહેવાઇશ. તને લોકો ધિક્કારશે. માટે તું તારું કર્મ કર.' આ કર્મનિષ્ઠાના કારણે અર્જુનને આજે પણ આપણે યાદ કરીએ છીએ. કોઇ પણ વ્યક્તિ પોતાના કર્મની શક્તિ વડે ઊર્જાવાન બની તેના મોક્ષમાર્ગની યાત્રા સફળતાપૂર્વક પાર પાડી શકે છે.

વર્ષ ૨૦૧૩ના સપ્ટેમ્બર માસનું આ બીજું પ્રદર્શન હતું. શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઊમટી રહ્યા હતા. ત્રણ દિવસના આ પ્રદર્શનનું શીર્ષક પસંદ કર્યું હતું. 'ચાલો, બતાવું મારી આંખ વિનાની દુનિયા.' આંખ વિનાની અમારી આ દુનિયા જોવા લોકોના ટોળે-ટોળાં ઉમટી પડયાં હતાં. પ્રદર્શનના બીજા દિવસે 'દિવ્ય દષ્ટિના કલાસાગરમાં ડૂબકી' સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજના ૭ થી ૯ દરમિયાન રાખવામાં આવ્યો હતો. એલ.ઇ.ડી. પર પણ કાર્યક્રમ જોઇ શકાય તેવી સગવડ રાખવામાં આવી હતી. આ કાર્યક્રમની ઉદ્ઘોષણા મારા ગુરુજી અને સમગ્ર પ્રજ્ઞાલોકની શાન કહી શકાય તેવા જ્ઞાનગંગોત્રી સમા શ્રી જસુભાઇ કવિ કરી રહ્યા હતા. આ વાત યાદ આવતા મારા હોઠે પંક્તિઓ સળવળે છે.

'શબ્દની વરસી ગઇ વાદળી, ભીતરમાં ભીંજાણી કામળી.
લાગણીની નદીમાં વહેતી થઇ નાવડી,
છબછબિયા કરે ભાઇ ગોકુળની ગાવડી.'

કયા શબ્દમાં જસુભાઇ કવિની કાર્યક્રમની ઉદ્ઘોષણાની આપ સૌને નોંધ આપું. શાળાના પટાંગણમાં કીડિયારાની જેમ ઊભરાયેલા લોકો મંત્રમુગ્ધ થયા હતા. પ્રજ્ઞાલોકનાં બાળકોની પ્રસ્તુતિ લાજવાબ હતી. લોકો તેને ચિચિયારીઓ પાડીને આવકારી રહ્યા હતા. ખરા અર્થમાં આવેલા લોકોએ દિવ્ય દષ્ટિના કલાસાગરમાં

સંવેદનાનું કીમતી મોતી શોધી લાવવા ડૂબકી લગાવી હતી. 'પગરવ' નાટકના માધ્યમથી શાળાનો પરિચય તેના ઇતિહાસ સાથે રજૂ કરવામાં આવ્યો હતો. જસુભાઇ કવિના પ્રત્યેક શબ્દો આ ઉપક્રમને શોભાવતા હતા. બીજી તરફ મારા શરીરને તાવે બાનમાં લઇ મને આકુળ-વ્યાકુળ કરી દીધો હતો. મેડિકલમાંથી ચીલાચાલુ તાવની ગોળીઓ મંગાવી, હું કર્મનિષ્ઠાના મોરચે મારી લડાઇ લડી રહ્યો હતો. કારણ હું જાણું છું કે વિપરીત સંજોગોમાં જે મેદાન છોડી ભાગે છે તેને કદી મુકિત મળતી નથી. મોક્ષ માર્ગની સફળ યાત્રા કરવા જીવનમાં આવતા વિપરીત સંજોગોનો સામનો કરી કર્મ કરતાં રહેવું જોઇએ. યુદ્ધના મેદાનમાં લડવા ગયેલા અર્જુનને તેના જ સગાંસંબંધીઓ સામે હથિયાર ચલાવવાનાં હતાં. સત્ય માટે અનિચ્છાએ પણ રાજ મેળવવા પાંડવોને જીત અપાવવા લોહીલુહાણ યુદ્ધ ખેલવાનું હતું. તો પછી હું તાવથી હારી શી રીતે જવાબદારીઓથી વિમુખ થઇ શકું? શરીર ખાતર જે જવાબદારીઓથી ભાગે છે, તેને તો મુઆ પછી પણ છુટકારો મળતો નથી. આપણે જેટલા અધિકારો પ્રત્યે જાગૃત રહેતા હોઇએ છીએ, તેટલા ભાગ્યે જ ફરજ પ્રત્યે તત્પર રહેતા હોઇએ છીએ. કારણ આપણને પરલોકની બિલકુલ ખબર નથી. જે રીતે પરીક્ષાર્થી સારું પેપર લખવા ચબરખી અથવા પૈસાના જોરે પેપર ફોડાવી ઉત્તમ ઉત્તરવહી તૈયાર કરવા યત્નશીલ રહે છે, તેમ આપણે પણ જીવનમાં સુખ મેળવવા અસત્યના જોરે સંપત્તિ ભેગી કરવા અવનવા નુસખા કરીએ છીએ. પણ આખરે મૂલ્યવાન માનવ જીવન ગુમાવીએ છીએ. અંતે જયારે તેના લેખાંજોખાં થાય છે ત્યારે માપદંડના મૂલ્યાંકનનું જીવનરૂપી ત્રાજવું નિષ્ફળતાના વજન સામે ટકી શકતું નથી. અંતે જીવાત્માને પોતાનું માનવજીવન એળે જવાનો ખ્યાલ આવે છે. 'કભી પ્યાસે કો પાની પીલાયા નહિ, ફિર અમૃત પીલાને સે કયા ફાયદા' માણસ પોતાની મળેલી જિંદગીમાં કોઇનું હિત કરવાનું એક પણ કામ કરવા યત્ન સુધ્ધાં ન કરે તો મૂલ્યવાન માનવ અવતારનો શો ફાયદો? જીવાત્માને મોક્ષ માર્ગની યાત્રામાં માનવદેહ કોઇ પૂંજી આપી શકે નહિ, તેવા માનવ જીવનનો શો મતલબ!

મને આ વિચારો કોરી ખાય છે. ૨૦૧૩ની જીવલેણ બીમારીમાં પટકાયો ત્યારે જીવનના લેખાં-જોખાં કરવાની ઇશ્વરે મને મહામૂલી તક આપી. આ સમયે ઘણા

દિવસો સુધી હું લગભગ બેભાન અવસ્થામાં જ રહેતો હતો. ડૉકટર ગુરુમુખાણી આવીને મને પૂછતા : 'લાભુભાઇ શું જમ્યા?' મને કશું યાદ આવતું નહિ. તેઓ વળી પૂછે આજે કયો વાર છે ? આજે કઇ તારીખ છે ? કશી ગતાગમ પડે નહિ. મનમાં થાય પણ ખરું. આ અહીંથી જાય તો સારું મને શાંતિ લેવા દે તો સારું. પણ મારે કબૂલવું જોઇએ, આ સમય મારા આત્મદર્શનનો હતો. શાળાની ચિંતા પણ સતાવતી હતી. જ્ઞાનના પડળ પર મુકાયેલો પથ્થર ઊંચકાઇ રહ્યો હતો. અંતરમાં એક તોફાન ચાલતું હતું. જિંદગીમાં શું કમાયો ? શું મને ઇશ્વરે જે કામ સોંપી અહીં મોકલ્યો હતો. તે કામ હું પાર પાડી શકયો છું? મિત્રો, ઉત્તર નકારમાં મળતો હતો. દિલથી કરેલી પ્રાર્થનાએ ઇશ્વરને પણ રીજવ્યો. પરિણામે જિંદગીની મુદત લંબાવી દેવામાં આવી (લાઇસન્સ રિન્યૂ) આમાં મારી એકલાની પીપૂડીનું શું ગજું...! આ પ્રાર્થના તો મારા અનેક બંધુઓ અને ભગિનીઓની હતી. માંદગીમાં રાહત થતાં જ કામ ઉપાડી લીધું. આજે પણ આ આખો ઉપક્રમ જીવન સાથે વણાઇને ધબકી રહ્યો છે. શરીર સાથ આપે ત્યાં સુધી કામ કરતો રહું છું. મને પણ તેમ કરવામાં આનંદ મળે છે. હું નમ્રભાવે સ્વીકારું છું.

'જિંદગી નથી જૂતાઓની જોડ, કે માટીમહીં ઘસી નખાય,
જિંદગી તો છે ચોરંગી ચોપાટ, મળી બાજી જીતી જવાય.'

તારીખઃ- ૨૭-૪-૨૦૧૯ને શનિવારના રોજ 'જીવનનો ધબકાર-મારી સ્મરણયાત્રા' રાજય પારિતોષિક સ્પર્ધાના રાજયભરમાંથી પધારેલા સ્પર્ધક મિત્રોને મળવાનું થયું ત્યારે હું કચ્છમાંથી આવેલી ધોરણ-૧૧માં અભ્યાસ કરતી મજેઠિયા આશ્વી ધીરેનભાઇ (દીકરી)ને મળ્યો ત્યારે મારી ખુશીનો પાર ન રહ્યો. તે જીવનનો ધબકાર પુસ્તકના પ્રસંગો વિશે જે છણાવટ કરતી હતી તે સાંભળી હું અવાક્ થઇ ગયો હતો. દીકરીની ઉંમર કરતાં વિચારોની ઊંચાઇ કયાંય વધુ દેખાતી હતી. ઘણા સ્પર્ધકોની મહેનત દેખાતી હતી. પણ કચ્છથી આવેલી આ દીકરી આશ્વીનું ચિંતન અને મનન ખૂબ મોટા ચિંતકોને પણ પરાસ્ત કરી મૂંડી ખંજવાળતાં કરી દે તેવું હતું. સ્પર્ધામાં ભલે તે પારિતોષિકને પાત્ર નથી ઠરી, પણ જિંદગીની બાજી જીતી લેવા સજ્જ તો જરૂર બની છે. દીકરીને મારા ખૂબ-ખૂબ અભિનંદન.

છેલ્લાં ઘણાં વર્ષોથી વિકલાંગોના શિક્ષણ, રોજગાર, તાલીમ અને તેના

પુનઃસ્થાપનના કાર્યને આગળ ધપાવવા સંવેદનશીલ કર્મવીરો મળતા નથી. સરકારની ભરતી માટેની નીતિ પણ તેમાં જવાબદાર છે. કારણ કે વધુ ગુણાંક લાવનાર દરેક વિદ્યાર્થી સંવેદનશીલ હોઇ શકે નહિ. નોકરીના ભાવથી જોડાયેલો કોઇ પણ માણસ પડકારો સામે ઝઝૂમી કામ કરવા તૈયાર થતો નથી. ફરજના કલાકો પૂરા થવાની રાહ જોતા કર્મચારી કેવી રીતે બાળકના શિક્ષણ અને તાલીમના કાર્યમાં ઓતપ્રોત થઇ શકે? તેથી સાચા સંવેદનશીલ માણસની શોધ કરવા અને સાચા માનવધનને ઉગાડવા આ રાજય પારિતોષિક સ્પર્ધાનું આયોજન કર્યું હતું. સફળ રહેવાનો મને આનંદ પણ છે. મિત્રો, આ વાત એક મુક્તકમાં કહીશ : 'કોણ કહે છે અંધાપો છે જીવનનો અંધકાર, ખરું પૂછો તો એ તો છે જીવનનો પડકાર.'

આ સ્પર્ધાના વિજેતા લોકોની યાદી જયારે જાહેર કરવામાં આવી ત્યારે મારી ખુશી ચરમસીમા વટાવી ગઇ. કારણ કે વિજેતાઓની યાદી જોતા જ દરેક વર્ગના લોકો તેમાં જોવા મળ્યા હતા. નિર્ણાયકોનું તટસ્થ મૂલ્યાંકન તેનો ખરો યશ લઇ જાય છે.

વિજેતા સ્પર્ધકોના દિલમાં સંવેદના સંચિત બને તેવા હેતુથી સમારંભમાં 'સંવેદનાની શોધ' પુસ્તકનું વિમોચન જાણીતા કવિશ્રી કૃષ્ણ દવેએ કર્યું હતું. વર્તમાન સમાજની વિચારધારામાં મનુષ્ય-મનુષ્ય પ્રત્યેની સંવેદનાની ઊણપ વરતાઇ રહી છે ત્યારે આ પુસ્તક મેં આપણી આજુબાજુ વિખરાયેલા અને જલદી નજરમાં ન આવે તેવી માનવ સંવેદનાના સુગંધિત પુષ્પોને ચૂંટી કાઢી સમાજ સમક્ષ મૂકવાનો પ્રયાસ કર્યો છે.

જેને વાચકોનો આવકાર મળશે.

# ૦૭. અનુભવની આર-પાર

અનુભવના ઓટલે કેટલાક સંવેદનશીલ મુદ્દાઓ આપ સૌ સમક્ષ મૂકવાનું મન થાય છે. અશક્ત લોકોના પુનઃસ્થાપન માટે ભારત સરકારે વિકલાંગોના કલ્યાણ અને વિકાસ માટે વર્ષ ૨૦૧૬માં વિકલાંગતા વિધેયક-૨૦૧૬ આપણી સંસદ દ્વારા પસાર કરી દેશના અનેક અશક્ત અને શારીરિક તેમજ માનસિક પડકારોનો સામનો કરતા લોકોને ભેટ આપી સરાહનીય કાર્ય કર્યું છે. પરંતુ તેના અસરકારક અમલ માટે અધૂરા મનથી સરકાર પગલાં ભરી રહી છે તે એક ચિંતનનો વિષય બને તેમ છે. ભાવનગરની આ અંગે થોડી વાત કરીએ તો વિકલાંગતા વિધેયક-૨૦૧૬ની કલમ-૭૨ મુજબ જિલ્લાકક્ષાની સમિતિની હજુ સુધી એક પણ બેઠક મળી નથી. તાજેતરમાં કલેકટરશ્રીની અધ્યક્ષતામાં સમિતિનું ગઠન તા.૧૧/૦૨/૨૦૧૯નાં પત્રથી કરવામાં આવ્યું છે તે આવકારદાયક છે. કલમ-૬૦ અંતર્ગત રાજય સલાહકાર બોર્ડની નિયમિત બેઠકો બોલાવામાં આવતી નથી. ઉકત સંબંધી યોજનાલક્ષી બોર્ડની મીટિંગના અહેવાલ જે તે વિભાગોને મોકલવામાં આવતા નથી. હજુ સુધી ઉપરોકત કોઇ પણ બેઠકોમાં કાયદાના અસરકારક અમલ માટે ઊડીને આંખે વળગે તેવી નક્કર કામગીરી થઇ શકી નથી. કાનૂન અનુસાર જોગવાઇઓનો લાભ અદના અશક્ત વ્યક્તિને સમયસર મળી રહે તેવું સરકારનું આયોજન જોવા મળતું નથી. જયારે અમેરિકા, ઈંગ્લેંડ, ફ્રાંસ અને કેનેડા જેવા અન્ય દેશો વિકલાંગ વ્યક્તિઓના શિક્ષણ, તાલીમ, રોજગાર અને તેના પુનઃસ્થાપનનાં કાર્યોમાં મોખરે રહી અશક્ત લોકોનાં કલ્યાણ અને અધિકાર માટે જાગૃત બની કામ કરી રહ્યા છે. યુનો (યુનાઈટેડ નેશન્સ)નાં ઘોષણા પત્રમાં અપાયેલ ખાતરી મુજબ ભૌતિક અને માનસિક વાતાવરણ પૂરું પાડી ઉત્તમ સમાજરચનાની દિશામાં આ દેશોએ કદમ ઉઠાવ્યા છે. આમ, આ દેશો આપણાથી ઘણા જ આગળ છે. વિકલાંગ ધારો-૧૯૯૫ શ્રી પી.વી.નરસિમ્હા રાવની સરકારે ભારતના વિકલાંગોને ભેટ આપી ઠીક-ઠીક કાર્ય કર્યું છે. જેના પરિણામો નેવુંના દાયકાએ આપણને આપ્યા છે. નેવુંના દાયકાએ આપણને વિકલાંગોના સશક્તીકરણ માટે ત્રણ ખાસ કાનૂન આપ્યા હતા. મૅન્ટલ હેલ્થ એકટ, આર.સી.આઇ. એકટ અને

નેશનલ ટ્રસ્ટ એકટ જેની વિગતોમાં પડીએ તો આખું પુસ્તક લખવું પડે. આ સમયગાળામાં તાલીમ અને રોજગાર માટે નક્કર ઉપાયો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિકલાંગોના સ્વરોજગાર માટે વિકલાંગ આર્થિક વિકાસ નિગમની રચના ખાસ ભંડોળ ફાળવી કરવામાં આવી હતી. જેના પરિણામે અસંખ્ય વિકલાંગોને પોતાનો ધંધો શરૂ કરવા નજીવા વ્યાજે લોન પ્રાપ્ત થઇ હતી. આમ, તત્કાલીન સરકારે પોતાની કટિબદ્ધતા પુરવાર કરી છે. થોડી આગળની વાત લઇએ તો ૧૯૮૬ની નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં વિકલાંગોના શિક્ષણને શિક્ષણનો દરજ્જો આપવામાં આવ્યો. તેમજ વિકલાંગોને પણ શિક્ષણનીતિના ચેપ્ટર ૬ હેઠળ શિક્ષણની વિશેષ સવલતો પૂરી પાડવામાં આવી હતી. આમ, અનેક ક્ષેત્રોમાં વિકલાંગોની ભાગીદારી વધે તેવા પ્રયાસો થયા હતા. જેની સાભાર નોંધ લેવાનો મારો યત્ન છે. નવો વિકલાંગ ધારો તૈયાર કરવા સરકારે વર્ષ ૨૦૧૦ થી પોતાના સંનિષ્ઠ પ્રયત્નો હાથ ધર્યા હતા. એક યા બીજા કારણોસર તેમાં સફળતા મળી ન હોવાથી ૨૦૧૬ સુધી આપણે પ્રતીક્ષા કરવી પડી છે. ખેર... લાંબી પ્રતીક્ષા પછી જે ફળ મળે તે મીઠાં જ હશે. વર્ષો પહેલા કોઇ કાયદો ન હતો ત્યારે પણ દેશમાં વિકલાંગોને કામ મળતું હતું. ખાસ કરીને ગુજરાત રાજયમાં વિકલાંગોને સરળતાથી નોકરી મળતી હતી. જેમને નોકરી-ધંધા-રોજગારમાં તક મળતી હતી, તેવા વિકલાંગોને આજે જે માનસિક ત્રાસનો સામનો કરવો પડે છે તેવો કરવો પડતો ન હતો. જેમા સરકાર કરતાં સમાજની નકારાત્મક વિચારધારા વધુ જવાબદાર છે. જે નિવારવા સરકારે ત્વરિત પગલાં લેવાં જોઇએ.

આજકાલ મને આવી ઘણી ફરિયાદો મળે છે. હું આવી ફરિયાદો પ્રત્યે સરકારનું લેખિત અને મૌખિક ધ્યાન પણ દોરું છું. કેટલીક ફરિયાદો પર સરકાર તાકીદે સૂચનાઓ પણ બહાર પાડે છે, પરંતુ ફરજ પરના અધિકારીઓની ઉદાસિનતાના કારણે ધાર્યું પરિણામ મળતું નથી. આપણા રાજયની વાત કરીએ તો ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોને તેના આચાર્ય દ્વારા તેમની મર્યાદાઓનો ખ્યાલ રાખ્યા વિના બે થી ત્રણ વર્ગોના બાળકોનાં શિક્ષણનું કામ સોંપવામાં આવતું હોય છે. કેટલીક વખત તો નવા પ્રવેશ પામેલ ધોરણ ૧ ના બાળકોનો વર્ગ પણ સોંપવામાં આવતો હોય છે. આવા બાળકોને અક્ષરજ્ઞાન

આપવાનું હોય છે. આવા વર્ગનાં બાળકો પોતાની પાટીમાં જે લખે તે પ્રજ્ઞાચક્ષુ કઇ રીતે ચકાસી શકે? કોઇવાર પત્રકો ભરવાની કામગીરીના નામે પણ આવા શિક્ષકોને અપમાનિત કરાતા હોય છે. કોઇવાર બાળકોની ઉત્તરવહી ચકાસવાના નામે અથવા વર્ગખંડનાં બાળકોને તેની જગ્યાએ ભણાવવા માટે ફર્જી કે ભાડૂતી શિક્ષક રાખવા દબાણ કરવામાં આવતું હોય છે. આચાર્યોનું આવું માનવીય અધિકારો અને કાયદા વિરુદ્ધનું મનસ્વી વલણ કહેવાય. આ બધી જ બાબતે મેં સરકારનું અવાર-નવાર ધ્યાન દોર્યું છે.

આ સમસ્યાના ઉકેલ માટે પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોના જ્ઞાનનો ઉપયોગ બાળકોના વિકાસ માટે થઇ શકે તેવી દરેક આચાર્યમિત્રોએ દ્રષ્ટિ કેળવવી પડશે. આમ થશે તો આ શિક્ષકો બાળકોમાં છુપાયેલી સુષુપ્ત શકિતઓને શોધી કાઢી શિક્ષણના નવા આયામો સમાજને અર્પણ કરી, નવો ચીલો ચાતરશે. વિષય શિક્ષક તરીકે જે પ્રજ્ઞાચક્ષુ શિક્ષક પસંદગી પામ્યા છે તેવા પ્રત્યેક શિક્ષકોને વિદ્યાર્થીના પેપર ચેક કરવાની કામગીરી આપવામાં આવે તે આવકારદાયક છે, પણ સંગીત શિક્ષકો પાસે આવો આગ્રહ રાખવો તે અસ્થાને છે. કોઇ એક શાળાના આચાર્ય, એક પ્રજ્ઞાચક્ષુ શિક્ષકને તેમની જગ્યાએ માણસ રાખી લેવા દબાણ કરતા હતા. મેં આ મામલામાં દરમિયાનગીરી કરી તે આચાર્યને ખરી હકીકતથી વાકેફ કરી અસત્યના માર્ગે ડગ માંડતા અટકાવ્યા હતા. આ બાબતે ઊભા થતાં પ્રશ્નો વિશે સુચારુ ઉકેલ લાવવા મેં ઘણી શાળાઓની રૂબરૂ મુલાકાત લીધી છે. જેમાં હંમેશાં આચાર્યોનું વલણ પક્ષપાતભર્યું દેખાયું છે. શબ્દનાં અનેક આભૂષણોથી નવાજતા આ શિક્ષકમિત્રોને દેખીતી રીતે પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોની શક્તિઓની ઉપેક્ષા કરતા જોવા મળ્યા છે. કેટલાક શિક્ષકો અવારનવાર પોતાની વાતચીતમાં પ્રજ્ઞાચક્ષુ શિક્ષકની હાજરીમાં પણ એવું બોલતા હોય છે : 'આજે તો શાળામાં પાંચ શિક્ષક રજા પર છે, માત્ર ત્રણ શિક્ષકોએ આખી શાળા સંભાળવી પડશે' ખરેખર, પ્રજ્ઞાચક્ષુ શિક્ષક સહિત ચાર શિક્ષકોની હાજરી થતી હોવા છતાં પ્રજ્ઞાચક્ષુ શિક્ષકને ગણત્રીમાં લેવામાં આવતો નથી. જે પ્રજ્ઞાચક્ષુ શિક્ષકનું અપમાન કહેવાય. આવી રીતે હાજર શિક્ષકની અવગણના કરી, તેનું અપમાન કરવું કેટલા અંશે વાજબી કહેવાય? આજે પ્રજ્ઞાચક્ષુ વ્યકિત દરેક ક્ષેત્રે

પ્રગતિ કરી આગળ વધી રહ્યો છે ત્યારે તેની શકિતને અવગણી શકાય નહિ. તેથી સામાજિક પરિવર્તન આવવું જરૂરી છે.

બાયોમેટ્રિક હાજરીના કારણે પણ કોઇવાર પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોને સહન કરવું પડતું હોય છે. કેટલીક શાળાઓમાં સામાન્ય શિક્ષકોને સરકારી કામગીરીના ભાગરૂપે હેડઓફિસ જવાનું થાય તેવા સંજોગોમાં પ્રજ્ઞાચક્ષુ શિક્ષક સિવાય શાળામાં એક પણ શિક્ષક હાજર ન હોય ત્યારે બાયોમેટ્રિક હાજરી શાળામાં પ્રજ્ઞાચક્ષુ શિક્ષકને પૂરવાનું મુશ્કેલ બને છે. આવી વિકટ સ્થિતિનો સરકારે સુચારુ માર્ગ શોધી કાઢવો જોઇએ. પ્રજ્ઞાચક્ષુઓમાં છુપાયેલી સંગીતની કલાશકિતનો બાળકોના સર્વાંગી વિકાસમાં શ્રેષ્ઠતમ ઉપયોગ થાય તેવું દરેક આચાર્યમિત્રોએ આયોજન ઘડી કાઢવું જોઇએ. પ્રજ્ઞાચક્ષુ શિક્ષક પણ સામાન્ય શિક્ષક જેવો જ કર્મચારી છે, તે વાતનો દરેક આચાર્યે સ્વીકાર કરવો જોઇએ. જો આમ થશે તો, પ્રજ્ઞાચક્ષુ શિક્ષક પણ પોતાની ગરિમાપૂર્વક ઉત્તમ સેવા પ્રદાન કરી શકશે.

વિકલાંગ ધારો-૧૯૯૫ ના સુચારુ અમલ માટે સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓએ જેટલી જાગૃતિ દાખવી હતી તેટલી જાગૃતિ નવા ૨૦૧૬ના ધારાના અમલ માટે જોવા મળતી નથી. જે ચિંતા અને ચિંતન માગી લે તેવી બાબત છે. ગુજરાત રાજયની વાત કરીએ તો એક સમયે કોઇ પણ વિશિષ્ટ કાયદો અમલમાં ન હતો, તેવા સમયે પણ કાયદા વિના સંખ્યાબંધ અંધજનોને સંગીત શિક્ષક તરીકે પ્રાથમિક શાળામાં નોકરી આપવામાં આવી હતી. એમાંની શ્રી કેશુભાઇ પટેલની સરકારે નિયમોમાં બાંધછોડ કરી અંધજનોને માત્ર સંગીત વિશારદની લાયકાતના ધોરણે નોકરીમાં દાખલ કરવા ખાસ પરિપત્ર બહાર પાડી એસ.એસ.સી. પણ ન પાસ કર્યું હોય તેવા અનેક અંધજનોને નોકરી આપી તેમને પગભર કરવા ઉદારતા દાખવી હતી. આવી ઉમદા નીતિ વડે નેત્રહીનોને પગભર બનાવવા જેમણે વિશેષ પ્રયાસ કર્યો છે, તેવા વહીવટી અધિકારીઓ અને મંત્રીમંડળના સભ્યોને મારા શત-શત વંદન.

તો બીજી તરફ વિકલાંગ બાળકોને શિક્ષણ આપતી ખાસ શાળાઓમાં કર્મચારીઓની વયમર્યાદાનાં કારણે ખાલી પડતી જગ્યાઓ એક યા બીજા કારણોસર રાજયના સામાજિક, ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા રદ કરવામાં આવે છે.

કોઇવાર સાધનિક કાગળોની પૂર્તતાના કારણોસર જગ્યા ભરવાની મંજૂરી આપવામાં આવતી નથી. અંતે લાંબા સમયે આવી જગ્યાઓ કેન્સલ કરી દેવામાં આવે છે. આમ, સરકાર એક તરફ સામાન્ય શાળાઓમાં હજારો કે લાખો જગ્યાઓ ભરવાનો દાવો કરે છે. ગુણોત્સવ, પ્રવેશ ઉત્સવ, કન્યાકેળવણી જેવા અનેક શૈક્ષણિક કાર્યક્રમના નામે ગુણવત્તાનો ઢોલ ગામડે-ગામડે અને શહેરોમાં પણ પીટે છે, પણ બીજી તરફ તેને વિકલાંગ બાળકોના શિક્ષણની ગુણવત્તાની કોઇ ચિંતા હોય તેવું એક પણ કામ દેખાતું નથી. છઠ્ઠા પગારપંચના અમલ સમયે રાજય સરકારે રાજયના વિકલાંગ બાળકોને શિક્ષણ આપતી ખાસ શાળાઓની કુલ ૨૪૯ જગ્યાઓ રદ કરી હતી. નવી જગ્યાઓ આપવાના બદલે વર્ષોથી મંજૂર થયેલી જગ્યાઓ રદ કરી વિકલાંગ બાળકોના શૈક્ષણિક વિકાસને રૂંધ્યો છે. એટલું જ નહિ વર્ષ-૨૦૧૬માં ફરીવાર સાતમા પગાર પંચના અમલ સમયે આવી ૨૪૧ જગ્યાઓ રદ કરી અનેક વિકલાંગ બાળકોને શિક્ષણની સેવાથી વંચિત કર્યા છે. આજે ઘણી બધી ખાસ શાળાઓ પોતાના ખર્ચે સેંકડો બાળકોને શિક્ષણની સેવાઓ પૂરી પાડવા દાતાઓનો સહયોગ લઇ જ્ઞાનયજ્ઞને પ્રજ્જ્વલિત રાખવાનું પુણ્યકાર્ય કરી રહી છે. જેને હું ધન્યવાદ આપું છું. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિકલાંગ બાળકોને વિશિષ્ટ તાલીમ અને શિક્ષણની સેવાઓ આપતા રિસોર્સ ટીચરને ૧૧ મહિનાના કરારથી નોકરીમાં અધ્ધરતાલે રખાય છે જેના કારણે તેઓ ઉપરોકત અસરકારક સેવાઓ પ્રદાન કરી શકતા નથી, જયારે તેની સામે માધ્યમિક શાળાઓમાં ઇન્કલ્યુઝિવ યોજના અંતર્ગત ફરજ બજાવતા શિક્ષકોને સામાન્ય શિક્ષકો જેવા પગાર ધોરણ સહિતના તમામ લાભો આપવામાં આવ્યા છે. પ્રાથમિક શાળામાં કામ કરતાં રિસોર્સ ટીચરો પણ વિકલાંગ બાળકોને જ શૈક્ષણિક સેવાઓ આપે છે તેથી તેમને પણ 'સમાન કામ સમાન વેતન'નો લાભ મળવો જોઇએ. પરંતુ આ અંગે સરકાર ગંભીર નથી. તેથી સરકારની આ પલાયનતાભરી નીતિને હું વખોડું છું. ૨૦૧૬ ના અધિનિયમમાં ઉત્તમ જોગવાઇઓ હોવા છતાં વિકલાંગ બાળકોને ગુણવત્તાયુકત શિક્ષણની સેવાઓ મળી શકે તેવી સગવડ ઉપલબ્ધ કરવામાં આવતી નથી.

એક પણ અંધશાળામાં ઓરિએન્ટેશન મોબિલિટી ઇન્સ્ટ્રકટરની જગ્યા

વર્તમાન સમયમાં ભરવામાં આવેલી નથી. આવા બાળકોના ઉચ્ચશિક્ષણ માટે તેઓ કૉલેજમાં શિક્ષણ મેળવી શકે તેવું રાજયના એક પણ શહેરમાં ખાસ છાત્રાલય નથી અથવા તેના વૈકલ્પિક ઉકેલ માટે આવાં બાળકોને સામાન્ય બાળકોનાં છાત્રાલયમાં પ્રવેશ માટેનો કોઇ ક્વોટા રાખવામાં આવ્યો નથી, તો પછી વિકલાંગ બાળકો શી રીતે ઉચ્ચશિક્ષણ મેળવી શકશે? આપણે તેને 'દિવ્યાંગ' જરૂર કહીએ છીએ પણ તેને ખરા અર્થમાં દિવ્ય બનાવી શકાય તેવું પગલું ભરવા તૈયાર નથી. તો શી રીતે આવા વ્યકિતઓને સન્માન પ્રાપ્ત થઇ શકશે? પેટ ભરવા ભોજન આરોગવું પડે છે, સુગંધ ગમે તેવી ભભકાદાર હોય તેનાથી પેટની ભૂખ ભાંગતી નથી, તેવી જ આ વાત છે. આમ વિકલાંગોને 'દિવ્યાંગ' શબ્દ આપી શાબ્દિક વખાણ આપણે ગમે તેટલા કરીએ પણ તેઓને ઉત્તમ શિક્ષણ અને રોજગારની તક ન આપીએ તો આ શાબ્દિક આભૂષણનું કોઇ મૂલ્ય રહેતું નથી.

હું માનું છું કે મારા વલોપાતની વાત સરકાર સ્વીકારશે ને દિવ્યાંગો માટે વિકાસની નવી દિશાઓ ખોલશે.

# ૦૮. સંકલ્પથી સિદ્ધિ

સંકલ્પ જીવનને બદલી શકે છે. સંકલ્પ જીવનને નવી દિશા આપે છે. કોઇવાર સંકલ્પ વ્યકિતને આગવી ઓળખ પણ આપે છે તો કેટલીકવાર સંકલ્પ માણસને સિંહાસન સુધી દોરી જાય છે. વળી, ઘણી વખત અમુક લોકોના આવેશ કે કોઇની આભામાં આવી લેવાયેલા સંકલ્પોનું બાળમૃત્યુ પણ થતું હોય છે. સંકલ્પ જેટલો પરિપકવ હોય તેટલું જ તેનું ભાગ્ય કે જીવાદોરી લાંબી હોય છે. આ વાત સમજવા આપણે અહીં રજૂ થયેલી વાર્તાના નાયકના સંકલ્પ વિષે જાણવું પડશે. હું અને તમે સંકલ્પ લેવા જેટલા જલદી તૈયાર થઇ જતા હોઇએ છીએ તેટલા જલદી તે સંકલ્પને નિભાવવા મનને મજબૂત બનાવી શકતા નથી. આપણે ગંગાસતીની પંક્તિઓ જયાં ને ત્યાં મમળાવીએ છીએ.

**'મેરુ તો ડગે પણ જેના મન નો ડગે,**
**ભલે ભાંગી પડે ભરમાંડ.'**

દુનિયામાં ભલેને ગમે તેવા ફેરફાર થઇ જાય, પણ મનમાં નક્કી કર્યું હોય તેને જે વળગી રહે છે તે જગતનો મહાન માનવ બની જાય છે. ગંગાસતી તેના બીજા વધુ એક પદમાં કહે છે.

'વીજળીના ચમકારે મોતીડાં પરોવો પાનબાઇ,
અચાનક અંધારા થાશેજી,
જોત રે જોતામાં દિવસો વિયા રે જાશે,
ને એકવીસ હજાર છસ્સો કાળ ખાશે રે,
વીજળીના ચમકારે ... ...'

ગંગાસતી કોઇ સ્થૂળ મોતી પરોવવાની અહીં વાત કરતા નથી કે તેઓ કોઇ ચોક્કસ પર્વત ડોલવાની વાત મૂકી તેના પરિપ્રેક્ષ્યમાં કશુંએ કહેવા માગતાં નથી. તેઓ તો વ્યકિતની દ્રઢ સંકલ્પશકિત વિશે પ્રકાશ પાડવા ઇચ્છે છે. તેઓ આ વાતને વધુ અસરકારક રીતે મૂકવા એમ પણ કહે છે -

'શીલવંત સાધુને વારે-વારે નમીએ પાનબાઇ જેના બદલે નહિ વર્તમાન રે'

આનો અર્થ એ થયો કે, ચારિત્રવાન વ્યકિતને આપણે વારંવાર નમસ્કાર કરવા જોઇએ. પરંતુ તેનું શીલ ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ સ્થિર રહેલું હોય. કોઇની આભાથી બદલાય નહિ તેવું અવિચળ હોય, અપરાસ્ત હોય. ગંગાસતીનો આ ઇશારો વ્યકિતના સંકલ્પબળ માટેનો જ છે. નાની-મોટી લાલચમાં અટવાતા કાયર માણસનું આ કામ નથી.

અમારા એક મિત્રએ નવા વર્ષે સંકલ્પ લીધો કે 'કોઇ ગમે તે બોલે તો ગુસ્સે થવું નહિ. કે કારણ વગરના સવાલોના ઉત્તર આપી ચર્ચામાં ઊતરી ક્રોધાવશ થવું નહિ.' સંકલ્પ ખૂબ ઉચ્ચકોટિનો કહી શકાય. બધા અમારા મિત્રો તેને અભિનંદન આપી બિરદાવી રહ્યા હતા. અમારા આખા મિત્રવર્તુળમાં તેની ભારે પ્રસંશા પણ થઇ રહી હતી. અમારા મિત્રનાં પત્ની ભારે સુશીલ અને શાંત હતાં. કોઇ પણના પ્રશ્નોના ઉત્તર ખૂબ જ શાંતિથી આપવાનો તેનો સ્વભાવ હતો. જયારે અમારા મિત્રને તેનું મીટર નહતું, છતાં જોડ જામે તેવી હતી. સગાંસંબંધીઓમાં પણ સંકલ્પ લેવાની વાત વાયુવેગે ફેલાઇ ગઇ હોવાથી ઘરના પ્રાંગણમાં બધા ભેગા થઇ. સંકલ્પપતિ મિત્રને બિરદાવવા રાહ જોઇ સૌ બેઠાં હતાં.

મિત્રની એન્ટ્રી થતા જ સૌ શાંતચિત્તે ચાની ચૂસકી લેવા લાગ્યા.

અમારા મિત્રએ ખુશી સાથે તેમના પત્નીને બૂમ પાડીને બગીચામાં ચાની કીટલી લઇ આવવા કહ્યું. થોડી જ ક્ષણમાં શ્રદ્ધાબેન ચાની કીટલી લઇ આવી પહોંચ્યાં. અમારા સંકલ્પપતિ મિત્ર બોલ્યાઃ શ્રદ્ધા, સાંભળ નવા વર્ષે મેં સંકલ્પ લીધો છે કે - 'કોઇ ગમે તેવું ઊતરતું મારા માટે બોલે પણ તેના પર ગુસ્સે થવું નહિ કે કોઇ સવાલો પૂછી ચર્ચામાં ઉતરવા માંગે તો પણ શાંતિ જાળવી ટૂંકમાં ઉત્તર આપી ચર્ચામાં ઊતરવાનું ટાળવું. ગમે તેવી ચર્ચામાં ઊતરી ક્રોધાવશ થવું નહિ.'

...અમારા સંકલ્પપતિ મિત્ર બોલી રહ્યા હતા.

પણ શ્રદ્ધાબેન... ...!

શ્રદ્ધાબેન પર તેની કોઇ અસર ન થઇ હોય તેમ સાવ શાંત ચિત્તે સાભળી રહ્યાં હતાં. ચાનો કપ ખાલી કરી મિત્રોએ નીચે મૂકતાં જ શ્રદ્ધાબેન કપ-રકાબી અને ચાની કીટલી લઇ ચાલતાં થયાં.

આ જોઇ મિત્રનો અવાજ થોડો ઊંચો થયોઃ 'તું સાંભળતી નથી? મારા સંકલ્પ વિશે તને જણાવું છું?' શ્રદ્ધાબેન બોલ્યાં : 'સાંભળુ છું, પણ અત્યારે તેનું શું? સંકલ્પનું પાલન કરો... ત્યારે જોશું.'

'તું એમ કહેવા માગે છો, હું સંકલ્પ પૂરો નહિ કરી શકું? તું સમજે છો શું?'

મિત્રનો અવાજ તરડાઇ ગયોઃ 'તારા બાપને ખબર પડશે, હું કેવો સંકલ્પ પાળી શકુ છું.'

ગુસ્સો પાણીના પૂરની જેમ પૂરપાટ મગજના પ્રદેશમાં પ્રવેશી રહ્યો હતો. પાણીનો ધસમસતો પ્રવાહ વિકસેલા ગામને ઉજ્જડ કરી નાખે તેમ મિત્રનો ગુસ્સો તેના મગજને ધમરોળી રહ્યો હતો.

શ્રદ્ધાબેનના નાનકડા સવાલે મિત્રએ ગુસ્સામાં આવી તેના હાથમાંથી ચાની કીટલી ઝૂંટવી, કપ-રકાબી સહિત ફેંકયાં. બગીચામાં ચાની રેલમછેલ થઇ. તો કપ-રકાબીના ટુકડા અમારી વચ્ચે આવીને ગોઠવાઇ ગયા. શ્રદ્ધાબેન જો ઝડપથી ભાગ્યા ન હોત તો તેઓ પણ લોહી-લુહાણ થયા હોત. કોલાહલ શાંત થતાં જ શ્રદ્ધાબેન આવીને બોલ્યાં : 'હું તમને નહોતી કહેતી કે સંકલ્પ પાળીને બતાવો. તમે તો જે બાબતે સંકલ્પ લઇ ખુમારી બતાવા માંગતા હતા ત્યાં જ લપસી પડયા, કમર ભાંગી ગઇ ને? ભાંગલી કમરે યુદ્ધ ખેલવા કૂદી પડયા. એમા મારો શો દોષ !' તેમણે ઉમેર્યું 'સંતને સંતપણા નથી મફતમાં મળતાં,' દાઢી-મૂછ વધારી કદી બાવા નથી બનાતુ. સાધુત્વ પામવા સંસારનાં વૈભવનો ત્યાગ કરવો પડે છે. સંસારના વૈભવના ત્યાગનું નાટક કરી તે એનકેન રીતે જે વૈભવ પાછળ હરણદોટ મૂકે છે તે કદી સાધુત્વને પામતો નથી. ભેખ ધારણ કરી સત્તા અને સંપત્તિ પાછળ જે લોભ-લાલચમાં ફસાય છે તેની તો અંતે દુર્ગતિ જ થાય છે. જેમ તમારા સંકલ્પનું બાળમૃત્યુ નીપજયું. તમે તમારા લીધેલા સંકલ્પ વિશે મને ગૌરવ સાથે વાત કરી રહ્યા હતા તેનું ખંડન તો તમે લીધેલા સંકલ્પને તોડીને જ કર્યું છે. તમે મને બગીચામાં ચાની કીટલી લઇ બોલાવી છાતી ફૂલાવી જે સંકલ્પની વાત કરતા હતા તે મુદ્દા કે પ્રશ્ને ક્રોધાવશ થઇ તમારી પ્રતિજ્ઞા તમે જ ઘડીના છઠ્ઠાભાગમાં તોડી નાખી છે. તમારા સંકલ્પરૂપી બાળકનું અહંકારના દોરડે ગળું દબાવી હત્યા કરી, તેમાં કોને દોષિત ઠરાવશો? હાથનાં કર્યા હૈયે વાગે, તેમાં કોઇ શું કરે? કોઇ પણ વ્યકિત તેના

સંકલ્પને ઇચ્છાના આયનામા શોધી શકે નહિ કે પોતાની બુદ્ધિના પ્રદેશમાં સમજણરૂપી શકિત વિના રોપી શકે નહિ. આ અંગે હું એટલુ જ કહેવા ઇચ્છું છું. સંકલ્પ સમજપૂર્વક લેવામાં આવે તો તે અવશ્ય પૂરો થાય છે પણ સંકલ્પ જો માત્ર વટ ખાતર લેવામાં આવ્યો હોય તો તે પૂરો કરવામાં મુશ્કેલી આડખીલી બની શકે છે.' શ્રદ્ધાબેન અમારા મિત્રને ઉદ્દેશીને એક પછી એક ભાષાના ચાબખા મારી રહ્યાં હતાં.

તમે મારો ઇશારો સમજી ગયા હશો, સંકલ્પ આવેશમાં આવી લેવાની મામૂલી ચીજ નથી, તે તો મનને જકડનારી મજબૂત જેલની દીવાલ છે, તેથી તેનું બાંધકામ જેમ-તેમ અધૂરા મનમાં આવતા વિચારો વડે થઇ શકે નહિ. જેમાં શંકાના કીડા કે ભયની ઊધઇ લાગવી જોઇએ નહિ.

મેં આ વાતમાંથી બોધપાઠ લઇ. મારા મનને મજબૂત બનાવવા સારાં પુસ્તકોનું વાંચન કરવાનો મારો નિત્યક્રમ બનાવી દીધો છે. જેનું પરિણામ પણ સારું મળ્યું છે. વિકલાંગોના કલ્યાણ માટેના હું જે સંકલ્પ લઉં છું તે પૂરા કર્યા વિના તેને અધવચ્ચેથી કદી છોડતો નથી. કોઇવાર લીધેલો સંકલ્પ પારપાડવા ઘણી મહેનત ઉઠાવું તો પણ સફળતા મળે નહિ ત્યારે થોડા સમય માટે નારાજ પણ થઇ જતો હોઉં છું. જોકે તેનું કારણ હાથધરેલા કાર્યમાં મળેલી નિષ્ફળતા કરતાં અમારા જ મિત્રોના મુખેથી પાછલા બારણે સાંભળેલી વાતો વધુ કારણભૂત હોય છે. સામાન્ય રીતે તમે જેના માટે વધુ ચિંતાતુર રહો છો, તે લોકો તમારી ચિંતા કે તેમના પ્રત્યેની લાગણીને જોયા વિના મનફાવે તેવી ધારણા કરી લેતા હોય છે. કોઇવાર માનવીય મર્યાદાના લીધે મન હાલકડોલક પણ થઇ જાય છે. પણ ગંગાસતીની પંકિતઓ યાદ આવતા જ પુનઃ કામે વળગી પડું છું.

વાત જયારે છેડાણી જ છે ત્યારે વર્ષો પહેલા લીધેલી એક પ્રતિજ્ઞા વિશેની વાત મૂકવાની મારી ઇચ્છાને રોકી શકતો નથી. વર્ષો પૂર્વે મેં એક સંકલ્પ લીધો હતો 'વિકલાંગોના શિક્ષણ, તાલીમ, રોજગાર તેમજ તેના પુનર્વસનના ક્ષેત્રે ભાવનગર જિલ્લાને દેશનો આદર્શ જિલ્લો બનાવવો.' દેશના લોકો વિકલાંગોના વિકાસ માટે ભાવનગરને આદર્શ સમજી પોતાના કાર્યક્રમો હાથ ધરે. આવા લોકોના કલ્યાણ માટે પગલાં ભરવાં, કાર્યક્રમો તૈયાર કરી શકે તેવું; તેમને માર્ગદર્શન મળી રહે તેવા અવનવા

કાર્યક્રમો અને ખાસ યોજનાઓ જિલ્લામાં શરૂ કરવી. જેમાંથી સરકાર પણ પ્રેરણા લઈ વિકલાંગો માટે નવી ક્ષિતિજો ખોલી શકે.

ઉકત કાર્યક્રમના ભાગરૂપે તારીખ ૦૭/૦૫/૨૦૧૯ને મંગળવારના રોજ ભાવનગરના સ્થાપના દિવસ નિમિત્તે જિલ્લામાં 'સેવા તમારા બારણે' અંતર્ગત ત્રિસ્તરીય સંવેદના સોસાયટીની રચના કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત સેવા તમારા બારણે અભિયાન ચલાવામાં આવશે. પરિણામે વિકલાંગોને ઘરઆંગણે જ શિક્ષણ, તાલીમ, રોજગાર અને પુનઃસ્થાપનની સેવાઓ મેળવવામાં મદદ મળી રહેશે. આ માટે દરેક શાળા-કૉલેજનાં બાળકો અને યુવાનોનો સહકાર લેવા શાળા-કૉલેજકક્ષાએ સંવેદના સોસાયટીની રચના કરવામાં આવશે. જેમાં દરેક શાળા-કૉલેજના આચાર્યોને આ સોસાયટીના અધ્યક્ષ નિયુકત કરાશે. તેમના વડપણ નીચે આખી સોસાયટીની રચના કરવામાં આવશે. ત્યારબાદ તેનું સંકલન કરવા એક તાલુકા કક્ષાની બોડી બનાવામાં આવશે. આ બોડીના અધ્યક્ષ અને કન્વીનર જિલ્લાકક્ષાની બોડીના હોદ્દાની રુએ સભ્ય ગણાશે. આમ, સમાજની જનભાગીદારી વડે વિકલાંગોના વિકાસમાં આવતા અવરોધો દૂર કરવા સામાન્ય સમાજના લોકો જોડાઇ કામ કરતા હશે. આવાં કાર્ય કરનાર દેશની આ પ્રથમ સંવેદના સોસાયટી હશે. સોસાયટી વિકલાંગોને નડતી સમસ્યાઓના ઉકેલ માટે પોતાની સેવાઓ આપી દેશભરમાં દાખલો બેસાડી ભાવનગરને આદર્શ જિલ્લો બનાવશે તેવી મને શ્રદ્ધા અને વિશ્વાસ છે.

સમાજના મુખ્ય પ્રવાહમાં અશકત લોકોને સમાવી લઇ સમાજના પ્રત્યેક ક્ષેત્રે તેની ભાગીદારી વધે તેવા પ્રયાસો કરવામાં આવશે. તેમજ વિકલાંગોના શિક્ષણ, તાલીમ, રોજગાર, આરોગ્ય, આર્થિક અને સામાજિક પુનઃસ્થાપનની સેવાઓ પ્રદાન કરવામાં આવશે. પરિણામે વિકલાંગોનાં સશકિતના કાર્યને વેગ મળશે. વિકલાંગોના કૌટુંબિક અને સામાજિક પ્રશ્નોનાં ઉકેલ માટે નવી દિશાઓ વિસ્તરશે. શાળા કે કૉલેજ કક્ષાનો વિદ્યાર્થી પોતાની સામાજિક જવાબદારીઓ ઉઠાવતો થશે,જેના કારણે ઉત્તમ સમાજરચનાનું નિર્માણ થશે. સમગ્ર દેશમાં ભાવનગરનો સેવાક્ષેત્રનો આ નવતર પ્રયોગ વિકલાંગોનાં વિકાસની નવી ક્ષિતિજો ખોલશે. કારણ કે આ સંકલ્પ કોઇ આભા કે પ્રતિભાથી અંજાઇને લેવામાં આવ્યો નથી. વળી, આમાં કોઇ આડંબર પણ નથી.

આ સંકલ્પ 'મન કી બાત નહિ પણ દિલ કી બાત' માંથી જન્મ પામ્યો છે તેથી તે એળે જઇ શકે જ નહિ.

ટૂંકમાં, મારો આ સંકલ્પ દેશના વંચિત વિકલાંગોનાં કલ્યાણ અને તેના જીવનને બદલી શકે તેવો પંથ છે. એટલે મારે અને તમારે ગંગાસતીનાં શબ્દોમાં 'મન મૂકીને મેદાનમાં આવવું પડશે.' તેમજ પડકારો સામે ઝઝૂમવું પડશે. અમારા સંકલ્પબદ્ધ મિત્રની જેમ વટ પાડવા લીધેલો સંકલ્પ આવેશમાં આવી તોડી ફોડી નાખવાનો નથી. આમ થશે તો જ લીધેલો સંકલ્પ સિદ્ધિ સુધી દોરી જશે તેવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે.

# ૦૯. અંતરની આંખે

## આવું કાં થાય ? એવું કાં થાય? એના જેવું પણ થાય

સૃષ્ટિના સર્જનથી વ્યક્તિને એવું લાગ્યા કરે છે કે મારી સાથે આવું કેમ થાય છે? આપણે હંમેશાં આપણી મહેચ્છાઓ અને મનોકામના માટે જીવતાં હોઇએ છીએ. પ્રત્યેક જીવ પોતાની મનોકામના પરિપૂર્ણ કરવા મથામણ કરે છે. સાવ જૂઠા કે દુરાચારી લોકો જીવનમાં સફળ થતાં આપણને પહેલી નજરે દેખાય છે, ત્યારે સ્વાભાવિક રીતે આપણે મનોમન હચમચી જઇએ છીએ અને બોલી જતા હોઇએ છીએ કે 'આવું કાં થાય?' મારે કહેવું જોઇએ: 'આવું તો થાય, એવું પણ થાય.' આ એવું થવું એટલે શું? ભીતરની લાંબી યાત્રા પછી મને જે દેખાય છે, મને જે ઉત્તર મળ્યો છે તે જ કદાચ 'એવું કાં થાય' તે હશે. આ વાત સમજવા એક ઉદાહરણ સમજીએ. એક બહુ મોટા ઋષિ હતા. તે સાધક પુરુષ હતા. ઇશ્વરસાધના જ તેઓના જીવનનો એક મંત્ર બની ગયો હતો. દિવસ-રાત ઇશ્વરની આરાધના તેઓ કરતા રહેતા. એક દિવસ તેના શિષ્ય સાથે તે જઇ રહ્યા હતા. રસ્તામાં તેના પગમાં કપાયેલ વૃક્ષનું ઠૂંઠું અથડાયું. ગુરુનો પગ ઠૂંઠું અથડાવાથી ઘવાયો. લોહીલુહાણ થયેલા ગુરુ ગુસ્સે થઇ ગયા. બોલી ઊઠયા કે - 'તેરા જડમૂલ નીકલ જાયેગા.' ગુરુ આશ્રમમાં પહોંચતા જ શિષ્ય તેની સારવાર શરૂ કરે છે. ઘાયલ થયેલા ગુરુ સૂઇ જાય છે. બીજે દિવસે શિષ્ય તે જ રસ્તા પરથી પસાર થાય છે. ઝાડનું ઠૂંઠું અકબંધ છે. દિવસો પછી દિવસો પસાર થવા લાગે છે. ઠૂંઠું લીલુંછમ બને છે અને તેમાં કૂંપળો ફૂટે છે. ધીમે-ધીમે તે વૃદ્ધિ પામે છે. આ જોઇ શિષ્ય મનોમન બોલી ઊઠે છે. મારા સાધક ગુરુ કહેતા હતા કે, 'તેરા જડમૂલ નીકલ જાયેગા.' પરંતુ અચરજની વાત એ છે કે : 'આ ઠૂંઠું હવે વૃદ્ધિ પામી રહ્યું છે!' મિત્રો, એવું કેમ થઇ રહ્યું હશે? થોડાં વર્ષો પસાર થઇ જાય છે. હવે પેલું ઠૂંઠું મોટું વૃક્ષ બની જાય છે. એકાએક વરસાદ ને વાવાઝોડું ફૂંકાય છે. પવન એવી તો ગતિ ધારણ કરી લે છે, પેલું વટવૃક્ષ મૂળિયામાંથી ખેંચાઇને ધરાશાયી થાય છે. ઠૂંઠામાંથી વૃદ્ધિ પામેલું વટવૃક્ષ અચાનક સમૂળું નાશ પામે છે. આ ઠૂંઠું સાધક પુરુષના પગની હડફેટે ચડયું ન હોત તો કદાચ તે ઝડમૂળથી નાશ પામ્યું ન હોત. એના વિનાશ માટે 'એવું થયું હશે' એમ પણ

કહી શકાય. 'આવું થવું' એટલે હડફેટે આવવું અને 'એવું થવું' એટલે વૃદ્ધિ પામેલ વૃક્ષને ઉખાડી શકે એવા ભયંકર વાવાઝોડાનું તેના વિનાશ માટે આવી પહોંચવું.

આ વાત પરથી સતત એવું લાગે છે કે દેશના રાજકીયક્ષેત્રે ઠૂંઠા જેવી કેટલીક પ્રતિભાઓ ખરડાયેલી હોવા છતાં એકાએકા ઉપસી આવે છે. તેઓ જે કોઇ દાવ-પેચ રચે છે, જે આપણને તેમની સફળતા દેખાય છે. તેમના આકર્ષણ નીચે લોકોનો મોટો વર્ગ આવતો જણાય છે. જે રીતે એક ઠૂંઠું મોટું વટવૃક્ષ બની જાય છે. તે જ રીતે આવા નેતાઓ પણ ઘણી વખત - એક ઘરનું સુકાન પણ ન સંભાળ્યું હોય, કોઇ ગામનું સરપંચપદ પણ સંભાળ્યું ન હોય, તેવા ઠૂંઠા જેવા રાજકીય નેતા સત્તાના શ્રેષ્ઠ સિંહાસન સુધી પહોંચી વિશાળ વટવૃક્ષ બનવામાં સફળ નીવડે છે. સૃષ્ટિના પ્રત્યેક જીવ જીવન જીવવા માટે હકદાર છે. દરેક જીવને ઇશ્વરે બનાવેલી સૃષ્ટિમાં સમાન રીતે જીવવાનો અધિકાર છે. છતાં આવા લોકો પોતાની મંછા પાર પાડવા કહેવાતા વર્ગો, ધર્મનો આશ્રય લઇ જનતાને ગેરમાર્ગે દોરી, આંબા-આંબલી બતાવી મેલી મુરાદ હાંસલ કરવામાં સફળ થઇ જાય છે, ત્યારે આપણને એવું લાગે છે કે 'આવું કાં થાય છે?' આપણે એવું થવાં સુધી કે એના જેવું થવા સુધી રાહ જોઇ શકતા નથી.

એક વિશાળ જંગલ હતું. તેની બાજુમાં જ સુંદરવન નામે રાજય હતું. ત્યાં એક રાજા રાજ્ય કરતો હતો. તે લોકો પાસેથી ભારે કરવેરા ઉઘરાવતો તેમ છતાં તેના જ રાજના કેટલાક સિપાઇઓ ગામમાં જઇ લોકો પાસેથી ધન લૂંટી-પડાવી લઇ, રાજયના ભંડારમાં વધારો કરવા લઇ આવતા. રાજાનાં દિલમાં આવી ખુશામત કરતાં સિપાઇઓ અને કર્મચારીઓ પ્રિય બની ગયા હતા. આ જ સમયે બાજુમાં આવેલા જંગલમાં એક માણસ બાણવિદ્યાનો અભ્યાસ સ્વયંભૂ રીતે કરતો હતો. તે બાણવિદ્યામાં એવો તો વિદ્વાન થઇ ગયો હતો કે તેને સૃષ્ટિનો કોઇપણ લડવૈયો હરાવી શકે તેમ નહતો. એક દિવસ રાજાના દરબારમાં કેટલાક લોકો આવીને રાજાને ફરિયાદ કરે છે કે 'જંગલમાં સિંહનો ત્રાસ વધ્યો છે, તે લોકો પર અવાર-નવાર હુમલાઓ કરે છે. પરિણામે લોકો ટપો-ટપ મરી રહ્યા છે.' રાજાએ આ સાંભળીને સેનાપતિને બોલાવી કહ્યું : 'લશ્કર સાથે જઇ સિંહને પકડી લો અને મારી સમક્ષ હાજર કરો' સિપાઇઓ તીરકામઠાં સાથે જંગલમાં જાય છે. એક વૃદ્ધ થયેલો સિંહ સૈનિકની નજરે

પડે છે. એને જ પકડી લઇ રાજા સમક્ષ હાજર કરવા તેઓ તૈયાર થઇ જાય છે. એકાએક સિંહને પકડતા જ તેના પર બાણની વર્ષા થાય છે. સિપાઇઓ ઘાયલ થાય છે. મહામહેનતે કેટલાક સિપાઇઓ રાજમહેલમાં પરત ફરવામાં સફળ નીવડે છે. રાજા સમક્ષ શ્વાસભેર પહોંચતા રાજા પૂછે છે. 'શું સિંહ તમારી પાછળ આવે છે' ત્યારે સિપાઇઓ બોલી ઊઠે છે 'ના સિંહને તો અમે પકડી લીધો હતો પણ જંગલમાં કોઇએ અમારા પર હુમલો કર્યો. અમો માંડ જીવ લઇને અહીં આવ્યા છીએ.' આ વાત સાંભળી રાજા ભારે ગુસ્સે થયો અને બોલી ઊઠયોઃ 'ચાલો, આપણે જંગલમાં જઇએ. હું પણ તમારી સાથે આવું છું. રાજા સાથે સૈનિકોની ટુકડીઓ જંગલમાં જાય છે. જંગલમાં ઘોર યુદ્ધ છેડાયું. તેમાં રાજા પરાજિત થાય છે. રાજા ગંભીર રીતે ઘવાય છે. તેને ભારે પીડા ઊપડે છે. દૂર-દૂર સુધી તેની સંભાળ લેનાર કોઇ નજરે પડતું નથી. આખરે રાજાની સારવાર પેલો માણસ કરે છે, જેમણે રાજાના સિપાઇઓ અને ખુદ રાજાને પણ પરાજિત કરવામાં સફળતા મેળવી હતી. રાજા સાજો થતા જ તે બોલી ઊઠયોઃ 'મારી હાલત પેલા ચોર-લૂંટારા જેવી કેમ થઇ? હું શા માટે પરાજિત થયો?' ત્યારે પેલા ધનુર્ધારી પ્રામાણિક માણસે ઉત્તર આપ્યોઃ 'રાજ ચલાવવા, રાજ તરફથી કર લેવાય, તે સમજાય તેવી વાત છે. પરંતુ પ્રજા કે જનતાને આ કરવેરા ચુકવવા બદલ તેઓની સલામતી અને સંભાળ રાખવાની જવાબદારી રાજા કે શાસકની બને છે. પરંતુ કઆ જવાબદારી નિભાવવામાં પ્રજા કે જનતાની મજબૂરીનો સત્તાના જોરે જયારે ખોટો લાભ લેવાની કોઇ રાજા કે શાસક કોશિશ કરે ત્યારે તેની હાલત હમેશાં ચોર-લૂંટારા જેવી જ બને છે.'

રાજા માટે આ પ્રસંગ કોઇ ઘટના કે કહાની ન હતો. રાજા માટે ધનુર્ધારી પાસેથી શીખવા મળેલી જીવન ઉપયોગી સંજીવની હતી. તે અમૃત વડે રાજા પોતાનું જીવન પ્રજાના કલ્યાણયજ્ઞમાં હોમી દેવા તૈયાર થઇ જાય છે. પરંતુ નવાઇની વાત તો એ છે. રાજા પ્રજા માટે જે યોજનાઓ ઘડી કાઢતો તેમાં સફળતા કે યશ સુધ્ધાં તેને મળતા નહિ. રાજા હતાશ અને નિરાશ થઇ, એક દિવસ તપસ્વી ઋષિ પાસે તેનું કારણ જાણવા પહોંચી જાય છે. ઋષિ ભારે વિદ્વાન હોવાથી રાજાની બધી કથની સાંભળી બોલ્યા : 'હે રાજન... સાંભળ, આ જગતમાં જે તને નરી આંખે દેખાય છે, તારા સ્થૂળ કર્ણ વડે જે

સંભળાય છે; તે હંમેશાં સત્ય હોતું નથી. જે વૈભવ દેખાય છે, તે પણ ખરું સુખ આપનારી સમૃદ્ધિ હોતી નથી. જીવનનાં કલ્યાણનું જે પ્રમાણ નથી તેના માટે નાહક દુઃખી થવાનું તું છોડી દે. કારણ તારા આ પરિશ્રમ માટે ભગવાન તને સ્વર્ગનું સુખ આપવા ઇચ્છતા હશે! માટે તને નાની-મોટી સફળતા ન મળતી હોય તેવું બની શકે છે. જિંદગી સ્થૂળ સંપત્તિ કે સત્તા પૂરતી મર્યાદિત હોતી નથી. સંસારમાં રહીને જેઓ સાધુત્વને પામી શકે છે, તે દુનિયાનો ખરો સમ્રાટ બની જાય છે; અર્થાત્ સાધુ છે. ભગવાં કપડાં ધારણ કરી ધન-સંપત્તિ કે સત્તાની ખુરશી મેળવવા પોતાની સાધનાને હોડમાં મૂકી દુન્યવી લાભ પાછળ જે કૂદી પડે છે તેની તો હંમેશાં દુર્ગતિ જ થાય છે. તું યોગ્ય માર્ગે આગળ ધપી રહ્યો છો.' ઋષિએ ઉમેર્યું: 'કળિયુગમાં ખોટા માણસો વધુ ફાવશે. રાતોરાત આવા લોકો સત્તા હાંસલ કરી એન-કેન રીતે બાજી જીતી જતા જોવા મળશે. હે રાજન, તારા માટે આ સમય ઘણો સારો છે. તું નાહક વલોપાત કરી તારું જીવન બરબાદ કરીશ નહિ. કારણ! કોઇવાર આવું પણ થાય અને એવું પણ થઇ શકે, વળી એના જેવું પણ થતું હોય છે.'

ઋષિની વાણી સાંભળી રાજા વિચારવા લાગ્યો. જગત જે દેખાય છે તે ખરું નથી તો ઇશ્વર દંભી દુનિયામાં જીવોને મોકલી શા માટે કર્મબંધનમાં ફસાવતો હશે? આ વાર્તાના નાયકની જેમ મને પણ વિચારો કોરી ખાય છે. જેના માટે તમે મરી પડતા હોવ તે જ તમને કોઇવાર દગો દેતા હોય છે. થોડા સમય પહેલા એક રાજનેતાને મળવાનું થયું. તેઓ કહેતા હતા : 'લાભુભાઇ, જગતમાં મેં જયાં-જયાં પ્રામાણિક બનવાનો પ્રયત્ન કર્યો છે ત્યાં-ત્યાં મને તંત્ર અને પ્રજા પાસેથી અપેક્ષા મુજબ પ્રતિસાદ સાંપડયો નથી. તેમાં તમે કોનો દોષ જુઓ છો?' મેં કહ્યું: 'સુજ્ઞ મહોદય! સાંભળો આમાં તમારા દોષનો સવાલ જ ઉપસ્થિત થતો નથી કારણ કે તમારું કામ તો તમને સોંપવામાં આવેલું કાર્ય પૂર્ણ કરવાનું છે. તમારે તેનું પરિણામરૂપી ફળ ખાવાની અપેક્ષાએ કરવાનું નથી. જોકે આનો અર્થ એ પણ થવો ન જોઇએ કે માણસે કર્મ કરી તેના ફળની ઇચ્છા સુધ્ધાં ન કરવી. હા, મહેનત કરવા છતાં પણ સફળતા ન મળે તો ફળ ન મળવાનો રંજ રાખવો નહિ' સાંભળી નેતા ખુશખુશાલ થતા બોલ્યા: 'ચૂંટણીમાં જીત ન મળે તેવા ઉમેદવારે શું કરવું જોઇએ?' હવે મને સમજાયું કે હારેલા ઉમેદવારો

માટે નેતાશ્રી જાણવા ઇચ્છતા હતા. મેં કહ્યું: 'જુઓ, થોડા દિવસ વહેલા સૂઇ જવાનું રાખવું. જેથી શરીરનો થાક ઊતરી જાય. જેને મોટી મા બનાવ્યા હોય તેવા લોકોનું પગેરુ દબાવી થોડું-ઘણું જાણી લેવું, તેમણે પાછલા બારણે મેચ ફિકસ તો નથી કરી ને? માળા સટોડિયાઓએ તો બધાને ચેપ લગાડી દીધો છે ! આવા ચેપી લોકો તો ચૂંટણી જીતીને પણ પાટલી બદલી લેતા હોય છે. ચૂંટણી પ્રચારમાં રણશિંગું ફૂંકવા મદદે આવી પહોંચતા લોકો મધપૂડો મધમાખી વિનાનો રેઢો જોઇ જાય એટલે ભાગે પડતો માલ વહેંચી લેવામાં ભારે કુશળ હોય છે, એટલે પરિણામ કોઇવાર મહેનત મુજબ મળી શકતા નથી.' અમારો સંવાદ ઘણો ચાલ્યો હતો, પણ મને જે વાત આ વાર્તાના પરિપ્રેક્ષ્યમાં મૂકવા જેવી લાગી તેનો થોડો અંશ તમારી સમક્ષ મૂકું છું.ટૂંકમાં, ગાડાના બંને પૈડાં સમાન હોય તો જ ગાડું અંતર કાપી શકે છે. આ બધું પારખવા અને જાણવા ભીતરના ભેરુને ઓળખવો પડશે. જયારે કાયાના સરનામે હરિના કાગળ આવી પહોંચશે ત્યારે આપણે જ ઊભા કરેલા અવરોધો આપણને જ આડા આવશે. જેના પર કુદરતની કૃપાવૃષ્ટિ થવાની સંભાવનાઓ હોય છે. તેને કોઇ પણ લાલચના મુખમાંથી ઉગારી લઇ સત્યના માર્ગે તેની યાત્રા આગળ-ને-આગળ ધપતી રહે તેવા ઉદ્દેશથી પ્રગતિના નામે તેનું અધઃપતન ન થાય તેવા હેતુથી તેને બચવા, દૂર રાખવા કહેવાતી નિષ્ફળતા આપે છે. બીજા શબ્દમાં કહુ તો સામાપક્ષના વિજેતા નેતાનું સંચિત કર્મનું ફળ તેને આપી તે અસત્યની જાળમાં ફસાય છે કે નહિ? તેની પરીક્ષા પણ કરવાનો ઉમદા ઉદ્દેશ પણ આમાં છુપાયેલો હોય છે, માટે 'આવું થતું હોય છે' ને કોઇવાર 'એવું પણ થતું રહે છે.' વળી કયારેક તો 'એના જેવું પણ થઇને રહે છે.'

# ૧૦. હું છબી બની ગયો જગતને ગમી ગયો...

સિકંદરના મૃત્યુ બાદ તેના પિતાને સિકંદરને મળવાનું મન થયું. પરિચિતોને બોલાવી સિકંદરની મુલાકાત માટે શું થઇ શકે તેની વિચારણા કરવામાં આવી. વિચારણાના અંતે સિકંદરના પિતાને એક ફકીર પાસે મૃત્યુ પામેલા સિકંદરની મુલાકાત કરાવવા લઇ જવામાં આવે છે. ફકીર સિકંદરના પિતાને પોતાના પુત્રની દફનવિધિ કરવામાં આવી હતી તે કબ્રસ્તાનમાં લઇ જાય છે. કબ્રસ્તાનમાં પહોંચતાં જ ફકીર સિકંદરના પિતાને બૂમ મારી પોતાના પુત્રને બોલાવવા આદેશ આપે છે. પિતા પુત્રને બૂમ પાડે છે 'બેટા સિકંદર' સાંભળી એક સાથે એકવીસ કબર ગુંજી ઊઠે છે : 'બોલો મહાશય, કયા સિકંદરને મળવું છે ? અહીં બધા જ સિકંદર સૂતા છે. થોડો ફોડ પાડો તો ખબર પડે. તમારે કયા સિકંદરનું કામ છે?' જગતમાંથી વિદાય થયેલો દરેક માણસ પોતાની જાતને સિકંદર સમજે છે. અનેક વેળા આ દુનિયામાં જન્મ લેતો માણસ કોઇવાર સિકંદર તો બનતો જ હોય છે. તેમાં માણસ કરતાં ઇશ્વરની કૃપા વધુ કારણભૂત હોય છે. જીવાત્માનો સગપણનો સંબંધ જે તે અવતાર પૂરતો સિમિત હોય છે. ઋણાનુબંધ તૂટતા જ જીવાત્મા શરીર છોડી નીકળી જાય છે. તેથી તેની પાછળ તેની શોધમાં ડાહ્યા માણસો નીકળી મૂર્ખાઇ કરતા નથી. અભિમન્યુનું મહાભારતના કોઠા યુદ્ધમાં મૃત્યુ થવાથી અર્જુન ભારે દુઃખી થઇ જાય છે. તે વિલાપ કરવા લાગે છે. ભગવાન શ્રીકૃષ્ણને ઉદ્દેશીને તે કહે છેઃ 'હે ભગવંત, તમારા વિશ્વાસે હું તમારી સાથે પાતાળપ્રદેશમાં કાળીનાગ સામે યુદ્ધ કરવા આવ્યો, પણ હે ભગવંત ! મારે તો મારો પુત્ર ગુમાવવો પડયો. તમારે કોઇ પણ ભોગે મને મારા વ્હાલસોયા પુત્ર અભિમન્યુની મુલાકાત કરાવવી પડશે. હું તેની સાથે એક વખત વાત કરવા ઇચ્છું છું.' ભગવાન કૃષ્ણ અર્જુનને પુત્રની મુલાકાત માટે દૂર-દૂર લઇ જાય છે. ભગવાન કૃષ્ણ અને અર્જુન જંગલમાં ઘટાદાર વૃક્ષ નીચે આવી પહોંચે છે. વૃક્ષની ડાળ પર બેઠેલા પોપટ સામે આંગળી બતાવી ભગવાન કૃષ્ણ કહે છે : 'હે કુંતીપુત્ર, વૃક્ષની ડાળ પર બેઠેલો પોપટ તારો પુત્ર અભિમન્યુ છે. તું તેને મળી શકે છો.' સાંભળી પોપટ સામે હાથ લંબાવી અર્જુન બૂમ પાડી મોટા અવાજે : 'બેટા... ઓ... બેટા, તું મને એકવખત ઉત્તર

આપ. હું તારી સાથે વાત કરવા માંગુ છું. વૃક્ષની ડાળ પરથી પોપટ બોલે છેઃ કોણ છો? શું અહીં આવ્યા છો? મારો ને તમારો સંબંધ તો કયારનોય પૂરો થઇ ગયો છે. લખચોરાસીના ફેરામાં તું મારો અનેક વેળા દીકરો થઇ મૃત્યુ પામી દુનિયામાંથી વિદાય થયો હતો. હું એક પણ વખત તારી પાછળ વિલાપ કરવા આવ્યો નથી. તું તો એકવખત મારો બાપ થયો તેમાં મારી પાછળ ગાંડાની જેમ મને બૂમ પાડી બેટા-બેટા કરે છો? હવે હું તને કદીએ મળી શકીશ નહિ. તારે મળવું જ હોય તો મારો અને તારો ઇશ્વરની કૃપાથી સંબંધ સ્થપાશે, તો તું મને કોઇ જન્મમાં મળી શકીશ.' કહેવાનો અર્થ એ છે કે ઇશ્વરની કૃપા થાય તો જ મારો અને તમારો પરિચય થઇ શકે છે.

પરંતુ માણસ આટલી સરળ વાત કદાપિ સમજી શકતો નથી. તે વર્ષો સુધી કે આજીવન ધરતીનો માલિક બનીને સઘળું તેના તાબે રાખી શકશે તેવી આશા અને અપેક્ષાએ પોતાના જીવનકાળ દરમિયાન વર્તે છે. કેટલીક વેળા એ અપેક્ષાવાદી લોકોનું વર્તન જોઇ વિચારોની ખાઇમાં ધકેલાઇ જવું પડે છે તો બીજી તરફ કેટલાક શાણા, સમજુ વ્યકિતઓનું વર્તન અને જીવનશૈલી આપણને અભિભૂત કરતા હોય છે.

થોડા સમય પહેલા અમરેલી જિલ્લાના કુકાવાવ તાલુકાના જંગર ગામમાં મારે એક લગ્નપ્રસંગમાં મારા પરિવાર સાથે જવાનું થયું. આમ તો આવાં લગ્ન પ્રસંગમાં હું અને તમે સામાજિક કે કૌટુંબિક સંબંધો નિભાવવા અવારનવાર જતાં હોઇએ છીએ. પરંતુ આ લગ્ન પ્રસંગ એક અનોખો સામાજિક રિવાજોથી તદ્દન અલગ નવો ચીલો ચાતરનારો હતો. તેથી મને તે સ્પર્શી ગયો. વાત જાણે એમ છે કે અમારી શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા-ભાવનગરનો પૂર્વ વિદ્યાર્થી પીયૂષ ગુણા કે જેઓ પોતાની સનેત્ર પત્ની સાથે જંગર ગામમાં પોતાના પરિવાર સાથે ગામથી લગભગ ૮૪ કિલોમીટર દૂર આવેલા લાખાપાદર ગામની પ્રાથમિક શાળામાં સંગીત શિક્ષક તરીકે ફરજ બજાવે છે. આ અમારી સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીશ્રી પીયૂષ ગુણાના અમદાવાદના વતની ઇનાબેન સાથે થોડાં વર્ષો પહેલાં અગાઉની એક આંગળિયાત પુત્રી સાથે પ્રભુતામાં પગલાં થયા હતા. લગભગ ૧૪ વર્ષની આંગળિયાત પુત્રી અંજલિનો શ્રી પીયૂષભાઇએ ખૂબ જ લાડકોડથી ઉછેર કર્યો. ઉત્તમ શિક્ષણ અને તેનું ઘડતર કરી દીકરી ૨૨ વર્ષની ઉમરે પહોંચતા જ સગાં બાપની જેમ ધામધૂમપૂર્વક તેના

લગ્ન લીધાં.

લગ્ન પ્રસંગો સામાન્ય રીતે પૈસાદાર અને વૈભવી લોકો ઠાઠમાઠથી ઉજવતા હોય છે. ડેકોરેશન અને મોટા ભોજન સમારોહ આવા પ્રસંગોમાં થતા હોય તેવું આપણને ડગલે ને પગલે જોવા મળે છે. પરંતુ આ પ્રસંગ ચીલાચાલુ પરંપરાઓથી એટલા માટે જુદો કહી શકાય કે આમાં આવો કોઇ આડંબર કરવામાં આવ્યો ન હતો. ગામની માધ્યમિક શાળાના પટાંગણમાં લગ્નના આગલા દિવસે એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આજુબાજુના અનેક ગામની મહિલાઓનું વિશેષ અભિવાદન રાજકોટના બોલબાલા ટ્રસ્ટના સહયોગથી કરવામાં આવ્યું. આ સન્માનિત મહિલાઓ કોઇ અધિકારીઓ કે વિશેષ જવાબદારીઓ અદા કરનારી ન હતી. પરંતુ આ મહિલાઓ તો હતી, માત્ર દીકરીઓને જન્મ આપી તેનો લાડકોડથી ઉછેર કરનારી ! પીયૂષભાઇના આ પગલાને સ્ત્રી સશકતીકરણના ઉદ્દેશને બર લાવનાર કહી શકાય.

બીજો એક કાર્યક્રમ આ જ પ્રસંગે યોજવામાં આવ્યો તે પણ મને આકર્ષી ગયો. આ કાર્યક્રમ મુજબ ગામની તમામ ગાયોને બે દિવસ સુધી ઘાસચારો નાખવામાં આવ્યો. માલિકીની હોય કે રસ્તે રખડતી હોય, કોઇપણ ભેદભાવ વિના તમામ ગાયોને બે દિવસ સુધી નીરણ નાખવામાં આવ્યું. એટલું જ નહીં ગામના કૂતરાઓને પણ લાડુ અને ગાંઠિયા નાખવામાં આવ્યા. આ ઉપરાંત લગભગ ૨૧ ખરાબ આર્થિક સ્થિતિવાળા ગામના લોકોને ૨૧ કિલો વજનની અનાજકીટ પણ આપવામાં આવી હતી. આપણા દેશના મોટા વેપારીઓ કે ઉદ્યોગપતિઓ કરોડો રૂપિયાના ખર્ચે પોતાના દીકરા-દીકરીઓને વરાવવા પ્રસંગો કરતા હશે પરંતુ આ પ્રસંગ ખરા અર્થમાં સમાજને ખુશીઓ આપનારો કહી શકાય. બધા જ વર્ગોનું સન્માન વધે, પ્રસંગમાં બધા આનંદ ઉઠાવી શકે તેવી આગવી વિચારધારાવાળો આ અનોખો પ્રસંગ કહેવાય. મૃત્યુ પામેલા સિકંદર પાછળ તેની શોધમાં વલોપાત કરવા કરતાં અંતરમાં બેઠેલા સિકંદરને ખોળી કાઢવો ડહાપણ ભરેલી વાત કહેવાય. મૃત્યુ પામતા પુત્રો કે પુત્રી પાછળ ઘેલા બની ભાગવા કરતાં જે અકબંધ અને જીવંત છે તેના દિલમાં ખુશીઓ ભરવાનું જે સપનું સાકાર કરી શકે તે જ સિકંદરનો ખરો પિતા.

મને હંમેશાં એવું લાગતું રહે છે ચોક્કસ સમયગાળાનાં આ પ્રવાસમાં યાત્રા કરતો માણસ અન્યનો દોષ જોવામાં પોતાની મૂલ્યવાન જિંદગીને બરબાદ કરી શા માટે આત્મઘાતી બનતો હશે? આતંકવાદી બૉમ્બને ધારણ કરી આતંક ફેલાવવા, માણસોની હત્યા કરવા પોતાની જાતને પણ હોડમાં મૂકે છે એટલે કે આવું કરતાં તે સ્વયં મૃત્યુ પણ પામતો હોય છે. ચોરાસી લાખ યોનીમાં યાત્રા કર્યા બાદ મૂલ્યવાન માનવદેહ સાંપડે છે. તેની દેખભાળ કરવાને બદલે તેના વિનાશ માટે પોતે આત્મઘાતી બની જાય છે. પરિણામે મૂલ્યવાન મળેલું માનવજીવન એળે જાય છે. માત્ર આતંકવાદીઓ જ પોતાનું જીવન ગુમાવે છે એવું નથી. હું અને તમે પણ આપણા મૂલ્યવાન જીવનની કોઇની ટીકા, અન્યના કાર્યનું મૂલ્યાંકન કે બિનજરૂરી ચોવટ કરવામાં જિંદગીનો ૪૦ ટકા ભાગ ગુમાવતા હોઇએ છીએ જયારે ૫૦ ટકા ભાગ ઊંઘવામાં પસાર કરીએ છીએ. આમ, જિંદગીનો લગભગ ૯૦ ટકા જેટલો કાળ કોઇપણ પ્રકારની પ્રાપ્તિ કે સિદ્ધિ વગરનો અર્થવિહોણો જાય છે. કોઇ પીયૂષ ગુણા જેવા મરજીવાના આત્માઓ સંસાર સાગરની ઊંડાઇમાં જઇ ખરા મોતી શોધી લાવતા હશે. જીવનની સાર્થકતા આત્માની ઓળખ અને આત્માની મુક્તિ માટે મારી અને તમારી યાત્રા હોવી જોઇએ.

કોઇ કવિએ કહ્યું છે –

‘ભીતરનો ભેરુ મારો આત્મા ખોવાયો,
કોઇએ જોયો હોય તો કહેજો.’

કવિ કહેવા માંગે છે કે માનવ તરીકે અવતરેલો મારો આત્મા ખોવાયો છે કોઇ સાધક લોકો તેને ખોળી કાઢે તેવી અપેક્ષાએ તે હાથ લંબાવી કહે છે કે : ‘કોઇએ જોયો હોય તો કહેજો.’ હાથ-પગ કે શરીર રચનાથી અવતરેલો માણસ હંમેશાં માનવતાને પામતો નથી. તે અંતરના અંધકારમાં અટવાઇ ભુરાયો બને છે. નિશ્ચિત લક્ષ્યાંકો મેળવવા જિંદગીના સત્યો સાથે છળકપટ કરી આભાસી પ્રતિભાઓથી તે સૌ કોઇને પરાજિત કરવા ઉધામા આદરે છે. વર્તમાનમાં તેનો સૌથી વધુ ભોગ રાજકારણ બન્યું છે. રાજકીયક્ષેત્રે રોજ નવા દાવપેચ રચાતા રહે છે. ટેલિવિઝન અને વર્તમાનપત્રોમાં સમાચારનો ખૂબ મોટો ભાગ રોજ તે રોકી લે છે. પરિણામે મીડિયા રચનાત્મક

સમાચારોથી એક યા બીજા કારણોસર, અલિપ્ત રહી, હકારાત્મક અને સમાજને ઉપયોગી થઇ શકે તેવા સમાચારોને અવગણી સમાજને ડામાડોળ કરી દે તેવા સનસનાટીભર્યા સમાચારોને પ્રાધાન્ય આપતા રહે છે. હકીકતમાં પ્રસાર માધ્યમ તો લોકતંત્રનો પ્રાણ છે. તે લોકતંત્રને જીવંત રાખે છે પરંતુ આજકાલ તે જ તેની મરણ પથારી તૈયાર કરવામાં મોખરાની કામગીરી બજાવતા હોય તેવું ડગલે ને પગલે દેખાય છે. વગર વિચાર્યું વિધાન બોલતા નેતાઓના ઉદ્‌ગારો, ઇલેકટ્રોનિક મીડિયા દ્વારા અડધાથી એક કલાક સુધીનું રાજકીય વિશ્લેષણ, ચર્ચા સભા ગોઠવી જનતામાં ખુન્નસ પેદા કરવાનું કામ કરે છે. જેની ચિંતા કરવાનો સમય પાકી ગયો છે. શાકમાર્કેટમાં રીંગણા-બટેટાના જેમ ભાવ બોલાય છે તેમ ચૂંટાયેલા વિધાનસભાના ધારાસભ્યોનાં ખરીદ-વેચાણના સમાચાર, ટી.વી. ચેનલો ગળા ફાડી નાખે તેવા અવાજ સાથે લોકોને પીરસવાનો પોતાનો ધર્મ સમજે છે. હકીકત સાથે ચેડા કરી પૈસાના જોર મુજબનાં સમાચાર ચેનલોમાં રજૂ કરી આ આભાસી ચિત્ર ગંદા રાજકીય નેતાઓને તૈયાર કરી આપવાનું ઘોર પાપ આવી ચેનલો આચરી રહી છે. બંધારણીય જોગવાઇઓને લોકો સુધી લઇ જવાનું પવિત્ર કામ ચૂકી તેનો ગેરલાભ લેતા નેતાઓ કે રાજકીય પક્ષોની કઠપૂતળી બની ચેનલો આવું દેશને વેરવિખેર કરી નાખે તેવું લોકશાહી વિરુદ્ધ કાર્ય કયાં સુધી કરશે તે વિચારવાનો સમય જનતા માટે ઢોલ-નગારા સાથે આવી પહોંચ્યો છે. રાજકીય નેતાઓની ટી.વી. સ્ટુડિયોમાં ચર્ચાઓનું આયોજન કરી મીડિયા જગત જનતાને શું બતાવવા માંગે છે? તે સમજાતું નથી. મને કવિશ્રી કરસનદાસ માણેકની પંકિત યાદ આવે છે :

'મને એ જ સમજાતું નથી, કે શાને આવું થાય છે ?'
કામધેનુને મળે ના એક સૂકું તણખલું,
ને લીલાંછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે.
મને એ જ સમજાતું નથી, કે શાને આવું થાય છે?

પેટિયું રળતી માતાને એક ટંકનુંય અનાજ મેળવવું દોહ્યલું છે. ત્યારે બીજી તરફ રાજકીય નેતાઓને પાટલી બદલાવવા ૩૦-૩૦ કરોડ સુધીની ઑફર થાય છે. મંત્રીપદ અને એના જેવી સગવડ, વધારાનો નફો પણ ખરો! તેમ છતાં જનતા સાવ

શાંત બેસી રહી બધું જ ચલાવી લેવા ટેવાઇ ગઇ છે. એમ કહો કે- આદત પડી ગઇ છે. જીવન જરૂરી ચીજ વસ્તુઓના કૂદકે ને ભૂસકે વધતા ભાવો તરફ જનતાનું ધ્યાન ન જાય, જનતા તેવા મુદ્દા પર વિચારી ન શકે તેવા કારણોસર નિતનવા નુસખાઓ , કાવાદાવા અને પ્રપંચ રચવામાં આવે છે. પરિણામે જનતા નેતાઓની માયારૂપી જાળમાંથી કેમેય કરી છૂટી શકતી નથી. નેતાઓના ભાષણના કારણે ભોળી પ્રજા ભરમાતી રહે છે. જ્યારે આ ભ્રમને મિટાવવા ખોવાયેલો મારો ને તમારો ભીતરનો ભેરુ જડશે ત્યારે જ સાચું ચિંતન આપણને સમજરૂપી માર્ગે જ્ઞાનના પ્રકાશ તરફ દોરી જશે.

# ૧૧. ચાલો, કંડારીએ કેળવણીની કેડી

મહાત્મા ગાંધી જીવનમાં કેળવણીને ખૂબ મહત્ત્વ આપતા હતા. એમાંય બાળ કેળવણીનું અદકેરું મહત્ત્વ છે. સામાન્ય રીતે બાળપણમાં પડેલી ટેવો જીવનપર્યંત રહેતી હોય છે. ગુજરાતીમાં કહેવત છે: 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં.' આ સનાતન સત્ય છે. જીવન ઘડતરનો આ અત્યંત નાજુક અને અગત્યનો તબક્કો હોય છે. આ ઉંમરે મનમાં રોપાતાં વિચારરૂપી બીજ સમય વીતતાં વૃક્ષ સ્વરૂપે વિકસતા હોય છે. સાચું જ કહેવાયું છે કે : 'કુમળા છોડને જેમ વાળો તેમ વળે.' નાનપણમાં રોપવામાં આવેલા આધ્યાત્મિક વિચારો, સાંસ્કૃતિક ઉન્મેષો જેવા મૂલ્યલક્ષી ગુણોનું શિક્ષણ વ્યકિતને યુવાન વયે ઉપયોગી બને છે. શાળા અને કુટુંબની એ જવાબદારી પણ છે. બાળકોમાં ઉત્તમ ગુણોનું તેના વિકાસના પ્રત્યેક તબક્કાઓમાં સિંચન થાય તેના માટે કાળજી લેવાય તે જરૂરી છે. આ જ ઉંમરે નિર્ભયતા, આત્મવિશ્વાસ અને સાહસનાં બીજ વ્યકિતના ઉત્તમ ઘડતર માટે રોપવાં જોઇએ. જો બાળકની કેળવણીમાં આ બધી બાબતો પર પૂરતું ધ્યાન આપવામાં આવે તો મોટપણે તે ગુણો વિકસાવવામાં ખૂબ ઉપયોગી નીવડે. પણ જો આવી નાજુક બાબત પર મા-બાપ બેદરકાર રહે તો મોટપણે બાળકને સહન કરવું પડે. એ જિંદગીમાં કોઇપણ પ્રકારનું સાહસ કરતાં ડર અનુભવે, વિચારોની ખાઇમાં ગરકાવ થાય, તેમાંથી બહાર નીકળવા જીવનપર્યંત મથામણ કરવી પડે. તેમની અથાક મહેનત, પરિશ્રમ પણ નિર્ણયોના અભાવે સફળતા અપાવી શકે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો તેમનામાં રહેલી અગાધ શકિતઓ વપરાયા વગર નકામી પુરવાર થાય. તેજસ્વી ઊર્જા ધરાવતું બાળક પણ બાળપણની કેળવણીમાં આવેલ અંતરાયોના કારણે યોગ્ય પરિણામ મેળવવામાં નિષ્ફળ જાય છે. આ વાત સમજવા મને એક ઉદાહરણ અહીં ટાંકવાનું મન થાય છે.

એક હાથી મોટું શરીર ધરાવતો હોવા છતાં તેની શકિતઓ કુંઠિત થવાના કારણે તેના પગમાં બાંધવામાં આવેલી સામાન્ય દોરીથી પણ જકડાઇ જઇ હાલીચાલી શકતો નથી. એક યુવાનની નજર આ હાથી પર પડે છે. હાથીની પાસેથી પસાર થઇ રહેલો

યુવાન હાથીનું કાળજીપૂર્વક નિરીક્ષણ કરે છે. હાથી બહુ દૂર સુધી કેમ્પસમાં જતાં અટકી જાય છે. તેને થયું આટલું કદાવર જાનવર કેમ લાંબું અંતર ચાલી શકતું નથી ? હાથીની નજીક જઇને જોયું. હાથીનો પાતળી દોરીથી એક ખીંટી સાથે બાંધી દેવામાં આવ્યો હતો. તેથી હાથી વધારે દૂર સુધી હાલીચાલી શકતો નહોતો. તે તેને બાંધવામાં આવેલી દોરીના કારણે કમ્પાઉન્ડની બહાર ફરવા પણ જઇ શકતો નહોતો. એટલું જ નહીં પરંતુ હાથી તે દોરી તોડી શકવા સમર્થ હોવા છતાં પણ તે પ્રયત્ન કરતો નહોતો. યુવાનને આ જોઇને ભારે આશ્ચર્ય થયું! યુવાને હાથીને તાલીમ આપતા ભાઇને ત્યાં ઉભેલા જોયા. તેમને પૂછયું : 'આ હાથી આટલી પાતળી દોરી પણ તોડી શકતો નથી? દોરીને કારણે તો તેનું હરવા-ફરવાનું મર્યાદિત થઇ ગયું હોવા છતાં પણ તે દોરીના ત્રાસમાંથી છૂટવા કેમ માંગતો નથી?' તાલીમ આપનાર ભાઇ બોલ્યા : 'દોસ્ત, આ જ તો તકલીફ છે! સાચી વાત તો એ છે કે હાથી નાનો હતો ત્યારે આ દોરીથી તેને બાંધવામાં આવ્યો હતો. તે ઉંમરે તે જરૂરી હતું, વળી તે નાનો હતો ત્યારે દોરી તોડી શકે તેવી શક્તિ ધરાવતો ન હતો. પરંતુ તે મોટો થયો પછી પણ દોરી તોડવા સમર્થ નથી એવું તેના મનમાં જડબેસલાક બેસી ગયું છે, આ તેની મર્યાદા છે. પાંખ હોવી એટલું કંઇ પૂરતું હોતું નથી જોમ સાથે ઊડવાની ચાહ હોવી જોઇએ.' યુવાન તો આશ્ચર્યચકિત થઇ ગયો. આટલા કદાવર હાથી માટે તો આટલી પાતળી દોરી તોડવાનું કામ રમત વાત હતી. પરંતુ માન્યતા એવી દૃઢ થઇ હતી કે તે દોરી તોડી શકશે નહીં અને તેથી તે દોરી તોડવાનો પ્રયત્ન કરતો પણ નહોતો. એટલે કહી શકાય કેઃ 'બાળપણમાં કોઇપણ બાબતનો દિલમાં ડર પેસી જાય તો બાળકો મોટાં થયા પછી પણ તે ભયમાંથી જીવનપર્યંત મુક્ત થઇ શકતા નથી.' માતા-પિતા બનનાર ખૂબ ઓછા લોકોને વ્યક્તિની આવી જીવન સાથે સંકળાયેલી અતિમહત્ત્વની સંવેદનશીલ જાણકારી હશે. ઘણાં મા-બાપ તોફાન કરતાં બાળકોને તોફાન બંધ કરાવવા કેટલાંક પાત્રોનાં નામ આપી ડરાવતા હોય છે જેવા કે- બાવો, પોલીસ, બાઘડો. જોકે મા-બાપના આવા પ્રયોગો બાળકોના તોફાનને શાંત કરી દેવા જે તે સમયે સફળ થતાં હશે, પરંતુ આવા મા-બાપ તેનાં સંતાનોને જીવનભર સાહસિક પ્રવૃત્તિઓમાંથી તેને વિમુખ બનાવી, શાંત કરી દે છે. પરિણામે પોતાનું લાડકોડથી ઉછરી રહેલું સંતાન આખરે બબૂચક બને છે. આ બધી

સમસ્યાઓના ઉકેલ માટે આપણે બાળ કેળવણી પર ભાર મૂકવો જોઇએ. આમ તો, શિક્ષણશાસ્ત્રીઓ શિક્ષણ એટલે શીખવું, શીખવવાની પ્રક્રિયા એમ કહેતા હોય છે. પણ આજકાલ પ્રાથમિક શાળાઓમાં શીખવવાની પ્રક્રિયા વધારે થાય છે. શીખવાનો પ્રયત્ન લગભગ કોઇ શિક્ષક કરવા માંગતો હોય તેવું પહેલી નજરે કયાંય દેખાતું નથી, તેમ છતાં એમ કહી શકાય કે- આજે પણ કેટલીક પ્રાથમિક શાળાઓમાં બાળકોની ઉત્તમ કેળવણી માટે શિક્ષકો દિલ દઇને કામ કરતા હોય છે. કેટલાક શિક્ષકો બાળકોને નકામી ચીજવસ્તુઓમાંથી પણ ઘરની શોભા વધારી શકે તેવી 'વેસ્ટમાંથી બેસ્ટ' કરવાની પ્રવૃત્તિ શીખવતા હોય છે-આ જ તો છે ખરી કેળવણી. મહાત્મા ગાંધી, રવીન્દ્રનાથ ટાગોર, વિવેકાનંદ કે આપણા ગિજુભાઇ બધેકા જેવા અનેક મહાનુભાવોએ ઉત્તમ કેળવણીનો માર્ગ પ્રસ્થાપિત કરી આપણને તેના પર ચાલવા નિર્દેશ કર્યો છે.

થોડા સમય પહેલાં ત્રીજી મેના રોજ બગદાણા પાસે આવેલ દેગવડા ગામની પ્રાથમિક શાળામાં જવાનું થયું. શાળામાં ધોરણ આઠના બાળકોને વિદાય આપવાનો સમારંભ ચાલતો હતો. સમારંભમાં કેટલાક બાળકો સુંદર મજાના અભિનય ગીત પ્રસ્તુત કરી રહ્યા હતા. શાળાના શિક્ષક શ્રી બાબુભાઇ ગોહિલના હાર્મોનિયમના સ્વરે છેડાતા સંગીત સાથે બાળકોનો તાલમેલ ધ્યાન ખેંચે તેવો હતો. સામાન્ય બાળકોની પ્રાથમિક શાળામાં દિલને ટાઢક આપે તેવું સંગીતમય વાતાવરણ સૌ કોઇને આકર્ષી જાય તેવું હતું. તો બાળકોને ઉદ્દેશીને કાર્યક્રમના પ્રારંભમાં શાળાના આચાર્ય શ્રી હિંમતભાઇ બાવળિયાએ કહેલી વાતોમાં બાળકેળવણીના પ્રત્યેક પાસાંઓને ઉજાગર કરી, બાળકોના જ્ઞાનદીપકને પ્રજવલિત કરી શકે તેવું જીવન ઉપયોગી ભાથું હતું. કેન્દ્રવર્તીના આચાર્યશ્રી ભગુભાઇ ભમ્મરે શાળામાં અભ્યાસ કરતા બાળકોને સ્વયં-શિસ્ત, પોતાનું કામ જાતે કરવું. સ્વાવલંબી બનવું. અન્યને દુઃખ પહોંચાડે-પીડા આપે તેવાં કાર્યોથી દૂર રહેવું જેવા જીવન ઉપયોગી અનેક મંત્રો આપી ખરી બાળકેળવણી શું છે ? તેની પ્રતીતિ કરાવી હતી.

આ કાર્યક્રમના માધ્યમથી મને એ જાણવા મળ્યું કે રાજય સરકાર પ્રત્યેક પ્રાથમિક શાળાઓમાં એક સંગીત શિક્ષક નિયુકત કરે તો દરેક શાળામાં સંગીતનું

આગવું. વાતાવરણ ઊભું થાય એટલું જ નહીં કલા શિક્ષણના પારખુ એવા હજારો પ્રજ્ઞાચક્ષુઓને સંગીત શિક્ષક તરીકે શાળામાં કામ પણ મળી શકે. પરિણામે બાળકોને જીવનની ખરી કેળવણી શું છે? તે વર્ગખંડમાં અને પ્રાર્થનાસભાના માધ્યમથી શીખવા અને જાણવા મળે. જે દેશના બાળકો શાળાકાળ દરમિયાન સાચી કેળવણી પામી શકે તે દેશનું ભાવિ પણ ખૂબ ઉજળું બનતું હોય છે.

એક તત્ત્વચિંતકને કોઇ દેશના પ્રધાનમંત્રીએ પોતાના મંત્રીમંડળની બેઠકમાં આમંત્રણ આપી બોલાવ્યા. તેમને પૂછવામાં આવ્યું કેઃ 'બેઠકમાં જે મુદ્દાઓની છણાવટ થઇ તે પ્રત્યેક વહીવટી મુદ્દાઓના પરિપ્રેક્ષ્યમાં જો અમારી સરકાર તૈયાર કરેલી યોજનાઓને અમલમાં મૂકે તો તમો આ દેશના ભાવિ વિશે શું કહેવા માંગો છો?' સાંભળી તે તત્ત્વચિંતકે કહ્યું કેઃ 'કોઇ દેશના ભાવિ વિશે તેના મંત્રીમંડળની બેઠકમાં હાજરી આપી કંઇ કહેવું ઘણું જોખમભર્યું કહેવાય, કારણ કે આવી બેઠકોમાં દેશના ભાવિનું ચિંતન જાણી શકાય નહીં દેશના ભાવિ વિશે મારી પાસેથી તમો જો કંઇ જાણવા માંગતા હોવ તો મને તમારા દેશના શિક્ષકો સાથે એક કલાક સમય પસાર કરવા આપો એટલે કે તેની સાથે એક કલાકની ગોષ્ઠિ કરવાની તક આપો. ત્યારબાદ જ હું આ દેશના ભાવિ વિશે કંઇ પણ કહી શકું. આપણા કોઠારી કમિશને પણ કહ્યું હતું કેઃ 'દેશના સાચા ભાવિનું ઘડતર તેના વર્ગખંડની ચાર દીવાલો વચ્ચે થતું હોય છે,' પરંતુ આ વાતને આપણે બહુ ધ્યાન પર લીધી નથી. આજનો શિક્ષક પત્રકોનો પંડિત જરૂર થયો છે પણ કેળવણીના ''ક'' નો કાયર પણ થયો છે. કારણ કે તેને છાશવારે થતી ચૂંટણીની કામગીરી, વસ્તી ગણતરી, સ્વચ્છતા અભિયાન, ગરીબ કલ્યાણ મેળાની વ્યવસ્થા, ગ્રામસભા જેવા કેટલાંય કામો તેના પર થોપી બેસાડવામાં આવ્યા છે. તો ઓનલાઇન હાજરી, સાપ્તાહિક ટેસ્ટનું ગુણાંકન ઓનલાઇન મોકલવાની કામગીરી, પણ હમણાં હમણાં વધી છે. પરિણામે વર્ગખંડમાં બેઠેલાં બાળકો સાથે આત્મીયતાભર્યા સંબંધો કે વ્યવહાર શિક્ષક સ્થાપી શકતો નથી.

વિદ્યાર્થીઓને શાંત રાખવા શિક્ષકો દ્વારા બ્લેકબોર્ડ પર લખેલી સૂચનાઓ મુજબ લેખિત કાર્ય તો સોંપાય છે. પરંતુ બાળક તે આત્મસાત કરે છે કે કેમ? તે જોવાનો કોઇ શિક્ષક પાસે સમય નથી. મશીનની જેમ શિક્ષકો અને બાળકો શાળા

સમય પૂરો થતા છૂટા પડે છે. ત્યાં સંગીતના સુમધુર નાદને કે પ્રાર્થનાસભામાં સ્વયં-શિસ્તના પાઠને કેળવી શકે તેવી વાતોને કેવી રીતે સ્થાન મળશે? હું જે કોઇ શાળામાં જાઉં છું ત્યારે બાળકોની પ્રતિભા જોઇ પ્રભાવિત જરૂર થાઉં છું પણ પ્રતિભાસંપન્ન બાળકોને શીખવાની તાલાવેલી હોવા છતાં શિક્ષકવિહોણા જોઇ અંદરથી દુઃખી થાઉં છું. રાજય સરકારે બાળકોની ખરી કેળવણી માટે ચિંતન કરવાનો સમય પાકી ગયો છે. માત્ર ગુણોત્સવ કે પ્રવેશોત્સવ કેળવણીની કેડી કંડારી શકશે નહીં. એ કેડી કંડારવા સરકારે શિક્ષક પર ભરોસો મૂકવો પડશે. ઓનલાઇનના ભૂતમાંથી ઊગારી શકે તેવો 'ભૂવો' શોધવો પડશે. રાજયભરની પ્રાથમિક શાળાઓનાં બાળકોની હાજરી કે સાપ્તાહિક કસોટીના ઓનલાઇન મોકલાતા ગુણોની ચકાસણી રાજયકક્ષાએ કરવાનું અને તેના દ્વારા માર્ગદર્શન મળવાનું વ્યવહારુ રીતે અશકય અને અસંભવ છે. તેથી નિરર્થક માર્ગે આગળ વધવાનો કોઇ અર્થ નથી. બાળકોની ખરી કેળવણીને પોષે તેવી પ્રવૃત્તિઓને શિક્ષણમાં સ્થાન મળવું જોઇએ. રમત-ગમત, સંગીત, ચિત્રકામ અને સમૂહજીવનની પ્રવૃત્તિઓને શાળાના અભ્યાસક્રમ સાથે વણી લેવી જોઇએ તો જ ખરી કેળવણીનાં ફળ આપણે પામીશું.

# ૧૨. શમણાની સોગાદ

જીવન સંધ્યા જેમ-જેમ તેની જિંદગીના ખુલ્લા આકાશમાં ખીલવા લાગે છે તેમ-તેમ તેની સંધ્યાના રંગોની શોભા વધતી જાય છે. સફળતાના મેઘ-ધનુષી રંગો આપણી જીવન સંધ્યામાં એવા તો ખીલી ઊઠે છે! જેને જોઇ સૌ કોઇ વિચારોની ખીણમાં ગરકાવ થઇ જાય છે. 'આ મેઘ-ધનુષી રંગો  કોઇવાર વહેતા સમયના પ્રવાહમાં કરવટ બદલી વ્યકિતના જીવનમાર્ગને બદલી નાખે છે એટલે કે, નસીબ સમૂળગું પલટાઇ જાય છે. કોઇવાર તો અક્ષમ વ્યકિત પણ પરિશ્રમના જોરે સક્ષમ વ્યકિતને પાછળ છોડી આગળ નીકળી જતી હોય છે.' જોકે આ સફળતા મળવા પાછળ ઇશ્વરની કૃપાદષ્ટિ પણ કારણભૂત કહેવાય. આવા વ્યકિતઓ પ્રગતિ સાધી શકે, સિદ્ધિ મેળવી વિજયની વરમાળા પહેરવાના હકદાર બની શકે, તેવા મદદ કરનારા મસીહા પણ ખુદ ઇશ્વર મોકલતો હોય છે. કદાચ એવું પણ બનતું હોય, ખુદ ઇશ્વર મદદના સમયે આવા લોકોના દિલમાં આવી વસવાટ કરી લેતો હોય. કારણ મેં આવા લોકોનાં દિલ હંમેશાં લાગણીથી છલકાતા વિશાળ સાગર સરખા જોયાં છે. સાગરમાં તો ભરતી પછી ઓટ આવતી જ હોય છે. એવી જ રીતે ગંગા-જમનાના નીરમાં પણ વધ-ઘટ થતી રહે છે. આમ સાગર કે સરિતા ભલે પોતાના પ્રવાહમાં બદલાવ લાવતા હોય પણ મદદના મસીહા તેમ કરતાં નથી. તેઓ તો લીધી વાત મૂકતા નથી. મેં આવા ઘણા લોકોને જોયા છે.

પ્રજ્ઞાલોકમાં શિક્ષક તરીકે જોડાયેલા જસુભાઇ બાબુભાઇ કવિ નિવૃત્તિનું જીવન ગુજારતા હોવા છતાં પ્રવૃત્તિઓનું એન્જિન બની સેંકડો અંધજનોના માર્ગમાં પ્રકાશ પાથરી રહ્યા છે. તેમનું સમર્પણ દાદ માંગી લે તેવું છે. છેલ્લાં થોડાં વર્ષોથી પ્રજ્ઞાચક્ષુઓના કલ્યાણ માટે તેઓ અમદાવાદમાં 'રાહ ફાઉન્ડેશન' નામની સંસ્થા ચલાવે છે. જેના માધ્યમથી તેઓ પ્રજ્ઞાચક્ષુઓમાં છુપાયેલી સુષુપ્ત શકિતઓને ખોળી કાઢે તેવા ખાસ કાર્યક્રમોનું આયોજન કરી, અનેક પ્રજ્ઞાચક્ષુ લોકોને આગળ વધવા ટેકો કરી રહ્યા છે. જેના પરિણામે અનેક પ્રતિભાઓને વિકસવાની તક મળી રહી છે. જે આ ક્ષેત્રની સંસ્થાઓ નથી કરી શકી તેવું કામ કવિસાહેબનું આ સંગઠન કરી રહ્યું છે.

થોડા દિવસો પહેલા અમદાવાદની એચ.કે.આર્ટ્સ કૉલેજના હૉલમાં તા.૦૬ જૂન, ૨૦૧૯ ને ગુરુવારના રોજ રાત્રીના ૮ થી ૧૨ દરમિયાન યોજાયેલા એક કાર્યક્રમમાં મારે જવાનું થયું હતું. જેના વિશે થોડી નોંધ આપ સૌને આપવાનું મન થાય છે. 'માનું કંકુ' શીર્ષક હેઠળ યોજાયેલ આ કાર્યક્રમ માણી દિલને ટાઢક વળી. લગભગ અઢારેક જેટલાં ગીતો જુદા-જુદા કલાકારો દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. શ્રી કુમારપાળ દેસાઇ, શ્રી પી.કે.લહેરી, દૂરદર્શનના પૂર્વ નિયામકશ્રી બિંદુબેન ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રજ્ઞાચક્ષુ કલાકારોએ એક પછી એક પોતાની સુંદર કલાકૃતિઓ રજૂ કરી હતી. પીયૂષ દવે, મનીષા દવે, જ્યોતીષા પરમાર, રાકેશ દવે જેવા કલાકારોએ પ્રજ્ઞાલોકનું ગૌરવ વધાર્યું હતું. હેપ્પી દેસાઇ અને પાયલ શર્મા જેવા નવોદિત કલાકારોએ પણ રંગભરી જમાવટ કરી, ઉપસ્થિત શ્રોતાગણનાં દિલ જીતી લીધાં હતાં. આ કાર્યક્રમને જો કોઇ પ્રસારણના માધ્યમથી વિશાળ શ્રોતાઓ સુધી લઇ જવામાં આવ્યો હોત તો કદાચ રાજ્યના કેટલાય સંગીત પ્રેમીઓને તેનો લાભ મળી શકયો હોત. મેં મારા વકતવ્યમાં એવી આશા પણ વ્યકત કરી હતી કે : 'ભવિષ્યમાં આકાશવાણી આવા કાર્યક્રમોનું લાઇવ પ્રસારણ સામે ચાલીને કરશે એવા દિવસો દૂર નથી.' કાર્યક્રમના ઉદ્‌ઘોષક નીતેશ સુખડિયાને પણ અભિનંદન આપવા ઘટે.

આ આખા કાર્યક્રમમાં હું બેઠો-બેઠો વિચારતો હતો - 'ઇશ્વર કદાચ પડકારરૂપ જિંદગી આપી, ચમત્કાર કરવા ઇચ્છતો હોય એવું પણ બને. ભલે તે આંખોમાં અંધારા આંજીને આવા લોકોને આ ધરતી પર મોકલતો હોય પણ તેને જિંદગીમાં આગળ વધવાની પગદંડી પણ આપે છે.' તમે કહેશો કેઃ 'કલાશકિત તો આ લોકો અથાક મહેનત ઉઠાવી પામતા હોય છે.' પરંતુ હું આપ સૌને એટલું જ કહેવા ઇચ્છું છું કે આ કલાશકિતનું યોગ્ય મૂલ્ય આંકી શકે તેવા કલાપારખુ જસુભાઇ કવિ જેવા વીરલા પણ ઇશ્વર જ મોકલે છે ને? હા, આવા ઉમદા કાર્યમાં તેમને કુમારપાળ દેસાઇ જેવા મહાનુભાવોનો ટેકો પણ મળતો જ હોય છે. ટૂંકમાં, ઇશ્વરકૃપા વડે જ આ બધું થતું રહે છે. પંખો હવા ઉત્પન્ન કરતો નથી, પંખો સ્થિર હવાને ગતિ આપે છે. ઍર કન્ડિશન ઠંડક ઉત્પન્ન કરતું નથી, તે તો હવામાં રહેલી ઠંડકને આકર્ષી લઇ આપણા ઓરડા કે ઑફિસમાં ફેંકે છે. હું અને તમે કુદરતના વૈભવની સંપત્તિ એકઠી કરી અન્યને

આપવાનું ગૌરવ લઇએ છીએ. જેમાં મારું કે તમારું કોઇ પરાક્રમ હોતું નથી.

**'દીવાનું તેજ જોઇ આવ્યું પતંગિયું, પકડી કીધું શું પરાક્રમ જી રે;**
**દેનારો તો ઉપરવાળો બેઠો હજાર હાથવાળો, ફુલા કાં ફુગ્ગો થઇ ફૂટવા રે.'**

કાવાદાવા ને છળકપટથી ભરેલા આ જગતમાં કોઇવાર ગૂંગળામણ અનુભવાય છે. પણ જસુભાઇ કવિ જેવા પરગજુ લોકોને જોઇ જીવવા કે જિંદગીની નાવને ચલાવવા અચાનક તાકાત મળી જાય છે. કારણ કે આવા પરગજુ મહાનુભાવો તો લોકોના શમણાની સોગાદ આપનારા હોય છે. તેઓ તો જગતમાં ઇશ્વરના પેગંબર થઇ અવતર્યા હોવાથી આપણને શાતા આપતા રહે છે. તો બીજી તરફ કવિ કલાપીની ખૂબ જાણીતી કાવ્ય પંકિતઓ યાદ આવે. **'જે પોષતું એ મારતું, એવો દીસે ક્રમ કુદરતી'** જે આપણને પોષે છે તે જ આપણા મૃત્યુનું કોઇવાર કારણ બને છે. જે જ્ઞાન બાળકોના જીવનને સજાવે છે એ જ્ઞાન મેળવવા ગયેલાં બાળકોને અચાનક લાગેલી આગ તેના જ્ઞાનયજ્ઞના ખંડમાં શીંગચણાની જેમ ભૂંજી નાખી જીવન દીપ બુજાવી દે છે. આ પણ ઇશ્વરની જ લીલા છે. સુરતના અગ્નિકાંડે લગભગ ૨૩ બાળકોનો ભોગ લીધો તે ઘટના પણ કેમેય કરી માનસપટ પરથી હટવાનું નામ લેતી નથી. આ અગ્નિકાંડનો ઓડિયો વાયરલ થયો હતો. તે સાંભળતાં કરુણ દ્રશ્ય કર્ણપટ પર ખડું થાય છે. ભલભલાને હચમચાવી દે તેવું આ દશ્ય હતું. ક્રિષ્ના નામની દીકરી તેના પિતાને મોબાઇલ ફોન પર આક્રંદ કરતા કહે છેઃ 'હે બાપુજી, એક તરફ આગના ગોટેગોટાએ બિલ્ડિંગનો ભરડો લીધો છે, શ્વાસ લેવાતો નથી. બીજી તરફ છોકરા-છોકરીઓ ચોથા માળથી છલાંગ લગાવી આગમાંથી બચવા કૂદી રહ્યા છે. બોલો..., હું- શું કરું? અહીં જ રહું કે છલાંગ લગાવી નીચે આવી જાઉં?.' પિતા કંઇ પણ ઉત્તર આપે તે પહેલા છોકરી નીચે કૂદી પડે છે. ઊંધા માથે પડેલી આ દીકરીનું તેના જ પિતા સામે માથાની ખોપરી ફાટી જતા પ્રાણ પંખેરું ઊડી જાય છે. શું આ દીકરીના શમણાનો કોઇ સોદાગર ઇશ્વરે ધરતી પર નહિ મોકલ્યો હોય? સપના સજાવવા પિતાએ ટયૂશનમાં મોકલેલી દીકરી અચાનક આમ સપનું બની ઊડી જશે તેની કોને ખબર હશે? સપનાં જોવાં એક વાત છે. તે સાચાં પડવાં કે રોળાઇ જવા એ ઇશ્વરાધીન હોય છે.

જીવન ટકાવવા કાકલૂદી કરતી વહાલસોઇ પોતાની પુત્રી ચોથા માળેથી જીવ

બચાવવા પડતું મૂકી હાથતાળી દઇ ચિરવિદાય થાય તે કયો બાપ જીરવી શકે? કોઇ પણ માટે આ કારમો ઘા કહેવાય. શમણાં વેરવિખેર થાય ત્યારે પ્રકૃતિ પણ મોં ફેરવી લેતી હોય છે. જયારે તેનાથી ઊલટું ઇશ્વરની તમારા પર કૃપાવૃષ્ટિ થાય છે, ત્યારે તમારો આબાદ બચાવ થતો હોય છે. કચ્છના ગોઝારા ભૂકંપ પછી પણ કાટમાળ વચ્ચેથી જીવતાં બાળકો મળી આવ્યાં હતાં. આ જ છે 'ઇશ્વરની લીલા.' બધી વાતોમાંથી એટલું જ શીખવા જેવું મને લાગે છે : ઇશ્વરની મરજી વિના એક પાંદડુય ફરકી શકતું નથી. કર્મના સિદ્ધાંતો કોઇને છોડતા નથી. માટે આપણે કોઇ પણ કર્મ બાંધતાં પહેલાં અનેકવાર વિચારવું જોઇએ. તમારું કર્મ તમારી આધ્યાત્મિક મૂડી છે. તેનું બંધન આપણને ચોરાશી લાખ યોનિમાં ધકેલે છે. આપણો આ યાત્રા-પ્રવાસ આપણી આધ્યાત્મિક મૂડી મુજબ ચાલતો રહે છે. ધૃતરાષ્ટ્રના સો પુત્રો મહાભારતના યુદ્ધમાં મૃત્યુ પામ્યા પછી રાજા ધૃતરાષ્ટ્ર ભારે દુઃખી થઇ જાય છે. તે ભગવાન કૃષ્ણને તેનું કારણ પૂછે છે. 'હે ભગવંત, મારે સો પુત્રો હોવા છતાં તે એક સાથે યુદ્ધમાં શા માટે હણાયા? શું આ યુદ્ધમાં માત્ર પાંડવો જ જીતવા સમર્થ હતા?' આ સાંભળી ભગવાન કૃષ્ણ બોલ્યાઃ 'તારા કર્મના લીધે તારા સો પુત્રો મૃત્યુ પામ્યા છે, તેની ચતુરાઇના અભાવે નહિ. તેથી તારા કલ્પાંતને કોઇ સ્થાન નથી. આ જગતમાં બધું જ કર્મપુંજીને આધીન ચાલે છે. સંચિત કર્મનું બંધન બધાને લાગું પડે છે. તે ભોગવ્યા વિના કોઇ મુકત થઇ શકતું નથી.' રાજા ધૃતરાષ્ટ્ર ભગવાનને આગળ પૂછે છેઃ 'હે પ્રભુ, મારા કયા કર્મના પાપે મારી આ હાલત થઇ? તે મને કૃપા કરી જણાવો.' સાંભળી ભગવાન બોલ્યા : 'પૂર્વે તું, તારા ચોરાશીમાં અવતારમાં શિકારી હતો. તે સમયે વિશાળ સમુદ્ર કિનારે આવેલા એક વૃક્ષ પર બેઠેલા એકસો બગલાને તેં વિંધી નાખ્યા હતા. તેમજ તેના વડીલ, પરિવારના મોભી બગલાની આંખોમાં ઇજા થતાં તેણે આંખોની રોશની ગુમાવી હતી. તે સમય તેમને અપાર પીડા સહન કરવી પડી હતી. મૃત્યુ પામનાર આ તમામ બગલાઓનો તે પિતા પણ હતો. દુઃખી અને આંખોની રોશની ગુમાવનાર બગલાએ 'તારી હાલત પણ આવી જ થશે, તેવી વેદનાભરી ઇચ્છા પ્રગટ કરી, વલોપાત કરતા જીવાદોરી તોડી હતી. માટે આજે તારી હાલત પણ તે બગલા જેવી જ થઇ છે.' આ સાંભળી ધૃતરાષ્ટ્ર બોલ્યાઃ 'એમજ હોય તો મને તે કર્મ મેં કયારે અને

કેટલા સમય પહેલાં કર્યું હતું – તે વિગતે સમજાવો.' ભગવાન બોલ્યાઃ 'હે રાજન, સાંભળ. હજારો વર્ષ પહેલાં તારા ચોરાશીમા અવતારમાં તું એક કઠોર શિકારી હતો. તારા ગુજરાન માટે તું જે શિકાર કરતો હતો. તે તારું નિત્ય કર્તવ્ય હોવાથી તે કર્મ બંધન તને નિષ્કામ ભાવે કરેલા કર્મફળ વડે બાંધતું હતું. પણ તું જયારે તારા અહંકારથી કર્મ કરી હુંકાર કરતો હતો ત્યારે હે રાજન પાપનું કર્મફળ વધતું રહેતું હતું. તેની સામે સકામફળનું ભાથું જમા થતું નહોતું તેથી તારે સો પુત્રો મેળવવા હજારો વર્ષની પ્રતીક્ષા કરવી પડી. તારી પાસે સો પુત્રો મેળવી શકે તેવું પુણ્ય પ્રાપ્ત થતા તને સો પુત્રો પ્રાપ્ત થયા. આજે તેં તારા સો પુત્રો ગુમાવ્યા છે, તારો હિસાબ ચૂકતે થાય છે. તને સો સંતાન ગુમાવાની શી પીડા થાય? તેની અનુભૂતિ થઇ રહી છે. બીજાને પહોંચાડેલ પીડા જયારે જીવાત્મા પોતે જ પામવાનો અનુભવ કરવા લાગે છે, ત્યારે તેનો હિસાબ ચૂકતે થઇ જતા તે પાપમાંથી મુકિત પામે છે. આમ, હે રાજન, તું તારા કર્મફળમાંથી મુકત થયો છો. આ રીતે કર્મના સિદ્ધાંત મુજબ પ્રત્યેક જીવાત્માએ વર્તવું પડે છે.'

વાચક મિત્રો, આનો અર્થ એ થયો કે કર્મફળ મારે ને તમારે ભોગવવાનું નક્કી જ છે. વળી તેમાં કોઇને પણ મુકિત મળવાનું અશકય અને અસંભવ પણ છે. તો નિષ્કામ કર્મ બજાવી ઓછામાં ઓછું કર્મબંધન બાધક બને તેવો માર્ગ શા માટે ન અપનાવીએ? કર્મની પસંદગી તો માત્ર માણસ જ કરી શકે છે. તો પછી માનવ અવતાર શા માટે એળે જવા દેવો જોઇએ? તમે કોઇ યાત્રાપ્રવાસમાં નીકળો છો, ત્યારે તમારી પાસે મૂડીની જેટલી સગવડ હોય છે–તેવી હૉટલ કે ભોજન અને હરવા-ફરવા માટે પરિવહનનો ઉપયોગ કરતા હોવ છો. માણસ પાસે બુદ્ધિરૂપી ધન તેના કલ્યાણ માટે ખર્ચવા ઇશ્વરે અગાઉથી જ આપ્યું છે. તેથી દરેક વ્યકિતએ તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરી મોક્ષમાર્ગનું ભાતું બાંધવું જોઇએ. આ શમણું સમગ્ર માનવ સમાજનું હોવું જોઇએ. પણ જસુભાઇ કવિ જેવા વીરલા જ 'શમણાની સોગાદ' બીજાના કલ્યાણ માટે લાવી, વહેંચી શકતા હોય છે. 'શમણાની સોગાદ' કર્મબંધનમાં ફસાતા જીવોને રોકે છે. અંધારામાં દીવાનો પ્રકાશ રસ્તો બતાવે છે, તેમ સંસારમાં મોહરૂપી વ્યાપેલા અંધકારમાં શમણાની સોગાદ કલ્યાણના માર્ગે આગળ ધપવા દિવ્યદષ્ટિ આપે છે.

# ૧૩. માણસ બદલાઈ છે, સમય નહિ

આપણે ઘણી વેળા બોલતા હોઈએ છીએ 'જમાનો બદલાઇ ગયો છે. સમય બહુ ખરાબ આવ્યો છે, કોઇ-કોઇનું નથી.' માતા-પિતાનો પણ આજ-કાલ લોકોને ભાર લાગતો હોય છે. એમા પણ જો ઘરમાં એકાદ બાળક અક્ષમ જન્મે તો તેની ચિંતા મા-બાપને કોરી ખાતી હોય છે. માતા-પિતાની હાજરીમાં પણ આવાં બાળકોને અન્યાય થવા લાગે છે પણ જો તેનાથી ઊલટું આવી વ્યક્તિ શિક્ષણ અને તેના કૌશલ્ય વિકાસના કારણે સમાજમાં સ્થાપિત થઇ, રોજગાર પ્રાપ્ત કરી લે તો ઘરના તો ઠીક ગામના લોકોના ટોળા તેની આસપાસ ગોળની આજુ-બાજુ ઘૂમતાં માખીઓના ઝુંડની માફક ફરવા લાગે છે. આવા સમયે સંબંધના નામે લોકો પોતાનાં કામ કઢાવવા પહોંચી જતાં હોય છે. પોતાના કર્મફળના કારણે કોઇ માણસ જીવનમાં પ્રગતિ ન કરી શકયો હોય તેની કોઇ કાળજી લેવા તૈયાર થતું નથી. આવા વ્યકિતનાં સંબંધીઓ કે પરિચિતો કદી તેના સંબંધી તરીકે ઓળખ આપવા રાજી હોતા નથી, પણ જો કોઇ વ્યકિત કઠોર પરિશ્રમ વડે સફળતા મેળવી મોટો ઉદ્યોગપતિ કે વેપારી અથવા મોટો રાજનેતા બની જાય તો તેના અનેક લોકો સંબંધી બનવા તલપાપડ હોય છે. કેટલાક તો બાજુના ગામનું સગપણ કાઢી તેની નજીક રહેવા 'જેક' લગાડતા હોય છે- એટલે મને કહેવા દો -

**'શેરી મિત્ર સો મળે, તાળી મિત્ર અનેક;**
**જેમાં સુખ-દુઃખ વામીએ, સો લાખન મે એક.'**

મને ને તમને ડગલે ને પગલે મોજ-મસ્તીમાં સાથ આપતા મિત્રો જયાં, ને ત્યાં મળતાં જ હોય છે. પણ આપણાં દુઃખમાં ભાગ લે તેવા મિત્રને શોધવા દીવો લઇને નીકળીએ તો પણ મળવા દુશ્કર છે. જગતમાં આવા મિત્રનો દુષ્કાળ પડયો હોય તેવી પરિસ્થિતિ છે. સાંદીપનિ ઋષિના આશ્રમમાં જે સમયે સુદામા અને કૃષ્ણ જેવા મિત્રો ભણતા હતા ત્યારે પણ જે સૂર્ય-ચંદ્ર હતા તે જ અત્યારે પણ છે. સમય બદલાયો હોત તો તે આપણી સેવા ન કરતા હોત. હું અને તમે બદલાઇ રહ્યા છીએ પણ આપણે દોષ જમાનાને આપી છૂટી જવા માંગીએ છીએ. આ વાતનું સમર્થન આપણું ખૂબ જાણીતું

ફિલ્મી ગીત પણ કરે છે- 'ચાંદ ના બદલા, સૂરજ ના બદલા, ના બદલા રે આસમાન. કીતના બદલ ગયા ઇન્સાન, કીતના બદલ ગયા ઇન્સાન.'

પ્રકૃતિ બદલાઇ કે પલટાઇ નથી. હું અને તમે દિવસે-દિવસે બદલાઇ રહ્યા છીએ. ધરતી, પાણી અને વાયુને દૂષિત કરી માણસે દાટ વાળી દીધો છે. પોતાની સગવડ માટે તેણે હજારો જીવોનાં જીવન જોખમમાં મૂકી દીધાં છે. આપણે સાવ ભૂલી ગયા છીએ કે આપણે પણ તે દુનિયાની સફરે આજ નહિ તો કાલ નીકળવાનું જ છે. ચોરાશી લાખ યોનિમાં મારે ને તમારે જવાનું નક્કી હોવાથી તે જીવસૃષ્ટિમાં પણ જવું જ પડશે. આવા સમયે હાથનાં કર્યા જયારે હૈયે વાગશે ત્યારે ઘણું મોડું થઇ ગયું હશે. તે સમયે મારા કે તમારા હાથમાં કંઇ નહિ હોય. પછી તો પેલી કાવ્ય પંક્તિ ગણગણવાની જ રહે:

'છીએ દુઃખિયાં રે અમે છીએ દુઃખિયાં,
મારી દાજેલી દેહુના અમે છીએ દુઃખિયા.'

આ દુઃખનું કારણ માણસ પોતે જ છે. છતાં તે તો જમાનાને દોષ આપી મોજ માણી રહ્યો છે એને કયા ખબર છે :

'પીપળ પાન ખરંતી, હસતી કુંપળિયાં,
અમ વીતી- તમ વીતશે, ધીરે બાપુડિયા'

કાવ્યપંકિત મુજબ વારા પછી વારો આવવાનું નક્કી જ છે. કોઇના જીવનમાં અચાનક દુઃખનાં ડુંગર તૂટી પડે , ત્યારે આપણે તે જોઇ આનંદની અનુભૂતિ કરવા લાગીએ છીએ. આવી દુઃખી વ્યકિત આપણને સામે મળે ત્યારે આપણે પણ તેનાં દુઃખનો બહુ રંજ હોવાનો તેની સામે ડોળ કરતા હોઇએ છીએ. આમ કરી દુઃખી વ્યકિતને પણ સારપનો મલમ લગાવવાનું ચૂકતા નથી. જોકે આમ કરવાથી આપણો લાયકાત વિનાના ડૉકટરોની જેમ ધંધો સારો ચાલતો હોય છે. આજ-કાલ લોકોને આની ફાવટ આવી ગઇ હોય તેમ લાગે છે.

રાજય સરકારની કેટલીક નીતિઓના કારણે વિકલાંગ બાળકોનાં શિક્ષણ પર ગંભીર અસર થઇ રહી છે. આપણે તે અંગે આ ક્ષેત્રે કાર્યરત લાગતા-વળગતા લોકો સાથે જયારે ચર્ચા કરવાનો થોડો પણ પ્રયાસ કરીએ છીએ ત્યારે જવાબ લગભગ

'જમાનો બદલાઇ ગયો છે' તેવો જ મળે છે. મારે આવા લોકોને પૂછવું છે કે : 'જમાનો શી રીતે બદલાયો છે? તેનો થોડો ફોડ પાડો તો ખબર પડે ને? જમાનો તો સિદ્ધિ આપે તેવો આવ્યો છે, ખોટા બહાનાં શા માટે કાઢો છો? ટેકનૉલૉજીએ હરણફાળ ભરી છે, અવનવી સાધન સામગ્રી તૈયાર થઇ રહી છે. આ બધુ જ વિકલાંગોનું કલ્યાણ કરી શકે તેવું કાર્ય છે ત્યારે સરકારે તેનો મહત્તમ લાભ લઇ વિકલાંગોના વિશાળ હિતમાં ઉદારતા દાખવી વિકાસની નવી દિશાઓ ખૂલે તેવા ઉપાયો હાથ હાથ ધરવા જોઇએ. વિકલાંગોના પુનઃસ્થાપનના કાર્યને વેગ મળે તેવો કાયદો ઘણી જ મથામણ પછી વિકલાંગોના કલ્યાણની યોજનાઓ લઇએ આવ્યો છે, છતાં સરકાર તેના અમલ માટે ઠાગઠૈયા કરી રહી છે. ખરેખર તો, વિકલાંગોના પુનઃસ્થાપન માટે નવાં દ્વાર ખૂલે તેવો પ્રયાસ સરકાર વિના વિલંબે કરશે ત્યારે જ દેશના વિકલાંગો પ્રગતિ સાધી શકશે. પણ કાગળ પર દર્શાવિલી ઇમારત જેમ આપણને રહેઠાણ માટે ઉપયોગમાં આવતી નથી, તેમ સંસદ દ્વારા સર્વાનુમતે પસાર થયેલો કાનૂની જોગવાઇ ધરાવતો કાયદો વિકલાંગતા વિધેયક ૨૦૧૬ સંસદ દ્વારા સર્વાનુમતે પસાર થવા છતાં વિકલાંગોનું કલ્યાણ કરી શકશે નહિ. સરકારે આવા વર્ગ માટે જો ખરેખર કંઇ પણ કરવું જ હોય તો, કાનુની જોગવાઇઓનું અસરકાર અમલીકરણ કરવું પડશે. તે માટે માળખાકીય સગવડ ઊભી કરવી પડશે. વર્ષો પહેલાં વિકલાંગ બાળકોની શૈક્ષણિક સંસ્થાઓમાં મંજૂર થયેલા મહેકમ મુજબની જગ્યાઓ સત્વરે ભરવી પડશે. જરૂર જણાય ત્યાં નવી ટેકનૉલૉજી મુજબનું શિક્ષણ આવા વર્ગનાં બાળકોને સમયસર મળી શકે તેવું નવું મહેકમ મંજૂર કરી આવી જગ્યાઓ ભરવી પડશે. આજે આંખોની રોશની ગુમાવનાર સામાન્ય માણસો કામ કરી શકે તેવાં, કેટલાંય કાર્યો કરી શકે તેવા સહાયક ઉપકરણો આવી ગયાં છે. તે સરળતાથી ઉપલબ્ધ બને તેવાં પગલાં લેવા જોઇશે.

જો આમ થશે તો દૃષ્ટિહીનો માટે વિકાસના અનેક નવાં દ્વાર ખૂલશે. આવું તંદુરસ્ત વાતાવરણ ઊભું કરવાની જવાબદારી રાજય સરકારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇના મંત્રને ચરિતાર્થ કરવા નૈતિક રીતે ફરજ અદા કરવી જોઇએ. તેઓ કહે છેઃ 'સૌનો સાથ, સૌનો વિકાસ' આ મંત્ર મુજબ વિકલાંગોએ પોતાનો પવિત્ર અને અમૂલ્ય 'ગાડાના પૈડા જેવો' કીમતી મત આપી, પોતાની ફરજ પૂરી કરી છે. હવે દડી

સરકારના મેદાનમાં છે. જોવાનું એ રહે છે કે સરકાર તેનો કેટલો ફાયદો ઊઠાવે છે. વિકલાંગોને પણ તે વિકલાંગતા વિધેયક ૨૦૧૬ની જોગવાઇઓમાં આપેલી ખાતરી મુજબ તેનો અમલ કરી કેટલો લાભ આપે છે.

વાચક મિત્રો, તમને કદાચ પ્રશ્ન થતો હશે કે લાભુભાઇ આવી ચર્ચા શા માટે આપણી સમક્ષ કરતા હશે? આ અંગે હું તો એટલું જ કહેવા ઇચ્છું છું કે 'મારાં ૩૦ થી ૩૫ વર્ષના સેવાકાળમાં કયારેય ન જોયો હોય તેવો કલ્પાંત રાજયની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા પ્રજ્ઞાચક્ષુ શિક્ષકો સાથે આચાર્ય અને તેના સાથી શિક્ષકો દ્વારા કરવામાં આવતા વ્યવહાર અંગે સાંભળવા મળે છે. કેટલાક પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોની લેખિતમાં મને ફરિયાદો પણ મળે છે. આ મળેલી ફરિયાદો પર રાજયના શિક્ષણ વિભાગને કાર્યવાહી હાથ ધરવા હું મારી લેખિત ભલામણ સાથે મોકલી પણ આપું છું. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇનું પણ લેખિતમાં અવારનવાર આ બાબતે ધ્યાન દોરતો રહુ છું.

મને લાગે છે કે, : અતિ સંવેદનશીલ બાબત પર સરકાર ઊંઘતી ઝપડાશે ત્યારે જ સરકાર જાગશે. કારણ કે માનસિક ત્રાસના કારણે કોઇ પ્રજ્ઞાચક્ષુ શિક્ષક અજૂગતું પગલું ભરશે, પછી કદાચ સરકાર સફાળી જાગશે. જેમ સુરતના અગ્નિકાંડ પછી સરકાર જાગૃત થઇ પગલાં ભરી રહી છે. આ અંગે અમારું સંગઠન પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોને ન્યાય અપાવવા નામદાર હાઇકોર્ટના દરવાજા ખટખટાવી શકે છે.

સરકારની બીજી નકારાત્મક નીતિ વિશે આપ સૌનું ધ્યાન દોરું તો વિકલાંગ બાળકોની ખાસ શાળાઓમાં છેલ્લાં ઘણાં વર્ષોથી ખાલી પડતી જગ્યાઓ ભરવામાં આવતી નથી. જે જગ્યાઓ ભરવાની મંજૂરી અપાય છે તે તમામ જગ્યાઓ કાં તો કોન્ટ્રાકટથી ભરવા મંજૂર કરાય છે. કાં તો, નાણાં મંત્રાલયમાં મંજૂરી માટે મોકલાય છે. સમય પસાર કરવામાં આવે છે અને સમયાંતરે જગ્યાઓ રદ કરવામાં આવે છે. જો આમ ને આમ ચાલતું રહેશે તો ટેકનોલૉજીના આ યુગમાં પણ વિકલાંગોની હાલત અઢારમી સદી જેવી જ થવાનું નક્કી છે. રાજય સરકારના મંત્રી કે ખુદ મુખ્યમંત્રીશ્રીને આ બાબતે જે પત્રો મોકલાય છે. તેને જે તે વિભાગમાં મોકલી આપી પોસ્ટ જેવી કામગીરી આ લોકો જરૂર નિભાવે છે. પણ આમ કરવાથી કોઇ ઉકેલ આવી શકશે

નહિ. કોઇ મંત્રી કે મુખ્યમંત્રીશ્રીએ નક્કર ઉકેલ આવી શકે તેવી ઊડીને આંખે વળગે તેવી કામગીરી કરી પ્રધાનમંત્રીના સૂત્રને ન્યાય મળે તેવી સૂચનાઓ કે પરિપત્રો થયા હોય તેવું હજુ સુધી જાણવા મળ્યું નથી.

મિત્રો, વીસમી સદીમાં આપણને આઝાદી મળી ત્યારે વિકલાંગો માટે એક પણ કાયદો દુનિયાના કોઇ દેશોમાં અમલમાં ન હતો, તેમ છતાં આઝાદ દેશના સમાજ કલ્યાણ વિભાગમાં વહીવટીક્ષેત્રે ભારત સરકારે વિભાગના ઑફિસર તરીકે અનુભવી પ્રજ્ઞાચક્ષુ લાલ અડવાણીની નિમણૂક કરી અંધજનો પણ ગૌરવપૂર્વક પોતાની આજીવિકા ચલાવી શકે તેવાં પગલાં ભરવાના ઉદ્દેશથી નિમણૂક કરી હતી. આમ અનેક ઉપાયો હાથ ધરવા મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું હતું. રાજ્ય સરકાર પણ બોધપાઠ લઇ આ પ્રશ્ને આગળ જણાવેલી સમસ્યાઓનો સુચારુ ઉકેલ લાવવા ઇચ્છતી હોય તો નિષ્ણાત સભ્યોની કમિટી બનાવી પગલાં લઇ શકે છે. વીસમી સદીમાં પણ અનેક પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોને રાજયની પ્રાથમિક શાળાઓમાં કામ આપવામાં આવ્યું હતું. તે સદીમાં કોઇ આચાર્ય કે સાથી શિક્ષકોએ અમાનવીય વ્યવહાર કર્યો હોય તેવું ક્યાંય જોવા કે જાણવા મળતું નથી. સરકારની જો પાછલા બારણે શિક્ષકો કે આચાર્યને છૂટ મળતી ન હોય તો આ લોકોની ઓકાત નથી કે તે કોઇ પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોને જાણી જોઇ, શાળામાં બાળકોની સંખ્યામાં કમી કરી ઓવર સેટ-અપના નામે દૂર કરવા તજવીજ કરી શકે ! આવા કિસ્સામાં સામાન્ય રીતે કેટલીક જગ્યાએ જોવા મળ્યું છે કે પ્રજ્ઞાચક્ષુ શિક્ષક ઓવર સેટ-અપ થતાં તેને દૂર કરી સેટ-અપ પુનઃ હતું તે જ કરી દેવામાં આવે છે. ઘણી શાળાઓમાં તો એસ.એમ.સી. સમિતિનો ટેકો લઇ પ્રજ્ઞાચક્ષુ શિક્ષકો સામે ફરિયાદો ઊભી કરાવામાં આવે છે. આ રીતે છેલ્લા થોડા મહિનાઓથી પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોને હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા છે. હું માનું છે કે, ‘આ સમસ્યાના ઉકેલ માટે માનવ અધિકાર પંચ પણ પોતાની નૈતિક જવાબદારી સમજી પ્રજ્ઞાચક્ષુઓને યોગ્ય ન્યાય મળી રહે તે દિશામાં જરૂર પગલાં ભરશે. જેમણે આંખોની રોશની ગુમાવી છે છતાં પણ જીવનમાં સંઘર્ષ કરી સમાજને પણ ઉપયોગી થવા હિંમત એકઠી કરી, કાર્ય કરવા દ્રઢ મનોબળ કેળવ્યું છે તેવા લોકોને બિરદાવવાના બદલે તેમની મર્યાદાને આગળ ધરી, પડકારી મજબૂર કરાય છે. જેમ કે, પ્રજ્ઞાચક્ષુ શિક્ષક પાસે ઓનલાઇન

હાજરી પુરાવવી, વિદ્યાર્થીનું મૂલ્યાંકન ઓનલાઇન મોકલવું, પત્રકો ભરાવવા જેવી અનેક બિનશૈક્ષણિક કામગીરી કોઇપણ સહયોગ વિના અપાય છે. આવી કામગીરી નેત્રહીન વ્યકિતઓ પાસે કરાવવી ખૂબ જ શરમજનક બાબત છે. હું માનુ છું કે 'શાસકપક્ષના સંવેદનશીલ લોકો મારું આ પુસ્તક વાંચી તેમની મદદે જરૂર આવશે.'

મિત્રો, મારે આ લેખ ભારે હૈયે લોકસંસાર દૈનિકને છાપવા મોકલવો પડયો હતો. કારણ કે –

'જમાનો નથી બદલાયો, માણસ બદલાયો છે.'

'કાશ, મળે આશાના જગતમાં એક કદમ ભરવા જગા;
સ્વર્ગ ખડું કરી દઉં પૃથ્વી પર.
ટેકો જડે જગતમાં તમારો મને, પ્રેમની સરિતા ભરી દઉં.'

# ૧૪. અનુભવના આંગણે સપ્તરંગી વાતો

સામાન્ય રીતે આકાશમાં ખીલતા આકાશી મેઘધનુષી રંગો, આપણને સપ્તરંગી શોભા આપે છે. આ સપ્તરંગી શોભા આપણને અગોચર દુનિયાની સફર કરાવી ઈશ્વરની અદ્‌ભુત લીલાની પ્રતીતિ કરાવે છે. આ રંગોનું એવું તો આકર્ષણ આપણે અનુભવીએ છીએ; જે તે ક્ષણે તન, મન અને આત્માનું સહિયારું ઝુંડ માનો મનની પેલે પાર પહોંચી જઇ આપણે ખોવાઇ જઇએ છીએ. આવા સમયે ખુદ ઈશ્વર કલાકાર બની સૌંદર્ય વેરવા આવી પહોંચે છે. આવી અણમોલ પળોમાં માનવી સંબંધોની ક્ષિતિજોને ઓળંગી પ્રકૃતિના જગતમાં વિહાર કરવા લાગે છે. આ યાત્રા વ્યકિતના ભીતરને ઢંઢોળી કુદરતના અનોખાં રહસ્યોને ખોલી ભીતરના ભંડારને ભરી દે છે.

જેના વડે વ્યકિત આધ્યાત્મિક માર્ગે કદમ ઉપાડી આગળ ને આગળ પોતાની યાત્રા ધપાવે છે. તમે કહેશોઃ સપ્તરંગી મેઘધનુષ્યના સાત રંગો મને અને તમને શો સંદેશ આપવા માંગે છે? 'હે માનવ, આ જગતમાં તું જે ધરતી પર વસવાટ કરે છે તે પૃથ્વી પર સાત ખંડો આવેલા છે. જો તારે ધન-દોલત કમાવા હોય તો તું તે ખંડો પૈકી અમેરિકા, યુરોપ, ઑસ્ટ્રેલિયા જેવા ખંડોમાં વસવાટ કરી તારો સિક્કો જમાવવા પ્રયત્ન કરજે. પણ જો તેનાથી ઊલટું આધ્યાત્મિક ધનરૂપી મૂડી કમાવા ઇચ્છતો હો તો ભૂલ કરીને પણ ધરતી પરના તે ખંડોમાં વસવાટ માટે જવાનું વિચારતો નહીં. કદાચ આ ખંડોમાં અઢળક ધન-દોલત પ્રાપ્ત થઇ શકશે પરંતુ દોડધામવાળા આ પ્રદેશમાં આધ્યાત્મિકક્ષેત્રે આગળ વધવા તું ચિંતન કરી શકીશ નહીં. તેથી હે માનવ, પ્રકૃતિના પ્રત્યેક પાસાંઓને સમજી આધ્યાત્મિક સિદ્ધિનાં શિખરો પર પહોંચવા સાત અનોખા રંગોની શોભાને જાણજે.

સપ્તરંગી શોભાના સંદેશને સમજવા બીજું એક ઉદાહરણ લઇએ તો પ્રભુતામાં પગલાં પાડતાં યુગલોને સપ્તપદી સંકલ્પ કરાવવામાં આવે છે. જેને વિગતે સમજવાની જરૂર છે.

1. જીવનમાં આગળ વધવા પ્રત્યેક ક્ષેત્રે તારી પકડેલી આંગળી છોડીશ નહીં.

2. આ માર્ગમાં કંટકો, ખાઇ કે ઢોળાવ આવે તો પણ આપણે એકમેકને યાત્રામાર્ગમાં સહાય કરી આગળ ધપતા રહીશું. 3. પરિવાર, સમાજ કે સમુદાયની સમસ્યાઓ સાથે મળી ઉકેલવા પ્રયત્ન કરીશું. કોઇ કોઇને દોષ આપી મુશ્કેલીના સમયે એકમેકનો સાથ છોડવાનો વિચાર સુધ્ધાં કરીશું નહીં. 4. ધન-દોલત, સંપત્તિ જીવનકાળ દરમ્યાન જે કાંઇ મળશે તેનો ઉપયોગ પરિવારના સભ્યો કરી શકે તેવો વ્યવહાર અને વર્તન જીવનપર્યંત રહે તેવી કાળજી રાખવાની ઇશ્વરના સોગંદ સાથે ખાતરી આપીએ છીએ. 5. મૃત્યુની ઘડી સુધી સાથે મળી કદમ ઉપાડતાં રહીશું. 6. વિશ્વાસ આપીશું અને વિશ્વાસ રાખીશું. 7. ઉભયપક્ષે અહંકારને અજાણતા પણ સ્થાન ન મળે તે માટે જાગૃત રહેશું.

આ સપ્તપદી પ્રતિજ્ઞાની જેમ મેઘધનુષી રંગોની શોભાને લઇ પૃથ્વી પરનો માણસ આગળ વધવા જો દ્રઢ સંકલ્પ કરશે તો આજ નહીં તો કાલ ઇશ્વર તેના કલ્યાણ માટે કૃપાદ્રષ્ટિ કરશે. આપણે ઘણા બધા ગ્રંથો, શાસ્ત્રોમાંથી નિચોડરૂપે અપાયેલા સંદેશની કેટલીક વાતો વાંચીએ અને સાંભળીએ છીએ. જેમ કે સુખ અને દુઃખ એક સિક્કાની બે બાજુઓ છે. કોઇ પણ પરિસ્થિતિ કાયમ રહેવાની નથી. સુખી માણસ હંમેશા સુખી રહેવાનો નથી. એવી જ રીતે દુઃખી માણસ પણ હંમેશા દુઃખી રહેવાનો નથી. દેખીતી રીતે દેખાવે ધનવાન માણસ તેના જીવનમાં સુખી હોતો નથી. દેખીતી રીતે મહેનત કરી પરસેવો પાડી પેટિયું રળતો માણસ તેના મનથી દુઃખી હોતો નથી. સુખ કે દુઃખની વ્યાખ્યા વ્યકિત વ્યકિતએ બદલાય છે. જે રીતે પાણીને આપણે જે પાત્રમાં ભરીએ છીએ, તેવો આકાર ધારણ કરી લે છે. આ મેઘધનુષી રંગો વિશાળ આકાશમાં પણ પોતાનું સ્થાન મેળવી કોઇ ચોક્કસ પ્રદેશમાં પ્રજાને પોતાની શોભા વડે અભિભુત કરી શકે છે, તેમ મર્યાદિત શકિત ધરાવતો માણસ પોતાના દઢ મનોબળ વડે જીવનમાં સફળ થઇ શકતો હોય છે. હેલન કેલર, લૂઇ બ્રેઇલ, જોન મિલ્ટન જેવા અનેક વ્યકિતઓએ પોતાની આંખોની રોશની ગુમાવ્યા પછી પણ જગતને ઘણુંબધું આપ્યું છે. તેની સામે સુદઢ શરીરવાળો વ્યકિત પોતાના નબળા મનોબળના કારણે સો વર્ષની જિંદગી જીવીને પણ સમાજને કંઇ પણ આપ્યા વિના વિદાય થતો હોય છે. તારાઓના જગતની એક લટાર લગાવીએ તો તેમાં આપણને સપ્તર્ષિની શૃંખલા જોવા મળે છે. જે

સૂચવે છે- તેજસ્વી માણસોએ પણ સામાન્ય માણસોની સાથે રહી સમાજના દરેકક્ષેત્રે કાર્ય કરવા પોતાના જીવનકાળ દરમિયાન પ્રયત્ન કરતાં રહેવું જોઇએ. આપણો એક પણ સૂર અર્થાત્ વ્યવહાર કોઇ માટે ઘોંઘાટ ન બની જાય તે સમજવા અને જાણવા સંગીતના સાત સૂરોનો સંવાદ સાંભળતાં રહેવું જોઇએ. ષડજ, રિસભ, ગંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદની સૂરાવલીમાંથી ઉદ્ભવતા શ્રુતિનાદને પણ જીવનમાં સ્થાન આપવું પડશે. જેના જીવનમાં 22 શ્રુતિઓ, 7. શુદ્ધ સ્વારો, 4 કોમળ સ્વરો અને 1 તીવ્ર મધ્યમની વાંસળી વાગશે તે હંમેશાં અન્યને મીઠાશ આપશે. પરંતુ જેઓ બાવન બહાર આવેલા અક્ષરની જેમ વર્તતા રહેશે, તેઓ જગતની આ અનુભૂતિથી વંચિત રહેશે. પરંતુ સાધના વડે જેઓ ઉપર જણાવેલા જગતમાં વિહરવા કદમ ઉપાડશે તેમની મોરલી માધવનું આકર્ષણ જરૂર બનશે.

મેઘધનુષી રંગોનાં રહસ્યોને જેઓ જાણી જીવનમાર્ગમાં આગળ ધપતા રહે છે તેમના જીવન પ્રદેશમાં સાત સૂરોની સરગમ ખુશીનો સંવાદ સ્થાપી મધુરતા આપે છે. જેના કારણે માણસ પોતાના માનવતાના પ્રદેશમાં આગવી ઓળખ ઊભી કરી શકે છે. આ વાતને સમજવા મને એક સંત-મહાત્માનું દષ્ટાંત યાદ આવે છે. સૌરાષ્ટ્રના અમરેલી પ્રદેશની આ વાત છે. કૉલેજમાં અભ્યાસ કરતી એક દીકરી કોઇ પુરુષના પરિચયમાં અચાનક આવે છે. તેના વ્યકિતત્વથી અંજાઇ જઇને એકવાર અજુગતું પગલું ભરી લે છે. દિવસો પછી દિવસો પસાર થતા રહે છે. સમયની સાથોસાથ દીકરીની વિમાસણ વધવા લાગે છે. એક દિવસ આવનારી સમસ્યાને લઇ આ દીકરી આત્મહત્યા કરવા ગામડાં ગામની વાડીમાં આવેલા કૂવામાં પડતું મૂકવા રાત્રિના અંધારાનો લાભ લઇ નીકળી જાય છે. દીકરી મને કોઇ જોતું નથી તેમ માની તે લગભગ કૂવામાં પડતું મૂકી દે છે, પરંતુ પાણી પીવાની ઇચ્છાથી આવેલા સંતની નજર કૂવામાં પડતું મૂકવાનો પ્રયાસ કરતી દીકરી તરફ આવી જાય છે. મહાત્મા શકિત એકત્રિત કરી કૂવામાં ઝંપલાવતી દીકરીની ચૂંદડીનો છેડો પકડી લે છે અને એ રીતે તેને કૂવામાં પડતું મૂકતાં રોકે છે. દીકરી સાથે થયેલા સંવાદમાંથી સાધુ મહાત્માને જાણવા મળે છે કે : દીકરી તેના પેટમાં ઉછરી રહેલા કલંકના કારણે આ રીતે કૂવામાં પડતું મૂકી જીવન ટૂંકાવવા તૈયાર થઇ છે. મહાત્માએ દીકરીની પૂરી વાત સાંભળી તેને આશ્વાસન આપતા

કહ્યું: 'તારું આ કલંક હું માથે લેવા તૈયાર છું. લખચોરાસી યોનિમાં ભટકયા પછી મળેલ માનવ અવતાર બેટા, આ રીતે એળે જવા દઇ શકાય નહીં. પોલીસ સ્ટેશનમાં હું સોગંદનામું કરી તારું કલંક માથે ચડાવવા તૈયાર છું. આ સંત મહાત્માએ કોઇ એક જિંદગીને બચાવવા પોતાના પર આળ ઓઢી લઇ મોટું પુણ્ય કર્યુ કહેવાય. પરંતુ જગતના લોકો આવી વાત સમજી શકતા નથી. લોકોના ટોળાએ સંત પર પથ્થરમારો કરી હુમલો કર્યો પણ ભગવાને આ મહાત્માનો આબાદ બચાવ કરી મેઘધનુષી સપ્તરંગી શોભાને ખરા અર્થમાં સજાવી માનવતાના મુલકને રળિયામણો બનાવવાનો પ્રયત્ન કર્યો હતો.

ઇશ્વરની કૃપાદ્રષ્ટિ પામવા પ્રત્યેક વ્યક્તિએ સપ્તરંગી રહસ્યોને શોભાવતી રંગોળી જગતમાં પૂરી જગતને સોહામણું બનાવવા જીવનપર્યંત પ્રયત્ન કરતાં રહેવું જોઇએ, ત્યારે જ આ સપ્તરંગી અનુભવના આંગણે થયેલી વાતો રંગ લાવી શકશે.

# ૧૫. દિવ્ય છે દષ્ટિનો દરબાર

'જીવનનો ધબકાર-મારી સ્મરણયાત્રા' પુસ્તકનું પહેલું પ્રકરણ જયારે લખવાની શરૂઆત કરી ત્યારે 'દષ્ટિવિહોણાં દર્શન' શીર્ષક સ્ફર્યું. આમ તો, દષ્ટિ એક એવી શકિત છે કે જેના વિના સૃષ્ટિની અનુભૂતિ શકય નથી. તો પ્રકરણનાં ટાઇટલ મુજબ પુસ્તકમાં કહેવામાં આવ્યું છે- 'દષ્ટિવિહોણાં દર્શન' દષ્ટિની ગેરહાજરીમાં કોઇ પણ દર્શન અશકય અને અસંભવ છે. તેમ છતાં દષ્ટિવિહોણાં દર્શન શીર્ષક પસંદ કરવામાં મને જરા પણ હિચકિચાટ થયો નહિ. કારણ કે, દષ્ટિ વિષે મારું નિરીક્ષણ જુદું છે. તેના વિષે વિગતે ચર્ચા કરવા આપ સમક્ષ 'દિવ્ય છે દષ્ટિનો દરબાર' શીર્ષક નીચે નમ્ર પ્રયત્ન કરીશ.

દષ્ટિ એટલે શું? દાર્શનિક જગતને સમજવાના કાર્યમાં ઉપયોગમાં આવતી શકિતનો સ્રોત. આ શકિત આપણને આંખ, કાન,નાક, સ્વાદ અને સ્પર્શ જેવી ઇન્દ્રિયો આપે છે, પરંતુ આંખ તેમાં મોખરે રહી દષ્ટિ આપવાનું કામ કરે છે. તેની અનુભૂતિ આપણા મસ્તિષ્ક સુધી પહોંચાડી જગતની ગતિવિધિઓથી અવગત કરે છે. આવી જ કેટલીક અનુભૂતિ આપણને શ્રવણશકિત વડે પણ થતી હોય છે. એટલે કે શ્રાવ્ય શકિત પણ એક દષ્ટિ આપવાનું કામ કરનારી વિશિષ્ટ શકિત છે. તેના વડે આપણે જુદા-જુદા અવાજોનું વર્ગીકરણ કરી એક-મેક વચ્ચે ભેદ પારખી શકીએ છીએ. તે રીતે જગતને જાણવા અને માણવા આપણી શ્રાવ્ય ઇન્દ્રિય દષ્ટાનું કામ કરે છે અને એટલે જ મેં મારા પુસ્તકમાં આંખની દષ્ટિ સિવાય અન્ય ઇન્દ્રિયોની શકિત વડે જગતને સમજવાનો અને જાણવાનો જે પ્રયાસ કર્યો તે અનુભવને 'દષ્ટિવિહોણાં દર્શન' તરીકે રજૂ કરી આંખની દષ્ટિ વિના પણ જગતને શી રીતે જોવાનો પ્રયાસ થઇ શકે? તેને પુસ્તકના પ્રકરણમાં મૂકી આંખોની દષ્ટિ ગુમાવનાર વ્યકિતઓને પ્રેરિત કરવા અજ્ઞાનના અંધકાર સામે પુસ્તકરૂપી દીપ પ્રગટાવી પ્રકાશ પાથરવા પ્રયત્ન કર્યો છે. જે રીતે રાત્રીનાં ઘોર અંધકારમાં પ્રગટાવેલો દીવો અંધકારને હટાવવા પોતાનો નમ્ર પ્રયાસ કરે છે. એવી જ રીતે દષ્ટિનાં અન્ય માધ્યમો વિષે થોડી વાત કરીએ તો ઘ્રાણેન્દ્રિય પણ આપણને જગતની ઘણી બધી અનુભૂતિ કરાવી જગતની વિશિષ્ટતા સમજવાનો મોકો આપે છે.

જેમ કે- ગુલાબ અને મોગરાની સુવાસ એકબીજાથી તદ્દન અલગ છે છતાં પણ બન્ને મહેક અને રંજકતા વડે વ્યક્તિને અભિભૂત કરી જગતમાં ડોકિયું કરાવે છે. એવી જ રીતે સ્પર્શની અનુભૂતિ પણ આપણને રોમાંચક બનાવે છે. સ્વાદ દ્વારા પણ આપણે જ્ઞાનપ્રાપ્તિ કરતા હોઇએ છીએ. આ બધી જ શકિતઓ દૃષ્ટિનું જ સ્વરૂપ છે. પરંતુ આ દૃષ્ટિ ખરેખર બાહ્ય દૃષ્ટિ છે. તે દેખીતા જગતને સમજવા પૂરતી મર્યાદિત શક્તિ ધરાવે છે. પરંતુ વાસ્તવિક જગત અને ભીતરની ભૂગોળને સમજવા આંતરિક દૃષ્ટિ ખુલવી અને ખિલવી જોઇએ, તો જ આપણે વાસ્તવિક જગતને સમજી શકતા હોઇએ છીએ. 'દૃષ્ટિવિહોણાં દર્શન' પ્રકરણ બાહ્ય દૃષ્ટિ આધારિત નથી. પ્રકરણમાં આંતરિક દૃષ્ટિનું અવલોકન જીવનની સમસ્યાઓમાંથી ઉકેલ લાવવા મહત્ત્વનું બન્યું છે એટલે જ કદાચ દૃષ્ટિવિહોણાં દર્શન દ્વારા 'જીવનનો ધબકાર મારી સ્મરણ યાત્રા' નો પાયો રચાયો. એટલે કે પુસ્તકનું ભલે કદાચ આ પ્રથમ પ્રકરણ હોય પરંતુ હકીકતમાં તો તે આખા પુસ્તકનું કેન્દ્રબિંદુ છે. કારણ કે આંતરિક દૃષ્ટિ માત્ર જગતને સમજવા પૂરતું મર્યાદિત કામ કરતી નથી અથવા તેની શકિત તે સમજવા પૂરતી સીમિત નથી. કારણ કે આંતરિક દૃષ્ટિની શકિત વિશાળ અને વિસ્તૃત છે. આમ તો, આંતરિક દૃષ્ટિના પણ બે પ્રકાર છે. ૧. પ્રેરિત દૃષ્ટિ અને ૨. સ્વયં પ્રેરિત દૃષ્ટિ.

૧. પ્રેરિત દૃષ્ટિ : અન્યના જીવન-કવનમાંથી આપણને જે શીખવા કે જાણવા મળે તે પ્રેરિત દ્રષ્ટિ છે. આવી પ્રેરણા વડે વ્યકિત પોતાના ભાવિ જીવનનું આયોજન તૈયાર કરી શકે છે. મહાત્મા ગાંધીએ હરિશ્ચંદ્ર-તારામતીનું નાટક જોયું, જેમાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્રએ વચનપાલન અને સત્યનું આચરણ કરવા અનેક મુસીબતો વચ્ચે પણ મક્કમ મને રાજપાઠ વગેરે ગુમાવીને પણ સત્યનું આચરણ કર્યુ તે શીખ વડે ગાંધીજીએ પોતાના જીવનની નીવ રચી. પરિણામે જગતને મહાત્મા ગાંધી જેવી વિરલ વ્યકિત પ્રાપ્ત થઇ. આ પણ આંતરિક દૃષ્ટિ દ્વારા નિહાળેલી પ્રેરણા જ હતી. આપણી આસપાસ અનેક વ્યકિતઓનાં જીવનમાંથી શીખ મળે તેવા અનેક મહાનુભાવો આવો જ સંઘર્ષ કરતા જોવા મળે છે. પરંતુ ક્ષીણ અને કુંઠિત બની ગયેલી આપણી આંતરિક દૃષ્ટિ તે જોઇ શકતી નથી. પરિણામે આપણે ઉચ્ચ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાથી વંચિત રહીએ છીએ.

ઇતિહાસમાં આપણે ડોકિયું કરીએ તો હિરણ્યકશિપુના પુત્ર પ્રહ્લાદનો સંઘર્ષ  વાંચવા મળે છે. પિતા સામે નમતું જોખતો નથી. હિરણ્યકશિપુ ભગવાનનું નામ છોડાવવા તેની અનેક કસોટી કરે છે. તે તેને ડુંગર પરથી ફેંકે છે, અગ્નિમાં બાળવા નિષ્ફળ પ્રયત્ન કરે છે, લોખંડનો સ્તંભ અગ્નિમાં તપાવી તેને ભેટવા હુકમ કરે છે. આ બધી જ કસોટીઓમાં પ્રહ્લાદ સુપેરે પોતાની આંતરિક શકિત વડે સાંગોપાંગ ઉતરે છે. તેની આ દષ્ટિશકિતના કારણે તપાવેલો સ્તંભ ફાટી તેમાંથી ખુદ ઇશ્વર પ્રગટે છે. આમ, આંતરિક દષ્ટિ વડે અન્ય વ્યકિતને વિપરિત સંજોગોમાં રક્ષણ મળે છે. સામાન્ય રીતે આંતરિક દષ્ટિ વ્યકિતની પ્રેરણાથી જ ખુલતી હોય છે પરંતુ, અપવાદરૂપ કેટલાક સાધકો પોતાની આંતરિક શકિત આપમેળે ખીલવી શકે છે. જેની આંતરિક દષ્ટિ ખુલે છે તે અન્યને પણ તારી શકે છે. આ વાતને સમજવા મને એક ઉદાહરણ યાદ આવે છે.

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના સમઢિયાળા ગામમાં સાવ અભણ એક સ્ત્રી પોતાની શિષ્યા પાનબાઇને ઉદ્દેશીને જે પદો લખે તેમાં એવી તો માર્મિક વાતો મૂકે છે જેને આજનો પીએચ.ડી. થયેલો તજ્જ્ઞ વ્યકિત પણ સમજવામાં ફાંફાં મારે. તેનાં કેટલાંક પદો વિષે વિગતે ચર્ચા કરવાનું મને ઉચિત લાગે છે. કારણ કે સ્વયંપ્રેરિત દષ્ટિનું ગંગાસતીનું આ અનોખું ઉદાહરણ છે. તે પોતાના પદમાં કહે છે–

‘વીજળીના ચમકારે મોતી રે પરોવવા પાનબાઇ,
અચાનક અંધારા થાશે.’

અર્થાત્ જીવનની પસાર થતી ક્ષણને સમજીને તમે જીવનનાં રહસ્યો જાણી લેજો. તમારા જીવનકાળ દરમિયાન ઉત્તમ કાર્યરૂપી મોતીડાં પરોવી લેજો. અન્યથા ક્ષણભંગુર જીવનનો અચાનક અંત આવશે. તે વેળા આવે તે પહેલાં જ તમે તમારા જીવનના મર્મો જાણી લેજો. મોક્ષમાર્ગની યાત્રા માટે ભાથું બાંધી લેજો. તો ગંગાસતી પોતાના અન્ય એક પદમાં કહે છેઃ ‘શીલવંત સાધુને વારે વારે નમીએ પાનબાઇ, જેના બદલે નહીં વર્તમાન.’

અર્થાત્ ચરિત્રવાન વ્યકિતને આપણે હંમેશા નમસ્કાર કરવા જોઇએ. પરંતુ આ વ્યકિત પોતાનો સ્વભાવ વારંવાર બદલતા ન હોવા જોઇએ. એટલે કે ‘અભિ

બોલા, અભિ ફોક' લોકોથી દૂર રહી સાચા શીલવાન અને વચનપાલક લોકોના સત્સંગમાં રહી, આપણી જીવન નાવને આગળ ધપાવતા રહેવું જોઇએ. આ વાતને સમજવા એક ઉદાહરણ લઇએ તો, સતી તોરલ ખૂબ પાપી એવા જેસલને ઉદ્દેશીને એક પદમાં કહે છેઃ

'પાપ તારું પ્રકાશ જાડેજા, ધરમ તારો સંભાળ રે;
તારી બેડલીને બૂડવા નહીં દઉં, જાડેજા રે..., એમ તોરલ કહે છે.'

તોરલ જાડેજાને ઉદ્દેશીને ભીતરમાં ધરબાયેલી વાતોને બહાર લાવી કરેલા પાપને પ્રકાશવા આદેશ કરી કહે છે કે- તારા અંતરથી કરેલો પશ્ચાત્તાપ તને તારી પ્રાર્થના સમજી ઇશ્વર તારશે. આ પદ પણ આંતરદષ્ટિનું જ ઉદાહરણ છે. આવી ઘણી વાતો આપણાં શાસ્ત્રોમાં આપણને જોવા અને જાણવા મળે છે. મને આ બધી વાતો ખૂબ ગમે છે અને આંતરિક દષ્ટિ વડે તેને જાણવા અને સમજવા આપણા જાણીતા કાર્યકર અને પ્રજ્ઞાચક્ષુ કવિ મનુભાઇ એસ. પટેલની પંક્તિ યાદ આવે છે, તેઓ કહે છે :

કંઇ કેટલા જન્મો મહીં આપણ સહુ મળતા રહ્યાં,
કંઇ કેટલા જન્મો ધરી આપણ સૌ વિકસતાં રહ્યાં.
સાથે ખિલ્યાં, સાથે ખર્યાં, કંઇ કેટલાં ફૂલડાં બની.
સાથે તર્યા, સાથે ઊડયાં, કંઇ કેટલાં વિહંગો બની
ધરતા રહ્યા દેહ, ભિન્ન પણ રહ્યાં, કંઇ કેટલા સાથે રમ્યાં,
સાથે ફર્યાં, કંઇ કેટલાં જન્મો. . .

આ કાવ્ય પંક્તિમાં આપણને કહે છેઃ કેટલા જન્મથી હું અને તમે મળીએ છીએ પણ એકમેકને ઓળખ્યા વિના છૂટા પડી જઇએ છીએ. કોઇવાર સરોવરમાં સાથે તરતા હોઇએ છીએ તો કોઇવાર પક્ષી બની આકાશમાં ઊડતા પણ હોઇએ છીએ પણ એકમેકનાં અંતરમાં સ્થાન પામતા નથી. આ જ છે સાચી આંતર દષ્ટિનું દર્શન. કવિ કહે- સાથે ખિલ્યા, સાથે ખર્યા કંઇ કેટલાં ફૂલડાં બની. આપણે સફળતાની ઊંચાઇઓ કે પ્રગતિનાં શિખરો સાથે મળી ચડતા હોઇએ છીએ. પરંતુ એકમેકને મળેલી ઊંચાઇ કે સફળતા કાયમી રહે તેની ચિંતા કે ચિંતન કરતા નથી. એ જ આપણી આંતરદષ્ટિનો વિક્ષેપ એટલે કે ધૂંધળી થયેલી આપણી આંતરદષ્ટિ એકમેકને

સમજવા દેતી નથી અને આખરે સમયનું ચક્ર પોતાનો આંટો પૂરો કરે છે ત્યારે ખાલી હાથે આપણે પણ તે ચક્રની જેમ લખચોરાસીનો ફેરો ફરવા નીકળી પડીએ છીએ.

આ જ્ઞાનપ્રાપ્તિ મને અને તમને સ્થૂળ બાહ્યદષ્ટિ આપી શકે નહીં. બાહ્યદષ્ટિની સાથોસાથ જયારે આપણે આપણી આંતરિક દષ્ટિને સતેજ કરી શકીશું ત્યારે જ આપણી 'દિવ્યદષ્ટિનો દરબાર' ખીલી ઊઠશે.

# ૧૬. વિચારવાટિકા

દયા, કરુણા, સહાનુભૂતિ અને સંવેદના વ્યક્તિને માનવતાના પ્રદેશમાં આગળ વધવા પ્રકાશ આપે છે. વર્ષ ૧૭૮૪માં અંધજનો પણ શિક્ષણ લઇ શકે તેવા ઉમદા ઉદ્દેશથી સ્થપાયેલી ફ્રાંસની પેરીસ શહેરની અંધશાળાએ ખાસ કરીને અંધજનોનાં જીવનમાં જ્ઞાનના ઉજાસ પાથર્યા. સમયાંતરે વિકલાંગોના શિક્ષણને વ્યાપકસ્તરે દુનિયામાં આવકાર મળ્યો. પ્રારંભમાં ખાસ શાળાઓએ વિકલાંગોમાં પડેલી સુષુપ્ત શકિતઓને ઓળખી લઇ તેને વિકસાવવા યત્કિંચિત પ્રયત્ન કર્યો. ત્યાર બાદ આવાં બાળકોને સામાન્ય બાળકોની શિક્ષણ વ્યવસ્થામાં સમાવી લેવા વિશ્વનાં દેશોએ નવો ચીલો ચાતર્યો. ઇન્ટિગ્રેશન એટલે કે સંકલિત શિક્ષણનો નવો કાર્યક્રમ આપ્યો. જેને આપણા દેશમાં વર્ષ ૧૯૭૪માં પ્રાયોગિક રીતે અમલમાં મૂકવામાં આવ્યો હતો.

ગુજરાતનાં મહેસાણા જિલ્લામાં વર્ષ ૧૯૮૧માં રાષ્ટ્રીય અંધજન સંઘ-મહેસાણાએ ગુજરાતમાં પ્રથમ આ કાર્યક્રમની શરૂઆત કરી. લગભગ ૯૦નાં દાયકામાં રાજયમાં આ કાર્યક્રમનો વિસ્તાર થયો. વર્ષ ૧૯૯૨ માં આ યોજનામાં કેટલાક સુધારાઓ દાખલ થયા. (સ્કીમ રીવાઇજ) ભારત સરકારનાં ૧૦૦ ટકા અનુદાનથી આરંભ થયેલી આ યોજના દ્વારા વિકલાંગ બાળકોનો સર્વે અને તેની જરૂરિયાતોનો અભ્યાસ કરી. જરૂરિયાતમંદ બાળકોને ખોળી કાઢયા. લગભગ ૨૦૦૪માં નલિનભાઇ પંડિત (નિયામકશ્રી, GCERT)ના સંનિષ્ઠ પ્રયત્નોથી ૮૦ હજારથી વધુ બાળકોને આવરી લઇ શિક્ષણની સેવાઓનો વિસ્તાર થયો. એટલું નહિ આ કાર્યક્રમને વધુ અસરકારક બનાવવા રાજયભરના ૧૨૦૦થી વધુ કાર્યરત શિક્ષકોને અસરકારક તાલીમ આપવા પાલિતાણા મુકામે ત્રિ-દિવસીય કાર્યક્રમનું આયોજન થયું. જેમાં ભાવનગરની રાષ્ટ્રીય અંધજન મંડળ-જિલ્લાશાખાના તજજ્ઞો દ્વારા મંથન નામનું મોડયુલ તૈયાર કરવામાં આવ્યું. જેના માધ્યમથી શિક્ષકોની તાલીમ અસરકારક બની પરંતુ સૃષ્ટિનાં નિયમ મુજબ જે પ્રવૃત્તિનો પ્રારંભ થાય છે તેનો અંત આજ નહિ તો કાલ આવતો હોય છે. જે રીતે સવારમાં ઊગેલો સૂર્ય સાંજના અસ્ત પામે છે તેમ જગત

પણ પરિવર્તનશીલ છે.

સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભાએ સન ૨૦૦૬ ના ડિસેમ્બર મહિનાની ૧૩મી તારીખે અશકત વ્યકિતઓના કલ્યાણ અને પુનઃસ્થાપનને ઉત્તેજન મળે તેવા હેતુથી કેટલાક ઠરાવો પસાર કર્યા. સભા દ્વારા પસાર થયેલા ઠરાવોના આધારે એક ઘોષણાપત્ર તૈયાર થયું. આ ઘોષણાપત્ર મુજબ અશકત વ્યકિતઓ પણ સામાન્ય બાળકો સાથે કોઇ વિશિષ્ટ માળખાકીય સવલતો વિના જ સામાન્ય બાળકોના જ વર્ગખંડમાં શિક્ષણની સેવાઓ મેળવી શકે, એટલું જ નહીં આ કાર્યક્રમ સામાન્ય શિક્ષણનો જ હિસ્સો બની જાય તેવાં પગલાં લેવા સંયુકત રાષ્ટ્રના સભ્યો સંમત થયા. તેમાં ભારત સરકારે પણ પોતાની સંમતિ આપી. આમ, અશકત બાળકો સામાન્ય બાળકો સાથે કોઇ વિશિષ્ટ ફેરફાર વિના પણ શિક્ષણ મેળવી શકે તે દિશામાં આગળ વધવાના દ્વાર ખુલ્યાં. પરિણામે ભારત સરકારે ૧૯૯૫ ના વિકલાંગ વ્યકિતઓના કાયદામાં સુધારા લાવવા પોતાના પ્રયત્નો શરૂ કર્યા. એટલું જ નહીં ઇન્ટીગ્રેશન યોજનાના સ્થાને નવી યોજના દ્વારા સંયુકત રાષ્ટ્રની વિભાવનાઓને બર લાવવા સમાવેશી શિક્ષણનો ખાસ કાર્યક્રમ તૈયાર કર્યો. ભારત સરકારે પોતાની યોજનાને અસરકારક બનાવવા ૨૦૦૯માં સંકલિત શિક્ષણ યોજના દેશમાં બંધ કરી. રાજય સરકારે ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતાં બાળકો માટે ભારત સરકારના આર્થિક સહયોગથી સર્વશિક્ષા અભિયાન નીચે નવી યોજના દાખલ કરી શિક્ષણથી વંચિત વિકલાંગ બાળકોને ૧૦૦ ટકા નામાભિધાન કરી શિક્ષણની સેવા નીચે આવરી લીધા. જયારે માધ્યમિક તબકકે ભારત સરકારની નવી સંમિલિત શિક્ષણ યોજના શરૂ કરવામાં આવી. સંકલિત શિક્ષણ યોજના બંધ થવાથી બેરોજગાર બનેલ ૧૨૦૦થી વધુ વિશિષ્ટ શિક્ષકોને તબકકાવાર આ યોજનામાં સમાવી લેવા સંગઠનો અને બેરોજગાર બનેલ વિશિષ્ટ શિક્ષકોની માંગણીને ધ્યાને લઇ રાજય સરકાર દ્વારા આયોજન ઘડવામાં આવ્યું પરંતુ યોજનાના માળખામાં વિશેષ પરિવર્તન કયાંય દૃષ્ટિપાત થયું નહીં. કારણ કે યોજનાનું સંકલન અને દેખરેખ GCERT ને સોંપવામાં આવી. GCERT એ તેનું અમલીકરણ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી જ કર્યું. જે યોજના સરકારનો હિસ્સો બનવી જોઇએ તે નવી સંમિલિત શિક્ષણ યોજના બની શકી

નહીં. તેમજ તેના અમલીકરણ માટે કોઇ માર્ગદર્શિકા નહિ હોવાના કારણે અગાઉની સંકલિત શિક્ષણ યોજનાનું જ પુનરાવર્તન થયું પરિણામે વિકલાંગ બાળકોનું શિક્ષણ સ્વૈચ્છિક સંસ્થાઓને આધારિત અને સમાવેશી કાર્યક્રમથી અળગું રહ્યું. બેરોજગાર બનેલ વિશિષ્ટ શિક્ષકો થાળે પડવા પૂરતો વિકલ્પ બની ગયો.

દરમિયાન નામદાર ગુજરાત હાઇકોર્ટ અને સુપ્રીમમાં પણ વિશિષ્ટ શિક્ષકો દ્વારા દાખલ કરાયેલ દાવાને પગલે કોર્ટના આવેલ હુકમને લઇ આ શિક્ષકોને પણ સામાન્ય શિક્ષકો જેવા જ આર્થિક લાભ આપવામાં આવ્યા, જે આવકારદાયક બાબત ગણાય. પરંતુ ધોરણ ૧ થી ૮ માં કોન્ટ્રાકટ બેઝથી કામ કરતાં શિક્ષકો પણ વિકલાંગ બાળકોને જ શિક્ષણ આપે છે તેથી તેને પણ ઉપર મુજબના લાભ રાજય સરકારે આપવા જોઇએ. કારણ કે દેશના બંધારણ મુજબ સમાન કામ, સમાન વેતનનો અધિકાર દરેકને લાગુ પડે છે. જોકે આપણા દેશમાં બોલે તેના બોર વેચાય છે. તેથી મૌન ધારણ કરનાર લોકોએ અન્યાય સહન કરવાની તૈયારી રાખવી જ રહી.

આઝાદી સમયે અસ્તિત્વમાં આવેલી અથવા તે પહેલા કાર્યરત બનેલી ખાસ શાળાઓને ૭૦ના દાયકામાં રાજય સરકાર દ્વારા ખાસ મહેકમ મંજૂર કરી સ્ટાફ ફાળવવામાં આવ્યો. સમયાંતરે તેમાં વધારો પણ થતો રહ્યો એટલું જ નહીં આવી સંસ્થાઓને આપવામાં આવતા અનુદાનમાં પણ સમયાંતરે સુધારાઓ કરવામાં આવ્યા. વર્ષ ૧૯૯૨ માં રાજય સરકારે આવી સંસ્થાઓને અનુદાન આપવા આર.કે. શાહ સમિતિની રચના કરી ગ્રાન્ટ ઇન કોડ ૧૯૯૨ તૈયાર કર્યો. તદનુસાર આવી સંસ્થાઓને જગ્યાઓની ફાળવણી પણ કરવામાં આવી. સમય પાણીના પ્રવાહની જેમ વહી રહ્યો હતો. કેટલાક રાજકીય પરિવર્તનો થતાં પ્રથમ ૨૦૦૬ માં છઠ્ઠા પગાર પંચના પગલે વિશિષ્ટ સંસ્થાઓની ૨૪૯ જગ્યાઓ રદ કરવામાં આવી. બરાબર ૧૦ વર્ષ બાદ સાતમા પગાર પંચના અમલ સમયે આવી સંસ્થાઓની વધુ ૨૪૧ જગ્યાઓ રદ કરવામાં આવી. એટલું જ નહીં ૨૦૧૬ પછી વયમર્યાદાના કારણે ખાલી પડેલ ૧૧૫ પૈકીની ૫૪ જગ્યાઓ રદ કરી દેવામાં આવી છે. તો વર્ગ-૪ની આવી સંસ્થાની તમામ જગ્યાઓ આઉટસોર્સિંગથી ભરવામાં આવે છે. પરિણામે વિકલાંગ બાળકોની શુશ્રૂષા અને તેની સંભાળ પર ગંભીર અસર પડી છે. નોંધારાં બનેલાં આ બાળકો અનેકવાર

નાની-મોટી ઈજા થવાના કારણે મર્યાદિત સ્ટાફના લીધે સમયસર સારવાર મેળવી શકતા નથી. તો ભોજનાલયમાં આઉટસોર્સિંગથી મુકાયેલા બેજવાબદાર અને નિરંકુશ કર્મચારીઓના કારણે સ્વાદહીન ભોજન લેવા મજબૂર બને છે. આ અંગે રાજય સરકારને સ્વૈચ્છિક સંગઠનો દ્વારા રદ કરાયેલ જગ્યાઓ પુનર્જીવિત કરવા અવારનવાર રજૂઆતો કરવામાં આવે છે. તેમજ વર્ગ-૪ની જગ્યાઓ આવી સંસ્થાઓને સીધી ભરતીથી આપવા અનેકવાર રજૂઆત થઇ છે, તેમ છતાં સંવેદનાનાં દ્વાર ખુલ્યાં નથી. જોકે આમાં બોર વેચવાવાળા વેપારીઓનો પણ થોડો વાંક છે. તમે સમજયા ને ! બોલ્યા વિના બોર વેચાય નહીં. તમે કહેશો- બોલનારની બોબડી બંધ કરી દેવામાં આવે છે એનું શું? જવા દો આ બધી વાત. વિચારોની વાટિકામાં મારે તો એટલું જ કહેવું છે કે- સ્વૈચ્છિક સંગઠનોએ પણ સંમિલિત શિક્ષણ એટલે કે સમાવર્તી શિક્ષણનો વિચાર સમજવો પડશે. હવે જયારે સરકાર વિકલાંગ બાળકોના શિક્ષણની જવાબદારી વહન કરવા માધ્યમિક તબક્કે સંમિલિત શિક્ષણ યોજના હાથ પર લેવા તૈયાર થઇ છે ત્યારે તેમાં રોડાં નાખી વિકલાંગ બાળકોના શિક્ષણના નામે કોઇ વકીલાત કરવાનું કારણ રહેતું નથી. જો વકીલાત કરવી જ હોય તો આવાં બાળકોના શૈક્ષણિક કાર્યક્રમો સ્વૈચ્છિક રીતે તૈયાર કરી જિલ્લા શિક્ષણ અધિકારીની સાથે રહી તેને અમલમાં મૂકવા પોતાની ભૂમિકા ભજવવી જોઇએ. આવા શિક્ષકોની તાલીમ, તે માટેનું મટિરિયલ, મોડયુલ, ટી. એલ. એમ. વગેરે તૈયાર કરવા આગળ આવવું જોઇએ. આ માટે સંશોધન હાથ ધરવું, મનોવૈજ્ઞાનિક પાસાઓ સહિત આયોજનપૂર્વક શૈક્ષણિક વિકલાંગ બાળકોના હિતમાં સામાન્ય શાળાઓમાં પણ અસરકારક રીતે અમલમાં મૂકવા પોતાનું યોગદાન આપવું જોઇએ. જો મોટું મન રાખી દરેક સંસ્થાઓ પોતાની જવાબદારી અદા કરી શકશે તો સમગ્ર દેશમાં સમાવર્તી શિક્ષણનો આપણા રાજયનો આ કાર્યક્રમ આદર્શ કાર્યક્રમ પુરવાર થશે - તેની મને શ્રદ્ધા છે.

'વિશિષ્ટ શિક્ષક' શિક્ષણ યોજનાનો આત્મા છે. તેણે સ્વૈચ્છિક સંસ્થાઓના માર્ગદર્શન અને નિયંત્રણ નીચે વિકલાંગ બાળકોના સર્વાંગી વિકાસ માટે ઘણી અગત્યની ભૂમિકા ભજવી હતી. હવે આ કાર્યક્રમ શાળા વિકાસ સંકુલ નીચે મૂકવામાં આવતા વિશિષ્ટ શિક્ષકો પોતાની આગવી સૂઝથી કાર્યક્રમને વધુ અસરકારક બનાવી

શકશે પરંતુ આઝાદ અને મુકત થયેલ આ શિક્ષક વિકલાંગ બાળકોના શૈક્ષણિક હિતોને બાજુ પર મૂકી પોતાની આઝાદીનો ગેરલાભ લઇ માત્ર આર્થિક ઉપાર્જન પૂરતી પોતાની સેવા મર્યાદિત બનાવી દેશે તો વિકલાંગોનું શિક્ષણ ઊલમાંથી ચૂલમાં પડશે. પરિણામે વિકલાંગ બાળકો નોધારાં થશે જયારે વિશિષ્ટ શિક્ષકો સામ, દામ, દંડથી પોતાનો સેવાકાળ પૂર્ણ કરશે.

આ સમસ્યાને રોકવા રાજય સરકારે ખાસ માળખાકીય વ્યવસ્થા પ્રસ્થાપિત કરવી પડશે. આમ થશે તો જ સંયુકત રાષ્ટ્રની ૨૦૦૬ની સામાન્ય સભામાં થયેલ ઠરાવની વિભાવનાઓ ચરિતાર્થ થશે.

## ૧૭. સંકટ સમયે ધીરજ રાખનાર માણસની જીત થાય છે

માણસના જીવનમાં ચડતી અને પડતી આવતી જ રહે છે. પરંતુ ધીરજ ધારણ કરનાર માણસ તેના જીવનના વિપરીત સંજોગો સામે પણ સંઘર્ષ કરી જીત મેળવવામાં સફળ થાય છે. જીવનમાં આવતા તડકા છાયા તે પોતાની ધારણ કરેલી ધીરજશકિતના કારણે ખાળી શકે છે. ભીતરની ભૂગોળને જાણી જે પગલાં ભરે છે, તે સંસારભૂમિ પર પોતાનું સામ્રાજય સ્થાપી સિદ્ધિ મેળવી શકે છે. ક્રિકેટમાં વિજય મેળવવા વિરોધી ટીમની નબળાઇઓનું અવલોકન કરી આયોજનપૂર્વક જે ટીમ તૈયાર કરેલી યોજનાપૂર્વક બેટિંગ અને બોલિંગ કરી શકે છે, તે ટીમ હંમેશાં જીત મેળવી શકે છે. આપણે જો જીવનમાં જીત મેળવવી હોય તો ધીરજ ધારણ કરી આપણા કાર્યક્ષેત્રમાં આગળ ધપતા રહેવું જોઇએ. ધીરજપૂર્વક કરેલું કોઇપણ કાર્ય સફળતા અપાવે છે. જોકે ધીરજ વિપરીત સમય સંજોગોમાં રાખવી સરળ નથી તેમ છતાં ધીરજ રાખવાનો ગુણ શીખવા જેવો તો મને જરૂર લાગે છે. ધીરજ ગુમાવનાર હાથમાં આવેલી સફળતા ગુમાવે છે.

ધીરજની વાત નીકળી જ છે ત્યારે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ફરજ અદા કરતા પ્રજ્ઞાચક્ષુ શિક્ષક મિત્રોને મારે એટલું જ કહેવું છેઃ 'યુગ ભલે ટેકનૉલૉજીનો હોય, આપણે સૌ ભલે કૉમ્પ્યૂટર, મોબાઇલ કે અન્ય ઉપકરણો ચલાવી શકતા હોઇએ. કદાચ સનેત્ર વ્યકિતઓ કરતાં પણ આ બધાં જ સાધનો સારી પેઠે વાપરી શકતા હોઇએ પણ મોટા ભાગના લોકો આપણી આ આવડતને સ્વીકારવા માનસિક રીતે તૈયાર થઇ શકશે નહિ. શંકા તે લોકોનો પીછો છોડવા તૈયાર થતી જ નથી. વળી બીજા શબ્દોમાં કહુ તો આવી ઉદારતા તેઓ કોઇ પણ સંજોગોમાં બતાવી તમને પણ તેના જ જેવા શિક્ષક તરીકે જોવા પોતાની દષ્ટિ કેળવવા માગતા નથી. ત્યારે આપણે ધીરજપૂર્વક આપણી ફરજ અદા કરી બતાવાનો પડકાર ઝીલવા તૈયાર રહેવું જોઇશે. આજ-કાલ ગુજરાતભરમાંથી મારી પર જુદી-જુદી સમસ્યાઓના ઉકેલ મેળવવા અંગે પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોના ફોન આવે છે. આચાર્ય દ્વારા કેટલાક પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોને પેપર તપાસવા, પત્રકો બનાવવા, ઑનલાઇન ટેસ્ટના માર્ક મોકલવા જેવાં અનેક કામ સોંપી માનસિક રીતે પજવણી કરવામાં આવે છે. શિક્ષકમાં છુપાયેલી શૈક્ષણિક

શક્તિઓને ધ્યાન પર લેવામાં આવતી નથી. કેટલાક પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોને પોતાના ખર્ચે શાળામાં પગારથી માણસ રોકી લેવા આચાર્ય કે સાથી શિક્ષકો દ્વારા દબાણ કરવામાં આવે છે, તેવી અનેક ફરિયાદો મળે છે. સરકારી શાળામાં આવી સત્તા કોઇ પાસે ન હોવા છતાં બે-જવાબદાર આચાર્યો ઘરની ધોરાજી ચલાવી રહ્યા છે. ત્યારે દરેક પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોએ તેનો મક્કમતાથી સામનો કરી, કોઇ પણ માણસ રાખી કાયદાનો ભંગ ભૂલથી પણ નહિ કરવા મારી લોકસંસાર દૈનિકના માધ્યમથી આપ સૌને વિનંતી છે.

એક મોટી સભા ભરાઇ હતી. કોઇ વકતા પોતાની વાત સભા સમક્ષ આલંકારિક ભાષામાં ચકળવકળ આંખોના ડોળા ફેરવીને કરી રહ્યા હતા. મંચની બંને તરફ કમાંડો સાવધાન સ્થિતિમાં ઊભા હતા. એક સુકલકડી માણસ વારંવાર કમાંડો શું કરી રહ્યા છે. તેની પળેપળની વીડિયો ફિલ્મ તૈયાર કરવા કેમેરામેનને સૂચના આપતો અદબ લગાવી સાવધાન સ્થિતિમાં ઊભો હતો. અચાનક વાવાઝોડું આવતાં મંડપ તૂટી પડે છે. શોર્ટ સર્કિટ અને મંડપ પડવાથી ઘણા લોકો મૃત્યુ પામે છે. વકતા, આયોજકો અને કમાંડો મળી સોથી પણ વધુ લોકો મૃત્યુ પામે છે. સુકલકડી માણસ પર માઇકની કોલમ પડતા તે દબાઇ મરે છે. કેમેરા ચલાવતા ઇલેકટ્રીક શોર્ટ સર્કિટના કારણે લાગેલી આગમાં ભડથું થઇ જાય છે, પણ વકતાનું ઓડિયો ભાષણ સિસ્ટમમાં રેકોર્ડ થયેલું હોય છે; તે મળી આવે છે.

ભાષણ ટેપરેકર્ડરમાં વગાડવામાં આવે છે.

'વ્હાલા સભાસદો, હું સત્ય બોલતા ખચકાતો નથી. સભામાં લૂલાં- લંગડાં, બાડાં-બોબડાં જે કોઇ બેઠા હોય તે સભા મંડપની બહાર નીકળી જાય. તેઓ મારી સત્યવાણી સહન નહિ કરી શકે. અનેક જન્મના પાપ ભોગવતા આ લોકો દયાને લાયક નથી. હું મારા જીવનમાં હંમેશા પુણ્ય કમાયો છું. તમે સૌ પણ પુણ્ય કમાવા અહીં સભામાં મારું ભાષણ સાંભળવા સભામંડપમાં આવ્યા છો, ત્યારે એક વાત યાદ રાખવા જેવી છે. મેં આગળ કહ્યું તેવા કોઇ લોકો આપણી સભામાં હોવા જોઇએ નહિ. આવા પાપી લોકો આપણી તરતી નાવ ડુબાડી દે તે પહેલાં આવા લોકોને સભામાંથી બહાર કાઢવા મારો આપ સૌને હુકમ છે. વકતા બોલતા હતા ને વાવાઝોડું આવી

પહોંચ્યું. યાદીમાંથી જણાવ્યા મુજબના બધા જ લોકો મૃત્યુ પામ્યા પણ લૂલાં-લંગડાં, કે બાડા-બોબડા એકપણ ઘાયલ સુદ્ધાં થયા નહિ. સૌના અચરજનો પાર રહ્યો નહિ. મિત્રો, પોતાની જાતે પંડિત થઇ બેઠેલા લોકોની આવી જ હાલત થતી હોય છે. જરૂર માત્ર ધીરજ રાખવાની છે. દ્રૌપદીના નવસો નવાણુ ચીર પૂરનાર શ્રીકૃષ્ણ પર ભરોસો રાખજો. તે આપણી પણ લાજ રાખવા અવશ્ય આવી પહોંચશે.

કોઇ તમારા કાર્યક્ષેત્રમાં તમારું અપમાન કરે તેવા સમયે ધીરજથી કામ લો. માર્ગ જરૂર મળી આવશે. જયારે આવી ફરિયાદ અંગે મારા પર પ્રજ્ઞાચક્ષુ શિક્ષકમિત્રનો ફોન આવે છે, ત્યારે મારા મગજનો પારો આસમાને ચડી જાય છે, પણ હું આવા સમયે શાંતચિત્તે તેના પર વિચારણા કરી તેનો ઉપાય શોધી કાઢું છું. લાગતા-વળગતા અધિકારીઓને મળેલી ફરિયાદ સંબંધી પગલાં લેવા, મારી ભલામણ સાથે લેખિત રજૂઆત મોકલી આપું છું. તે પૈકીના કેટલાક પત્રોનો જે તે વિભાગમાંથી કાર્યવાહી હાથ પર લેવા થયેલ હુકમોની નકલ પણ મને મળતી હોય છે. જોકે ફરિયાદો પચાવી શકે તેવો મજબૂત પાચનશકિત ધરાવતો કોઠો આપી, ભગવાને આ લોકોને મોકલ્યા હોય તેમ લાગે છે. તેથી તેને ભાવનગરના શેઠ બ્રધર્સના કાયમચૂર્ણની જરૂર પડતી નથી!

સભામાં વાવાઝોડાના કારણે મંડપ તૂટી પડતાં મૃત્યુ પામેલ તમામ લોકોને લૂલાં-લંગડાં, બાડાં-બોબડાં બનાવી આ સૃષ્ટિ પર મોકલી દેવામાં આવે છે. વકતાને ૨૧ પ્રકારની વિકલાંગતા આપી ધરતી પર મોકલવામાં આવતાં તે દુખી-દુખી થઇ જાય છે. એટલે આપણે ત્યાં કહેવત પડી છે. 'વારા પછી વારો, મે પછી ગારો' વરસાદ પડે એટલે ગારો થયા વિના રહેવાનો નથી. ધીરજ ધારણ કરવાથી પરિણામ આજે નહિ તો કાલે અવશ્ય મળશે. આજ-કાલ કેટલીક શાળાઓના આચાર્યો પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોને પોતાના ખર્ચે માણસ રોકી લઇ વર્ગખંડનું શૈક્ષણિક અને વહીવટી કામગીરી પૂર્ણ કરાવવા સલાહ આપે છે. તેમાના કેટલાક આચાર્ય મિત્રોએ દબાણ કરી આવા માણસો રખાવી શાળા પર માલિકીનો કબજો પણ જમાવ્યો છે. સરકાર જો આ પ્રશ્ને ગંભીરતા નહિ દાખવે તો આચાર્યો મનસ્વી નિર્ણયો લેતાં ખચકાશે નહિ. જે લોકો આ સમસ્યાનો ભોગ બન્યા છે, તેમને ઇશ્વર જલદી મદદ કરવા કોઇ ને કોઇ રૂપે આવી પહોંચે તેવી હું પરમકૃપાળુ પરમેશ્વરને અંતરથી પ્રાર્થના કરું છું.

પ્રજ્ઞાચક્ષુ શિક્ષક મિત્રોને ઈરાદાપૂર્વક હડધૂત કરવાના ઉદ્દેશથી જે કોઇ કાવાદાવા કરે છે. તે લોકોની હાલત અકબર બાદશાહના દરબારી જેવી થશે. અકબર બાદશાહના દરબારીઓ બીરબલનુ કાછળ કાઢી નાખવા એક યુકિત કરે છે. જે રીતે કેટલાક આચાર્યો આજ-કાલ પ્રજ્ઞાચક્ષુ શિક્ષકોને નીચા દેખાડવા કરી રહ્યા છે. દરબારીઓ ઈર્ષાભાવથી પીડાવા લાગ્યા. તેઓ સંગઠિત બની અકબર બાદશાહ સમક્ષ હાજર થઇ બીરબલના દોષો વિશે ખરીખોટી સંભળાવા લાગ્યા, પણ તેની અકબર બાદશાહ પર કોઇ અસર થઇ નહિ. છેવટે બધા દરબારીઓએ બીરબલને સદાને માટે દૂર કરવા યુકિત શોધી કાઢવા વિચારણા કરી. એક દરબારીએ અકબર બાદશાહના હજામ સાથે મળી એક યુકિત શોધી કાઢી. હજામ બાદશાહના વાળ કાપવા મહેલમાં આરામ ફરમાવતા અકબર બાદશાહ પાસે પહોંચી જાય છે. હજામ સલામ કરી બાદશાહને વાળ કપાવવા આસન પર બેસવા ઇશારો કરી અદબ ભીડી ઊભો રહી જાય છે. થોડીવારમાં બાદશાહ આસન પર ગોઠવાઇ જાય છે. હજામ વાળ કાપવાનું શરૂ કરે છે. વાળ કાપતા-કાપતા હજામ બાદશાહની પ્રસંશા કરવા લાગે છે. વાળ ભારે સુંવાળા છે. તમારા પિતાના વાળ પણ હું જ કાપતો હતો. તેમના વાળ રેશમ જેવા હતા. તેમના પિતાના વાળ મારા બાપુજી કાપતા હતા. તેઓ કહેતા હતા કે તેમના વાળ પણ રેશમ જેવા હતા. હજામે વાતમાં મોણ નાખતા કહ્યું : હજૂર તેઓ સ્વર્ગમાં કુશળ તો છે ને? બાદશાહ : મને શી ખબર સ્વર્ગમાં થોડો ટેલિફોન કરી શકાય છે ? અરે હજૂર એ શું બોલ્યા? સ્વર્ગમાં તેઓ શું કરે છે તે આપણે માણસ મોકલી જાણી શકીએ છીએ. બાદશાહઃ અલ્યા ગાંડો થયો કે શું? સ્વર્ગમાં ગયેલો માણસ પાછો આવે ખરો? હજામ : જી હજૂર, આવે પણ બાબાની સૂચના મુજબ જે વર્તે તે મોકલેલો માણસ કામ પતાવી સમાચાર લઇ પાછો ધરતી પર આવી શકે છે.તમારા વડવાના આપણને આ રીતે સમાચાર મળી શકે અને તમને તેઓ સ્વર્ગમાં શી સ્થિતિમાં છે ? તેની જાણ થશે. તેઓ જો કોઇ મુશ્કેલીમાં હોય તો તેનો આપણે ઉપાય પણ કરી શકીશું. સાંભળી બાદશાહ અચરજ સાથે બોલી ઊઠયા : તું બાબાને મળી જાણી લે. આપણે કેવા માણસની પસંદગી કરી સ્વર્ગમાં મોકલવો પડશે. જેથી આપણને વડવાના સમાચાર પ્રાપ્ત થાય.

બીજા દિવસે હજામ અકબર બાદશાહ સમક્ષ આવીને હાથ જોડી બોલી ઊઠે છેઃ 'હજૂર, આપણા દરબારમાં સૌથી વધુ બુદ્ધિમાન દરબારી હોય તેને સ્વર્ગમાં રહેલા વડવાના સમાચાર મેળવવાનું કામ સોંપી શકાય. અકબરનાં દરબારમાં સૌથી બુદ્ધિશાળી બીરબલ હતો તેથી સ્વર્ગમાં વડવાના સમાચાર મેળવવા બીરબલને મોકલવાનું નક્કી થાય છે. બીરબલને સભામાં હાજર રહેવા નિમંત્રણ મોકલવામાં આવે છે. બીજા દિવસે અકબરનો દરબાર મળે છે. દરબારમાં બીરબલને સ્વર્ગમાં જવા માટેનું કામ સોંપવાની જાહેરાત અકબરની સૂચનાથી કરવામાં આવે છે. સાંભળી બીરબલ બોલી ઊઠે છેઃ 'હજૂર, સ્વર્ગમાં ગયેલો માણસ સમાચાર લઇ શી રીતે પરત આવી શકે? આ સાંભળી અકબર બાદશાહ હજામ સામે આંગળી ચીંધી બોલે છેઃ આ માટે તમને આપણો હજામ તેના બાબા પાસે લઇ જશે. તેઓ જે રીતે સૂચના આપે તેમ તમારે સ્વર્ગમાં જવાનું રહેશે. સ્વર્ગમાં વડવાઓને મળી તેની કૂશળતા જાણી બાબાની સૂચના મુજબ તમારે પરત ફરવાનું રહેશે. બીરબલ અવાક બની જાય છે. થોડું વિચારી તે આ માટે અકબર પાસે બે માસનો સમય માંગે છે. બીરબલ પોતાના ઘરે જઇ વિચારવા લાગે છે! 'રાજ દરબાર'માંથી મારો કાંટો કાઢવા કોઇએ કાવતરું કર્યું લાગે છે. તેમાંથી આબાદ બચાવ થઇ શકે તેવી યોજના ઘડવી પડશે. બીરબલ દિવસે ઇજનેરો બોલાવી પોતાની નિવાસથી સ્મશાન સુધી ભોંયરું તૈયાર કરવા કામ સોંપે છે. તેમજ સ્મશાનમાં જયાં ચિતા સળગાવવામાં આવતી હતી ત્યાં ભોયરાનો માર્ગ ખુલે તેવી ડિઝાઇન તૈયાર કરવામાં આવી. બે માસનો સમય વીતતા જ વાજતે ગાજતે બીરબલને તેના નિવાસસ્થાનથી અકબરની સભામાં લાવવામાં આવે છે. સભામાં બીરબલનું અભિવાદન કરી તેને અંતિમ વિદાય આપવામાં આવે છે. શણગારેલા હાથી, ઘોડા અને વિશાળ માનવ સમુદાય સાથે રથમાં બેસાડી તેને સ્મશાન લઇ જવામાં આવે છે. ચંદનના લાકડાઓ ગોઠવવામાં આવે છે. તેમાં બીરબલને સુડાવી દેવામાં આવે છે. અગ્નિ પ્રગટાવવાનો બાબા દ્વારા હુકમ આપવામાં આવે તે પહેલા જ બીરબલ કુશળતાપૂર્વક ચંદનનાં લાકડાંમાંથી સરકી જઇ ભોયરાંમાં પ્રવેશ કરે છે. ગુપ્તમાર્ગે તે પોતાના ઘરે પહોંચી જાય છે. બીજી તરફ પ્રગટેલી આગ ચંદનના લાકડાઓને રાખમાં ફેરવી દે છે. બધાની માન્યતા મુજબ બીરબલનું મૃત્યુ જ થયું હશે તેમ સામજી સૌ સ્મશાનમાંથી પરત ફરે છે.

સમય પાણીનાં પ્રવાહની જેમ વહેવા લાગે છે. થોડા મહિનાઓ વીતી જાય છે. અચાનક એક દિવસ બીરબલ અકબરની સભામાં આવી પહોંચે છે. સભામાં આવેલ બીરબલને જોઇ અચરજમાં પડી જાય છે ત્યારે અકબર બીરબલને પોતાની પાસે આસન લેવા ઇશારો કરી બોલાવે છે. અકબર બીરબલને સ્વર્ગમાં ગયેલા તેના વડવાઓનાં સમાચાર પૂછે : 'આ સાંભળી બીરબલ બોલે છે, હજૂર આમ તો બધું જ બરાબર છે. બધા વડવાઓ કુશળ છે. દુઃખ માત્ર એટલું જ છે-સ્વર્ગમાં એક પણ હજામ નથી, જેના લીધે વડવાના વાળ અને દાઢી-મૂછ બહુ વધી ગયા છે. તેઓ એક ડગલું પણ ચાલી શકે નહિ તેટલા મોટા થઇ ગયા છે. તો મોંથી કશું ખાઇ શકે નહિ કે આંખથી કશું જોઇ શકે નહિ તેટલા દાઢી, મૂછ અને નેણ વધી ગયા છે, તેથી સ્વર્ગમાં સત્વરે હજામને મોકલવાની જરૂર છે. તેમજ હજામને લઇ જઇ શકે તેવા એક દરબારીની પણ જરૂર પડશે. આ સાંભળી બાદશાહ અકબરે દરબારીની પસંદગી કરવા બીરબલને આદેશ આપ્યો. બીરબલનેં કામ થઇ ગયું. હજામ અને આ કાવતરું ઘડનાર હવે સ્વર્ગના માર્ગે જશે. બીરબલે તેની સાથે જે થયું હતું તે મુજબ બંનેને વિદાય કરવા આયોજન કર્યું અને એ રીતે તેમણે પોતાની સાથે થયેલ અન્યાયનો બદલો ધીરજપૂર્વક લીધો. આપણે પણ આપણા કાર્યક્ષેત્રમાં આવી જ ધીરજ દાખવી હજામ જેવું કાવતરું ઘડનાર આપણા વિરોધીને આપણા કાર્યક્ષેત્રથી દૂર કરી શકીએ છીએ. એટલું જ નહિ આપણે આપણા કાર્યક્ષેત્રમાં ધીરજ અને ખંત વડે આપણી વિદ્વતા દ્વારા કીર્તિ કરી શકીએ છીએ.

# ૧૮. માંગો એટલે મળશે, શોધો એટલે જડશે

આજકાલ લોકો અન્યનો વૈભવ જોઇ હતાશ અને નિરાશ થઇ જતા હોય છે. તેઓ વિચારવા લાગે છે 'મને આવો વૈભવ શા માટે ન મળ્યો? ભગવાન મને કેમ અન્યાય કરી રહ્યો હશે?' હું રોજ મંદિરે જઇ ભગવાનની સેવા-પૂજા મારા બધાં જ કામ પડતાં મૂકી કરું છું. વળી કૂતરાને રોટલો આપ્યા વિના કદી ભોજન લીધાનું મને યાદ નથી, છતાં મારી સાથે આવો અન્યાય શા માટે? છોકરો છેલ્લા દસ વર્ષથી પથારીમાં પડયો છે. પુત્રવધૂ તેના પિયર જતી રહી તેને પણ આજે આઠ વર્ષ વીતી ગયાં છતાં તેમના તરફથી એક કાગળ કે ફોન પણ આવ્યો નથી. પતિ માંદો પડયો એટલે તેનો ખપ રહ્યો નહિ. 'પાંકડી ભેંસ અને ડુકેલો બળદ' કોઇ સંઘરવા તૈયાર થતું નથી.

બીજી તરફ સિદ્ધિના શિખરે પહોંચી ગયેલા લોકો કહેતા હોય છેઃ 'આ દેશમાં કંગાળ, ભિખારી, બેરોજગાર લોકોએ અડ્ડો જમાવી દેશની પ્રગતિ ખોરવી નાખી છે. આમ પણ આળસુ લોકો કયાંથી ધન કમાઇ શકવાના હતા? છતાં સરકાર આવા લોકો પાછળ અવનવી યોજનાઓ અમલમાં મૂકી પૈસાનો વ્યય કરે છે. સરકાર ગમે તેટલી મદદ કરે પણ કથીર કાંય કંચનની તોલે થોડું આવે?' તો કોઇ રમૂજ કરતાં એમ પણ બોલતા હોય છે. 'કુંભારને હીરો ભેટ આપો તો, કુંભાર તે હીરાને ગધેડાની ડોકે જ બાંધશે તે હીરાનું મૂલ સમજી તેને તિજોરીમાં નહિ મૂકે.' લખચોરાશી ફેરો મારી આવેલો માણસ પણ મૂલ્યવાન જિંદગીને માણ્યા વિના મારું-તારું કરતો, લડતો-ઝગડતો રહે છે. પૈસો કમાવા કીમતી ચરિત્ર હોડમાં મૂકી દે છે. લક્ષ્મીની લાલચમાં મહા મહેનતે મળેલો માનવ અવતાર ગુમાવવા તૈયાર થઇ જાય છે. પોતાનું કલ્યાણ માત્ર પૈસો જ કરી શકશે તેમ સમજી શિક્ષિત લોકો પણ ભીંત ભૂલી ભટકી રહ્યા છે. સંસારનો ત્યાગ કરી બની બેઠેલા સાધુઓ ગાદીપતિ થવા અનેક રાજકારણ ખેલતાં હોય છે. સ્ત્રીઓનો સંસર્ગ નહિ કરવાનો દંભ કરતાં અનેક સાધુઓએ સંસારી લોકોની જેમ પોતાનો પરિવાર ઊભો કરી દીધો હોવાનું આપણને પાછલા બારણે જાણવા મળે છે. આત્મકલ્યાણ માટે ભેખ ધારણ કરી મોહમાયામાં આ રીતે ફસાવું આત્મહત્યા કરવા જેવું કહેવાય. મોટા વકતા બની ભાષણો કરતા લોકોનું આચરણ હકીકતમાં તેની કથની મુજબનું હોતું નથી.

પ્રામાણિક બનવા ઉપદેશ આપતાં લોકો ભ્રષ્ટાચારના ભાર નીચે દબાયેલા હોય છે. ત્યારે મળેલો માનવ અવતાર ઊજાળવા ઈશ્વરમય બની ભીતરની યાત્રા દ્વારા આપણે આગળ ધપવું પડશે. વર્ષો પહેલાં સાંભળ્યું હતું. 'માંગો એટલે મળશે અને શોધો એટલે જડશે' કોની પાસે માંગવું? કયાં શોધવું? શું માગવું? અને શું શોધવું? પ્રશ્ન જટીલ અને થોડો અટપટો પણ ખરો. થોડા સમય પહેલા મારે ઉમરાળા તાલુકાના ટીમ્બી ગામે અમારા તરસમિયા ગામનાના ખેડૂત આગેવાન રવજીદાદા સાથે જવાનું થયું. રવજીદાદા ટીમ્બી ગામમાં ચાલતી હૉસ્પિટલના ટ્રસ્ટીઓના પચિયમાં હતા. તેથી હું તેમની સાથે હૉસ્પિટલની ખાસ મુલાકાતે ગયો હતો. ત્યાંના ટ્રસ્ટીગણે મારું અભિવાદન કરી મને બે પુસ્તકો ખાસ ભેટ આપ્યાં. આ બે પુસ્તકોમાં એક પુસ્તક હતું 'ઈશ્વર તરફ પ્રયાણ' જેના લેખક છે સ્વામી નિર્દોષાનંદ. આ સ્વામીજીના નામે ટ્રસ્ટ આરોગ્ય ધામ ચલાવે છે. ત્યાં આવતા દર્દીઓની સારવાર તદ્દન વિનામૂલ્યે કરવામાં આવે છે. તો વળી મોંઘીદાટ શસ્ત્રક્રિયા પણ અહીં સાવ મફત થાય છે. એટલું જ નહિ દર્દીઓને નિઃશુલ્ક ભોજન પણ આપવામાં આવે છે. સ્વામી નિર્દોષાનંદની હૃદયની ઈચ્છા પ્રત્યેક દર્દીને નિઃશુલ્ક ભોજન સાથે સારવાર મળી રહે તેવી હતી. કેમ્પસમાં દર્દીઓ સારવાર માટે ઊમટી પડયા હતા. ઘણા તબીબો ગામડાં-ગામમાં આવેલી આ હૉસ્પિટલમાં સેવા આપવા આવે છે. તેમાના કેટલાક ડૉકટર મિત્રો હૉસ્પિટલના કવાર્ટરમાં જ રહે છે. દેશના લોકો પહેલી નજરે આપણને પંચાતિયા લાગતા હતા તે જ દેશના તબીબો દરિદ્રનારાયણની સેવા કરવા, અંતરિયાળ વિસ્તારમાં આવેલા ગામડામાં રહેવાનું સામે ચાલી પસંદ કરે છે. આવી ઉદારવૃત્તિ દાખવનાર પ્રતિભાસંપન્ન વ્યકિતઓ શોધવી પડશે. જેમને આવા સેવાયજ્ઞો ચલાવવા સેવાનિષ્ઠ લોકોની જરૂર છે તેમણે સ્વામી નિર્દોષાનંદ ટ્રસ્ટની જેમ કર્મનિષ્ઠ કાર્યકરો, કર્મચારીઓ ખોળી કાઢવા રહ્યા. પોતાના કાર્યને સફળ બનાવા કર્મનિષ્ઠ ટીમ બનાવી આવા લોકોનો સહકાર માંગવો પડશે. 'માગ્યા વિના તો સગી મા પણ ન પીરસે' મોટા શહેરમાં હૉસ્પિટલ ચલાવતા સંચાલકો પણ સમયસર નિષ્ણાત તબીબોની સેવાઓ મેળવી શકતા નથી ત્યારે અંતરિયાળ ગામડામાં ચાલતા આ આરોગ્યયજ્ઞનાં તમામ ટ્રસ્ટીગણને મારા શત-શત વંદન છે.

'ઇશ્વર તરફ પ્રયાણ' પુસ્તકના થોડા પ્રસંગો વિશે અહીં કેટલીક ચર્ચા કરવી મને ઉચિત લાગે છે. 'છાંદોગ્ય' ઉપનિષદને ટાંકીને સ્વામીજી કહે છેઃ 'જન્મથી કોઇ ઉચ્ચ કે નીચ હોતું નથી. વ્યક્તિ તેના કર્મ વડે જ ઊંચાઇ પ્રાપ્ત કરી શકે છે. જન્મ સમયે દરેક શુદ્ર હોય છે. ઉચ્ચ સંસ્કાર લઇ કોઇ પણ વ્યક્તિ બ્રહ્મત્વને પામી શકે છે. વર્તમાન સમયમાં તો વધુ ભણતરવાળો શુદ્ર ન્યાયાધીશ બની જાય છે જ્યારે ઉચ્ચકુળમાં જન્મેલો પણ ઓછું ભણેલો બ્રાહ્મણ તેનો પટાવાળો હોય છે. ગમે તેટલો વિદ્વાન હોય પણ જો વિવેકનો તેનામાં અભાવ હોય તો તેવા ઉચ્ચશિક્ષણનો કોઇ મતલબ રહેતો નથી. આવા લાયકાતના પૂઠાં ધરાવતા કહેવાતા વિદ્વાન લોકોથી અળગા રહેવું સલાહભર્યું છે. જે શિક્ષણ જીવન જીવવાની કલા શીખવી ન શકે તેવા વાંજિયા શિક્ષણને કોઇ સ્થાન ન હોઇ શકે. વિશ્વામિત્ર પોતાના કઠિન તપ દ્વારા ક્ષત્રિયમાંથી બ્રાહ્મણ થયા હતા. તેમના તપથી પ્રસન્ન થઇ દેવતાઓએ કહ્યુંઃ હે મહર્ષિ, અમે તો આપને મહર્ષિ કહેવા તૈયાર છીએ. પણ જ્યાં સુધી આપને વસિષ્ટજી મહર્ષિ તરીકે સ્વીકારે નહિ ત્યાં સુધી તમને મહર્ષિ કહી શકાય નહિ માટે તમે વસિષ્ઠજીને જઇ સમજાવો કે હવે તમારા તપોબળ વડે મહર્ષિની ઉપાધી પામી ચૂકયા છો. વસિષ્ઠજી તમારી વાત માની તેઓ જો તમને મહર્ષિ તરીકે સંબોધવા તૈયાર હોય, તો અમો સૌ આપને મહર્ષિ કહેવા સંમત છીએ. પહેલાના સમયમાં પદવી આ રીતે જ મળી શકતી હતી.

પોતાના ઘોર તપ પછી પણ વસિષ્ઠજી વિશ્વામિત્રને જ્યારે રાજર્ષિના સંબોધનથી જ બોલાવતા રહ્યા ત્યારે વિશ્વામિત્ર તેનાથી નારાજ થઇ વસિષ્ટજીને એક યા બીજી રીતે હેરાન કરવા લાગ્યા. ગણતરીના સમયમાં વિશ્વામિત્રએ વસિષ્ઠજીના સો પુત્રો એક રાક્ષસની મદદથી મરાવી નાખ્યા. બીજી અનેક પજવણી પણ શરૂ કરી દીધી. વસિષ્ઠજી તો શાંત ચિત્તે ભગવાનનું ભજન કરતા રહેતા. તે કદી બદલો લેવાનો વિચાર સુધ્ધાં કરતા નહિ. તો આ બાજુ વિશ્વામિત્ર રોજ વસિષ્ઠજીને દુઃખ પહોંચાડવા કાવતરા કરી હુમલા કરાવતા રહેતા હતા.

શરદપૂનમની રાત્રીનો ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હતો. આશ્રમમાં રાત્રીના બાર વાગ્યે વસિષ્ઠજી અને તેમનાં પત્ની અરુંધતીનો મીઠો સંવાદ ચાલી રહ્યો હતો. 'હે સ્વામીજી, આ ચંદ્રની તોલે આવે તેવી કોઇની તેજસ્વિતા હશે? આ સાંભળી વશિષ્ટજી

બોલી ઊઠયાઃ હા દેવી, આવી જ તેજસ્વિતા વિશ્વામિત્ર ધરાવે છે. તેમની તેજસ્વિતા ચંદ્રના પ્રકાશ જેવી છે. વૃક્ષની પાછળ છુપાયેલા વિશ્વામિત્ર સાંભળી રહ્યા હતા. તેઓ વસિષ્ઠજીને જાનથી મારી નાખવા તલવાર, ભાલા, ગદા અને બખતર સાથે આવ્યા હતા. પણ અડધી રાત્રે વસિષ્ઠજીના મુખે તેમની પ્રશંસા સાંભળી ભાલા, તલવાર, ગદા અને બખતરનો ઘા કરી વસિષ્ઠજીના પગમાં પડવા દોડયા. વિશ્વામિત્રને આ રીતે અડધી રાતે આવેલા જોઇ વસિષ્ઠજી તેને આવકારવા સામે દોડી બોલ્યા : 'આવો બ્રહ્મર્ષિ...' આ સાંભળી વિશ્વામિત્ર બોલ્યાઃ ''આપ તો મને હંમેશાં 'રાજર્ષિ' કહી સંબોધતા હતા આજે મને 'મહર્ષિ' કેમ કહ્યો?'' સાંભળી વસિષ્ઠજી બોલ્યાઃ 'આજે તમે શસ્ત્રોનો ત્યાગ કર્યો છે તેથી હવે આપ ખરા અર્થમાં મહર્ષિ થયા છો. હવે આપને તમામ લોકો 'મહર્ષિ' તરીકે સંબોધશે.' આ વાતો પરથી આપણને એવું શીખવા મળે છે. વ્યકિત માંગે તો તેને તે અવશ્ય મળે છે. વિશ્વામિત્રને વસિષ્ઠ ઋષિ પોતાને મહર્ષિ તરીકે સંબોધન કરી એકવાર બોલાવે જેથી તેમને દેવો દ્વારા 'મહર્ષિ'ની પદવી પ્રાપ્ત થઇ શકે. તેમણે આ માટે અનેક કાવા-દાવા કર્યા, આખરે તે ગુરુની હત્યા કરવાના ઇરાદાથી ગુરુના આશ્રમમાં ગયા ત્યાં તેમણે ગુરુ વસિષ્ઠજીના મુખે જ પોતાના વખાણ સાંભળ્યા. આમ, તેને ગુરુ વસિષ્ઠજીની સાચી અંતરની ભાવનાની અનુભૂતિ થઇ.

આપણે જયારે ખોટી માયામાં ફસાઇ તેના ગુલામ બની જઇએ છીએ ત્યારે ખરા સત્યથી અળગા રહીએ છીએ. માયાના મતલબી પ્રદેશમાં ભૂલા પડી વ્યર્થ જિંદગી ગુજારવા મજબૂર બનીએ છીએ.

માયાની વાત છેડાણી જ છે ત્યારે પુરાણોમાં ઉલ્લેખાયેલી એક સત્ય ઘટના મને અહીં નોંધવાનું મન થાય છે.

એક વખત ભગવાન કૃષ્ણ નદીએ સ્નાન કરવા જઇ રહ્યા હતા. રસ્તામાં તેમને નારદજી મળ્યા. નારદજીએ ભગવાનને વંદન કરી કહ્યુંઃ 'હે ભગવાન, મારા પર કૃપા કરો. હું આપની માયા સૃષ્ટિ શું છે? તે જાણવા માંગું છું. તમારી લીલા અને માયામાં સૌ કોઇ અટવાઇ જાય છે.' ભગવાન કહેઃ 'નારદજી, મારી સાથે ચાલો. હું સમય આવ્યે આપને તે સમજાવીશ.' યમુના નદી આવતા જ ભગવાન સ્નાન કરવા લાગી ગયા. બીજી તરફ નારદજી જેવા નદીમાં સ્નાન કરવા ઊતર્યા કે પાણીનું મોટું મોજું

આવ્યું, નારદજીનો પગ લપસ્યો. તેઓ ઊંડા પાણીમાં ખેંચાઇ ગયા. બેભાન થયેલા નારદજીને સપનું આવ્યું. પાણીમાં ડૂબી જવાથી તેમનું મૃત્યુ થયું છે. તેમનો જન્મ એક કંગાળ પરિવારના ઘરમાં થાય છે. ખાવા અનાજનો ટુકડો પણ મળતો નથી. માંડ તેઓ યુવા અવસ્થાએ પહોંચે છે. એક દિવસ તેઓ ગરીબીથી કંટાળી ઘર છોડી ભાગી નીકળે છે. રસ્તો ભૂલી જતા તે ઘોર જંગલમાં પહોંચી જાય છે. અનેક સાધુ સંતોની મદદથી તેઓ એક નગરમાં પહોંચી જાય છે. નગરમાં તેઓ પ્રવેશ કરે તે પહેલા સાંજ પડતા નગરના દ્વાર બંધ થઇ જાય છે. નારદજીને રાતવાસો નગરના દ્વાર પાસે ગુજારવો પડે છે. નગરના રાજા મોડી રાત્રીએ હૃદયગતિ રોકાઇ જવાથી મૃત્યુ પામે છે. તે રાજ્યનો નિયમ એવો હતો કે વહેલી સવારે નગરનો દરવાજો ખૂલે ત્યારે નગરમાં પહેલો પગ મૂકે તેને નગરનો રાજા બનાવવો. એટલે કે આગંતુકને નગરનું રાજ સોંપવાનો રીવાજ હતો. સવાર પડતા જ નારદજી નગરમાં પ્રવેશ કરે છે. રાજના લોકો તેને વાજતે-ગાજતે નગરમાં લઇ જાય છે. નવડાવી-ધોવડાવી તેને હાથીની સોનાની અંબાડી પર બેસાડી નગરયાત્રા કરાવવામાં આવે છે. ત્યારબાદ રાજસિંહાસને બિરાજમાન કરાય છે. દસ હજાર રાણીઓ તેની સેવા ચાકરી કરવા લાગી જાય છે. નારદજી તો બધું જ ભૂલી સંસારની મોહમાયામાં પડી જાય છે. થોડાં વર્ષો વીતી જાય છે. રાજાની એક રાણી મૃત્યુ પામે છે. નગરના રિવાજ મુજબ રાણી મૃત્યુ પામે તો નગરના રાજાને પણ સતો થવું પડતું તેથી રાજાને પણ ચિતા પર ચડાવામાં આવે છે. આ દરમિયાન નારદજીનો ભૂતકાળ તેનો પીછો છોડતો નથી તેના કંગાળ પરિવારને તેની ભાળ મળતા જ તેનો કબજો લેવા આવી પહોંચે છે. તેઓ બોલી ઊઠે છેઃ આ કાયર અમને કહ્યા વિના અહીં આવી ગયો છે. તે નરાધમ-પાપીને અમને સોંપી દો.' નગરના લોકો તેના રિવાજ મુજબ રાજાને જીવતો સળગાવવા ઇચ્છતા હોવાથી કબજો આપવા સંમત થતાં નથી. યુદ્ધ જામે છે. નગરનો રખેવાળ અગ્નિ લઇ ચિતા પ્રગટાવી દે છે. નારદજી ડરના માર્યા સફાળા છલાંગ લગાવવા હાથ બહાર કાઢે છે. પાણીમાંથી બહાર આવેલો હાથ ભગવાન પકડી લઇ નાદરજીને બહાર ખેંચી કાઢે છે. નારદજી ભાનમાં આવતા જ તેને માયાનું રહસ્ય સમજાય જાય છે.

વાચકમિત્રો, તમને જો કોઇ પ્રશ્ન સતાવતો હોય તો તેનો ઉત્તર તમને જરૂર

મળશે. જે રીતે નારદજીને પોતાના પ્રશ્નનો ઉત્તર પ્રાપ્ત થયો.

એટલે જ કહું છું :

'માંગો એટલે મળશે ને શોધો એટલે જડશે.'

## ૧૯. બધાંને સુખી કરવાની આપણી તાકાત નથી, પણ...

ખારા સમુદ્રમાં તમે ડૂબકી મારો તો તમને ખારાધુધ પાણીનો અનુભવ થયા વિના રહેવાનો નથી. હા, રાવણ તેની ઇચ્છા મુજબ જો સમુદ્ર મીઠો કરી શક્યો હોત તો વાત જરા જુદી જ હોત. આપણા દેશના પીડિત લોકોને પણ દુનિયાનું સૌથી શ્રેષ્ઠ બંધારણ હોવા છતાં ડગલે ને પગલે અન્યાયો સહન કરવા પડે છે. લોકશાહીની સાથે દેશમાં પ્રામાણિકતા પણ આવી હોત તો વાત જુદી જ હોત.

'વૈષ્ણવજન' ભજન ગાંધીજીએ જનતાનાં દુઃખો જાણવા, સમજવા આપણને ગાવા નિર્દેશ કર્યો છે. પર પીડા પોતીકી જાણી તેને દૂર કરવા કામે લાગી જવા કહ્યું છે. કોઇ પણ ઉપકાર કરી જરા સરખું પણ અભિમાન નહિ કરવા ભજનમાં કહેવાયું છે. આપણા દેશમાં જેટલા સંતો-મહંતો થયા છે એટલા કદાચ વિશ્વના અન્ય કોઇ દેશોમાં થયા નથી. છતાં આપણી સંવેદના સૂતી કેમ હશે? તે સમજમાં આવતું નથી. આજ-કાલ વ્હૉટ્સ એપ પર આવતા સંદેશાઓ જાણે બીજાને ફોરવર્ડ કરવા માટે જ હોય તેમ સમજી જેવો સંદેશ મોબાઇલ પર આવે છે તેવો જ વાંચ્યા વિના ટપાલીની માફક મોકલી દેવામાં આવે છે. કેટલાક મિત્રો તો અનેક વ્હૉટ્સ એપ ગ્રૂપના એડમીન પણ હોય છે. તેમાંના મોટા ભાગના મિત્રો કુંવારી સ્ત્રીનો જ ધર્મ નિભાવતા હોય છે. એટલે કે મોબાઇલની ખેતીના અનુભવી મિત્રો સંદેશા માત્ર ફોરવર્ડ કરવા સિવાય બીજુ કશું જ કરતા હોતા નથી. રાત પડે હજારો મેસેઝ મોકલી દેતા આ મિત્રો ખાખરાની ખિસકોલી જેવા જ રહી જાય છે. શાળામાં ભણાવતો શિક્ષક પણ આજકાલ પુસ્તકો સાથે આવું જ કરી રહ્યો છે. સત્તાના સિંહાસને બેઠેલા દેશના નેતાઓ કે ઉચ્ચ અધિકારીઓને જનતાની સેવા સવલતો પૂરી પાડવામાં કોઇ ઉત્સાહ નજરે પડતો નથી. અવનવી યોજનાઓ ઘડી પેલા મોબાઇલ વ્હૉટ્સ એપ ગ્રૂપના એડમીન મિત્રોની જેમ કામ કરી પોતાનો પરવાનો પાકો કરી લેવાનું ચૂકતાં નથી. ટેકનોલૉજીથી બધું મેળવી લેવાની ઘેલછા આપણને ભવિષ્યમાં મોંઘી પડી શકે છે. પુસ્તકથી વિમુખ બનેલો દેશનો નાગરિક દેશની સંસ્કૃતિ શી રીતે જાળવી શકશે? આ બધી બાબતો ચિંતન માંગી લે તેવી છે. આ બધી સમસ્યા મને ને તમને કોરી ખાય છે. શિક્ષણમાં ઘૂસી ગયેલી

ગોખણપટીએ આપણી કમર ભાંગી નાખી છે. વિદ્યાર્થીને શિક્ષક આજે આંગળી પણ અડાડી શકતો નથી. વિદ્યાર્થી શિક્ષકનો સંબંધ સાવ પાંગળો બની ગયો છે. શિક્ષક ઇચ્છે તો પણ વિદ્યાર્થીને જીવનલક્ષી શિક્ષણ આપી શકતો નથી. ઓનલાઇન ટેસ્ટ, ઓનલાઇન હાજરી, સરકારી પત્રકોની માહિતીનું સંકલન કરી વિગતોનો અહેવાલ તૈયાર કરવામાં સારા એવા સમયનો વ્યય થાય છે. ઉપલી કચેરીને સંકલિત માહિતી મોકલવાની રોજબરોજ આવતી કામગીરી સાચા શિક્ષકને પણ પોતાના વર્ગખંડથી વંચિત રાખે છે. કલા કે રમત-ગમતના શિક્ષકોને પણ તેના વિષયનું શૈક્ષણિક કામ આપવામાં આવતું નથી. ઓનલાઇન માહિતી મોકલવાના બાના નીચે શિક્ષણ વિભાગે શિક્ષકને શાળા સમય દરમિયાન મોબાઇલ વાપરવાનો પરવાનો આપી દીધો છે. જે આજની શિક્ષણ પ્રણાલીની ખામી છે ત્યારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ કેવાં પરિવર્તનો લાવવામાં સફળ નીવડે છે, તે જોવાનું રહે છે.

નવી શિક્ષણ નીતિ વિશે ચર્ચા કરીએ તે પહેલા આજે આપણે કયાં ઊભા છીએ તે સમજી લેવાની જરૂર છે. કેટલીક શાળાઓમાં શાળા વિકાસ સમિતિ બાળકોને શાળામાં પીવાનું શુદ્ધ પાણી, શૌચાલય સુવિધા જેવી સગવડ ઊભી કરવામાં ઘણું સારું કામ કરી રહી છે. અભ્યાસ અધૂરો છોડી મજૂરીએ લાગી જતાં બાળકોને અટકાવી બાળમજૂરીને અટકાવવા શાળા વિકાસ સમિતિએ સત્વરે પોતાની ભૂમિકા ભજવવાની આવશ્યકતા છે. શાળાને સરકાર તરફથી શાળા વિકાસ માટે આપવામાં આવતા અનુદાનનો પૂરેપૂરો ઉપયોગ થાય તેવા નિયંત્રણ પર ભાર મૂકવાની જરૂર છે. પરંતુ ઘણી જગ્યાએ આ સમિતિ પોતાની જવાબદારીઓથી ભટકી રહી છે. આવી સમસ્યાઓને રોકવા સરકારે સમિતિના સભ્યોને પૂરતું માર્ગદર્શન મળી રહે તેવા કાર્યક્રમો તૈયાર કરવા પડશે. અન્યથા આવી સમિતિઓ પોતાને સૂઝે તેવા બિનજરૂરી કામો હાથ પર લઇ નવી સમસ્યાઓ ઊભી કરશે. આપણે ત્યાં કહેવત છે ‘નવરો બેઠો નખ્ખોદ વાળે’ તમે કહેશો કે આવું નખ્ખોદ સમિતિએ કયાંય વાળ્યું છે? હા, મિત્રો આજ-કાલ કેટલીક શાળાઓના આચાર્ય મિત્રો આવી સમિતિને હાથો બનાવી કેટલાક અંધ શિક્ષકોને શાળામાંથી બદલી કરાવાના હેતુથી ખોટી ફરિયાદો ઊભી કરાવે છે. શાળામાં કયા શિક્ષકને મૂકવા કે ન મૂકવા તે વિષય શિક્ષણ વિભાગનો

છે. કોઇ સ્થાનિક સમિતિ શાળાના આચાર્ય કે પે સેન્ટર શાળાનો નથી-તે યાદ રાખવા જેવું છે. કેટલીક શાળાઓમાં અંધ શિક્ષકને દૂર કરવા સેટઅપમાં ગડબડ કરવામાં આવતી હોય છે. જોકે તેમાં ટી.પી.ઇ.ઓ. કે અન્ય અધિકારીઓનો કોઇવાર થોડો-ઘણો પાછલા બારણે ટેકો પણ મળતો હોય છે. આખરે તેનો લાભ ખાનગી શાળાઓને જ થાય છે.

આ વાતને સમજવા એક ઉદા. લઇએ.

ગામના લોકોએ ફાળો એકઠો કરી ગરીબ બ્રાહ્મણના બે પુત્રોને કાશી ધર્મ શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા હેતુથી ભણવા મોકલ્યા. બંને શાસ્ત્રોમાં પારંગત થઇ ગયા. સંસ્કૃત વિષયમાં પંડિત થયેલા બંને વિદ્યાર્થીભાઇઓને ગુરુજી દ્વારા વિદાય આપવામાં આવી. બંને ગુરુજીની વિદાય મળતા પોતાના ગામ જવા નીકળી ગયા. રસ્તામાં એક ગામ આવ્યું. ગામમાં વાયુવેગે પંડિતોના આગમનની વાત ફેલાઇ ગઇ. ગામ લોકોએ પંડિતોનું વાજતે-ગાજતે સામૈયું કરી સ્વાગત કર્યું. ભોજન સમારંભ પણ યોજવામાં આવ્યો. મંચ અને માઇક વગેરેની સગવડ પણ તાબડતોબ કરવામાં આવી. ગામના મોટા જમીનદાર ખેડૂત આગેવાને બંને પંડિતોને બોલાવી કહ્યું : 'તમારે મંચ પર બિરાજમાન થઇ ગામ લોકોને સંબોધવાના છે. તમને ગામના લોકો શકિત મુજબ દાન-દક્ષિણા પણ આપશે. આ કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં તમે બંને પાદરમાં આવેલી નદીએ વારાફરતી સ્નાન કરી આવો.' સૌ પ્રથમ મોટોભાઇ સ્નાન માટે જાય છે. નાના ભાઇને જમીનદાર ગામ આગેવાન કહે છે : 'તમારામાં વિદ્વાન પંડિત હોય તેને મારે મોટું દાન આપવું છે.' સાંભળી પંડિત બોલ્યાઃ 'મોટો તો ગધેડો છે, ખોટો-ખોટો ગધેડાની જેમ ગાંગરે છે. વિદ્વાન તો હું જ છું. તમારે જે આપવું હોય તે મને જ આપજો.' થોડા સમયબાદ મોટો પંડિત નદીએથી સ્નાન કરી પરત આવી પહોંચે છે. હવે નાના પંડિતનો સ્નાન કરવા જવાનો વારો આવે છે. મોટા પંડિતને પણ જમીનદાર પૂછે છેઃ તમારામાં વિદ્વાન પંડિત હોય તેને મારે મોટું દાન આપવું છે.' સાંભળી મોટો પંડિત બોલે છેઃ 'નાનો તો બળદિયો છે. ખોટો-ખોટો ભાંભર્યા કરે છે. દાન આપવું હોય તો મને જ આપજો.'

નાના પંડિતજી સ્નાન કરીને આવી પહોંચે છે. બંનેને જમીનદાર નાસ્તા માટે

બોલાવે છે. નાસ્તામાં પિરસાયેલ સામગ્રી જોઇ બંને ચકરવકર જોવા લાગે છે: 'શેઠજી નાસ્તામાં ઘાસ, સૂકાં રાડાં અને કચરો કેમ રાખવામાં આવ્યો છે? આ તો પશુઓનો ચારો છે.' આ સાંભળી જમીનદાર મહાશય બોલી ઊઠે છે: 'મેં બંનેને પૂછ્યું હતું કે તમારામાં વિદ્વાન કોણ છે? તમે એક બીજાને બળદ અને ગધેડાની ઉપમા આપી મને ઓળખ આપી હતી. તેથી મેં તમારા કહેવા મુજબ નાસ્તાનો પ્રબંધ કર્યો છે. પંડિતજી હવે વિલંબ કર્યા વિના પ્રેમથી નાસ્તો કરવાની શરૂઆત કરી દો. કાર્યક્રમમાં વિલંબ થશે.'

બંનેને પોતાની ભૂલ સમજાઇ ગઇ. આપણે પણ એક બીજાને નીચા દેખાડવા આવું કરી રહ્યા છીએ. કેટલાક બની બેઠેલા નેતાઓ પણ જનતાનો પોતાના સ્વાર્થ સાધવા ઢાલ બનાવી ઘણી જગ્યાએ ઉપયોગ કરતા મેં જોયા છે. થોડા સમય પહેલા ભાવનગરની નજીક આવેલી એક શાળામાં મધ્યાહ્‌ન ભોજનનો પ્રસાદ બાળકોને પિરસાઇ રહ્યો હતો. પ્રસાદ પિરસાઇ જતા બાળકોને શિક્ષક દ્વારા પ્રાર્થના શરૂ કરવા સૂચના આપવામાં આવી. બધાં બાળકો આંખો મીંચી પ્રાર્થના બોલી રહ્યાં હતાં. એક બાળક ખૂલી આંખે ચોમેર જોઇ રહ્યો હતો. એક શિક્ષકની નજર તે બાળકની હરકત પર સ્થિર થાય છે. શિક્ષક બાળકને ઊંચા અવાજે તેમ નહિ કરવા ટોકે છે. બાળકની વૃત્તિ શાંત થતી નથી. શિક્ષક એક તમાચો લગાવી દે છે. બાળક આંખો મીંચી શિક્ષકની સૂચના મુજબ પ્રાર્થના કરવા લાગે છે. શાળા છૂટતાં બાળકો ઘરે જતાં રહે છે. સાથી બાળકો પેલા બાળકના પિતાને આખી ઘટનાની વાત કરે છે. માર પડનાર બાળકનો પિતા કેટલાક ગામજનો સાથે શાળામાં શિક્ષક સાથે ધૂંઆ-પૂંઆ થતો ઝગડો કરવા આવી પહોંચે છે. થોડી શાબ્દિક ટપાટપી થતાં પેલા બાળકનો પિતા શિક્ષક પર તૂટી પડે છે. ખુરશી અને થોડી બીજી વસ્તુઓની તોડફોડ કરી શિક્ષકને પણ ઘાયલ કરે છે. મામલો પોલીસ સ્ટેશને પહોંચી જાય છે. એક રાજકીય નેતા બળતામાં ઘી હોમવા પહોંચી જાય છે. અભણ વાલીના ખભે બંદૂક રાખી આ નેતા લડવા માંડે છે. શાળાના શિક્ષકોને પોલીસ સ્ટેશનમાં આખો દિવસ ભૂખ્યા રહેવાની ફરજ પડે છે. મામલો પતાવવા હું પણ પોલીસ સ્ટેશને સમયસર પહોંચી ગયો હતો. રાજનેતાએ પોતાનો અસલી રંગ બતાવી સમાધાન થવા દીધું જ નહિ. આવા રાજકારણી લોકો જ્યાં સુધી

પોતાની ઇચ્છા પૂરી કરવા સમાજને વેરવિખેર કરવામાં સફળ થતા રહેશે ત્યાં સુધી જનતાને પેલા શિક્ષકોની જેમ બલિનો બકરો બનવા મને-તમને તૈયાર રહેવું જ પડશે.

ભલે હું અને તમે બધાને સુખી કરવા સબળ કે સક્ષમ ન હોઇએ, પણ આપણા વડે કોઇ દુઃખી ન થાય. મળેલ સત્તાબળનો ઉપયોગ કરી આપણે કોઇ નાગરિકને હેરાન-પરેશાન થવું પડે તેવું એક પણ કામ ન કરીએ, તો એ ઇશ્વરને મોટી પ્રાર્થના કર્યા બરાબર છે. આવું ચિંતન જે કરી શકે તે અન્યને કદાપિ દુઃખ જાણ્યે અજાણ્યે પણ પહોંચાડશે નહિ. જયારે રાજકીય ઇચ્છા જેમનો પીછો છોડવા તૈયાર થતી નથી, તેઓ અન્યને સુખી કરવા વિચારી પણ શકતા નથી.

આજ-કાલ ટેલિવિઝન, ઇન્ટરનેટ, મોબાઇલ માધ્યમોએ માનવને ઘેરી લીધો છે. નાનાં બાળકો પણ તેનો ભોગ બની રહ્યાં છે. પુસ્તકો ગ્રંથાલયોમાં તેની અલમારીઓ શોભાવાનાં આભૂષણો બની ગયાં છે. યુવાનો વ્હીકલોનો ગુલામ બની, કારણ વિના લટાર લગાવી જિંદગીને હોડમાં મૂકી રહ્યા છે. તે મૂલ્યવાન માનવ જીવનને ધૂળમાં રોળવા તૈયાર થઇ જાય છે. જેને પોતાની પણ ચિંતા થતી નથી તે સમાજનું શી રીતે કલ્યાણ કરી શકશે! એટલે મને કહેવાનું મન થાય છે. 'કોઇને ભલે આપણે સુખી ન કરી શકીએ, પણ કોઇને આપણે દુઃખી તો ન કરવા જોઇએ.'

આપણે અન્યના કલ્યાણમાર્ગે જેવા કદમ ઉપાડીએ તેવા જ આપણે ભય અથવા કોઇ સ્વાર્થનો ભોગ બનીએ છીએ. આપણે આપણું લક્ષ્ય ચૂકી ભટકી જઇએ છીએ. આ વાત એક ઉદાહરણથી સમજવાનો પ્રયત્ન કરીએ.

એક રાજા હતો. શિકાર કરી પ્રાણીઓને મારી ખાતો. એક દિવસ તે નગરવિહાર કરી પ્રજાનાં સુખદુખ જાણવા નીકળ્યો હતો. રસ્તામાં તેને ગાંડો હાથી મળ્યો. તેનાથી બચવા તે દોડીને વૃક્ષ પર આશરો લે છે. વૃક્ષની ડાળી તેના હાથમાંથી છૂટી જતા તે ઊંધા માથે થઇ જાય છે. પણ તેના પગ વૃક્ષની ડાળીમાં ભરાઇ જવાથી તે નીચે પડતાં બચી જાય છે. તેની નજર નીચેની તરફ જાય છે. ઊંડો કૂવો, ઝેરી જળસાપ અને મગરનું બચ્ચું નજરે ચડે છે. તેને બીજાં બે-ચાર મગર કૂદાકૂદ કરતા દેખાય છે. તે કાંપવા લાગે છે. ઉપર નજર કરતા તેણે જે વડવાઇ સાથે તેના પગ વીંટાળ્યા હતા તે વડવાઇ બે સફેદ અને કાળા ઉંદરો કાપી રહ્યા હતા- તે દેખાય છે. હવે તેનું મૃત્યુ નક્કી

હતું તેથી તેને વૈરાગ જાગ્યો. તે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યો, 'હે ઇશ્વર જો તું મને કોઇ પણ રીતે ઉગારી લઇશ તો હું કોઇને દુઃખ પહોંચે તેવું એક પણ કામ કરીશ નહીં. પ્રાણીઓનો શિકાર કરવાનું છોડી દઇશ. ઉંદરોએ વડવાઇ કાપી નાખી. રાજા કૂવામાં પટકાયો. ઝેરી જળસાપ અને મગર તેને બટકા ભરવા લાગ્યા. રાજા અકાળે મૃત્યુ પામ્યો. પણ તે જયાં સુધી વડવાઇ સાથે વળગેલો હતો, ત્યાં સુધી તેના મુખમાં મધના ટીપા પડતા હતા. તેથી તેને માયા ઉત્પન્ન થઇ હતી. જેવો તેનો માતાના ગર્ભમાં પ્રવેશ થયો. માનવ અવતાર મળ્યો એવો તે ફરી માયામાં ફસાવા લાગ્યો. વિસ્મૃતિ થવાથી માનવદેહ મળવા છતાં રાજારૂપી જીવ કોઇનું કલ્યાણ કરી શકતો નથી. નસીબ બળથી તે કોઇ સારું કાર્ય કરે તો પણ તે અહમ્‌ના અગ્નિમાં હોમાઇ જાય છે. હું અને તમે પણ રાજાની જેમ ભોગ બની આપણી જિંદગી ગુમાવી રહ્યા છીએ. ત્યારે મારી આપ સૌને અપીલ છે : કોઇનું આપણાથી સારું ન થાય તો વાંધો નથી પણ કોઇને આપણાથી દુઃખ ન પહોંચે તેની કાળજી રાખીએ.

# ૨૦. માનવ દેહ સ્વર્ગમાં જવાની નિસરણી છે

તમારી આંતરદ્રષ્ટિનો પ્રકાશ અન્યનો અંધકાર મિટાવવા પાથરો. તે પ્રકાશ અન્યના માર્ગને ઉજાળશે. તમારાં દુખને સંકેલી લઇ, તેને ભોંમાં ભંડારી દો, દુખરૂપી દાવાનળ શમી જશે. જરૂર પડે તેનો અંગારો કોઇનું ભોજન તૈયાર કરવા અગ્નિ પ્રગટાવવા જરૂર આપવાનું રાખો કારણ ''જયોત સે-જયોત જલતી હી રહેની ચાહીએ'' સહિયારા પ્રયાસથી ઘોર અંધકારને પણ મીટાવી શકાય છે. એક નાનકડી દીવાસળી આખું જંગલ સળગાવી શકે છે. આ દીવાસળી પણ અનેક જોખમો સહન કરી દીવાસળીનું રૂપ પામી હોય છે. જે દુખોને ગળી જવા તત્પર રહે છે. તે અન્યના સુખના પ્રદેશો સજાવી શકે છે. યોગ્ય ઘાટ ધારણ કરવા મુસીબતોરૂપી કસોટીની એરણ પર ચડવું પડે છે. આંખોના ભયંકર દુખાવા પછી ભયાનક ટાઇફોઇડ તાવના લીધે ચર્મચક્ષુ ગુમાવવા સાથે અંધાપાનો ભોગ બનવું પડયું. જોકે સમજના અભાવે તેનું દુખ સહન કરવાનું આવ્યું હશે તે કંઇ યાદ આવતું નથી. તે પણ ઇશ્વરની મારા પરની કૃપાદષ્ટિ જ કહેવાય. એકાએક આવેલું અંધત્વ પચાવવાની શકિત મને અને મારા પરિવારને ઇશ્વરે આપી મારું ઉત્તમ ઘડતર થઇ શકે તે માટે અવનવી દિશાઓ ખોલી પ્રગતિનાં દ્વાર ખોલી આપ્યાં. તે પણ ઇશ્વરની મારા પરની કૃપા જ છે. બાળપણના પ્રસંગો જયારે મને મારા પરિવાર કે પરિચિતો પાસેથી જાણવા મળે છે, ત્યારે કબીરા જેવી મારી હાલત થાય છે. કબીરજી થાકીને ઊંઘી જતાં પણ જાગ્રત થતાં તે દુખી થઇ જતા. ઇશ્વરનું નામ જપવાના બદલે નીંદરનું સુખ લેવું તેના માટે શરીર સુખ ભોગવવાનો સ્વાર્થ હતો. તેથી જાગૃત થતાં જ તેઓ ચોધાર આંસુએ રડી પડતા હતા. મને પણ જયારે ઇશ્વરના બાળપણના ઉપકારો વિશે જાણવા મળે છે. ત્યારે ઉપકારનો બદલો હું યોગ્ય કાર્ય કરી આપી શકતો નથી, તેનો રંજ થાય છે. કોઇવાર આકુળ વ્યાકુળ થઇ જાઉં છું. મારી જેવી ક્ષતિ ધરાવતાં મારા બંધુઓ અને ભગિનીઓને એક યા બીજી રીતે પરેશાન થતા જોઉં છું. ત્યારે મારા મનની હાલત પણ ચકડોળના ચક્કર જેવી થઇ જાય છે. અશાંત થયેલું મન ઘુમરીઓ મારવા લાગે છે. પીડિતની મદદે પહોંચી જવા હાકલ કરી મને ધક્કા મારવા લાગે છે. અંતરમાંથી માંહ્યલો અવાજ આપે

છે. ''તને ભગવાને ધરતી પર પડકાર સાથે મોકલેલા માનવોની મદદ માટે મોકલવામાં આવ્યો છે, પૈસો કમાઇ શરીરસુખના ભોગો ભોગવવા નહીં.'' સ્વાર્થ માટે જે માનવ દેહનો ઉપયોગ કરી મળેલી જિંદગી ગુમાવે છે, તેને હું ધિક્કારું છું. ઇશ્વરનો સંવાદ મારા અંતરમાં સતત ગૂંજતો રહે છે. આ સંવાદ મને સમુદ્રમાં યાત્રા કરતા નાવિકોની દીવાદાંડી જેમ દોરવણી આપે છે, તેમ મને પણ પરોપકારી જીવન જીવવાની કેળવણી આપે છે.

વિદ્યાર્થી અવસ્થામાં જ રોપાયેલું બીજ ધીરે ધીરે અંકુરિત થઇ. વૃદ્ધિ પામવા લાગ્યું. મારા પર વર્ષો પહેલાં આવેલા એક ટેલિફોને મારો માર્ગ બદલી નાખ્યો. કોઇ આપણને જેમ રસ્તો બતાવી કાંટાળા માર્ગેથી પાછા વાળે, તેમ મને પણ ઇશ્વરે એક ટેલિફોનિક સંદેશ દ્વારા નિમંત્રણ આપી સેવાક્ષેત્ર સાથે જોડવાની તક આપી, સ્વાર્થના માર્ગે જતા રોકયો છે.

આ બધા વિચારોએ મને માનવતાના પ્રદેશમાં વિહરવાની તક આપી છે. હું પડકારરૂપ જિંદગી જીવતા લોકો માટે કશુંક ને કશુંક નવું કરવા ઇચ્છું છું. મને આ કાર્યમાં સમાજનો ભરપૂર સહયોગ મળી રહ્યો છે. આને હું ''ગોવર્ધન પર્વત ઊંચકવા જેવું કાર્ય સમજું છું. ગોવર્ધન પર્વત ઊંચકવામાં ભગવાનને જેમ ગોવાળોએ ટેકો કર્યો હતો, તેમ મને અનેક લોકો સેવાના પવિત્ર કાર્યમાં ટેકો કરી રહ્યા છે. આને હું મારું પ્રારબ્ધ માનું છું. બીજા શબ્દોમાં કહું તો તે મારા કર્મની પુંજી હોઇ શકે. પણ આ બધામાં ઇશ્વરની કૃપા ન ભળે ત્યાં સુધી તે ફળ પ્રાપ્તિ આપી શકે નહિ. ઇશ્વરની આ કરુણાનો પ્રતિસાદ આપવાના ઉદ્દેશથી મારી જીવનયાત્રાના પ્રદેશમાં આવતા પીડિત પરિચિતોને સધિયારો આપવા નમ્રપ્રયાસ કરતો રહું છું. મારી અંતરની ઇચ્છા છેઃ દરેક ક્ષતિગ્રસ્ત લોકો પડકારભર્યું જીવન જીવી, માર્ગમાં આવતી સમસ્યાઓ સમાજના સધિયારાથી ખાળી શકે. સમુદાઇ દ્વારા ઝુંબેશ ચલાવી હકારાત્મક વાતાવરણ ઊભું કરી વિકલાંગ પીડિતો માટે કલ્યાણની કેડી કંડારવાનું સ્વપ્ન સિદ્ધ થાય.

મારા સપનાનું જગત સજાવવા વર્ષ ૨૦૧૨માં પ્રથમ પ્રયાસના ભાગરૂપે પ્રજ્ઞાચક્ષુઓમાં છુપાયેલી સુષુપ્ત શકિતઓને પ્રદર્શિત કરવાના હેતુથી વર્ષ ૨૦૧૨ના સપ્ટેમ્બર મહિનાની ૧૧ થી ૧૪ તારીખ મંગળ, બુધ, ગુરુ અને શુક્રવારના રોજ

વિશિષ્ટ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ચાર દિવસના આ યોજાયેલા કાર્યક્રમમાં સેંકડો વિદ્યાર્થીઓ, શિક્ષકો પ્રાધ્યાપકો, તબીબો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને સામાન્ય નાગરિકો જોડાયા હતા.

વર્ષ ૨૦૧૩માં વિશિષ્ટ પ્રદર્શનની સાથોસાથ 'દિવ્ય કલાસાગરમાં ડૂબકી' સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેને બહોળો પ્રતિસાદ સાંપડયો હતો. એ વેળાએ યોજાયેલ પ્રદર્શનમાં પણ લોકોના ટોળે-ટોળાં ઉમટી પડયાં હતા. જનતાનો ઉત્સાહ અને આવકાર મળતા આ કાર્યક્રમ સંસ્થાની પ્રવૃત્તિનો હિસ્સો બની ગયો છે. પ્રતિ વર્ષે સાંસ્કૃતિક કાર્યક્રમ ને વિશિષ્ટ પ્રદર્શનનું આયોજન નિયમિત રીતે કરવામાં આવે છે. શાળા કૉલેજના વિદ્યાર્થીઓમાં આવેલી જાગૃતિનો લાભ આ ક્ષેત્રને મળી રહે તેવા ઉદ્દેશથી ૨૦૧૭માં સંવેદના-સેતુ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના ભાગરૂપે અનેક શાળા કૉલેજની રૂબરૂ મુલાકાત લેવામાં આવી છે. એટલું જ નહિ સેંકડો વિદ્યાર્થીઓને સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવ્યા છે. પરિણામે અનેક નેત્રહીનોને રીડર રાઇટર જેવી સેવાઓ સરળતાથી નિઃશુલ્ક પ્રાપ્ત થઇ રહી છે. આ ઉપરાંત પારિવારિક કે સામાજિક બાબતોમાં તેનો ફાયદો જોવા મળે છે. સમાજની મુખ્યધારામાં વિકલાંગોને સ્થાન અપાવવામાં આ સંવેદના સેતુની સાંકળ ટેકો કરી રહી છે.

સંવેદનાસેતુ કાર્યક્રમ અંતર્ગત અનેક શાળા કૉલેજોમાં વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ સાથે વિકલાંગતા મૅનેજમેન્ટ વિષય પર સંવાદ કરવામાં આવી રહ્યો છે. પરિણામે ભાવનગર જિલ્લો વિકલાંગતાના ક્ષેત્રમાં દેશનો આદર્શ જિલ્લો બનાવા આગળ વધી રહ્યો છે. જાનજાગૃતિનું આ તદ્દન નવું સોપાન છે, નવો વિચાર છે. નવી દિશા ખોલે તેવું અભિયાન છે. આ નવા ઉપક્રમમાં હજારો લોકો જોડાઇ રહ્યા છે. તે કદાચ ભગવાને મને મારી આંખોના તેજ કરતા ઘણું મોટુ સુખ આપ્યું છે તેમ હું માનું છું. વાચકમિત્રો, ભગવાને મને પરોપકારનું કાર્યસુખ આપી ધન્ય કર્યો છે. મને આવું ગૌરવ આપી મારા કલ્યાણનાં દ્વાર ખોલી આપ્યાં છે. સંવેદનાસેતુ કોઇ પણને માનવતાના માર્ગે દોરી જાય તેવી પ્રવૃત્તિ છે. આ પ્રકલ્પને વધુ વેગ આપવા ૭ મે ૨૦૧૯ના રોજ ભાવનગરના ૨૯૬ મા સ્થાપના દિવસે વિકલાંગોના ઉત્કર્ષ માટે

સંસ્થાએ વધુ એક કદમ ઉપાડયું છે. શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાએ જિલ્લાની દરેક શાળા કૉલેજમાં સંવેદના સોસાયટીની સ્થાપના કરવા કમર કસી ઝુંબેશ ઉઠાવી છે. જિલ્લાની શાળા કૉલેજો તેમાં સામેલ થઇ રહી છે. આ યજ્ઞ મારો નિજાનંદ પણ છે. સુખ આપણને સ્વકલ્યાણ માટે મેળવેલી સંપત્તિ આપી શકતું નથી. તેનું જ્ઞાન સાધુપુરુષોને થયું હોવા છતાં તેઓ પણ મોહમાં ફસાઇ આવા સુખથી વંચિત રહે છે. મેં આવા સાધુ સાધકપુરુષોને ભીંત ભૂલી અથડાતા જોયા છે. તેથી આવી માયાના બંધનમાં પડયા વિના આંખોની દૃષ્ટિ ગુમાવી તેનો શોક કરવાના બદલે કર્મના માર્ગે આગળ ધપવા નિશ્ચય કરી લીધો છે. કારણ સ્થૂળ દૃષ્ટિ વડે દેખેલા માયાવી જગતમાં જીવાત્માએ ફસાવું પડે છે. તે માયાના વિષ્ટાથી ખદબદતા દ્વાર ભગવાને મારા માટે બંધ કરી મને સેવાના માર્ગે આગળ ધપવા ઉપર જણાવેલો વૈભવ આપી મને સુખી કર્યો છે, તેમ હુ સમજું છું. એટલે હું મારા બંધુઓ અને ભગિનીઓને કોઇપણ પ્રકારની મુસીબતનો સામનો કરવો પડે નહિ તેની ચિંતા અને ચિંતન કરતો રહું છું. જેના પરિણામે મને અવનવા કાર્યક્રમો શરૂ કરવાની દૃષ્ટિ પ્રાપ્ત થઇ છે. તેને મારું ખરું સુખ અથવા સમૃદ્ધિ માનું છું. તે મારા વૈભવનો ખજાનો છે, આનંદ ઉમંગનું અનેરું નજરાણું પણ છે. તેને અંતરના ચક્ષુ વડે જોવાનો લહાવો લેવાનું મને ખૂબ ગમે છે.

કોઇ પણ વ્યકિત પોતાની શારીરિક કે માનસિક મર્યાદાઓને લીધે વિશાળ માનવ સમુદાય વચ્ચે એકલો-અટુલો પડી ન જાય તે જોવાની જવાબદારી સૌ કોઇની બને છે. ઘણી વખત મેં એવું પણ જોયું છે, ખૂબ મોટા ધનાઢય પરિવારમાં જન્મેલા વિકલાંગોને પોતાની ભૌતિક જરૂરિયાતો પૂર્ણ થઇ શકે તેવો પ્રબંધ કરી દેવામાં આવે છે. પણ તેની પરિવારના સભ્ય તરીકે પારિવારિક પ્રસંગો, સામાજિક રીતરિવાજોમાં જોઇએ તેવી ગૂંથણી થતી નથી. વ્યકિત માત્ર વૈભવી સગવડનો ભૂખ્યો હોતો નથી. તેને તમારો પ્રેમ પણ જીવવાની શકિત આપતો હોય છે. ઘણી સરકારી ઑફિસો, શાળા કૉલેજો કે અન્ય એકમોમાં વિકલાંગોને કામ મળી રહે તેવી કાનૂની જોગવાઇઓ જરૂર થઇ છે. તેને હું આવકારું છું. જે વિકલાંગ ભાઇ બહેનોને કામ સરકારની કાનૂની જોગવાઇઓને આધીન આપવામાં આવે છે. તેમાના કેટલાક વિકલાંગોને એક યા બીજી રીતે સહન કરવું પડે છે. તેમાં હું સરકારનો દોષ જોવા કરતાં સાથી કર્મચારીઓનો

નકારાત્મકતાભર્યો વ્યવહાર વધુ કારણભૂત માનુ છું. ત્યારે આ સમસ્યાના ઉકેલ માટે સમાજના સુશિક્ષિત નાગરિકોએ નેતૃત્વ લેવું પડશે. આવા લોકોની સૂતેલી સંવેદના જાગે તેવા કાર્યક્રમોમાં જોડાવું પડશે. તો નવી પેઢીમાં સંવેદનાનું સિંચન થશે. શાળા કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું શિક્ષણની સાથે સંવેદશીલ વ્યકિતત્વ ઘડાય તેવા અનુભવો પૂરા પાડવા પડશે. સામાજિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અને ઉત્તેજન આપવું પડશે. આજનો બાળક કે વિદ્યાર્થી આવતીકાલનો દેશનો જવાબદાર નાગરિક છે. તેથી તેના ઉત્તમ ઘડતર માટે શિક્ષક ઉપરાંત સમાજે પણ જાગૃત બનવું પડશે. આ માટે સામાજિક, શૈક્ષણિક કે ધાર્મિક સંગઠનોએ આગળ આવવું પડશે. સંવેદના સોસાયટીનું ત્રિસ્તરીય ફોરમ આપી સંસ્થાએ વિકલાંગોના પુનઃસ્થાપનના કાર્યને વેગ આપવા નીંવ રચી છે. જે સરકાર અને સમાજ માટે દીવાદાંડી પુરવાર થશે, તેની મને શ્રદ્ધા છે.

ભગવાને મને અને તમને મૂલ્યવાન માનવદેહ આપી મોકલ્યા છે, ત્યારે આપણે તેનો લાભ અન્યના કલ્યાણ માટે કરીએ. તેમાં મારી અને તમારી ભલાઇ પણ છે. કારણ આપણે જો માનવદેહનો બીજાની ભલાઇમાં ઉપયોગ કરી શકીશુ તો તે આપણા માટે 'સ્વર્ગની નિસરણી બની જશે'.

# ૨૧. સત્તા અને સંપત્તિ ઈશ્વરના લાડકાં સંતાનને મળે છે

ઘરમાં કમાતો દીકરો અથવા દીકરી મા-બાપને ખૂબ જ વ્હાલા હોય છે. પરંતુ આળસુ દીકરા-દીકરી કોઇ પણ મા-બાપ માટે માથાનો દુ:ખાવો હોય છે. તે વાત સૃષ્ટિના પિતાને પણ લાગુ પડે છે. ઉત્તમ કર્મ બજાવી જે લોકો ભગવાનની બનાવેલી દુનિયાને દીપાવે છે, તેને ભગવાન મદદ કરતા હોય છે. આમ તો પ્રાણીમાત્ર પોતાનું કર્મ કરતા હોય છે. સૂક્ષ્મ જીવો પણ બીનચૂક કર્મ-ધર્મ બજાવે છે, પણ આ બધા જીવોમાં માણસ પોતાની પસંદગી મુજબનું કર્મ બજાવી શકે છે. તેથી તેને કર્મબંધન સૌથી વધુ બંધનકર્તા બને છે. ખોટા બીજાને દુખી કરે તેવા કર્મોનું ફળ માણસને ભોગવ્યા વિના છોડતું જ નથી. જોકે સારા કર્મોનું ફળ પણ તેને અવશ્ય મળતું હોય છે. તેથી દરેક મનુષ્યે સારા કર્મફળની પૂંજી જમા કરવા યત્નશીલ રહેવું જોઇએ, કારણ માનવ અવતાર ધારણ કરનાર જીવાત્મા પુણ્ય કમાઇ પોતાનું કલ્યાણ કરી શકે છે. અનેક દુખો ભોગવ્યાં પછી આપણને મૂલ્યવાન માનવદેહ પ્રાપ્ત થાય છે. ગાફેલ રહેશો તો મળેલી સોનેરી તક એળે જશે. ભાથામાંથી છૂટેલું તીર પરત ફરતું નથી. તે યાદ રાખવા જેવું છે. નિશાન તાકયાં વિના ચલાવેલું તીર પરિણામ આપી શકતું નથી. શિકાર છટકી જાય છે. દુશ્મન ભાગી છૂટવામાં સફળ થાય છે. મળેલી માનવ જિંદગી પણ એક તીર સમાન યોગ્ય કર્મ બજાવામાં નિષ્ફળ જવાથી નકામી પુરવાર થાય છે. માટે ચેતવાની જરૂર છે. વારંવાર માનવ અવતાર મળતો નથી, ત્યારે કોઇ કવિની પંકિત મને યાદ આવે છે -

''ચેતી જા, ચેતી જા માનવ જરા,
તારું કોણ છે, તારું કોણ છે ?
સ્વાર્થી સૌ તારા સગાં ને વહાલા,
દુખની વેળાએ તો સૌ દૂર થનારા;
ચેતી જા, ચેતી જા...
ચડતી વાહ વાહ બોલવે છે
પડતીમાં કોઇ કામ ન આવે.
ચેતી જા, ચેતી જા...''

સગાં ને સંબંધી સ્વાર્થનાં સગાં છે, અંત કાળે તો એકલા જવાનું, સમજી જા તું આવ્યો છે કિનારો સમજી જા, તું આવ્યો છે કિનારો ચેતી જા ચેતી જા. માનવ જરા, તારું કોણ છે ? તારું કોઇ છે ? હે માનવ, જરા ચેતી જા આ દુનિયામાં તારું કોઇ નથી. સગા સંબંધી બધા જ સ્વાર્થના સગાં છે. અંતકાળે તો એકલાં જ જવાનું છે. કર્મનો કોઇ સંગાથી બનતો નથી. એટલે કે પાપનો કોઇ ભાગીદાર થવા તૈયાર થતો નથી. તેથી કોના માટે તું ખોટું કરી અનીતિનું ધન ભેગું કરે છો. જેના માટે તું ધન કમાવા કાળા-ધોળા કરી રહ્યો છે. તે કોઇ તારા પાપનો ભાગીદાર થવાનો નથી. વાલિયા લુંટારાને તેના કુટુંબીજનોએ કહી દીધું હતું. જે પાપ કરે તે ભોગવે. અમે તેમાં કોઇ ભાગીદાર થવાના નથી. વાલિયો બધું જ સમજી ગયો. તે વાલિયો મટી વાલ્મીકિ બની ગયો. આ વાર્તા મને અને તમને જગાડવા માટે શાસ્ત્રોમાં ઉલ્લેખવામાં આવી હશે. પણ આપણે તેને કદી વાર્તાથી વધુ જાણી નથી. તેમાં કોને દોષ આપવો ? કોઇ પણ પાપ આપણે કરતાં ખચકાતાં નથી. તેનું કારણ આપણે વાલિયાની જેમ અજ્ઞાન અને ગેરસમજના કાટમાળ નીચે દબાયેલા છીએ. આપણે એમ માનીએ છીએ કે આત્માને કોઇ દુખ સહન કરવાનું નહિ આવે. આત્મા તો અજર અમર છે. વળી ભોગ તો શરીર ભોગવે છે. તેથી સુખ કે દુખનું બંધન શરીરને જ લાગુ પડે છે. આત્માને શું નાવા નીચોવાનું હોય? આ સમજ આપણા માટે ઘાતક નીવડી શકે છે. આપણે જાણીએ છીએ કે આગ લાગે ત્યાં સૂકા પાછળ લીલું પર્ણ બળીને ખાખ થઇ જાય છે. દુર્જનનો સંગ કરો તો દૂરગામી પરિણામો આપણે પણ સહન કરવા પડે છે. કુસંગ ચારિત્રવાન માણસને પણ ભરખી જાય છે. તેથી દરેક માણસે કુસંગી લોકોના સંપર્કમાં આવવાનું ટાળવું જોઇએ. આપણે જો આવું કરી શકીશુ તો ઇશ્વરના લાડકા સંતાન બની શકીશું. ઇશ્વરના તમે એકવખત લાડકાં સંતાન બની જશો તો સુખ અને સંપત્તિ તમારી પાસે દોડતાં આવશે. પણ તેના મોહમાં તમે ફસાઇ જશો તો દુખી થઇ જશો. અન્યના હિતમાં મળેલી સંપત્તિ વાપરવાના બદલે અંગત સ્વાર્થ સાધવા તેનો ઉપયોગ કરવા લાગશો, તો તમારું અધઃપતન થશે. તમે સંસાર સાગરમાંથી પાર ઉતરવાની નાવ મળવા છતાં કાઠે આવી ડૂબી મરશો. બધા જીવોમાં માણસને ભગવાને પોતાનું કલ્યાણ કરી શકે તેવી બુદ્ધિ આપી છે. તેથી મારે અને તમારે બુદ્ધિરૂપી મળેલા ધનનો ઉપયોગ આત્મ કલ્યાણના

માર્ગે આગળ વધવા કરવો જોઇએ.

આત્મ કલ્યાણ માટે ભેખધારણ કરવાનો એકમાત્ર માર્ગ નથી. ભેખધારણ કર્યા પછી પણ કેટલા સાધુ-સંતો માયામાં સપડાઇ નીચે પટકાતા હોય છે. મને એક બહુ મોટા સાધક સંતનું ઉદાહરણ યાદ આવે છે.

એક જંગલમાં મહાત્મા ઘોર તપ કરી રહ્યા હતા. વર્ષોથી સંસારનો ત્યાગ કરી, તેઓ ઘરેથી નીકળી ગયા હતા. સંત મહાત્મા લોકોથી છૂટવા જંગલમાં વસવાટ કરી રહ્યા હતા. તેને સોનું, ચાંદી કે ધન દોલતનો કોઇ મોહ રહ્યો ન હતો. વૃક્ષ નીચે બેસી તેઓ ભગવાનની આરાધના કરતા રહેતા હતા. એકવખત શિયાળાની ઋતુમાં ભારે ઠંડી પડી. પવનના સુસવાટાના લીધે મહાત્માની દાઢી થર-થર ધ્રૂજવા લાગી. મહાત્મા વિચારવા લાગ્યા. ઠંડીથી બચવા કોઇ ઉપાય કરવો પડશે. મહાત્માને એક ઉપાય મળી ગયો. તેમણે જંગલમાંથી ઘાસ, પાંદડાં અને વૃક્ષની ડાળીઓ ભેગાં કર્યા. તેની એક પર્ણકુટી તૈયાર કરી. મહાત્મા તેમાં બેસી ભક્તિ કરવા લાગ્યા. મહાત્માને ઠંડીથી રક્ષણ મળ્યું. મહાત્મા હવે શાંતિથી ભગવાનની ભક્તિ કરવા લાગ્યા. થોડા સમયબાદ પર્ણકુટીમાં થોડા ઉંદરોનો ઉપદ્રવ શરૂ થયો. ઉંદરો મહાત્માની લંગોટ અને વસ્ત્રો કાપવા લાગ્યા. મહાત્મા ફરી વિચારોમાં ખોવાયા. ઉંદરોને દૂર કરવાનો કોઇ ઉપાય શોધવો પડશે. આખા જંગલમાં ભલે રખડવું પડે. આનો ઇલાજ તો કરવો જ પડશે. મહાત્મા એક બિલાડી શોધી લાવ્યા. બિલાડી ઉંદરોના દર પાસે બાંધવામાં આવી. બે-ત્રણ દિવસમાં ઉંદરોનો નાશ થઇ જતા. પર્ણકુટીમાં ઉંદરો દેખાતા બંધ થઇ ગયા. મહાત્મા રાજીના રેડ થઇ પુનઃભક્તિમાં લાગી ગયા. બે-ત્રણ દિવસ વળી પસાર થઇ ગયા. એક દિવસ મહાત્માની દૃષ્ટિ બાંધેલી બિલાડી પર સ્થિર થાય છે. બિલાડી ટુંટિયું વળી પડી હતી. આજ મરશે? કે કાલ? ઘડીઓ ગણાતી હોય તેવો મહાત્માને અહેસાસ થયો. મહાત્મા ચિંતામાં પડી ગયા. તેને થયું કે લાવ જંગલમાં જઇ તેના માટે ખાવાનું કશુંક લઇ આવું. મહાત્મા પર્ણકુટીમાંથી જંગલમાં નીકળી પડે છે. રસ્તામાં તેને એક ગાયોનો ગોવાળ, ગાયોના ધણ સાથે મળે છે. તેજસ્વી પ્રતિભા ધરાવતા મહાત્માના ચરણોમાં ગોવાળ દંડવત્ પ્રણામ કરી મહાત્માના આશીર્વાદ માગે છે. ગોવાળ મહાત્માને પૂછે છે. હું આપની શી સેવા કરી શકું? મહાત્માઃ તું મને એક ગાય

આપ. ગાયનું દૂધ હું રોજ મારી બિલાડીને પીવડાવીશ. જેનાથી મારી બિલાડી જીવતી રહેશે. ગોવાળે વધુ દૂધ આપતી ગાય મહાત્માને દાનમાં આપી. મહાત્માએ ગોવાળને આશીર્વાદ આપી વિદાય કર્યો. સંત મહાત્માએ ગાયનું દૂધ એક પડિયામાં દોહી બિલાડીને પાયું. બિલાડી ધીમે-ધીમે ચેતન આવતા રુષ્ટપુષ્ટ થવા લાગી. બીજી તરફ ગાય અને તેના વાછરડાની સંભાળ માટે બાપુને ચિંતા સતાવવા લાગી. બાપુ દિવસે દિવસે ભકિતથી વિમુખ બનવા લાગ્યા. બધું જ છોડી મહાત્મા તો ગાયની સારસંભાળના કામે લાગી ગયા. ગાય અને તેની વાછરડી માટે એક ઘાસની ઝૂંપડી તૈયાર કરી. તાજું ઘાસ ગાયને રોજ મળી રહે તે માટે તેણે આસપાસની જમીન સમતલ કરી ખેતી લાયક બનાવી. તેમણે એક ખેતર તૈયાર કર્યું. મહાત્મા ખેતી કરવા લાગ્યા. પછી તેણે એક વધુ ખેતર પણ તૈયાર કર્યું. નવા ખેતરને ખેડી તેમાં પણ જુદાં-જુદાં અનાજનું વાવેતર કર્યું. પાક મબલક પાકયો. રાજાના થોડા માણસો જંગલમાં તપાસ કરવાના હેતુથી નીકળ્યા. તેની નજરે પેલા પાકથી ઝૂમતાં ખેતરો ચડયાં. તેમણે તપાસ કરી ખેતરના માલિક મહાત્માને શોધી કાઢયા. રાજનો કર વસુલવા માણસોએ મહાત્મા પાસે માંગણી કરી. પાંચમા ભાગની ઊપજ કર પેટે વસૂલવામાં આવી. મહાત્માનું નામ રાજના ચોપડે ચડી ગયું. દર વર્ષે મહાત્માને કર પેટે પાંચમા ભાગની ઉપજ રાજમાં જમા કરાવવી પડતી હતી. જંગલમાં સતત બે વર્ષ સુધી ટીપુંએ વરસ્યું નહિ. કર રાજમાં શી રીતે જમા કરાવવો? મહાત્મા વિચારોમાં પડી ગયા. રાજમાંથી મહાત્માને હાજર રહેવાનું કહેવામાં આવ્યું. રાજદરબારમાં જઇ સભામાં મહાત્મા સામે ખટલો ચાલ્યો. સુનાવણી થઇ. મહાત્માને નગ્ન અવસ્થામાં નગરમાં ફેરવી. સો સોટીનો માર મારી કર નહિ ભરવાની શિક્ષા કરવામાં આવી. મહાત્મા જો ક્ષમા માગવા તૈયાર ન થાય તો વધુ સો સોટીનો માર મારવામાં આવે તેવો હુકમ આપી, આખા નગરમાં ઉઘાડા શરીરે મહાત્માને ફેરવવામાં આવ્યા. પછી તેને જેલમાં પૂરવામાં આવ્યા. એક ત્યાગી મહાત્માને પણ મોહ કેટલી યાતના આપે છે? માટે મોહમાં ફસાતાં પહેલાં હજારવાર વિચાર કરો.

મહાત્માને ભકિતરૂપી વૈભવ સજાવા ઘોર જંગલરૂપી સંપત્તિ આપી હતી.ભકિતમાં કોઇ અવરોધ ન આવે તેવી નીરવ શાંતિ પણ આપી હતી. મહાત્માને

શરીર સાચવવાનો મોહ થયો. તેને ઊભા થયેલા ઉંદરરૂપી અવરોધને ખાળવા વધુ મોહ જાગ્યો. તેના માટે તેમણે બિલાડી પાળી, તેના પોષણ માટે તેમણે ગાય વસાવી. ગાયની સંભાળ અને ખોરાક માટે વળી મહાત્માને મોહ જાગ્યો. તેમણે આ માટે ખેતી કરવાનું શરૂ કર્યું. આગળ જતા મહાત્માને તે ભારે પડયું. હું અને તમે સુખ અને સંપત્તિ મળે છે, ત્યારે તેના રક્ષણ અને સલામતી માટે એક પછી એક માયારૂપી જાળમાં ફસાવા લાગીએ છીએ. તમે કદાચ લાડકાં બાળકોનો અભ્યાસ કરશો તો પણ તમને તે બાળકો મહાત્માની જેમ ભીત ભૂલી લાડકોડમાં પોતાનું બાળપણ વેરવિખેર કરતાં જોવા મળશે. તમને તેમાનાં કેટલાક બાળકો કારકિર્દીવિહોણા નજરે ચડશે. આવા બાળકો ''ધોબીના કૂતરાની માફક, નહિ ઘરના કે નહિ ઘાટના '' થઇ જતાં હોય છે. માતા-પિતાના અતિલાડકોડના કારણે ઘણાં બાળકો ભણવામાં ધ્યાન આપતાં નથી. પરિણામે અધૂરી કેળવણીના લીધે તેઓ કયાંય સ્થાપિત થઇ શકતાં નથી. પેલા મહાત્માની જેમ સંસારત્યાગ કરીને પણ મોહમાં અટવાઇ રાજાની શિક્ષા ભોગવવા મજબૂર બનવું પડે છે, તેમ અઢળક સંપત્તિ ધરાવતાં સંતાનો પણ કુસંગી બની નશીલા પદાર્થોનું સેવન કરતા થઇ જાય છે. નકામા લોકોના રવાડે ચડી બરબાદ થઇ જાય છે.

લાડકા હોવું કોઇવાર શાપરૂપ પણ નીવડી શકે છે. માટે આપણને મળેલી સત્તા અને સંપત્તિનો વિવેકપૂર્ણ ઉપયોગ કરતા શીખવું જોઇએ. સત્તા અર્થાત્ શકિત અને સંપત્તિ અર્થાત્ પ્રાપ્ત થયેલું ધન. સત્તા કે સંપત્તિ આપણને કદી સુખી કરી શકતા નથી. તેથી તેની પાછળની દોટ નિરર્થક છે. મહાત્માને ભકિત સુખ પ્રાપ્ત થયા પછી પણ મોહ જાગ્યો. મોહના લીધે તે એક પછી એક માયાના બંધનમાં ફસાતા ગયા. આખરે તેને રાજાની શિક્ષાનો ભોગ બનવું પડયું. મને અને તમને કાર્યભકિતનો સમન્વય ભગવાન જરૂર કરાવે છે. પણ હું અને તમે તેના માલિક બનવા વધુ ને વધુ માયાનો પ્રપંચ રચવા લાગીએ છીએ. આમ થવાથી આપણે ઇશ્વરકૃપાના પ્રસાદથી વંચિત રહીએ છીએ. એટલે આપણે ત્યાં કહેવાય છેઃ ''તારા બધા જ લાડ વેરાઇ જશે. માટે કહ્યા મુજબ કામ કર''. સુખ અને સંપત્તિ મેળવનારે ફુલાવાની જરૂર નથી. તેણે તો તે સંપત્તિ અન્યના કલ્યાણ માટે વહેતી મૂકી દેવાની હોય છે. પરમાર્થે ખર્ચેલી સંપત્તિ વ્યકિતને ખરું સુખ આપે છે. માનવતાના પ્રદેશમાં વ્યકિતએ ઊગવું હોય,

મહેકવું હોય, તો સુખરૂપી છોડ પર ખીલી નીકળેલાં સમૃદ્ધિ રૂપી પુષ્પો બની અન્યના આનંદ માટે મહેકી ઊઠો. તમારી મૂડીની સુવાસનું સામ્રાજય પાથરી દો. કોઇ પણના હાથે ચૂંટી શકાય તેવી તમારી સંપત્તિરૂપી મૂડી ઇશ્વરને પ્રસાદરૂપી ધરી દો. પીડિતોના આગણાની શોભા બનવાનું ચૂકશો નહિ. તમારું આ સમર્પણ ઇશ્વરનો પૈગામ બની જશે.

ઇશ્વરનો સ્નેહ તમને જરૂર લાડ લડાવતો જ રહેશે. શરત માત્ર એ જ છે, તમે તમારું સુખ, તમારી સંપત્તિ બીજાના વિકાસ માટે વાપરતા રહો. તમારા પ્રારબ્ધનો ખજાનો વધતો રહેશે. એક સમયે તમે દેવત્વને પામશો. તમે દેવલોકના અધિપતિ બનશો.

## ૨૨. સંઘબળ કોઈ પણ સંગઠનની ખરી તાકાત છે

માનવ અન્ય પ્રાણીઓ કે પક્ષીઓની સરખામણીમાં સમૂહમાં રહેવાનું વધુ પસંદ કરે છે. કેટલાક કામો તે સંગઠિત બની કરતો હોય છે. કોઇવાર અન્યાય સામે લડવા પણ તે સંગઠિત થતો હોય છે. એક યા બીજા કારણોસર સંગઠિત થતો માનવ સમય જતા એક જાળાની માફક ગૂંથાવા લાગે છે. તેની જરૂરિયાતો હાંસલ કરવા નાના સમુદાયો, સંગઠનો કે સંસ્થાઓ અસ્તિત્વમાં આવે છે. સામાજિક, રાજકીય કે ધાર્મિક ઉદ્દેશોને બર લાવવા આવી સંસ્થાઓ સ્થપાતી જ રહે છે. શૈક્ષણિક, આરોગ્ય કે સામાજિક સેવાઓ પૂરી પાડવા સ્થપાયેલી સંસ્થાઓ તેના હેતુઓથી ભટકી, ધંધાદારી એકમોની જેમ ઉત્પાદનલક્ષી કામગીરી કરવા લાગે છે, નફો કમાવા લાગે છે, ત્યારે લાભાર્થીના કલ્યાણનો ઉદ્દેશ બાજુ પર રહી જાય છે. આવી સંસ્થાઓ કમાણીનું સાધન બની કારખાનાની જેમ કામ કરવા લાગી જાય છે. આવી કોઇ પણ સંસ્થાને સંસ્થા તરીકે ઓળખાવાનો નૈતિક અધિકાર રહેતો નથી. કોઇ પણ સંસ્થા તેના બંધારણીય ઉદ્દેશોથી ભટકી ઉત્પાદનલક્ષી ધંધાકીય સ્થળ બની ન જાય, તે જોવાની નૈતિક ફરજ દરેક ટ્રસ્ટીઓ, કાર્યકરો કે કર્મવીરોની રહે છે.

સંગઠનના નક્કી થયેલા હેતુઓને પાર પાડવા નિષ્કામ ભાવે સેવા બજાવવા તત્પર બનેલો દરેક કર્મવીર ઇશ્વરની સાચી ભકિતમાર્ગનો ખરો પથિક પુરવાર થાય છે. દિવસ-રાત લાભાર્થીના કલ્યાણ અર્થે કાર્ય કરતો કર્મવીર પરમાનંદને પામે છે. સંસ્થામાં કાર્યરત કર્મવીર જયારે લાભાર્થીના અંતરના ભાવોને વાંચતો થઇ જાય છે ત્યારે કોઇ પણ સંસ્થા કે સંગઠન ઇશ્વરનું ધામ બની જાય છે. તેનો એક પણ લાભાર્થી કોઇપણ સેવાથી વંચિત રહેતો નથી. જે સંસ્થા આવા નિષ્ઠાવાન કાર્યકરો અથવા કર્મવીરોથી શોભતી હોય છે, તેવી દરેક સંસ્થા પવિત્ર યાત્રાધામથી પણ ચડિયાતી છે. આવી સંસ્થાઓના કોઇ પણ કાર્યકર કે તેના કર્મવીરોને મંદિરમાં યાચના કરવાની જરૂર રહેતી નથી. પોતાના સેવામંદિરમાં નિયમિત કાર્ય કરતો કોઇ પણ વ્યકિત, પોતાનું આત્મકલ્યાણ કરી શકે છે. માનવ જીવનની ખરી સફળતાની મહેક સેવા ધર્મમાં મહેકે છે. હરણની નાભિમાં રહેલી કસ્તૂરીનો ખ્યાલ ખુદ હરણને જેમ હોતો નથી, તેમ માનવ

અજ્ઞાનતાના અંધકારમાં અટવાઇ, સેવાના પ્રગટેલા પ્રકાશથી, જીવનકાળ દરમિયાન વંચિત રહી જાય છે.

કેટલીક સંસ્થાઓ તેને મળતા સરકારી અનુદાન તેમજ લોકફાળા વડે એકત્રિત થયેલ નાણાનો ઉપયોગ પોતાના લાભાર્થીના વિકાસમાં કરવાના બદલે અંગત સવલતો ઊભી કરવા કે સંસ્થાની માલ-મિલકત, મકાનોનું નિર્માણ અથવા તેનું નિભાવ ભંડોળ વધારવા, યોજનાઓ ઘડી કાઢે છે. આવી સંસ્થાઓ લોકોની પ્રથમ નજરે આદર્શ અને પ્રગતિના માર્ગે દોડતી દેખાવા લાગે છે. માત્ર ભૌતિક સગવડો ધરાવતી સંસ્થા આદર્શ કહી શકાય નહિ. કોઇ પણ સંસ્થાનું નિર્માણ તેના લાભાર્થીના કલ્યાણ માટે જ કરવામાં આવે છે-સંસ્થાના નામે મોટી માલ-મિલકત વસાવી, તેમાંથી ધન કમાવું નહિ. તેમ છતાં આજ-કાલ કેટલીય સંસ્થાઓ પોતાના માર્ગથી સાવ ભટકી રહી છે. આવી ઘણીખરી સંસ્થાઓ તો લાખો રૂપિયા કમાઇ લઇ લાગતા-વળગતા લોકોને કામે રાખતી હોય છે, તેને જુદા-જુદા પ્રૉજેકટની કામગીરી સોંપી પગાર પેટે વર્ષે દાડે તગડી રકમ ચૂકવતી હોય છે. આવા પ્રૉજેકટમાં સંસ્થાના લાભાર્થીના ફાયદા કરતા કામે રાખેલ કર્મચારીના હિતની કાળજી વધુ રાખવામાં આવતી હોય છે. મને આવી સંસ્થાઓથી ભગવાન હંમેશા દૂર રાખે તેવી હું પ્રાર્થના કરતો રહું છું. કેમ કે હું માનું છું કે ભગવાને મારા પર મૂકેલો ભરોસો જો હું ખોઇ બેસીશ તો મારું પતન નક્કી જ છે. મંદિરમાં બેઠેલો કોઇ પણ પૂજારી પ્રાર્થના વડે જે સુખ પામે છે તે સઘળું સુખ સેવાધર્મ પણ આપે છે. પરંતુ પામર માણસ આ જીવનમંત્ર સમજી શકતો નથી. આમ, આત્મકલ્યાણના માર્ગે આગળ ધપતો મુસાફર ભગવાનથી વિમુખ થઇ જાય છે. જેમ પૂજારી મંદિરમાં વસવાટ કરતો હોવા છતાં ભ્રષ્ટ થવાથી તેની અધોગતિ થાય છે. આ નિયમ સંસ્થા સાથે જોડાયેલા કાર્યકરો, કર્મવીરો કે ટ્રસ્ટીગણને પણ લાગુ પડે છે. સેવાના મંદિરમાં પગપેસારો કરી તેને કમાણીનું સાધન બનાવવા રચ્યો-પચ્યો રહેતો કાર્યકર અને કર્મવીરની હાલત મંદિરના પૂજારી જેવી દયનીય બને છે. સેવાના ધામમાં જોડાવા છતાં સેવાથી વંચિત રહી દુર્ગતિ પામે છે. સંતમહાત્મા બધું જ ત્યાગી સંસારીઓની જેમ મંદિરની ગાદી મેળવવા ધમપછાડા કરતા હોય છે. લાખો રૂપિયાનો વહીવટ હાથમાં રાખવા, કાવાદાવા કરતા હોય છે. કોઇવાર પાછલા બારણે

કેટલાકનો કાંટો કાઢવા ખૂનખરાબા પણ કરાવે છે. આવી ઘણી વાતો આપણને પ્રસાર માધ્યમો દ્વારા જાણવા મળે છે. આવા સાધુમહાત્મા ભકિતની પૂંજી ગુમાવે છે. જીવનપર્યંત વૈતરું કરી પશુયોનિમાં જન્મ ધારણ કરવા મજબૂર બને છે. ટૂંકમાં, કોઇપણ ક્ષેત્રમાં વ્યકિતનો દંભ, વ્યકિતના પતનનું કારણ બને છે. સંસ્થાના કોઇ પણ કર્મવીરે સેવાનો જરાસરખો પણ દંભ કરવો જોઇએ નહિ. બીજા શબ્દોમાં કહું તો આવા મહાનુભાવોએ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ અદા કરતા રહેવું જોઇએ. આર્થિક લાભ સાથે સેવા બજાવતા લોકોએ તેને મળતા વેતન કરતા બદલો વધુ આપવા તૈયાર રહેવું જોઇએ. સેવાસંકુલના યાત્રિકોએ આ કરવા જેવો સંકલ્પ છે. કેમ કે, એમ નહિ બને તો સેવાક્ષેત્રના યાત્રિકોનું અધઃપતન નિશ્ચિત છે. જે રીતે સાતમા માળેથી કૂદી પડતો માણસ બચતો નથી તેમ સેવામંદિરમાં પ્રવેશ મળવા છતાં સેવાથી અળગો રહી પૈસાનો દાસ બની, આંધળી દોટ મૂકનાર માણસ પોતાને મળેલી આત્મકલ્યાણની સોનેરી તક ગુમાવે છે.

કોઇપણ સંસ્થાનો પ્રાણ તેના કર્મચારીઓ અને કાર્યકરો હોય છે. સંચાલક લોભી, સ્વાર્થી કે ધંધાદારી વૃત્તિ ધરાવતો હશે; તો સંસ્થાના લાભાર્થીઓ અનેક સેવાઓથી અળગા રહી જશે. જોકે આવી સંસ્થાઓ હેતુ વગરના ધંધાદારી એકમો બની ફાલેફૂલે છે પણ લાભાર્થીને તેનો ખાસ ફાયદો થતો નથી. સરકારના ચોપડે ઘણી આવી સંસ્થાઓ હમણા-હમણા ચડવા લાગી છે. સરકારે સંસ્થાઓને મળતા અનુદાન પર નિયંત્રણ મૂકવા પગલાં લીધાં છે. સંસ્થાઓને સહાય કરતા દાતાઓને 100 ટકા ઇન્કમટેક્ષમાં રાહત આપતી કલમ 35 એ.સી.રદબાતલ કરવામાં આવી છે. પરિણામે સારું કાર્ય કરતી સંસ્થાઓની સેવાકીય પ્રવૃત્તિ પર ગંભીર અસર થઇ છે. પાકમાંથી નિંદામણ દૂર કરનાર ખેડૂત મારી દષ્ટિએ ઘણો કુશળ છે. પણ નિંદામણ નાશ કરવા પાકેલા પાકને પણ હાનિ પહોંચે તેવા નુસખા અપનાવતો ખેડૂત અણઘડ અને અજ્ઞાની છે. આવી જ રીતે આજકાલ સરકારી કાયદાનો ગેરલાભ ઊઠાવતા લોકોને રોકવા, કાયદો કે તેની કલમ હટાવી દેવાનું પસંદ કરે છે. તે દરેક સરકાર પેલા અણઘડ ખેડૂત જેવી જ ગણાય. ખોટી સંસ્થાઓને પકડવાને બદલે બધી જ સેવાકીય સંસ્થાઓને મળતી અનુદાનની રકમ પર નિયંત્રણ મૂકવું સરકારનું પલાયનવાદી વલણ

દર્શાવે છે. તો બીજી તરફ સંસ્થાઓના સંઘબળ પર પણ શંકા ઉત્પન્ન કરે છે. 'કોઇને અન્યાય કરવો નહિ' સિદ્ધાંત માથે ચડાવવા જેવો છે, પણ કોઇના તાબે થઇ અન્યાય સહન કરવો તેનાથી વધુ હાનિકારક છે. જે લોકો કાયરતા અને પ્રતિકારથી ડરી અન્યાય સહન કરવા તૈયાર થઇ જાય છે તેનો ક્ષય થાય છે. ગીતામાં ભગવાન કૃષ્ણએ અર્જુનને ઉદ્દેશી ફળની પળોજણમાં પડયા વિના કર્મ બજાવવા કહ્યું છે. આપણું કમનસીબ આપણને ફળની માયાજાળમાંથી છૂટવા દેતું નથી. પરિણામે મળેલી તક એળે જાય છે. સંસારના મોહરૂપી અંધકારમાં ભટકી-ભટકી કર્મની માયાજાળમાં ફસાઇ મુક્તિથી વંચિત રહીએ છીએ. હાથ-પગ, ધડ, માથું જેવા શરીરનાં ઉપાંગો મળવા છતાં ખરી માનવતાને પામી શકતા નથી.

કોઇપણ સંગઠન સ્વાર્થ અને અંગત તૃષ્ણાથી ઘેરાય નહિ તેની કાળજી પ્રત્યેક સંચાલકે રાખવી જોઇએ. વળી, તેનો લાભાર્થી માત્ર અધિકારો પૂરતી ચિંતા કરે તેવો સંકુચિત પણ ન હોવો જોઇએ. સંસ્થાના વિકાસમાં જે લાભાર્થીને રુચિ થતી ન હોય તેવા લાભાર્થીએ સંસ્થાની કોઇ પણ ચીજવસ્તુનો ઉપયોગ કરવાનો નૈતિક અધિકાર રહેતો નથી. જે લાભાર્થી કે સંસ્થાનો વિદ્યાર્થી પોતાનો નૈતિક અધિકાર ગુમાવ્યા પછી પણ તેનો લાભ ઊઠાવાનું ચૂકતો નથી તેનું આખરે પતન થાય છે. વિદ્યા પ્રાપ્ત કરવા છતાં અન્ય પર આધારિત જીવન ગુજારવા મજબૂર બને છે. કોઇવાર સંચિત કર્મફળના કારણે અનીતિભર્યા અનેક કામો કરવા છતાં આવા લોકોને હાનિ થતી નથી. ઘણી વેળા આવા લોકો સંસ્થાને તોડી-ફોડી નાખતા હોય છે, તો કોઇનો હાથો બની પ્રવૃત્તિઓથી ધમધમતી સંસ્થાને નામશેષ કરવા ઉધઇ બની જતા હોય છે. આવા લાભાર્થી ઢોરને ચોટતી ઇતરડી જેવા કહેવાય છે. પશુના આંચળમાં રહેલું દૂધ પીવાના બદલે લોહી ચૂસતી ઇતરડી જેવા લાભાર્થીઓ સંસ્થાને નફરતનો ચૂનો લગાવી શોભા વિનાની બનાવી દે છે. અંતે, આવી સંસ્થા સમાજમાં માન ગુમાવે છે. તેને સમાજ મદદ કરવાનું ટાળે છે. સમાજથી વિમુખ બનેલી સંસ્થા ગોકળગાયની ગતિએ ચાલતા-ચાલતા ક્ષીણ બની નાશ પામે છે. દરેક લાભાર્થી કે વિદ્યાર્થીએ સંસ્થાની દેખભાળમાં મદદ કરવી જોઇએ. સંસ્થાની કોઇ પણ સંપત્તિને જરા સરખું નુકસાન થાય નહિ, તે માટે સાવચેત રહેવું જોઇએ. સંસ્થાના સંચાલકની જવાબદારી સંસ્થા ચલાવાની છે, પરંતુ

લાભાર્થીએ સંસ્થાના રક્ષણ માટે જાગૃત રહેવું જોઇએ. કારણ કે સંસ્થા સલામત હશે, તો તેનો લાભાર્થી પણ સલામત જીવન જીવવા યોગ્ય મદદ અને માર્ગદર્શન મેળવી શકશે. જેટલા કાર્યકરો, ટ્રસ્ટીઓ કે કર્મવીરો જાગૃત હોય છે તેટલા તેના લાભાર્થી જાગૃત જોવા મળતા નથી. જે સંસ્થાના લાભાર્થી સમજદાર અને જાગૃત હોય છે તે સંસ્થાઓ દુનિયામાં મોખરાનું સ્થાન પામે છે. સંસ્થાનો લાભાર્થી તંદુરસ્ત વિચારધારા ધરાવતો નહિ હોય, તો પ્રગતિ કરતી સંસ્થા પણ વેરવિખેર થઇ નાશ પામશે. નકારાત્મક વિચારધારા સમય જતા ખૂબ મોટી સંસ્થાનું પતનનું કારણ બની જાય છે. દરેક લાભાર્થીની વિચારધારા હકારાત્મક હોવી જોઇએ. જે સંસ્થાના લાભાર્થી પોતાની હકારાત્મક વિચારધારાથી સજ્જ છે તેવી દરેક સંસ્થા કે સંગઠન પ્રગતિના પ્રકાશથી હંમેશા ઝળહળતી રહે છે. સંઘબળ સિદ્ધિને દોરી લાવે છે. સંગઠન શકિત વડે સંસ્થાના લક્ષ્યાંકો હાંસલ કરી શકાય છે. દાતાઓના અનુદાનને ઉગાડવા તેના લાભાર્થીઓએ 'પરિશ્રમ એ જ પારસમણિ' સૂત્રને ચરિતાર્થ કરવું પડશે. દાતાઓએ પોતાની પવિત્ર લક્ષ્મી આવી સંસ્થાઓની પ્રવૃત્તિને જીવંત રાખવા વાપરવી પડશે. સંસ્થાના પ્રત્યેક કર્મવીરે લાભાર્થીના વિકાસ માટે લાગી જઇ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ અદા કરવી પડશે.

વાચક મિત્રો, આમ થશે ત્યારે જ આદર્શ સંસ્થાનો ઉદય થશે...

# ૨૩. આત્માની વસંત

આપણા શરીરને વૈભવી સુખ સગવડ ભોગવવાની આદત પડી જતી હોય છે. જોકે કેટલાક વીરલાઓને અંગત તૃષ્ણામાં રચ્યાપચ્યા રહેવું ગમતું નથી. મને ઘણા આવા વીરલાઓને મળવાની તક ઈશ્વરે આપી છે. મને તેનો આનંદ છે. થોડા સમય પહેલા મારે સંસ્થાના ભાવિ કાર્યક્રમના આયોજન માટે મુંબઇ જવાનું થયું હતું. ૧૧ઑગસ્ટ ૨૦૧૯ના આ દિવસોમાં ઘણા મોટા મહાનુભાવોને મળવાનું થયું હતું. અમારા કીર્તિભાઇ શાહના નેતૃત્વ નીચે અમારી મુલાકાત મુંબઇના ખ્યાતનામ વેપારીઓ, ઉદ્યોગપતિઓ સાથે સમયપત્રક મુજબ ચાલી રહી હતી. મુંબઇમાં વ્યવસાય અર્થે સ્થાયી થયેલા સુભાષભાઇ શાહ ટ્રાફિકમાં ફસાવાના લીધે લાંબા થઇ જતા. રસ્તાનો થાક ઉતારવા હળવી રમૂજ-જોકસ કરી અમને સૌને હસાવતા રહેતા હતા. ઘરે મોડા પહોંચવાનો ડર વ્યકત કરી, કીર્તિભાઇને ટાર્ગેટ કરી રહ્યા હતા. ''મોડું કરી આજે કીર્તિ મારું નક્કી ઘર ભાંગવાનો થયો છે. મારે પણ સરોજબહેનનું ધ્યાન દોરી કીર્તિને થોડો ઠપકો ખવડાવવો પડશે. સુભાષભાઇ ગમે તેટલી રમૂજ કરે છતાં કીર્તિભાઇના પેટનું પાણીય હલતું ન હતું. કીર્તિભાઇ ગંભીર થઇ, આયોજનપૂર્વક એક પછી એક મુલાકાત ગોઠવતા. અમને મહાનુભાવોનો પરિચય કરાવી, સંસ્થાના યોજાનાર કાર્યક્રમ માટે સહયોગ મેળવી રહ્યા હતા. અમારી રમૂજમાં તેઓ થોડું હસી જરૂર લેતા હતા, પણ તેને અમારી ફાલતુ રમૂજમાં કોઇ રસ પડતો ન હતો. કીર્તિભાઇ બાળકોના મુંબઇ રોકાણની સગવડ ઊભી કરવા લોકોનો ટેકો મેળવવાની કોઇ તક ખોવા તૈયાર ન હતા. ગાડીમાં બેઠા-બેઠા ચિંતન કરતા રહેતા હતા. બાળકોને કયાં ફરવા લઇ જવાં. તેને શું જમાડવું, કયાં અને કયારે જમાડવાં વગેરે બાબતો પર તેનું ચિંતન ચાલતું હતું. તેના ચેહરાની લકીરો ચિંતાની ચાડી ખાઇ રહી હતી. વસંતઋતુનું આગમન થતા જ વૃક્ષો અને ફૂલ-છોડ નવપલ્લવિત બની ઝૂમી ઊઠે છે. પોતાની નવી ફૂટતી કૂંપળોમાં હાસ્ય ભરી દે છે, તેમ સેવામંદિરના ખરા પૂજારી એવા અમારા કીર્તિભાઇના હોઠ પર હાસ્ય ચલક-ચલાણાની રમત રમી રહ્યું હતું. તેના મનમંદિરમાં બાળકોના યાત્રા-પ્રવાસની ઘટમાળ ઘૂમરીઓ મારી રહી હતી. પ્રજ્ઞાચક્ષુ બાળકો

દ્વારા રજૂ થનાર સાંસ્કૃતિક કાર્યક્રમની ઝાલર રણકી રહી હતી.

ઝાલરમાંથી ગૂંજતા નાદમાં પ્રજ્ઞાચક્ષુ બાળકોના સર્વાંગી વિકાસની ગાથા ગૂંજતી હતી. પ્રજ્ઞાચક્ષુ બાળકોના સપનાના રંગો કીર્તિભાઇની લાગણીની પીંછી વડે શબ્દચિત્રમાં રેલાઇ રહ્યા હતા. ધીમા વરસાદના ફોરા તેની શોભા વધારી રહ્યા હતા. કીર્તિભાઇના બત્રીસે કોઠે ઠંડક વળે તેવો અમને લોકોનો આવકાર મળી રહ્યો હતો. આખા દિવસની દોડધામ પછી અમારા ઉતારે કીર્તિભાઇએ મુંબઇમાં યોજાનાર ભાવિ કાર્યક્રમના આયોજન માટે એક મીટિંગ રાખી હતી.

અનમોલ ગ્રૂપની તારીખ ૧૧ ઑગસ્ટના રોજ મોડી રાત્રીના યોજાયેલ મીટિંગ હું કદાપિ ભૂલી શકીશ નહિ. આ મીટિંગમાં નવયુવાનોમાં કીર્તિભાઇએ સેવાનો પ્રાણ ફૂંક્યો હતો. ઉપસ્થિત લગભગ બધા જ સભ્યોના ચહેરા પર અનેરો તરવરાટ દેખાતો હતો. કોઇ યુવાનને પોતાના ઘરે જવાની ઉતાવળ ક્યાંય ડોકિયા કરતી ન હતી. કારણ કીર્તિભાઇના આત્માની ખીલેલી વસંતનું આ કામણ હતું. વસંતઋતુમાં ફૂલોની પરાગરાજ પવન અને કીટાણુઓના માધ્યમથી તેના ફલીકરણ માટે આસપાસનાં વેલ-ઝાડ સુધી પહોંચી જાય છે, તેમ કીર્તિભાઇનો સેવાનો મંત્ર યુવાનો સુધી પહોંચી ગુંજી રહ્યો હતો. ષડ્જથી નિશાદ સુધીના સૂરોનો સંવાદ યુવાનોના સેવાસંકલ્પમાં છેડાઇ રહ્યો હતો. આ મીટિંગમાં કાર્યક્રમના સફળ આયોજન અંગે વિચારણા કરવામાં આવી હતી. કીર્તિભાઇ સંવેદનાની જીવતી જાગતી પ્રતિમા જ છે. તેમણે બાળકોને ઉતારા પરથી સભાખંડ સુધી તકેદારીપૂર્વક લઇ જવાના શ્રેણીબદ્ધ ઉપાયો સૂચવ્યા હતા. દુનિયાના લોકો આનંદ મેળવવા સિનેમા, સ્વીમિંગપુલ, પ્રાકૃતિક સૌંદર્યોમાં ભટકતા હોય છે. જ્યારે ભીતરનો ભેરુ જેનો જાગી જાય છે, ત્યારે તેને આવા ભૌતિક સગવડના માંચડા આનંદ મેળવવા શોધવા નીકળવું પડતું નથી. કારણ આવા લોકો ભૌતિક આનંદના પદાર્થોથી તદ્દન પર હોય છે. સેવાના દરબારમાં આવા લોકો રાજ કરતા હોય છે. મારી દૃષ્ટિએ આવા લોકો જ મહાપુરુષો ગણાય. ખૂબ ઓછા પરિચય છતાં મને કીર્તિભાઈ શાહની લાગણીના સાગરમાં ડુબવાનો મોકો જરૂર મળ્યો છે. સાગરની ઊંડાઈ પામી મને સાચાં મોતી પણ જડ્યા છે. આ મોતીનું મૂલ અણમોલ છે.

અમારી દોડધામ વચ્ચે પણ કીર્તિભાઈ અમને વિચારોનું સોનું વહેંચી રહ્યા હતા. તેમના જીવનનો એક ઘટેલો સત્ય પ્રસંગ પ્રેરણા આપે તેવો છે. લગભગ આઠ-દસ વર્ષ પહેલા ઘટેલી સત્યઘટનાની આ વાત છે. કીર્તિભાઈ અને સરોજબહેન જામનગરથી મુંબઇ કોઇ પારિવારિક પ્રસંગે ટ્રેનમાં જઇ રહ્યા હતા. એ.સી. ડબ્બામાં તે વખતે પ્રવાસીની સુવિધા ખાતર પડદા લગાવામાં આવતા હતા. જેથી પ્રવાસી શાંતિથી ઊંઘી શકે. શ્રી કીર્તિભાઈ અને સરોજબહેનની સામેની બેઠકમાં એક બહેન આવીને ગોઠવાયાં. તેમને જોતા જ શાણા માણસને ખબર પડી જાય કે આ બહેનને સારા દિવસો જઇ રહ્યા છે. સરોજબહેને સાવ અજાણ્યા બહેનને પૂછયુંઃ 'બહેન સારું તો છે ને? કોઇ દાકતરને તબિયત બતાવી ઘરેથી નીકળ્યા છો ને?' બહેને હકારમાં માથું ધૂણાવી સરોજબહેનને ઉત્તર વાળ્યો.

થોડો સમય હસી મજા ચાલી. સરોજબહેન સાથે સાવ અજાણ્યા બહેનનો જીવ મળી ગયો. ખાણી-પીણી પતાવી સૌ આડે પડખે થયાં. સામેની બેઠક પર આરામ કરતા બહેનને પેટનો દુખાવો ઉપડતા કણસવા લાગ્યા. થોડીવાર પછી સરોજબહેનને કણસતા અવાજે બૂમ પાડી પોતાની પાસે બોલાવ્યાં. સરોજબહેન કાંઇ સમજે તે પહેલા તો ભારે દુખાવાના લીધે પેલા બહેને મોટી ચીસ પાડી. ઢાંકેલા પડદામાં સરોજબહેને તપાસ કરવા જોયું, તો સરોજબહેનને બાળકનું માથુ બહાર આવતા દેખાયુ. થોડી જ મિનિટોમાં પેલાં બહેનની ચીસાચીસ વચ્ચે એક દીકરીનો જન્મ પણ થયો. પાછળથી તેના પરિવારે ટ્રેનમાં જન્મેલી આ દીકરીનું નામ યાત્રી રાખ્યું. ટ્રેનમાં એકાએક આવી પડેલી પ્રસૂતિની જવાબદારી સરોજબહેન માટે નેવાના પાણી મોભે ચડાવા જેવી કપરી હતી. બાળકને નાળમાંથી મુકત કરવું અનિવાર્ય હતું. સરોજબહેન માટે તે અશકય હતું. નાળ કાપવા કોઇ સાધન પણ ઉપલબ્ધ ન હતું. દાકતરને શોધવા કીર્તિભાઇ અને તેના મિત્રો ટ્રેનના ડબ્બેડબ્બા ફરી વળ્યા. એક પણ દાકતર ટ્રેન મુસાફરીના હેતુથી જોડાયેલા ન હોવાથી તે સમયે કોઇ મદદ મળી શકી નહિ. ઘણી મથામણ પછી જસ્ટ-ડાયલના માધ્યમથી આગળના સ્ટેશનેથી આવી દાકતરી મદદ મળી શકશે, તેવો સંદેશ મળતા કીર્તિભાઇ અને સરોજબેનની ચિંતાનો અંત આવ્યો. સ્ટેશન આવતા જ દાકતરસાહેબ આવી પહોંચ્યા. તેમણે બંનેને તપાસી

જાહેર કર્યું. બાળક અને તેની માતા સંપૂર્ણ સ્વસ્થ છે. કોઇ પણ ચિંતાનું કારણ નથી. સારા સમાચાર મળતા શ્રી કીર્તિભાઇ અને સરોજબહેનના જીવમાં જીવ આવ્યો. આંખની પણ ઓળખ ન હોવા છતાં કેટલો લગાવ, કેવો સ્નેહ ! ટ્રેનમાં પ્રસૂતિની પીડા સહન કરતાં બહેનનું દુખ દંપતીથી જોવાતું ન હતું. આ દુખનો અનુભવ તેઓ એક પરિવારના સભ્યની જેમ કરી રહ્યાં હતાં. આ સાચી સેવાનો દાખલો શાહ દંપતીએ બેસાડી ભગવાન મહાવીર સ્વામીનો મંત્ર ચરિતાર્થ કર્યો છે. આ દંપતીને મારા શત-શત વંદન.

કીર્તિભાઇનું વ્યક્તિત્વ પ્રભાવશાળી અને મોહક પણ છે. મને તેના સ્નેહસાગરમાં ધૂબકા લગાવવા ગમે છે. તેનાથી મારું મનમંદિર શુદ્ધ અને પવિત્ર બન્યું છે. હું મારા ભરોસાને ખરો ઠેરવવા આવી તેજસ્વી પ્રતિભાના પ્રકાશે આગળ ધપતો રહુ છું.

''કાશ ખીલે વસંત આતમની, બની મહેક મહેકવું છે,
સેવાનું પુષ્ય થઇ.
પાંદડિયો ભલે સૂકી બદ્ધ થઇ ખરી પડે,
પણ રસમ ઠરી ઝગમગ પંકાવુ છે, જગત મહીં''

મુંબઇના લોકોને રૂબરૂ મળવામાં મને જે અનુભૂતિ થઇ. તેના વિશે વર્ણન કરવા શબ્દો પાંગળા લાગે છે. કોઇ પણને આપણે મુંબઇ વિશે પૂછીએ. તો લગભગ મોટા ભાગના લોકોનો મત ધમાલિયા નગરનો જ હોય પણ હકીકત જરા જુદી જ છે.

આત્માની વસંત શું છે, તે સમજવા મુંબઇ શહેરમાં વર્ષો પહેલા ઘટેલી એક સત્ય ઘટના વિશે જાણકારી મેળવવી ગમશે. પ્રાગજીભાઇ અને પ્રભાબેન ઉત્તર ગુજરાતના ગામડા-ગામમાંથી નોકરી અર્થે મુંબઇ આજથી લગભગ એંશી વર્ષ પહેલા વસવાટ માટે ગયાં હતાં. તેમને તે વખતે દસ વર્ષનો એક દીકરો હતો. તેનું નામ રોહિત, છોકરો બહુ બુદ્ધિશાળી હતો. પ્રાગજીભાઇને નોકરીમાં પગાર સારો હોવાથી પ્રભાબેન ઘર ખર્ચમાંથી બચત કરી મોટી રકમ એકઠી કરી શકયાં હતાં. પ્રાગજીભાઇનો પણ ખાસ કોઇ ખિસ્સા ખર્ચ નહોતો. આ બધાં કારણોસર પ્રભાબેન રોહિતને મુંબઇની મોંઘવારીમાં પણ પીએચ.ડી. સુધીની પદવી અપાવી શકયાં હતાં. જોકે રોહિત પણ

ભણવામાં ઘણો હોશિયાર અને મહેનતુ પણ હતો. અભ્યાસ પૂર્ણ થતા જ રોહિતને એક ખ્યાતનામ કૉલેજના પ્રિન્સિપાલની નોકરી મળી ગઇ. હવે પ્રાગજીભાઇ અને પ્રભાબેનના શાંતિના દિવસો આવવાના હતા. થોડા સમયબાદ રોહિત માટે મુંબઇની કોઇ મોટી કંપનીમાં સેક્રેટરી તરીકે ફરજ બજાવતી હંસાનું માગું આવ્યું. પ્રાગજીભાઇ અને પ્રભાબેને બધું પાકું પણ કરી નાખ્યું. ઘડિયા લગ્ન લેવાયા. હંસા અને રોહિતની ગાડી સંસારના પાટા પર પુરપાટ દોડવા લાગી. મહિનાઓ વીતી ગયા. હંસાના સારા દિવસો વીતવા લાગ્યા. પ્રભાબેન હંસાને કંપનીમાંથી લાંબી રજાઓ લઇ આરામ કરવા રોજ આગ્રહ કરવા લાગ્યા. પ્રસૂતિનો સમય નજીક આવતા હંસાબેને કંપનીમાં રજાની માંગણી કરતો પત્ર રજૂ કર્યો. હંસાબેનની રજાઓ મંજૂર થતા પ્રભાબેનનો હરખ સમાતો ન હતો. ખુશીના દિવસો ઝડપથી પસાર થઇ રહ્યા હતા. આપણો સારો સમય જલદી વીતી જતો હોય છે. આનંદના દિવસો આપણાથી અળગા થવા હંમેશા ઉતાવળ કરે છે. હંસાને પ્રસૂતિની પીડા ઉપડતા પ્રભાબેન હંસાબેનને હૉસ્પિટલ લઇ ગયા. પુત્ર રોહિતને કૉલેજમાં ખબર આપવામાં આવી. સમાચાર મળતા જ રોહિત કૉલેજમાંથી રજા મેળવી, પોતાનું સ્કૂટર લઇ નીકળી ગયો. પ્રભાબેન પોતાની પુત્રવધૂ હંસાબેનને લઇ જવા હૉસ્પિટલ પહોંચ્યાં. હંસાબેનનું દર્દ વધતા જ તેઓ ચીસો પાડવા લાગ્યા. થોડી જ વારમાં હંસાબેને ખૂબ સુંદર પુત્રને જન્મ આપ્યો. પ્રભાબેનની ખુશીનો પાર ન રહ્યો. પ્રાગજીભાઇને બોલાવી મીઠાઇનો પ્રબંધ કરી સગાં-સંબંધીઓને પહોંચતી કરવાનો પ્રબંધ કરવા કહ્યું. પ્રાગજીભાઇએ પ્રભાબેનની ઇચ્છા મુજબ વધી જ વ્યવસ્થા ગોઠવી આપી. આનંદની છોળો ઊડી રહી હતી. રોહિત મુંબઇના ભારે ટ્રાફિકવાળા રસ્તા પર પોતાનું સ્કૂટર દોડાવી રહ્યો હતો. અચાનક રસ્તામાં ભારે ટ્રાફિક વચ્ચે દોડતું કૂતરું આવી જતા, તેને બચાવવા સ્કૂટરનું કાવું મારતાં. સ્કૂટર એક દમ ધડાકાબંધ અથડાયું. રોહિત દૂર ફંગોળાઇ ગયો. રોહિતનું માથું બસના પૈડા નીચે આવી જતા રોહિતની ખોપરીના કટકે-કટકા થઇ ગયા. રોહિતનું કરૂણ મોત થયું. હંસાને જો આ સમાચાર કોઇ પણ રીતે મળે તો આઘાત સહન કરવાની તેની ક્ષમતા ન હતી. તેથી પ્રાગજીભાઇએ પ્રભાબેન સાથે મળી એક યોજના ઘડી કાઢી. તેમણે હંસાને સમાચાર આપ્યા. રોહિત તેની કૉલેજની છોકરી સાથે લફરું થઇ જતા ભાગી ગયો છે. પ્રભાબેન

અને પ્રાગજીભાઇ પોતાની પુત્રવધૂને કોઇ પણ જાતની શંકા ન જાય, તેવો વ્યવહાર કરવા લાગ્યા. પોતાના પુત્રને ગાળો ભાંડી ધિક્કારવા લાગ્યા. આવો અમારો નફ્ફટ પુત્ર કદી ન હોય. આવું કરવા પાછળનો દંપતીનો ઇરાદો સાફ હતો. હંસાને પતિના અકસ્માતના સમાચાર પ્રસૂતિ સમયે મળે તો કદાચ હંસાનો જીવ પણ તેને ગુમાવવાનો વારો આવે. હંસાનું હૃદય બહુ નબળું હતું. આવું કોઇ પણ મા-બાપ માટે પુત્ર ગુમાવવા છતાં પુત્રવધૂના સુખ માટે કરવું સરળ નથી. હંસાનો પુત્ર પૂરા પચ્ચીસ વર્ષનો થયો. જયારે તેના લગ્નની કંકોત્રી લખવાની હતી, ત્યારે પ્રાગજીભાઇએ ફોડ પાડી હંસાને કહ્યું : 'રોહિત જીવિત નથી. તેના નામ આગળ સ્વ. શબ્દ ઉમેરવો પડશે. તમારી પ્રસૂતિ વખતે તેનું રોડ અકસ્માતમાં મૃત્યું થયું હતું પણ અમે તને આઘાત પહોંચે નહિ, એટલા માટે ખોટી વાત ઉપજાવી કાઢી હતી.' હંસાબેનના અચરજનો પાર ન રહ્યો. પુત્રવધૂના સુખ ખાતર મૃત્યુ પામેલ પુત્રના સમાચાર છુપાવવા, આટલો ત્યાગ કરી શકે તેવાં મા-બાપ આ ધરા પર ભગવાને મને આપ્યાં ! ધન્ય છે મારા સાસુ-સસરાને મારા સુખ માટે પૂરા પચ્ચીસ વર્ષ પુત્ર ગુમાવવાનું દુખ દિલમાં ભંડારી રાખ્યું. આવું કોણ કરી શકે? જેના આત્માની વસંત સોળેકળાએ ખીલી હોય, તે વીરલાનું આ કામ છે. જે ધરતીમાં સેવા અને નિઃસ્વાર્થતાનો તૈયાર થયેલો મબલક પાક લણવાની મોજ ઉપાડવા મને તેં મોકલી છે. તે ધરા અને ધરાના મહાનુભાવોને મારા શત-શત વંદન.

# ૨૪. ઝાંઝવાનાં જળ

આપણી મહેચ્છા પાછળ ભાગવામાં આપણે જિંદગીનો ઘણો મોટો સમય ગુમાવીએ છીએ. આપણી ઇચ્છા મુજબ આપણે જયારે સફળ થતા નથી, ત્યારે દુઃખી-નિરાશ પણ થતાં હોઇએ છીએ. ભગવાન રામને ઊગતી સોનેરી સવારે રાજગાદી મળવાની હતી, પણ તે ગોઝારી સવારે ૧૪ વર્ષનો વનવાસ આપ્યો હતો. ભગવાન રામે તેનો સહર્ષ સ્વીકાર કર્યો હતો. ભગવાન રામચંદ્ર કોઇ પણ વ્યકિતને આ માટે દોષ આપવા ઇચ્છતા ન હતા. જેમનો રાજયાભિષેક થવાનો હતો, તેવા ભગવાન રામચંદ્ર માટે એકાએક વનમાં ૧૪ વર્ષ પોતાની ઇચ્છાઓનું પોટલુંવાળી તેને મનના અગોચર આકાશમાં ફંગોળી દઇ પિતાનું વચન નિભાવવા ક્ષણનો પણ વિલંબ કર્યા વિના નીકળી જવું સરળ નહોતુ. આવી ત્યાગવૃત્તિના કારણે દુનિયામાં રામનું પાત્ર મર્યાદા પુરુષ તરીકે જાણીતું બન્યુ છે. વચનપાલક તરીકે ભગવાન રામચંદ્રની નિષ્ઠા અસાધારણ હતી. આપણને નિષ્ઠાપૂર્વક કરેલા કામનો બદલો કોઇવાર ન મળે તો દુખી થવાની જરૂર નથી. સંસાર ધૂંવાડાનાં બાચકા જેવો છે, તેથી તેને પકડી શકાય નહિ. આપણી તૃષ્ણા, લાલચ કે મહત્ત્વાકાંક્ષાઓ પૂરી ન થાય તો નવા નાકે દિવાળી ઉજવવા આપણે હંમેશા તૈયાર રહેવું જોઇએ. તમે કહેશો આવું આપણે શા માટે કરવું પડે? ભગવાનની પણ એવી વ્યવસ્થા હોવી જોઇએ. જે મહેનત કરે તેને તેની મહેનત મુજબનું ફળ સમયસર મળી રહે. ત્રાજવું તો ભગવાને તોલવાનું હોય. આપણે વેપારીને જેટલા પૈસા આપીએ છીએ, તેટલું ધાન અથવા ચીજવસ્તુઓ તે આપણને તોલીને જેમ આપે છે; તેમ ભગવાને પણ દરેક વ્યકિતને તેના શ્રમ મુજબ દ્રવ્ય આપવું જ જોઇએ.

છતાં ઘણી વખત આમ બનતું નથી. જોકે ગીતા-ગાયક ભગવાન કૃષ્ણ બંધનનું કારણ વ્યકિતનું કર્મ હોવાનુ જણાવે છે. તેમાં એક વાત ઉમેરવા જેવી પણ ખરી. આ ધરતી પર દરેક જીવને પોતાનું ચોક્કસ કર્મ સોંપીને મોકલવામાં આવે છે. એટલે સંચિત કર્મ નહિ ધરાવતા જીવને સોંપેલું કાર્ય કરવા નવું કર્મ કરવું પડતું હોય છે. જોકે ગીતા-ગાયક ભગવાન કૃષ્ણના મતે જે જીવાત્મા અશકત બની પોતાનું કર્મ બજાવે છે. તેને તેનું કર્મબંધન બાધક બની શકતું નથી. ‘‘હું કરું છું, મારા વડે જ આ

બધું થઇ રહ્યું છે. મારા વિના આ થવું શકય જ ન હતું'' જેવા ઉદ્ગાર આપણને અહંકારની સાંકળે બાંધી દે છે. કોઇ પણ રીતે આપણે તે બેડીઓ તોડી શકતા નથી. જેલની સાંકળમાંથી આપણને જામીન કે વકીલ મુકિત અપાવી શકે છે, પણ અહંકારની બેડી તોડવા નરસિંહ મહેતાની જેમ આપણી જાત ભગવાનના હવાલે કરવી પડે છે. સરકારી તંત્ર દ્વારા થતાં કામોનો યશ નેતાઓ લેવાનું ચૂકતા નથી. આ પણ નેતાઓનો અહંકાર છે. આવો અહંકાર પતનનું કારણ બને છે. વળી નવા કર્મ બંધનમાં પણ બાંધે છે. સંસ્થાઓ કે સેવાક્ષેત્રમાં કાર્ય કરતા લોકોએ પણ આવા અહંકારથી હંમેશાં દૂર રહેવું જોઇએ.

સંસારના આવા આટાપાટામાંથી મુકિત મેળવવાના ત્રણ માર્ગો છે. જેના વિશે થોડી વિગતે ચર્ચા કરીશું :

(૧) ભકિત :

આ માર્ગ કાંટાળો છે. કલિકાળમાં તે ઘણો કપરો પણ છે. કોઇ ચિંતકે કહ્યું છે કે કળીયુગમાં ગાયનાં શિંગડાં પર રાઇનો દાણો રહે તેટલા સમય માટે પણ ''મુકિતનો યાચકભકત પોતાનું ચિત્ત ભગવાનમાં સ્થિર કરી શકે તો પણ તેને ઇશ્વરના દર્શન થઇ જાય છે. તે ઇશ્વરના પરમધામમાં પોતાનું સ્થાન પળભરની ભકિત વડે પામી શકે છે.''

એક માજી ભગવાનની માળા કરતા હતા. તેનું ચિત્ત સ્થિર થાય તે પહેલાં તેના ટેલિફોનની ઘંટડી રણકી. માજી માળા કરતાં હોવાથી દીકરાની વહુ ફોન ઉપાડવા દોડી. ફોન ઉપાડતા જ સામા છેડેથી અવાજ આવ્યો, 'અરે ઓ ગોદીમા, પૈસા લેવા કયારે આવો છો? મગન હમણા આવી બધા પૈસા આપી ગયો છે.' ફોનના રિસીવર પરના શબ્દો સાંભળી વહુ કહે : 'તમે પૈસા ગણી રાખો. માજી માળા કરે છે. હું તમારો સંદેશ માજીની માળા પૂરી થશે એટલે તેમને આપી દઇશ.' માળા ફેંકી માજી દોડયાં. 'ફોન શરૂ રાખ હું આવું છું, જમના માસી બોલે છે ?' દીકરાની વહુ ઉત્તર આપે તે પહેલા તો માજીએ તેના હાથમાંથી ફોનનું રિસીવર ખેંચી લીધું.

માજીઃ 'હેલ્લો, હું ગોદી બોલું છું. જમના, કેટલા પૈસાની જોગવાઇ થઇ છે? તમે કસાઇ લોકો પૈસા કાઢવામાં સાવ કંજૂસ અને બેદરકાર લાગો છો. છેલ્લા સાત મહિનાથી અઢાર માલ-ઢોર મોકલ્યા હતા. તેની રાતીપાઇ પણ મળી નથી. તારું લેણું

નહીં પતે ત્યાં સુધી એક પણ ઢોર તારા કસાઇવાડે હું મોકલવાની નથી.'

જમના: 'ગોદીમા હમણા અડધા રાખો, થોડા સમય બાદ બાકીની રકમ પણ તમને ચૂકતે કરી આપીશ.'

ગોદીમા જેવા ભકિતનો ઢોંગ કરતા લોકોનો આપણે ત્યાં તૂટો નથી. સાધુ સંતો પણ આમાંથી મુકત થઇ શકતા નથી.

(૨) જ્ઞાનયોગ :

આ માર્ગ ચઢાણવાળો અને અટપટો પણ છે. મારું-તારું કરતો આત્માજ્ઞાન માર્ગે યાત્રા કરી શકતો નથી. જેનું અસ્તિત્વ જ નથી તેની પાછળ આપણે હરણદોટ મૂકતા હોઇએ છીએ. સઘળું તાબે કરવા કાવા-દાવા કરતાં રહીએ છીએ. મારી પત્ની, મારો પુત્ર, મારી પુત્રી, મારી સંપત્તિ, મારી ધન દોલત, ઝવેરાત. મારું મારું કરતા માણસ મરણના માંચડા સુધી પહોંચી જાય છે. જ્ઞાનના દીપકનો પ્રકાશ જોઇ શકે એવા નેત્રો માયાના પડળ નીચે ઢંકાઇ જવાના લીધે ખૂલતાં નથી. આમ આપણે જ્ઞાનના માર્ગે પણ પરમધામની યાત્રા કરી શકતા નથી. વારંવાર ભૂલા પડી આપણે અથડાતા-કુટાતા મૃત્યુલોકમાં મૃગલાની જેમ માયારૂપી મોહને વશ થઇ તેને પકડવા દોડતા રહીએ છીએ. આમ ને આમ લખચોરાશીનું ચક્કર લગાવી ભટકતા રહીએ છીએ. અનેક યોનિમાં ભટકી માનવ અવતાર જરૂર મળે છે. જ્ઞાનના અભાવે તે પણ એળે જાય છે. પતંગિયું જયા સુધી દીવાની નજીક ફરતાં-ફરતાં ફૂદાંઓ પકડી ખાય છે, ત્યાં સુધી તે જીવિત રહે છે. તેનો મોહ વધતા તે ગેલમાં આવી દીવાની આગમાં કૂદી પડે છે. અંતે તે સળગી મરે છે. હું અને તમે પણ માયારૂપી આગમાં સળગી મરતા રહીએ છીએ. ક્ષણે-ક્ષણે મૃત્યુ પામતો માણસ પોતાની જાતને અમર સમજી બેઠો છે. જેમ પતંગિયાને આગ દેખાતી નથી, તેમ લોભના કારણે આપણું પતન આપણને દેખાતું નથી.

(૩) કર્મયોગ :

કળીયુગમાં મુકિત માટેનો સૌથી સરળ આ માર્ગ છે. નિઃસ્વાર્થ આગળ વધતો કોઇ પણ માણસ આ માર્ગે પરમધામને પામી શકે છે. જે માર્ગ સાવ સરળ લાગે છે, તે દરેક માર્ગમાં ભયસ્થાન વધુ રહેલા હોય છે. તેથી પથિકે સંભાળીને પોતાના પંથ

પર ચાલવું પડે છે. કામચોરી આ માર્ગનું મોટું ભયસ્થાન છે. તો વળી કર્મ બજાવી તેની આત્મશ્લાઘા કરવી વધુ ભયાનક છે. કર્મયજ્ઞના માર્ગે આગળ વધતા પથિકો કરેલા કાર્યની પ્રશંસા સ્વયમ્ કરવા લાગશે, તો કર્મબંધનમાં ગુંચવાઇ જશે. તેની આ ભૂલ વીજળીના જીવતા તારને અડકવા જેવી જીવલેણ પણ નીવડી શકે છે. આવી આત્મશ્લાઘા આપણને કર્મબંધનની કોટડીમાં ધકેલી દે છે. શરીરના સુખ ખાતર વેતનના પ્રમાણમાં કર્મ નહિ બજાવી કામચોરી કરવી, કાળિયાચોરની મિત્રતા નિભાવવા જેવુ ઘાતક છે. આ બધા અનીતિભર્યાં પગલાંઓને લઈઃ હું અને તમે તેલની ઘાણીની આસપાસ ઘૂમતા ઘાંચીના બળદની જેમ સંસારમાં જુદી-જુદી યોનિમાં અવતાર ધારણ કરતા રહીએ છીએ.

જયારે વારંવાર માનવ અવતાર એળે જાય છે, ત્યારે જીવાત્માને પોતાના જ્ઞાનનાં દ્વાર ખોલવા સંસારની ધરતી પર મૃગ બનાવી મોકલી દેવામાં આવે છે. જન્મથી દોડવાની શકિત ધરાવતો મૃગલો તેનો સંસાર જમાવવા આમ તેમ દોડતો રહે છે. ખૂબ દોડવાથી તેને ગૂંગળામણ થાય છે. ગળામાં સોસ પડવા લાગે છે. તે પોતાની તરસ છિપાવવા પાણી શોધવા ફાંફાં મારવા લાગે છે. ધોમધખતા સૂર્યના લીધે રચાતા આભાસી દેખાતા સરોવર તરફ તે લાંબી દોટ લગાવે છે. થોડીવારમાં તે સરોવર સુધી પહોંચી જશે તેમ માની તે તાકાત લગાવી દોડવાનો યત્ન કરે છે. તેને તેમ કરતાં-કરતાં અંધારા આવવા લાગે છે. આખરે તે ધરતી પર પટકાય છે. પાણી વિના તરસના લીધે પોતાનો પ્રાણ ગુમાવી દુનિયામાંથી વિદાય લે છે. હું અને તમે પણ આવું જ કરતાં રહીએ છીએ.

એક શિષ્ય અને ગુરુજી વચ્ચે સંવાદ ચાલતો હતો. શિષ્યે પૂછયું : 'હે ગુરુદેવ, કૃપા કરી મને કહો મારો અને તમારો અગાઉ કદી ભેટો થયો હતો ?' ગુરુજી ખડખડાટ હસી પડયા : 'આ દુનિયામાં ઇશ્વર દરેક જીવને પોતાની ભૂમિકા બજાવવા મોકલતો હોય છે. એક જન્મમાં તું મારો પિતા હતો. મારા લાલન-પાલન માટે તેં ધન કમાવવા અનેક કુકર્મો આચર્યા હતા. તેં મોટી ધન સંપત્તિ કમાવવા મારા સુખ ખાતર અનીતિ આચરી હતી. આમ, અણહકથી મળેલી લક્ષ્મીના પ્રભાવથી બુદ્ધિ કુંઠિત થતાં, પહેલાં તારું અને પછી મારું પતન થયું. પિતા તરીકે તેં મને ભારે લાડ લડાવ્યા હતા. જન્મોનું

ઋણ ચડાવી તું એક યુદ્ધમાં મૃત્યુ પામ્યો હતો. ખરાબ કર્મોના લીધે તારે પ્રેતયોનિમાં વર્ષો સુધી ભટકવું પડયું હતું. તારા કર્મબળથી એકઠી થયેલી સંપત્તિ મેં લોકોને વહેંચી હતી. બીજા જન્મમાં હું અને તું એક માતાના પેટે જન્મી ભાઈ-બહેન બન્યાં હતાં. આ અવતારમાં તું ભયંકર બીમારીનો ભોગ બન્યો હતો. તારી સેવામાં મારો આખો જન્મારો પસાર થઇ ગયો હતો. તેમ છતાં તારું ઋણ મારાથી ચૂકવાયું ન હતું. બીજા જન્મમાં તારું ઋણ અદા કરવા માટે સ્ત્રીનો અવતાર ધારણ કરવો પડયો હતો. તે વેળાએ તારો મારા પેટે પુત્ર તરીકે જન્મ થયો હતો. તને લાડકોડથી હું મોટો કરું તે પહેલા તારું મૃત્યુ થતાં ઋણ અદા કરવા, પુનઃ એકવાર સ્ત્રી બની તારી પત્નીરૂપે આ સંસાર પર આવ્યો હતો. તે સમયે વાસનામાં ફસાઇ જવાથી હું મારું ઋણ ચૂકવી શકયો નહીં. તારું કલ્યાણ કરી મારે તારુ ઋણ ચૂકવવાનું હતું. પરંતુ પતિ પત્ની વચ્ચે વાસના હંમેશા બાધક બની એકમેકના ભીતરના મેઘધનુષી રંગોની અનુભૂતિથી વંચિત રાખે છે. તેથી આપણે દેખીતા મનોરથો પૂર્ણ કરવા જીવનભર ધન કમાવા ઉધામા કરતા રહીએ છીએ. પત્ની તરીકે મારે તારું કલ્યાણ કરવા કર્મયજ્ઞ કરવાનો હતો. તારુ સાંનિધ્ય હોવા છતાં, તેનાથી પર રહી તને મોક્ષમાર્ગે દોરી જવાનો મારો કર્મયજ્ઞ આદરવાનો હતો. પણ હે શિષ્ય, તે જન્મમાં હું દરેક મોર્ચે નિષ્ફળ નીવડતો રહ્યો. પરિણામે મારું અને તારું મિલન સંસાર ભૂમિ પર થતું જ રહે છે. આ જન્મમાં પણ આપણે નહિ જાગીએ તો મૃત્યુલોકમાં ફેરો મારવાનું નક્કી જ છે.'

આ દુનિયામાં આપણને ભગવાને કોઇ ચોક્કસ કાર્ય સોંપી મોકલ્યા છે. આ આપણી પરીક્ષા પણ છે. જે રીતે શિષ્યનું જ્ઞાન ચકાસવા ગુરુજી પરીક્ષા કરે છે. જે શિષ્ય ગુરુની કસોટીમાં સફળતાપૂર્વક સવાલોના જવાબ આપી શકે છે, તેને ગુરુજી સફળતાની વરમાળા પહેરાવી પદવી આપે છે. તેથી દરેક જીવાત્માએ પરમધામની પદવી પામવા નિષ્કામ કર્મ, જ્ઞાન અને ભકિત પૈકી અનુકૂળ હોય તેવા માર્ગની પસંદગી કરી, આત્માનું કલ્યાણ કરવાનું હોય છે. જે જીવાત્મા ઈશ્વરના આ સંદેશને પામતો નથી, તે દરેક જીવાત્માની હાલત મારી અને તારી જેવી થતી જ રહે છે. એટલું જ નહીં આ સંસાર ભૂમિ પર ચક્રની જેમ આંટા લગાવી, જન્મ ધારણ કરવા પડે છે. ઝાંઝવાનાં જળ પીવા દોડતા મૃગની જેમ જમીન પર પટકાઇ વારંવાર આભાસી માયા પાછળ

ગાંડાની જેમ દોડતા રહેવું પડે છે. વહેતી નદીમાંથી જેમ રેતીની મૂઠી ભરી શકાતી નથી. તેમ મોહ અને માયાના વળગણમાંથી બચી મોક્ષની મંજિલ મળતી નથી,

'આત્માને ઓળખ્યા વિના,
ભવના ફેરા નહીં રે ટળે હોજી,
એવા ભીતરના ભેરુને જાણ્યા વિના,
ભવના ફેરા નહિ રે મીટે હોજી.'

# ૨૫. સપનાંની રંગોળી

સપનાં ઊંઘતાં આવે તો સહજ કહેવાય પણ જાગતાં આવે તો આવાં સપનાં જેમને જાગૃત કરી નવા સંકલ્પો કરવા પ્રેરતા હોય તે વ્યક્તિ અસાધારણ ઉપલબ્ધિ મેળવી શકે છે. પરંતુ જેમને જાગૃત અવસ્થામાં સપનાં આવતાં હોય, તેવા તમામ લોકોને જોયેલાં સપનાની પસંદગી કરી, પોતાની કારકિર્દીના ઘડતર માટે કામે લાગી જવું જોઇએ. ઇશ્વર તેમને સુંદર સપનાં મોકલી સોંપેલાં કાર્યો પૂર્ણ કરવા યાદ આપતો હોય છે. સપનાં રંગબેરંગી હોય છે, તેથી સપનાંની પરખ કરવાનું કામ ઘણું કપરું હોય છે. કોઇને લક્ષ્મી એકઠી કરવાનાં સપનાં આવતાં હોય છે. તો કોઇને વળી કલાના ક્ષેત્રે ડગ માંડી આગળ ધપવાનાં સપનાં આવતાં હોય છે. સપનાના રંગ અનોખા અને મોહક હોય છે. તેથી તેની પરખ કરવાનો માપદંડ આપણે શોધવો પડે છે. સપનાં ઘણાં સારાં આવતાં હોવા છતાં, આપણું મન તેની પરખ કરવામાં નિષ્ફળ નીવડે તો ઉત્તમ સપનાનો ફાયદો આપણે ઉઠાવી શકતા નથી. તમારા શાંત મગજમાં જયારે વિચારોનું તોફાન જાગે ત્યારે શાંત ચિત્તે વિચારોનું પૃથક્કરણ કરી તમને જે વિચારો લાભકારક લાગે તેની યાદી બનાવી લો. તેમાંના ઉત્તમ વિચારોને અર્ધ જાગૃત મનને સોંપી દો. તમારું અર્ધ જાગૃત મન તમારા માટે સોનેરી સપનાંનું ચિત્ર તૈયાર કરશે. તમારા અર્ધ જાગૃત મન વડે તૈયાર થયેલા ચિત્રને જ તમારું સોનેરી સપનું સમજી લઇ તેને સિદ્ધ કરવા મન મનાવી લો. તે સપનું તમને જરૂર સફળતા આપશે.

મીઠી નીંદરમાં જોવા મળતાં સપનાં કરતા જાગૃત અવસ્થામાં દેખાતા સપનાની ખુશી અનેરી હશે. નીંદરમાં જોયેલું કોઇ પણ સપનું નીંદર ઊડતાં જ વેરવિખેર થઇ જતું હોય છે, પણ જાગૃત અવસ્થાનું સપનું પાણીના પરપોટા જેમ વિખરાતું નથી. તે તો ગુલાબનાં ફૂલની જેમ ખીલી ઊઠે છે. તેની મહેક અન્યને પણ પુલકિત કરે છે. માળી જેમ ગુલાબ અન્યની ખુશી માટે બગીચામાં ઉગાડવા શ્રમ કરતો રહે છે, તેમ આપણે પણ અન્યને ખુશ કરી શકાય તેવાં સપનાનું વાવેતર કરી તેને સજાવતા રહેવું જોઇએ.

શાળાના કાર્યાલયમાં કેટલીક જરૂરી કામગીરી થઇ રહી હતી. કોઇ એક

મુલાકાતી આવી પહોંચ્યા. તેમણે ઑફિસમાં આવતા જ પૂછયું: 'સાહેબ, આ શાળાના મુખ્ય માણસ કોણ છે?' મેં કહ્યું:'બોલો, હાલ તો હું શાળાની તમામ ગતિવિધિ પર દેખરેખ રાખું છું.' પેલા આવેલ મુલાકાતી આગળ બોલ્યા : 'તમારું શાળા માટેનું કોઇ સપનું ખરું? જેના માટે તમે દિવસ-રાત પ્રયત્ન કરો છો?' મેં કહ્યું: 'ના સર, ખાસ કોઇ ચોક્કસ ગોલ સિદ્ધ કરવાનું મારું કોઇ સપનું નથી અથવા મેં તેના પર કોઇ વિચાર કર્યો નથી. હાલ તો હું અમારા સિનિયર સાથી સંચાલક જે માર્ગદર્શન કરે છે, તેવાં કાર્યો પૂર્ણ કરવા કામ કરતો રહું છું. મારા સિનિયર મહાશય ખૂબ અનુભવી છે. પછી મારે કોઇ ચિંતા કરવા જેવું નથી. તેમ માની હું હાલ શાળાનું સંચાલન કરું છું.' સાંભળી મુલાકાતી થોડા ઊકળી પડયા. તેમણે વળી આગળ કહ્યું : 'તો પછી તમે સોંપેલું કાર્ય પાર પાડવાનું કાર્ય કરી રહ્યા છો, સંચાલન નહિ. સંચાલક તો પોતાનાં સપનાં મુજબ કામ કરતો હોય છે.' તેમણે આગળ ચલાવ્યું : 'તમારી શાળામાં કોઇ ફેરફાર કરવા જેવા તમને લાગે છે?' મેં કહ્યું: 'મારા પ્રેરક જરૂરી ફેરફાર કરી રહ્યા છે. તેમા હું સહયોગી બનવા પ્રયાસ કરું છું. મુલાકાતીએ પોતાની વાત આગળ ચલાવતા કહ્યું : ''સાહેબ, તમારા પ્રેરક આ ક્ષેત્રના અનુભવી છે?' મેં કહ્યું : 'ના, આ ક્ષેત્ર તેના માટે સાવ નવું જ છે.' મુલાકાતી વળી બોલ્યા : 'સાહેબ અજાણ્યો અને અજ્ઞાની સાગર શી રીતે તરી શકશે? સાહેબ, જરા વિચારો તમે પોતે આંખોનાં નેત્રો ગુમાવ્યા છે. તેથી આંખોની ગેરહાજરીમાં વ્યકિતને મુશ્કેલીઓ સહન કરવી પડે, તે પીડાની અનુભૂતિ તમારા પથદર્શકને કદાપિ થઇ શકે નહિ. તેથી પથદર્શકના ભરોસે તમે શાળાને આગળ લઇ જવા ઇચ્છતા હો તો જરા વિચારવા જેવું મને લાગે છે.' આ સંવાદ કોઇ બાહ્ય મુલાકાતી સાથે થયો ન હતો. મારો આ સંવાદ ભીતરના ભેરુ સાથે ઘણાં વર્ષો પહેલાં લગભગ ૨૦૦૬-૨૦૦૭ ની આસપાસનાં વર્ષોમાં થયો હતો. આ વર્ષોમાં મેં શાળામાં મારી સમજ મુજબના ફેરફાર કરવાનું શરૂ કર્યું. જેમાં મને દિન-પ્રતિદિન સફળતા મળવા લાગી. વર્ષ ૨૦૦૬માં અમદાવાદ ખાતે ગુજરાત અપંગ સંસ્થા સંચાલક સંઘ રજિસ્ટ્રેશન નંબર એફ.૪૪૪ ની સામાન્ય સભાએ મને સર્વાનુમતે સંગઠનના પ્રમુખ તરીકે ચૂંટી કાઢયો હતો. પછી મારા સપનાની રંગોળીઓ રચાવા લાગી. જોકે તે બધાં સપનાંઓની રંગબેરંગી રંગોળીઓની ચર્ચા કરવાનું આ મંચ નથી.

પણ વાચકો માટે સોનેરી સપનાની રંગોળી શી રીતે રચાતી હોય છે? તે સ્પષ્ટ કરવું ખૂબ જરૂરી છે.

''સપનાની વાત કહુ સપનાની વાત,
ભાઈ મારા સાંભળજો, સપનાની વાત.
કો'ક દી હું સપનામાં શાળામાં ઘૂમતો,
બાલુડાઓ સૌ મારા હૈયે વસી જાય. ભાઈ મારા...
અંતરના તાર ઝણઝણી જતાં, બેચેન બની હું ભીતરમાં ભાગતો.
ભાઈ મારા સાંભળજો સપનાની વાત.''

શાળામાં વૈભવી સગવડ ઘણી વધી હતી. અમે શાળામાં ભણતા હતા, તેના કરતા શાળા ઘણી ભૌતિક રીતે બદલાઇ ગઇ હતી, પણ મન અશાંત અને વ્યગ્ર રહેતું હતું. શિક્ષણમાં ઘણું કરવા જેવું લાગતું હતું. તેના પર લક્ષ્ય આપી આમૂલ પરિવર્તનનો પાયો નાખ્યો. પરિણામે ધોરણ દસનું પરિણામ છેલ્લાં ઘણાં વર્ષોથી રાજયના શિક્ષણ જગતની આગવી ઓળખ બની ગયું છે. એટલું જ નહીં. શાળાને રાજયના શિક્ષણ વિભાગ દ્વારા અગિયાર હજાર શાળાઓમાં વર્ષ ૨૦૧૬ માં શ્રેષ્ઠ શાળાનો, જિલ્લા તેમજ રાજયકક્ષાએ ઉત્તમ માપદંડ હાંસલ કરવા બદલ કુલ રૂપિયા ચાર લાખનો રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો છે. સંગીતમાં ઘણું કરવાનું બાકી હતું, પરંતુ પ્રતિભાસંપન્ન શિક્ષક મળી જતા તેમાં પણ ગતિ આવવા લાગી છે. ઋષિકેશભાઇની મહેનત દિવસે-દિવસે રંગ લાવી રહી છે. ઉદ્યોગ અને વ્યવસાયલક્ષી કાર્યક્રમો પણ યોગ્ય દિશામાં આગળ ધપી રહ્યા છે. કૉમ્પ્યૂટર ક્ષેત્રે હજુ ઘણી મહેનત કરવી પડશે. આ ક્ષેત્ર દ્રષ્ટિવાન લોકોની જેવાં કાર્યો કરવા મોકો આપી શકે તેવું છે. તેથી વિદ્યાર્થીઓ કૉમ્પ્યૂટરમાં વધુ પારંગત બને તેવી મારી મહેચ્છા પણ છે. સોનેરી સપનાં આપણને હાથવેંતમાં દેખાતા હોવા છતાં તેને સ્પર્શ કરવાનું સરળ હોતું નથી. કારણ કે વિદ્યાર્થીઓ જો મહેનત ન કરે તો આપણે તેને દષ્ટિવાનની જેવી તક મળે તેવા ગમે તેટલા ઉધામા કરીએ સફળતા મળવાની સંભાવના નહિવત્ છે. આપણી ઇચ્છારૂપી સંભાવના કુંવારી મૃત્યુ પામે છે. મહેનતના અભાવે સંસ્થાનાં અરમાનો અકાળે ધૂળમાં મળી જાય છે.

જો સપનાંને સજાવવા તમારું મન મક્કમ હશે તો સફળતા મળવાની સંભાવના

વધી જાય છે. સંગીત શિક્ષકોની ભરતી રાજય સરકારે સાવ બંધ કરી હોવા છતાં શાળામાં અભ્યાસ પૂર્ણ કરી ગયેલા વિદ્યાર્થીઓ અને અન્ય શાળાઓમાંથી શિક્ષણની ઉપાધિ મેળવનાર વિદ્યાર્થીઓ માટે રોજગારીનાં નવાં દ્વાર ખૂલી રહ્યા છે, તે ઘણો આનંદ આપે તેવી બાબત છે. આ બધાં નવાં ક્ષેત્રોમાં રોજગારી મેળવવા વિદ્યાર્થીઓએ પોતાના કાંડામાં તાકાત ધારણ કરવા અવનવા હુન્નર શીખવા પડશે. આમ થશે તો એક પણ વ્યકિત આંખોની ગુમાવેલી દ્રષ્ટિના અભાવે રોજગારથી વંચિત રહેશે નહિ. તેને વિશાળ માનવ સમુદાય વચ્ચે પોતાની શારીરિક મર્યાદાઓને લીધે અન્ય આધારિત જીવન જીવવા મજબૂર બનવું પડશે નહિ. આ મારું સોનેરી સપનું પૂર્ણ કરવા ઘણા લોકો મારી સાથે જોડાયા છે. તે દરેક મિત્રોને હું વંદન કરું છું.

મારા સપનાંના રંગોની રંગોળી સજાવવા થોડા મિત્રોને મારા સપનાના ભાગીદાર બનાવવા હું તારીખ ૧૧-૦૯-૨૦૧૯ ને બુધવારના રોજ અમારા શ્રી કીર્તિભાઇ શાહના નેતૃત્વ નીચે મુંબઇ શહેરના કેટલાક મહાનુભાવોની મુલાકાતે ગયો હતો. આ અભિયાન દરમિયાન અમે મુંબઇ શહેર અને દેશના પણ ખ્યાતનામ ઉદ્યોગપતિઓ, વેપારીઓને મળ્યા હતા. જેમાં અમારી મુલાકાતને બહોળો પ્રતિસાદ મળ્યો હતો. અનેક લોકોના આવકાર છતાં મને એક ગોવિંદભાઇ કાકડિયાની મુલાકાત જીવનપર્યંત યાદ રહેશે. તેમનું આ સંભારણું મારી ડૂબતી નાવને હંમેશા ટેકો કરશે.

ગોવિંદભાઇના સ્વભાવનું શબ્દચિત્ર આલેખવું ઘણું કપરું છે. મારી ઘસાયેલી પીંછી વડે તેનું આબેહૂબ આલેખન કરવું તેનાથી પણ વધુ દુષ્કર છે. તેમના જીવન સંઘર્ષના ઘણા પ્રસંગો મને સ્પર્શી ગયા છે. જેની ટૂંકી વિગત આપું અને ગાગરમાં સાગર સમાવવા જાઉં તો પણ મહાકાય શબ્દચિત્ર તૈયાર કરવું પડે. પરંતુ વાચકોની સગવડ ખાતર આપણે વીણેલાં મોતીરૂપી ચૂંટી કાઢેલાં વાકયો અને શબ્દોનો ઉપયોગ કરીશું, વિરલ વ્યકિતત્વને આલેખવા ભાષાનો ખજાનો વામણો લાગે છે. ત્યારે મા સરસ્વતીની સ્તુતિ કરી મારા ભાવોને શબ્દદેહ આપવા નમ્ર પ્રયાસ કરીશ.

શ્રી ગોવિંદભાઇ કડવું સત્ય રજૂ કરી સમાજના ખોટા રીતરિવાજો પરથી પડદો ઊંચકી સમરસ સમાજની રચનાનો પાયો રચવા ઇચ્છે છે. અણુ-અણુમાં તેને ઇશ્વરના દર્શન થતા હોવા છતાં, મૂર્તિ પૂજા માટે તૈયાર થતાં વૈભવી મંદિરોના તેઓ વિરોધી છે.

''જનસેવા એ જ સાચી પ્રભુ સેવા'' હોવાનો તેઓ મત ધરાવે છે. ભાવનગરની અનેક સંસ્થાઓને જેમણે આર્થિક ટેકો કરી ઉગારી છે, એવા ભાવનગરના વીર-ભામાશાને વિદ્યાર્થીઓ વર્ષો સુધી યાદ કરતા રહેશે.

શ્રી ગોવિંદભાઇનું ચિંતન, મનન અને કરણી દાદ માગી લે તેવા છે. માનવસેવાના હિમાયતી ને સેવામાર્ગના મુસાફરે જીવનમાં એક વખત તેમને મળવા જેવું છે. લગભગ પોણા બે કલાક અમારી ચર્ચાગોષ્ટિ જામી હતી. મોતીના દાણા જેવા વિચારો મને સ્પર્શી ગયા હતા. ધર્મોમાં ખોટા પ્રવેશેલા કુરિવાજોની જડ તેમને માનવતાના મુલકની મોટી ખાઇ લાગે છે. આ ખાઇના લીધે કોઇવાર જરૂરિયાતમંદ માનવ સુધી ધનાઢય સમાજના લોકો પહોંચી શકતા નથી. જેમને માત્ર પથ્થરમાં જ ઇશ્વરનાં દર્શન કરવાની આદત પડી ગઇ છે, તેમને કોઇ પણ રીતે માનવ સેવાના માર્ગે વાળવા પડશે. 'જનસેવા એ જ પ્રભુસેવા છે' આ ઉમદા સંદેશને લઇ આગળ ધપવું પડશે. તો આપણે માનવસેવાના મંત્રને પામી શકીશું. અન્યથા કુરિવાજોની ખાઇ આપણને ભરખી જશે. આપણું માનવબળ બિનજરૂરી મંદિરોના નિર્માણમાં કામે લાગી જઇ. પોતાનું આયખું પૂરું કરી જગતમાંથી વિદાય થશે.

ગોવિંદભાઇના વિચારો પહેલી નજરે આપણને નાસ્તિક લાગે, પણ ચિંતન અને મનન કરવાથી, તેનો વિચારમર્મ સમજાય જાય તેવો સ્પષ્ટ અને દિશાસૂચક લાગશે. તેમના મતે પથ્થરની મૂર્તિમાં કે મંદિરોમાં જ ભગવાન વસવાટ કરતો નથી. ભગવાન તો વ્યાપક છે. તે આપણા હૃદયમાં પણ વસે છે. તેથી તેની મૂર્તિ કે તેના માટે મંદિરો પણ બાંધવાની જરૂર નથી. જો આપણે આપણી લક્ષ્મીને પવિત્ર બનાવવા ઇચ્છતા હોઇએ તો શાળા-કૉલેજો કે છાત્રાલયો બાંધવાં જોઇએ. ગૌશાળા-ચબૂતરા પણ બાંધી શકીએ છીએ.

મારા જીવનની આ અણમોલ ઘડી મને વિચારોનું નવું જગત આપી ભલે વિદાય થઇ ગઇ હોય, તે ક્ષણે મારા કર્ણપટલ સાથે અથડાયેલા શબ્દો મને સેવાના માર્ગે આગળ ધપવા હંમેશા પ્રકાશ આપી ઉજાળશે - તેવી મને શ્રદ્ધા છે.

# ૨૬. ઊડવા માટે પાંખ નહિ, ચાહ જોઇએ

આગળ વધવા સાધનની જરૂર નથી, સાધનાની જરૂર પડે છે. સગવડતા આપણને સફળતા આપી શકતી નથી. સફળતા માટે દ્રઢ મનોબળ હોવું આવશ્યક અને અનિવાર્ય પણ હોય છે. આપણને ઘણી વખત વર્તમાનપત્રોમાં વાંચવા મળતું હોય છે, કોઇ સાવ ગરીબીમાં જીવતો છોકરો કે છોકરી ધોરણ દસ અથવા ધોરણ બારમાં સારા માર્કસ મેળવી સિદ્ધિ પ્રાપ્ત કરી, ધનાઢય પરિવારના વિદ્યાર્થીઓ કરતા ઉજ્જવળ દેખાવ કર્યો છે. ઝૂંપડપટ્ટીમાં રહેતો વિદ્યાર્થી બોર્ડમાં પ્રથમ આવ્યો છે. ઘરમાં વાંચવાની કોઇ સગવડ ન હોવા છતાં બધાને પાછળ છોડી, વિદ્યાર્થી ટોચ પર પહોંચી ગયો. શાળા, શિક્ષકોમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું. માબાપ મજૂરી કરી પેટિયું રળી પોતાનું ભરણ-પોષણ માંડ કરી શકે છે. અચરજની વાત તો એ છે, વિદ્યાર્થીની આ સિદ્ધિ પાછળ કોઇ સગવડનું જરા સરખું પણ મૂલ્ય દેખાતું નથી. આથી આપણે એમ કહી શકીએ કે સફળ થવા માટે ભૌતિક સવલતમાત્ર પૂરતી નથી. જો વ્યકિતનું મન મજબૂત ન હોય તો સફળતા મળતી નથી. મેં ઘણા અક્ષમ લોકોને પોતાની શારીરિક કે માનસિક મર્યાદાઓ હોવા છતાં અસાધારણ પ્રગતિ કરતા જોયા છે. મને આવા અનેક મહાનુભાવોને મળવાની તક પ્રાપ્ત થઇ છે. ઉત્તમ રાજકોટનો વતની છે. અનેક પડકારો સાથે જન્મેલો આ છોકરો ઘરના સભ્યો માટે પહેલાં તો માથાનો દુઃખાવો સાબિત થયો હતો. દાદા કુંવરજીભાઈની મહેનતે અસાધારણ સફળતા આપી છે. સંગીતનો તે બેતાજ બાદશાહ ગણાય છે. તેમણે ભણવામાં પણ મોખરે રહી સૌ કોઇને વિચારતા કરી દીધા છે. અનેક મહાનુભાવો સાથે તેનો પરિચય થતો રહે છે. દરેક તેની વિશિષ્ટ કલાશકિતના કામણથી પ્રભાવિત થઇ રહ્યા છે. કુંવરજીભાઈનો હકારાત્મક અભિગમ પણ દાદ માંગી લે તેવો છે. આ તો એકમાત્ર ઉદાહરણ છે. અમારી શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધઉદ્યોગ શાળામાં આવી અનેક અસાધારણ પ્રતિભાઓનાં દર્શન કરવાનો લહાવો ઉઠાવ્યો છે. પડકારરૂપ બાળકોએ અવનવા ક્ષેત્રોમાં ડગ માંડી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. મને આવાં બાળકોને સમાજની મુખ્ય ધારામાં સ્થાન મળી રહે તેવા કાર્યક્રમો યોજવાનું બહુ ગમે છે. સમાજનો પણ આમાં પૂરતો ટેકો પ્રાપ્ત થઇ રહ્યો છે.

''બંધ આંખે પ્રગતિની પાંખે'' સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન અખિલ હિંદ અંધજન ધ્વજદિન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ભાવનગરના ''ઝવેરચંદ મેઘાણી'' સભાખંડ સરદારનગર ખાતે તારીખ ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૯નાં રોજ અમારી સંસ્થા દ્વારા યોજાયો હતો. જેમાં ખૂબ મોટા મહાનુભાવો પધાર્યા હતા. વરિષ્ઠ પત્રકાર ડૉક્ટર હરિભાઇ દેસાઇ, શ્રી મનહરભાઇ પટેલ, શ્રી કોમલકાંત શર્મા, શ્રી અમિતભાઇ મહેતા જેવા ગણમાન્ય મહાનુભાવોએ હાજરી આપી હતી. આ તમામ મહાનુભાવોએ પ્રજ્ઞાલોકની કલાશક્તિને બિરદાવી હતી. ડૉક્ટર હરિભાઇની કેટલીક વાતો મને ખાસ સ્પર્શી ગઇ હતી. તેમણે પોતાના પ્રેરક ઉદબોધનમાં જણાવ્યું હતુંઃ 'કલા એ દષ્ટિનો ઇજારો નથી, કલાને વિકસાવવા દઢ મનોબળ કેળવવું પડે છે. ઉત્તમ શિક્ષક જો જીવનમાં મળી જાય, તો આ કામ ઘણું સરળ પણ થઇ જતું હોય છે. આપણે જે કૃતિઓ જોઇ, તે કૃતિ જયારે મંચ પર પ્રસ્તુત થઇ રહી હતી ત્યારે કૃતિ તૈયાર કરાવનાર શિક્ષકોના ચહેરા પર ચિંતાના ભાવો સ્પષ્ટ ઉપસી આવતા હતા. તેનું કારણ હું સમજુ છું. તેમને ચિંતા હતી કે ભૂલથી પણ જો કોઇ બાળક ગડબડ કરશે અને કદાચ મંચ પરથી ગબડી પડશે તો બાળકને ઇજા થશે. કદાચ જો આમ થશે તો કાર્યક્રમની મજા બગડી જશે, માટે શિક્ષકો સતત ચિંતાતુર હતા. આવા શિક્ષકોને હું અભિનંદન પાઠવું છું'.

શાળા દ્વારા પ્રતિ વર્ષે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ ઉમદા અભિયાનમાં શાળાના બાળકો સફળતાપૂર્વક પોતાનું કૌશલ્ય બતાવી શકે તેવી ચીવટપૂર્વકની કામગીરી શિક્ષકો બજાવતા હોય છે. આ ક્ષેત્રમાં અમારા શિક્ષકોની અન્ય સંસ્થાઓની સરખામણીમાં ઘણી જ વિશિષ્ટતા જોવા મળે છે. શ્રી હરિભાઇને શિક્ષકોની નિષ્ઠા પર ઘણું ગૌરવ પણ થતું હતું. મનહરભાઇ રાજકીય ક્ષેત્રના જીવ હોવા છતાં કલાના પૂજારી બની કાર્યક્રમ માણી રહ્યા હતા, એટલું જ નહીં, પોતાની ખુશી અન્ય લોકોને વહેંચવા ફેસબુક પર લાઇવ કરી પ્રચારના કાર્યમાં પોતાનો ટેકો કરી રહ્યા હતા. આ સંદેશ લોકોના ચિત્તનો કબજો જમાવી શકશે તો કદાચ આગામી સમયમાં પ્રજ્ઞા-લોકના કલાકારોને સમાજની મુખ્યધારામાં સ્થાન મળી શકશે. અમારી સંસ્થાનો ઉદ્દેશ 'અક્ષમ લોકોને સમાજની મુખ્ય ધારામાં સ્થાપિત કરવાનો છે'.

મનહરભાઇ પટેલ લગભગ આખા કાર્યક્રમના સાક્ષી રહ્યા તેનો મને અતિ આનંદ પણ છે. રાજકીય પ્રતિનિધિઓએ આવી ઉદારતા બતાવી સમયનું દાન આપવું પડશે. સંવાદ સમાજને જોડે છે. સંસ્કૃતિ પણ સમાજને જોડે છે. તેથી તો હું રાજકીય ક્ષેત્રના દરેક લોકોને સમાજથી વિખૂટા પડેલા પ્રજ્ઞાચક્ષુઓની કલા અને સંસ્કૃતિના યજ્ઞમાં આહુતિ આપવા અપીલ કરું છું. મારા આ યજ્ઞમાં વધુ ને વધુ લોકો જોડાઇ રહ્યા છે. તેને હું ઇશ્વરની કૃપા સમજું છું.

સાનુકૂળ પરિસ્થિતિ હંમેશા લાભકારક નીવડતી નથી. વ્યકિતએ પરિપકવ બનવા, કષ્ટ સહન કરવા તૈયાર રહેવું જોઇએ. દુઃખ આપણી વેરવિખેર શકિતઓનું સંકલન કરે છે. તેથી તેને અવગણી શકાય નહી. સંગઠિત શકિત આપણને સિદ્ધિની વરમાળા પહેરાવે છે. મોટા મંચ પર આપણું કોઇ અભિવાદન કરે તો આપણે તેના પર અહોભાવ દાખવીએ છીએ. તેમને આપણે સન્માનની લાગણીથી જોવા લાગીએ છીએ. સંસારભૂમિના આપણા 'જીવનમંચ' પર આપણા કલ્યાણ માટે દુઃખની થોડી કસોટીના દિવસો કે કલાકો બની આવતા પ્રસંગો કે ઘટનાઓના ચોમેર ફરતા સ્વાર્થના ચક્કરમાં અટવાઇ દિશા ભૂલી ભટકી જતાં હોઇએ છીએ. આવા સમયે આપણે ઈશ્વરને દોષિત સમજવા લાગીએ છીએ, હકીકતમાં તો આપણી ચાહ જગાડવા દુઃખરૂપી દાવાનળ સળગતો હોય છે. રસોઇ પકવવા ઘરની ગૃહિણી ચૂલાની ગરમી સહન કરતી હોય છે. એમ આપણે પણ સફળતારૂપી સિદ્ધિનાં શિખર સુધી પહોંચવા આપણી ઇચ્છાઓને જગાડવી પડતી હોય છે. આ ઇચ્છા આપણી ચાહ બની જવી જોઇએ. આપણી ચાહ આપણને સફળતાના આકાશમાં ઉડાનભરી પહોંચાડે છે. સફળતાના આકાશમાં વિહાર કરવા સ્થૂળ પાંખ ઉપયોગમાં આવતી નથી. ઘણા લોકોને ભગવાને ઘણું આપ્યું હોવા છતાં તેના ચહેરા હંમેશા વિલાયેલાં પુષ્પો જેવા દેખાતાં હોય છે. તેનું કારણ તેની શારીરિક કે માનસિક શકિતની મર્યાદા હોતી નથી, તેનું ખરું કારણ આવા લોકોની ચાહનો અભાવ માનવામાં આવે છે. તેથી હું ચોક્કસ એવું માનું છું કે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ઇચ્છાશકિતનો વિકાસ થાય તેવા કાર્યક્રમો શાળા કૉલેજોએ યોજવા જોઇએ. જેમની ઇચ્છાઓ મૃત્યુ પામી હોય, તેઓ સફળતાની સીડી સુધી પહોંચ્યા પછી પણ સીડીનાં પગથિયાં ચડી શકતાં નથી. પગ

ઉપાડવાના વિચારનો અમલ કરવામાં તે સમય ગુમાવે છે. આખરે તેના હાથમાંથી સમય સરકી જાય છે. જીવનપ્રદેશમાં જેમણે પોતાનું સામ્રાજય વિસ્તારવું છે, તેમણે યા હોમ કરી કૂદી પડવા તૈયાર રહેવું પડશે. બાળપણમાં રમૂજમાં સેવેલું સપનું સાકાર થતાં, ખૂબ મોટી શાળાનું સુકાન સંભાળવાનું આવ્યું. શાળાનું મકાન, મેદાન, સંસાધનો, અઢળક ભૌતિક સંપદા ધરાવતું હોવાથી તેનો વિકાસ કરવાનું સપનું દિવસ રાત આવતું રહેતું હતું. ઇચ્છાઓનું તોફાન જાગતુ હતું. મારી સાથેના કેટલાક કાર્યકરોએ તેમાં ઠીક-ઠીક યોગદાન આપ્યું. પણ બીજી વિકલાંગતા પર એ લોકોનું લક્ષ્યાંક હોવાથી અંધજનોના શિક્ષણ ક્ષેત્રમાં પા-પા પગલી જેવું મને લાગ્યાં કરતું હતું. મન બેચેન રહેતું હતું. નવા કાર્યકરોની ટીમ બનાવવા સેવાનિષ્ઠ લોકોની શોધ કરવા યત્નશીલ રહેતો હતો. ધીમે-ધીમે ઉત્સાહી લોકો જોડાવાની શરૂઆત થઇ. જેમ-જેમ ઉત્સાહી લોકો મળતા ગયા. તેમ-તેમ શાળામાં ભૌતિક ફેરફાર કરવાનું શરૂ કર્યું. નવા-જૂના બિલ્ડિંગને રંગરોગાન અને રિનોવેશન કરવા નિર્ણય કર્યો. અનેક કંપનીઓ અને ઉદ્યોગપતિઓને પ્રૉજેકટ તૈયાર કરી ડોનેશન માટે દરખાસ્ત પણ મોકલી. સફળતા હાથ-વેંતમાં દેખાતી હોવા છતાં પરિણામ સુધી પહોંચી શકાયું નહીં. બીમારી પણ વચ્ચે મારી પરીક્ષા કરી ગઇ. થોડા સમય માટે મારા બે ઉડાન અટકાવવા પડયા હતા. છેલ્લા થોડા સમયથી વળી ગતિ મળી રહી હોય તેમ લાગે છે. છાત્રાલય, રિનોવેશન અને રંગરોગાન, તેમજ બ્રેઇલપ્રેસના વિસ્તાર માટે આયોજન ઘડી કાઢયું છે. ભાવનગર શહેરમાં ઉચ્ચ શિક્ષણક્ષેત્રે આગળ વધવા ઇચ્છતા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે અદ્યતન સુવિધાવાળું છાત્રાલય સ્થાપવા હું દિવસ-રાત વિચારતો રહું છું. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કરતા જુદી વય જૂથનાં ઉચ્ચ શિક્ષણ મેળવવા ઇચ્છતા આ વિધાર્થીઓ માટે છાત્રાલયનું કેમ્પસ થોડું દૂર હોય તેમ હું ઇચ્છતો હોવાથી છાત્રાલય બાંધવા માટે સંસ્થાને જમીન મેળવવી પડશે, જેના માટે દાતાઓની શોધ કરવાનું પડકારરૂપ કાર્ય છેલ્લા ઘણા સમયથી ચાલે છે. આ છાત્રાલયમાં નાના વ્યવસાયમાં જોડાતા પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓ માટે પણ રહેવા-જમવાની સવલત નજીવા દરે ઉપલબ્ધ બને તેવો પણ મારો સંકલ્પ છે. ભાવનગર શહેરમાં આ નવા છાત્રાલયનાં બાંધકામ માટે સરકારશ્રી સમક્ષ પણ જમીનની માંગણી કરતી દરખાસ્ત રજૂ કરેલ છે,

પરંતુ લાંબી વહીવટી પ્રક્રિયા અને સરકારશ્રીની પડતર જમીન શહેરથી દૂરનાં વિસ્તારમાં મળતી હોઇ, પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ માટે અવર-જવર કરવા અગવડરૂપ બને તેથી જમીનની ખરીદી કરી છાત્રાલયના વિદ્યાર્થીઓને શૈક્ષણિક એકમો કે વ્યવસાય કરતા વ્યક્તિઓને પોતાના રોજગાર એકમ સુધી અવર-જવર કરવા અનુકૂળ રહે તેવી જગ્યા પસંદ કરવા મેં મન મનાવ્યું છે. અમારા આ કાર્યમાં કીર્તિભાઇના વડપણ નીચે મુંબઇની મોટી ટીમ જોડાણી છે. સુભાષભાઇ શાહ અને ભરતભાઇ મથુરિયા (આર્કિટેકટ) અમારી દીવાદાંડી બની ઉપર્યુકત પ્રૉજેકટના નિર્માણ માટે અમારી નાવને દિશા બતાવી રહ્યા છે. જે પોતાની આંખો બાળપણમાં ગુમાવે તે ગામડાગામનો અદનો વ્યકિત પોતાની ચાહના કારણે સંસ્થા વિકાસ માટે આટલું મોટું ઉડાન ભરી શકે તે ખરેખર તો ઇશ્વરનો ચમત્કાર ગણાય. હું માનું છું કે થોડા સમયમાં આ ચમત્કાર અજવાળાં પાથરશે...

# ૨૭. રાજનૈતિક પર્યાવરણની દૂરગામી અસરો

પર્યાવરણ શબ્દ સાંભળતા જ આપણા મનમાં શાળા શિક્ષણ દરમિયાન શીખેલી વ્યાખ્યાઓ યાદ આવે છે. પૃથ્વીની આસપાસનું આવરણ એટલે પર્યાવરણ. આ તો થઇ સામાન્ય પર્યાવરણ વિશેની વ્યાખ્યા.

આજે આપણે આ લેખમાં રાજનૈતિક પર્યાવરણ વિશે વિચારણા કરવાની છે. લોકશાહી પ્રણાલીમાં રાજનીતિ પણ લોકશાહીને અનુરૂપ હોવી જોઇએ એટલે કે રાજનીતિ લોકશાહીની તરફેણ કરે તેવી હોવી જોઇએ.

૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ દેશની બંધારણ સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ બંધારણનો વિધિવત અમલ કરવામાં આવ્યો. દુનિયાના દેશોમાં આપણા ભારતનું બંધારણ અગ્રીમ પંક્તિમાં સ્થાન પામ્યું. ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની અધ્યક્ષતામાં તૈયાર કરવામાં આવેલ આ બંધારણમાં નાગરિકોના મૂળભૂત અધિકારોથી લઇ શાસન વ્યવસ્થાને માર્ગદર્શન મળી રહે તેવી કાનૂની જોગવાઇઓ કરવામાં આવી છે. તેમજ માર્ગદર્શક સિદ્ધાંતો પણ આપવામાં આવ્યા છે. તદનુસાર સાંસદો અને ધારાસભ્યોએ દેશના છેવાડાના નાગરિકો સુધી સરકાર દ્વારા ઘડાયેલી યોજનાઓ અને સેવાઓનો સમયસર લાભ મળી રહે તેવી વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા નિષ્ઠાથી કાર્ય કરવાનો નિર્દેશ પણ કરવામાં આવ્યો છે.

જાહેર હોદ્દાઓ ઉપર કે રાજયના વિધાનસભાગૃહ કે પાર્લામેન્ટની ચૂંટણી લડવા ઉમેદવારી નોંધાવવા માટે બંધારણ મુજબ સોગંદનામું કરવું ફરજિયાત છે. આ જ રીતે ચૂંટાયેલા સભ્યોએ કે મંત્રીમંડળમાં સ્થાન પામેલ મંત્રીશ્રીઓએ હોદ્દા અને જવાબદારીઓની ગુપ્તતાના સોગંદ લઇ નિષ્ઠાપૂર્વક કાર્ય કરવા ખાતરી આપવી અનિવાર્ય છે. ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ કે રાજયના રાજયપાલ સ્વયં જે-તે હોદ્દેદારોને શપથવિધિ કરાવે છે. આમ, છતાં આવા ચૂંટાઇ આવેલા ભ્રષ્ટનેતાઓ પોતે ગ્રહણ કરેલ શપથની ગરિમા રાખતા નથી. છેલ્લાં કેટલાંક વર્ષોથી રાજયોની વિધાનસભાઓ, લોકસભા અને રાજયસભાના સભ્યો સરકારના વિવિધ એકમો-કંપનીઓ સાથે સાંઠગાંઠ કરી જનતાના પરસેવામાંથી એકત્રિત થયેલ કરની રકમ

પોતાના સ્વાર્થ માટે કેમ પચાવી પાડવી તેના ષડ્યંત્ર કરનારા દલાલો બન્યા છે. રોજ-રોજ નિતનવાં જૂઠાણાં ફેલાવી લોકોને ગુમરાહ કરી પોતાનું ધાર્યું કરવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ચૂંટણીઓમાં વિજેતા થવા કયારેક ધર્મના નામે તો કયારેક અલગ-અલગ જાતિનાં નામે રાજકારણ કરી ગરીબોનાં મોં-માંથી કોળિયો ઝૂંટવી લેતાં આ લોકો જરા પણ ખચકાતા નથી, જેના કારણે દેશની શાખને પણ ધક્કો લાગે છે. 'નોટના બદલે વોટ' તો જાણે આ લોકોની આદત બની ગઇ છે (કોઠે પડી ગયું છે), નીતનવા દાવપેચ રચી શાસક અને વિપક્ષ પોતાનું સાજું રાખવા ગમે તેવા નુસખાઓ કરતાં હોય છે. જનતાને આજના નેતાઓ રમખાણો અને નફરતનું પ્રપંચ કરી, ઝેર રેડી ગેરમાર્ગે દોરતા હોય છે, તેમજ સત્તા હાંસલ કરી લેવા સફળ થતાં હોય છે. આટલું જ નહીં ઇલેકટ્રોનિક વોટિંગ મશીન (ઇ.વી.એમ.)માં પણ ચેડાં કરી પોતાનો કક્કો ખરો કરવા લાખો રૂપિયાનું આંધણ મૂકી લોકસભા કે વિધાનસભાની ચૂંટણીઓમાં લક્ષ્યાંક મુજબનું પરિણામ સિદ્ધ કરવા આહ્‌વાન આપી ધારી સફળતા પણ હાંસલ કરે છે.

મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઇ પટેલ, જવાહરલાલ નેહરુ અને લાલ બહાદુર શાસ્ત્રી જેવા અનેક મહાન પુરુષોના જીવન-કવન જયારે તપાસીએ છીએ ત્યારે આપણને ખ્યાલ આવે છે કે આજનું રાજનૈતિક પર્યાવરણ કેટલું દુષિત થયું છે. જીવનપર્યંત જે મહાપુરુષોએ કષ્ટ વેઠી દેશને આઝાદી અપાવી, દેશી રજવાડાંઓને એકત્રિત કરી લોકશાહી પ્રણાલીની સ્થાપના કરી કારણ કે... તેઓ ઇચ્છતા હતા કે દેશની પ્રજા ઇચ્છે તેવા વ્યકિતઓના હાથમાં લોકોની ઇચ્છા મુજબ શાસનની ધૂરા સોંપી શકાય. લોકો દ્વારા પસંદ થયેલ શાસકો જનતાના હિતમાં જ નિર્ણય કરશે તેવા ઉમદા ઉદ્દેશ્યથી કદાચ આપણા તમામ સ્વતંત્ર સેનાનીઓએ વિચાર્યું હશે અને તે જ વાતનો અમલ કરવા સારુ આપણા પૂર્વ નેતાઓએ નિર્ણય કર્યો હશે. પરંતુ જે રીતે લોખંડને પણ જયારે વાતાવરણની અસરના કારણે કાટ લાગે છે ત્યારે તે ધીમે ધીમે ક્ષીણ થઇ નાશ પામે છે અને આખરે માટીમાં મળી જાય છે. તે જ 'સડો' આપણા દેશના રાજકારણમાં પણ લાગી ચૂકયો છે.

વાયદાઓની બજારમાં આજના નેતાઓની બોલબાલા થાય છે. સભાઓમાં મોટે-મોટેથી વારંવાર એકની એક વાત જુદા-જુદા શબ્દોમાં કહી લોકોની સસ્તી

લોકપ્રિયતા મેળવી સત્તાનો પરવાનો પાકો કરી લેવામાં કુશળ હોય છે. ખુરશીનો પાંચ વર્ષનો સત્તાનો પરવાનો લાયસન્સની જેમ રિન્યુ કરી ખુરશી પ્રાપ્ત કરી લેવામાં આજના નેતાઓ એન-કેન રીતે સફળ થતા હોય છે. જોકે અંતે તો તેઓ નૈતિક અધઃપતન પામે છે. છતાં દેશની ભોળી પ્રજા તેને પામી શકતી નથી કે અટકાવી શકતી નથી. જાડી ચામડીના આ લોકો થોડો ઘણો વિરોધ ઘોળીને ઔષધની માફક પી જાય છે. પરિણામે પ્રજા પીસાતી રહે છે. લોકતંત્રનો લાગેલો આ લૂણો જ્યાં સુધી દૂર નહીં થાય ત્યાં સુધી પ્રજા શાંતિનો શ્વાસ નહીં લઇ શકે પ્રજાની સગવડ માટે સરકાર થોડાક કરવેરા પ્રજા પાસેથી વસૂલ કરે તે તો એક વ્યવસ્થાનો ભાગ છે, પરંતુ પ્રજાના પૈસાનો ખર્ચ સરકાર દ્વારા જે કામકાજ માટે જનતાના હિતમાં કરવામાં આવે છે; તે કામના કોન્ટ્રાકટર કે નોકરી મેળવનાર કર્મચારીઓ પાસે પણ ત્રાહિત માધ્યમ દ્વારા પૂર્વ આયોજિત વ્યૂહરચનાથી સતાધીશો દ્વારા લાંચ લેવાય છે, તે ઘણું ચિંતાજનક છે. આ જ રીતે ચાલતું રહેશે તો, એક દિવસ વર્ગવિગ્રહ કે અરાજકતા વ્યાપી જશે અને લોકશાહી સદંતર નાશ પામશે. માટે શિક્ષિત, સમજુ અને શાણા નાગરિકોએ આગળ આવી લોકશાહીના રક્ષણ માટે કમર કસવાનો સમય પાકી ગયો છે.

આપણે સૌ પર્યાવરણ રક્ષણ માટે જાગૃત બન્યા છીએ. જળ પ્રદૂષણ, ભૂમિ પ્રદૂષણ અને હવા પ્રદૂષણને રોકવા જે રીતે તત્પર છીએ તેવા જ તત્પર લોકશાહીનાં રક્ષણ માટે પણ બનવાની જરૂર છે. શાળા-કૉલેજોથી શરૂ કરી શેરીઓ-ગલીઓ અને મહોલ્લાઓ સુધી જાગૃત નાગરિકોએ લોકશાહીના રક્ષણનો સંદેશ પહોંચાડવા કામે લાગવું પડશે.

આજકાલ કેટલાક રાજકીય પક્ષોએ પોતાનો અડ્ડો જમાવી રાખવા જુઠાણાંનો સહારો લઇ જનતાને ગુમરાહ કરવા સોશિયલ મીડિયા અને વીજાણું માધ્યમનો જે રીતે આડેધડ ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે એ જોતાં, લોકશાહીનાં વિનાશની ખતરનાક ઘંટડી રણકી ઊઠી છે તેવું લાગે છે. માટે આપણે સૌ જાગૃત બનીએ.

# ૨૮. કહીં ખુશી કહીં ગમ

તાળીઓના ભારે ગડગડાટ વચ્ચે અંધ ઉદ્યોગ શાળાના કલાકારો એક પછી એક કૃતિ પ્રસ્તુત કરી રહ્યા હતા. પ્રજ્ઞાલોકના પ્રત્યેક કલાકાર આજે કલાવૈભવનો ખજાનો છૂટો મૂકી વહેંચવા આવ્યા હતા. અમારા કીર્તિભાઇ શાહની યુવા ટીમના મિત્રો આવનાર મહેમાનોની સરભરા કરવામાં કોઇ કસર છોડવા માગતા ન હતા.

નૃત્ય, નાટક, સંગીત, યોગા અને ડાંસ જેવી નવતર કલાના અભિનયના અજવાળા પાથરી પ્રજ્ઞાલોકની કલા ટીમ આજે ભાતીગળ કલા-કૃતિઓ પ્રસ્તુત કરી સૌ કોઇને અભિભૂત કરી રહી હતી.

સંગીતની સૂરાવલીથી આરંભ થયેલો કાર્યક્રમ તેના મધ્યાહ્ને પહોંચતા શાળાની માહિતી આપતી ડોક્યૂમેંટ્રી ફિલ્મ સભા સમક્ષ રજૂ કરી શાળાની પ્રવૃત્તિઓની ઝલક આપવામાં આવી હતી. ડોક્યૂમેંટ્રી નિહાળી દર્શકોના અચરજનો પાર રહ્યો ન હતો. શ્રી કીર્તિભાઇ શાહના શાબ્દિક સ્વાગતથી આરંભાયેલો કાર્યક્રમ તેની ચરમસીમા વટાવી દર્શકોના હૃદયના દરેક ધબકાર પર કબજો જમાવી ભારે રોમાંચ ઊભો કર્યો હતો. બાળકોની સંગીત અને અભિનયની પ્રસ્તુત થયેલ કૃતિઓએ સૌ-કોઇને ઓળઘોળ કરી દીધા હતા. કાર્યક્રમના ઉદ્ઘોષક જસુભાઇ કવિએ તેમાં પ્રાણ પૂર્યો હતો. તો ભાગ્યેશ વારા તેમજ અમારા સુભાષભાઇ શાહના નિમંત્રણને માન આપી ખાસ ચોટીલાથી પધારેલા લોક-સાહિત્યકાર હિતેશભાઇ રાવળે કાર્યક્રમને જીવંત બનાવી બાળકલાની રંગોળીમાં નવો રંગ પૂર્યો હતો. એટલું જ નહિ દાતાઓને શાળા વિકાસમાં યોગદાન આપવા અભિભૂત કર્યા હતા. શાળા વિકાસની દર્દભરી અપીલને બહોળો પ્રતિસાદ સાંપડયો હતો. પ્રજ્ઞાલોકના કલાકારો તેમજ જસુભાઇ કવિ, ભાગ્યેશ વારા, હિતેશભાઇ રાવળ, કીર્તિભાઇ શાહ વગેરે દ્વારા પ્રબોધન ઠાકરે નાટયમંદિર મુંબઇ ખાતે ચૂંટેલા શબ્દ-પુષ્પોની મહેકનો ફાયદો ઉઠાવવા હું ધીમા પરંતુ મક્કમ પગલે આગળ વધી લોકોને સંબોધવા જઇ પહોંચ્યો. હોલ સુશિક્ષિત લોકોથી ખીચોખીચ ભરેલો હતો. મારે માત્ર શબ્દોની વર્ષા વડે લોકોને ભીંજવવાના હતા. વળી વીજળી અને વાદળાના ગડગડાટ જસુભાઇ કવિ, શ્રી ભાગ્યેશ

વારા, હિનાબેન ઠક્કર અને હિતેશભાઇ રાવળ કરી ચૂકયા હતા. આ બધાને કીર્તિભાઇ શાહનો મોરના ટહુકા જેવો આવકાર મળ્યો હતો. તેથી દરેક જણ પોતાની શકિત અનુસાર દર્શકોને રીઝવવા ચોમાસાના વરસાદની માફક તૂટી પડયા હતા.

કોણ કહે છે અંધાપો છે જીવનનો અંધકાર,
ખરું પૂછો તો એ તો છે – જીવનનો પડકાર.

મારી ખૂબ જાણીતી પંકતિઓ ટાંકી મેં મારી વાતનો આરંભ કર્યો. ''આંખ આપણી ખૂબ અગત્યની ઇન્દ્રિય જરૂર છે, પણ તેના સિવાય વ્યકિત જીવનમાં આગળ વધી જ ન શકે તે માન્યતા આપણી ભૂલ ભરેલી છે. સખત પરિશ્રમ કોઇ પણને આગળ લઇ જઇ શકે છે. જરૂર છે – આવા પડકારરૂપ લોકોને સ્વીકારી યોગ્ય તક આપવાની, તેમના કલ્યાણ માટે કામ કરવાની, શ્રી અનમોલ ગ્રૂપે તે પુરવાર કરી બતાવ્યું છે. તેને હું અભિનંદન પાઠવું છું. મારા ત્રણ સપના પૂરા કરવા હું છેલ્લા ઘણાં વર્ષોથી મથી રહ્યો છું. ૨૦૧૮ના વર્ષમાં વિશ્વ ફ્રેન્ડશિપ દિવસની ઉજવણી કરવા મુંબઇના અનમોલ ગ્રૂપના મિત્રો અમારી શાળામાં આવ્યા હતા. ત્યારે જ આ કાર્યક્રમનું બીજ રોપાઇ ચૂકયું હતું. તે સમયે મારા સપનાંની રંગોળીમાં રંગો પૂરવાની શરૂઆત થઇ હતી. આ રંગબેરંગી સપનાંઓની ઝાંખી આપને કરાવવાનું મને ગમશે.

ભાવનગર કલા, સંસ્કૃતિ અને શિક્ષણનું ધામ છે. તેથી અમારી શાળામાંથી ધોરણ બારની પરીક્ષા ઉત્તીર્ણ કરી બહાર પડતા વિદ્યાર્થીઓને ભાવનગરમાં ઉચ્ચ-શિક્ષણ મેળવવાની તક મળી રહે તેવા હેતુસર શહેરમાં એક છાત્રાલય બાંધવાની જરૂર છે. કૉલેજનું શિક્ષણ પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓએ સામાન્ય લોકો સાથે જ લેવાનું હોય છે. પરંતુ આવા વિદ્યાર્થીઓના અસરકારક શિક્ષણ માટે સુવિધાયુકત છાત્રાલયની આવશ્યકતા અનિવાર્ય હોય છે. તેથી આવું છાત્રાલય શહેરમાં બાંધવાનું મારું સપનું છે. જમીન, બાંધકામ અને જરૂરી ફર્નિચર માટે લગભગ ત્રણ કરોડ જેટલી રકમની જરૂર પડશે.

મારું બીજું સપનું બ્રેલ પ્રેસના વિકાસનું છે. બ્રેલ પ્રેસના વિકાસથી બ્રેલમાં સાહિત્યનાં પુસ્તકોનું નિર્માણ ગણતરીના કલાકોમાં કરી શકાશે. બ્રેલ પ્રિન્ટરની મદદથી મોટા પાયે અવનવું સાહિત્ય બ્રેલમાં ઉપલબ્ધ બનશે. પરિણામે ભાવનગરમાં

અભ્યાસક્રમ તેમજ ઇતર વાંચનનાં પુસ્તકોનું છાપકામ બ્રેલમાં સમયસર થઇ શકશે. જોકે રાજયમાં આવા અન્ય શહેરોમાં બ્રેલ પ્રેસ હયાત છે. તેમ છતાં વ્યવસ્થાના અભાવે માંગ મુજબ બ્રેલમાં પુસ્તકો સમયસર તૈયાર થઇ શકતાં નથી. તે સમસ્યાને નિવારવા આ પ્રકારની સગવડ ઊભી કરવાની જરૂર છે.

મારું ત્રીજું સપનું શાળાને નવનિર્મિત કરવા શાળા, અને છાત્રાલયના ભવનને રંગરોગાન અને રિપેરિંગનું છે. એટલે કે શાળાના ભવનને રિનોવેટ કરવાની જરૂર છે. ઘણાં વર્ષો પહેલાં શાળાના ભવનનું બાંધકામ થયું હોવાથી તેના નિભાવ માટે તાકીદે રિનોવેશનનું કામ શરૂ કરવું જોઇએ. રાત-દિવસ મારા મનમાં આ બધા વિચારોનું તોફાન જાગતું રહે છે. મારા સંવાદની સભા પર ગહેરી અસર થઇ.

સભામાં છેલ્લું જાહેર કરેલું સપનું પૂર્ણ થઇ શકે તેટલા લોકો વરસી પડયા હતા. સભામાં લોકોના દાનની સરવાણી વહેતી થઇ હતી. ખ્યાતનામ દાતાઓએ આહુતિ આપી, અમારા યજ્ઞને પ્રજજવલિત રાખવા; યોગદાન આપવા પોતાનો હાથ લંબાવ્યો હતો. તેને હું ઇશ્વરની કૃપા સમજું છું. મુંબઇ શહેરને માત્ર દેશની આર્થિક રાજધાની તરીકે ઓળખવાના બદલે. હવે લોકો તેને સંવેદનાની રાજધાની તરીકે પણ યાદ કરતા ગૌરવ અનુભવશે તેમ હું માનું છું. મારા દિલ પર મુંબઇવાસીઓની ઊંડી છાપ પડી છે. દાતાઓની થોડી નામાવલિ યાદ કર્યા વિના મન શાંત પડી શકે તેમ નથી : જે.પી.પોલીમર્સ પ્રા.લિ.-મુંબઇ એલ.જી.કાકડિયા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઇ, કિરણ જેમ્સ પ્રા.લિ-મુંબઇ, શ્રી રામકૃષ્ણ એકસ્પોર્ટ પ્રા.લિ.-મુંબઇ, એસ્ટેટ ઑફ લેટ શ્રી રમેશ વી. મહેતા-મુંબઇ જેવાં નામો મુખ્ય કહી શકાય.

'ઓ પાલનહારે…' પ્રાર્થનાના શબ્દોએ લોકોનાં હૈયાં ભીનાં કરી દીધાં હતાં. શાળાનાં તમામ બાળકો અને કર્મવીરોની સંયુકત મંચ પર થયેલી પ્રાર્થના જાણે પ્રભુએ સાંભળી લીધી હોય તેમ સભાખંડમાં બેઠેલા લોકો પોતાના અંતર પ્રદેશમાં વેદનાની વાંસળીના સૂર સાંભળી રહ્યા હતા. પ્રાર્થનાના સંવાદમાં સંવેદનાની સરિતાનાં નીર ભળ્યાં હતાં. 'શ્રદ્ધા' નાટકે બધાના ભીતરમાં તોફાન મચાવ્યું હતું. અશ્રુઓની કતાર ગોઠવી હોત તો તે સાચાં મોતીની જેમ ચમકી ઊઠી હોત. આ વાતની સભાખંડમાં બેઠેલા લોકોની આંખોમાં ઉમટતા અશ્રુ-બિંદુઓ ચાડી ખાઇ રહ્યાં હતાં. કાર્યક્રમના

અંતે આખુંય અનમોલ ગ્રૂપ નાચી રહ્યું હતું.

બીજો દિવસ પ્રજ્ઞાચક્ષુઓના જીવનનો યાદગાર દિવસ બની રહેશે. મહાવીર સ્વામીની વેદનાને જાણી જેમણે અન્યના જીવનમાં ખુશીઓનું વાવેતર કરવા બીજની ફેક્ટરી ખોલી છે, એવા કીર્તિભાઇ શાહની અથાક મહેનતના કારણે અમને સૌને માંડવી રિસોર્ટમાં વિવિધ રાઇડ્‌ઝનો આનંદ ઉઠાવવાની તક મળી હતી. જેને અમો કદી ભૂલી શકીશું નહિ. શ્રી કીર્તિભાઇ શાહ પણ અમારી સાથે હતા. તેઓ બાળકો સાથે વોટર પાર્કમાં નાહી રહ્યા હતા. તે ઘડી અમારા માટે રળિયામણી બની ગઇ હતી. શ્રી કીર્તિભાઇ શાહ બાળકોને વિવિધ રાઇડ્‌ઝનો ખ્યાલ આપી રહ્યા હતા. આ પ્રત્યેક ક્ષણ અમારા માટે સ્વર્ગથી જરાય ઉતરતી ન હતી. આવું કાર્ય ઇશ્વરના પેગંબર સિવાય કોઇ કરી શકે નહિ. બાળકો માટે ખાણી-પીણીનો કીર્તિભાઇનો પ્રબંધ જેવો-તેવો ન હતો. અમારા સૌ કોઇ માટે 'મોસાળે વિવાહ ને મા પીરસણે' જેવું હતું. બપોરના સમયે બાળકોનાં વ્હાલાં એવા હિનાબેન ઠક્કર વિવિધ રમતોનો થાળ લઇ, બાળકોના આનંદમાં ઉમેરો કરવા આવવાનાં હતાં. અચાનક તબિયત બગડતા હિનાબેન માંડવી રિસોર્ટ પહોંચી શકયાં નહિ. હિનાબેન ગેરહાજર હોવા છતાં સુગંધી રમતોનો થાળ માનસીબેન શાહ અને જિજ્ઞેશભાઇ મહેતા લઇ આવી પહોંચ્યાં હતાં. હિનાબેને પૂર્વે આયોજિત રમતો આ લોકોને આપી બાળકોને રમાડવા મોકલ્યાં હોય તેવા સુંદર આયોજનનાં દર્શન થયાં. બંને મિત્રોને હું દિલથી અભિનંદન પાઠવું છું. આ પ્રસંગે બાળ પ્રતિભા શોધ અંતર્ગત વિવિધ વિષયો પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોની રજૂઆત દાદ માંગી લે તેવી હતી. દરેક બાળકોને પણ અભિનંદન આપવા ઘટે. અંતે હળવું ભોજન લઇ. અમે સૌ લોઢાધામ જવા રવાના થયા હતા.

ચમકતી દિવાળીના આગમન પહેલાં જેમ કાળી ચૌદશની રાત્રી ભયાનક સ્વરૂપ ધારણ કરી આવી પહોંચે છે, તેમ તારીખ ૨૭ એટલે કે શુક્રવારની વહેલી સવારે લગભગ પોણા પાંચ કલાકે અમારી ખુશીનો કચરઘાણવાળી દેવા કીર્તિભાઇ શાહની છુપાયેલી બીમારી લોઢાધામ આવી પહોંચી હતી. વહેલી સવારના અચાનક છાતી અને હાથ પગ પર દુઃખાવાએ હુમલો કર્યો. શ્રી કીર્તિભાઇ શાહની સેવામાર્ગ પર દોડતી

ગાડી અચાનક અટકી પડી. કીર્તિભાઇને પહેલા ફિનીક્ષ અને પછી તુંગા મલાડ હૉસ્પિટલ સારવાર માટે લઇ જવામાં આવ્યા. બાળકોનો આશીર્વાદ અને ઈશ્વર કૃપાથી કીર્તિભાઇ શાહ સાજા થઇ સેવાના કાર્યમાં પુનઃ જોડાઈ ગયા છે. ઈશ્વર એક હાથે આપે અને બીજા હાથે થોડી પરીક્ષા કરવા આપણી ખુશી ઝૂંટવી લેતો હોય છે. સરોજબેનની ધીરજને હું શીશ ઝુંકાવી વંદન કરું છું. હું હૉસ્પિટલમાં કીર્તિભાઇની ખબર જોવા ગયો ત્યારે સરોજબેન મને હિંમત આપતાં હતાં. મને ચિંતા નહીં કરવા તેઓ સમજાવતા હતા તેમના વીરલ વ્યક્તિત્વને બિરદાવવા પ્રયત્ન કરું છું. પણ નદીના વહેતા પ્રવાહમાં રેતીની ઉપાડેલી મૂઠી ખાલી થઇ જાય છે, તેમ સરોજબેનની લાગણીનું શબ્દચિત્ર આલેખવામાં મારી ભાષાનો ખજાનો ખાલીખમ છે. ફૂટેલી બોક પાણી કૂવામાંથી ખેંચી શકતી નથી. તેમ હું પણ સંકટ સમયનું સરોજબેનની હિંમતનું શબ્દચિત્ર આલેખવા સમર્થ નથી.

'મુંબઇથી ગાડી આવી રે, હો દરિયાલાલા...'

ગીતના શબ્દો મને યાદ આવે છે, મને મુંબઇની ભૂમિ લાગણીના સમુદ્રથી ઊભરાતી હોય તેવી દેખાય છે. આ કોઇ કવિના શબ્દો કે સાહિત્યનું સર્જન નથી, પણ મુંબઇવાસીઓના અંતરની ઓળખ છે. અહીં કદાચ ભૌતિક સાંકડ હશે. પણ દરેકના હૃદય બહુ વિશાળ છે. મુંબઇની માટીમાં અનેરી તાકાત મને જોવા મળી છે. પ્રવાસના અંતે તારીખ ૨૭/૦૯/૨૦૧૯, શુક્રવારના રોજ ગ્રાન્ડવિલા હૉટલમાં અપાયેલ ડીનર મુંબઇની રખાવટ અને આવકાર પરંપરા માટે હંમેશાં યાદ રહેશે.

યાત્રા પ્રવાસમાં અમારી સાથે ભાવનગરથી જોડાયેલા કિશોરભાઇ શાહ સાથે ટ્રેનમાં અમોએ ગોષ્ઠી કરવાનો ઘણો આનંદ ઉઠાવ્યો હતો. હરેશ ભાટિયાની મુલાકાત અમારા ટ્રેન પ્રવાસને યાદગાર બનાવી ગઇ. તો વળતા બોરીવલી સ્ટેશન પર બાળકોને ટ્રેનમાં બેસાડવા રેલવે કર્મચારીઓ અને રેલવે પોલીસનો મળેલો સહકાર કર્મનિષ્ઠાનાં દર્શન કરાવી ગયો. ઇશ્વર થોડું કષ્ટ જરૂર આપતો હશે, આપણી કસોટી કરતો હશે, પણ તે દયાળુ જરૂર છે. કીર્તિભાઇને બીમારી મોકલી તેમાંથી તેનો આબાદ બચાવ કરવા સાનુકૂળતાઓ પણ કરી આપી હતી. હાઇવે પર સમયસર વાહન મળી જવું એ પણ ઇશ્વરનો જ ચમત્કાર હતો. સમયસર સારવાર થઇ શકે તે માટે ટ્રાફિક કે

અન્ય કોઇ અડચણ ન આવવી ઇશ્વરનો બીજો ચમત્કાર કહી શકાય. શાળાના ભવનને થોડાં વર્ષો રક્ષણ મળી જાય તેવા નવનિર્માણ કાર્યને ટેકો મળી રહે તેવા વ્યક્તિને અચાનક મોકલી કર્મયજ્ઞ પ્રજજવલિત રાખવાના કાર્યને હું ઇશ્વરની પ્રતીતિ સમજું છું.

''શાળાનું શમણું બની આવ્યા કીર્તિભાઈ,
હૈયાનું ઝરણું બની ખળખળ વહ્યા કીર્તિભાઈ.
અઠયાશી વર્ષનો શણગાર્યો ઇતિહાસ,
કદમ ઉપાડી કીર્તિભાઇ.
યાચે 'ઝગમગ' શીશ નમાવી જુગ-જુગ જીવો કીર્તિભાઈ''.

# ૨૯. જાહેર સંસ્થા

સામાજિક, ધાર્મિક કે શૈક્ષણિક ઉદ્દેશોને હાંસલ કરવા જાહેર સંસ્થાઓ અસ્તિત્વમાં આવતી હોય છે. આવી સંસ્થાઓમાં મુખ્ય બે તત્ત્વોનું મિશ્રણ જોવા મળે છે.

(૧) ભૌતિક :- જેમાં જમીન, પાણી, વીજળી, મકાન અને સાધન-સામગ્રી તેમજ ફર્નિચરનો સમાવેશ થાય છે.

(૨) માનવીયઃ- કાર્યકર, ટ્રસ્ટી, કર્મચારી કે લાભાર્થીનો સમાવેશ થાય છે.

ભૌતિકઃ કોઇ પણ જાહેર સંસ્થાએ તેની જરૂરિયાત કરતાં પોતાના હેતુ વિરુદ્ધ જમીન, પાણી, વીજળી, મકાન અથવા સાધન-સામગ્રી કે વધુ પડતું ફર્નિચર ન વસાવવું જોઇએ. કારણ બિનજરૂરી સંપત્તિ વસાવવાથી તેનો હેતુ વિરુદ્ધ ઉપયોગ થવાનું જોખમ ઊભું થાય છે. કોઇવાર આવી સંપત્તિમાંથી ભાડાની આવક મેળવવામાં આવે છે. પરિણામે સંસ્થા સેવાનું ક્ષેત્ર છોડી ધંધાદારી હિત સાધવા કામે લાગી જાય છે. આવી આવક વધારવા સંસ્થા બિનજરૂરી મિલકતોનો બોજો ઊભો કરે છે. કોઇવાર તેના હિસાબોમાં પારદર્શકતા જળવાતી નથી. અંગત હિત કે લાભ લેવા પોતાનો માર્ગ ભૂલી આર્થિક ફાયદો ઉઠાવવા કલ્યાણના ક્ષેત્રે સુંદર કાર્ય કરતી સંસ્થા ભટકી જાય છે. કેટલીકવાર ઘણી સંસ્થાઓ ધંધાદારી ઉદ્દેશો પાર પાડવા કામે લાગી જાય છે. મારી દષ્ટિએ સેવાનું ક્ષેત્ર છોડી ધંધાદારી બનેલી સંસ્થા પોતાનો નૈતિક અધિકાર ગુમાવે છે. ભટકેલી સંસ્થાને જાહેર સંસ્થા તરીકે કાર્ય કરવાનો નૈતિક અધિકાર રહેતો નથી. બીજી તરફ જે સંસ્થાનું માનવીય પાસું નબળું હશે તે સંસ્થા પ્રગતિ કરી શકશે નહીં. ટ્રસ્ટી, કાર્યકર કે કર્મચારી નિષ્ઠાવાન હોય તે સંસ્થા જ પ્રવૃત્તિનું સામ્રાજય સ્થાપી શકે છે. લાભાર્થી પણ પોતાની જરૂરિયાત કરતાં વધુ સંસ્થાની ચીજ વસ્તુઓનો ઉપયોગ કરવાની મંછા ધરાવતો ન હોવો જોઇએ. લાભાર્થીનો સંબંધ સંસ્થાની યોજનાકીય ફાયદો ઉઠાવવા પૂરતો સીમિત ન રહેવો જોઇએ. કોઇપણ જાહેર સંસ્થાનો કાર્યક્રમ ધંધાદારી કે આર્થિક ફાયદો ઉઠાવાના ઉદ્દેશથી જ માત્ર યોજવો ન જોઇએ. આર્થિક

ફાયદા માટે કાર્યરત સંસ્થા જાહેર ફલક પર ટકી શકશે નહીં. કારણ હેતુલક્ષી કાર્યક્રમ જનતાના અંતરપ્રદેશમાં સ્થાન પામી શકતો નથી.

જાહેર સંસ્થાઓએ પોતાના બંધારણીય ઉદ્દેશોને વળગી રહેવું જોઇએ. તેમાં ખાનગી કે પેઢીગત વલણનો પ્રવેશ સંસ્થાને વેરવિખેર કરી નાખે છે. કોઇવાર સંસ્થા પોતાનું અસ્તિત્વ ગુમાવે છે. સમય જતા સંસ્થાએ વસાવેલી સંપત્તિ કે મિલકત માટે ઝગડા ઊભા થાય છે. મહાત્મા ગાંધીના મતે જરૂરિયાત કરતા માલ, મકાન, મિલકત વધુ વસાવનાર સંસ્થાના કાર્યકરોમાં નાની મોટી બાબતોમાં મતભેદ ઊભા થવા લાગે છે.

આદર્શ સંસ્થા તેના હેતુઓને સફળ બનાવવા પોતાનું આયોજન તૈયાર કરતી હોય છે. તેમજ બંધારણીય ઉદ્દેશોને પહોંચી વળવા સંકલન કરી શકે, તેવા લીડરની પસંદગી વિચાર વિનિમય દ્વારા ગુણ-દોષના આધારે કરવાની પદ્ધતિ અપનાવે છે. પરિણામે પ્રગતિના માર્ગે દોડતી સંસ્થાઓમાં ખટરાગનું દૂષણ પ્રવેશી શકતું નથી. જયાં સુધી સંસ્થામાં સત્તાની ભૂખના ભિખારીનું આગમન થતું નથી, ત્યાં સુધી દરેક સંસ્થાની ગાડી પ્રગતિના પાટે દોડતી રહે છે. કોઇવાર એકાદ સત્તાનો લાલચુ વ્યકિત સંચાલન સમિતિમાં યેનકેન રીતે પણ ઘુસવામાં સફળ થઇ જાય તો સંસ્થાનો સૂર્ય, અસ્ત પામવા લાગે છે.

છેલ્લાં ઘણાં વર્ષોથી હું જુદી-જુદી સંસ્થાઓની સમિતિઓમાં મારી સેવા આપું છું. તેમાં અંધ ઉદ્યોગ શાળા અને રાષ્ટ્રીય અંધજન મંડળ, ભાવનગર જિલ્લા શાખા મુખ્ય છે. મારા કાર્યક્ષેત્રની દરેક સંસ્થાઓના અનુભવનું વર્ણન કરવાનું આ મંચ નથી. તેમ છતાં મારી અનુભવની મહાશાળા શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના થોડા યાદગાર પ્રસંગોને આવરી લઇ અનુભવગાથાની પ્રેરક બાબતો જાહેર સંસ્થાઓના ઉત્તમ અને સફળ સંચાલન માટે મૂકવા ઇચ્છું છું.

શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પ્રવૃત્તિઓનું ચાલકબળ પૂરવાર થઇ શકે તેવા આશયથી શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને જુદી-જુદી જવાબદારીઓ ઉઠાવવા અલગ અલગ પ્રવૃત્તિના મૉનિટર બનાવી લીડરશિપના ગુણ ખીલવવામાં આવે છે. જેનું પરિણામ પણ દેખાય છે. પ્રતિ વર્ષ શાળા દ્વારા યોજાતા વિશિષ્ટ પ્રદર્શનમાં

વિદ્યાર્થીઓ ચાવીરૂપ પોતાની ભૂમિકા ભજવે છે. ગુરુપૂર્ણિમા કે અન્ય તહેવારોની ઉજવણીમાં પણ વિદ્યાર્થીઓની નેતૃત્વ શક્તિનાં દર્શન થાય છે. ખાસ કરીને નવરાત્રી મહોત્સવ તેમાં મોખરે છે. નવ દિવસનું આગવું આયોજન કરી શાળાના વિદ્યાર્થીઓએ અદ્ભુત સંગઠનશક્તિનું પ્રમાણ આપ્યું છે. છેલ્લા ઘણાં વર્ષોથી સુંદર આયોજન કરી લોકશાહી પ્રણાલીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. પ્રતિભા ધરાવતા વિદ્યાર્થીઓની શોધ તેઓ જાતે જ કરી લઇ યોગ્ય વિદ્યાર્થીને કાર્યક્રમની ઉદ્ઘોષણા અને અન્ય કામ સોંપી કાર્યક્રમમાં પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીને તક આપે છે. લગભગ રોજ નવા ઉદ્ઘોષક માણવા મળતા હોય છે. જે તે વ્યક્તિની પસંદગી નીમેલી સમિતિ યોગ્ય માપદંડના આધારે કરતી હોય છે. આવી પસંદગીમાં મને આજ સુધી જૂથવાદ કે વ્યક્તિવાદ નજરે પડ્યો નથી. પસંદગીનાં ધોરણો કે માપદંડ સાથે કોઇ સમાધાન પણ કરવામાં આવતું નથી. આજના રાજકીય નેતાઓ કે અધિકારીઓને આ શાળાના વિદ્યાર્થીઓની આ શૈલી અમલમાં મૂકવા જેવી ખરી. જો આપણે ઉદારતાપૂર્વક આ વાતનો સ્વીકાર કરી શકીએ તો દેશનું ભાવિ પણ બદલાઇ શકે તેમ છે.

શાળાના નવરાત્રી મહોત્સવ ઉજવણી કાર્યક્રમના આયોજનમાં મને બાળકોની નિખાલસ વૃત્તિ ઠેર-ઠેર જોવા મળી છે. ચાવીરૂપ ભૂમિકા અદા કરતા વિદ્યાર્થીઓ તટસ્થ પસંદગી કરવા વિદ્યાર્થીઓની સમિતિ વિચાર વિનિમય કરી હંમેશા નિર્ણય લે છે. તે જોઇ હું ખૂબ ખુશીની લાગણી અનુભવું છું. વિદ્યાર્થીઓની નિષ્પક્ષ મૂલ્યાંકન પદ્ધતિ દાદ માગી લે તેવી છે. આ પ્રણાલી મારી દૃષ્ટિએ કોઇ પણ રાષ્ટ્રની દીવાદાંડી પૂરવાર થઇ શકે તેવી છે. આજ-કાલ ભાઇ-ભત્રીજાવાદ ફાલ્યો ફૂલ્યો છે, ત્યારે પ્રજ્ઞાલોકના અંતરના અજવાળે આગળ ધપતા વિદ્યાર્થીઓ મને અને તમને ઘણું શીખવી જાય છે. હું સંસ્થાની આ સંપત્તિને મૂલ્યવાન સમજું છું. અબજો રૂપિયાના બેંક-બેલેન્સ કરતા અન્યની સુષુપ્ત શક્તિઓને ઓળખી તેના વિકાસને વેગ આપવા વિદ્યાર્થીઓની સમિતિ પ્રતિભા અને કર્મનિષ્ઠાની ખોજને મહત્ત્વ આપે છે. તેને હું લોકતંત્રની ખરી નીવ સમજું છું. આ કાર્યને આગળ ધપાવવા પોતાની જાતને પણ અલાયદી રાખવી સરળ નથી. મૂલ્યોનું નિર્માણ કરવા જે સંસ્થા વિદ્યાર્થીઓનું ઘડતર કરવામાં સફળ નીવડે છે, તે સંસ્થાનો ખજાનો વધુ ચડિયાતો અને કીમતી છે. જાહેર

સંસ્થાની આ ખરી સંપત્તિ કે ધન ગણાય છે.

સરકારને જાહેર ટ્રસ્ટો કે સંસ્થાઓ પર નિયંત્રણ મૂકવા કાયદાઓ ઘડવા પડે, તે ચિંતન માગી લે તેવી બાબત છે. કારણ કે જાહેર સંસ્થા પોતે કોઇ ચોક્કસ હેતુ માટેની વ્યવસ્થા છે. સરકારની જેમ તે દેશના નાગરિકોના કલ્યાણ માટે કાર્ય કરતું તંત્ર છે, તેથી જાહેર સંસ્થાઓએ પીડિતોના ઉત્થાન અર્થે કાર્ય કરવાનું હોય છે. વળી, આવી જવાબદારી સંસ્થાઓએ સ્વયમ્ સ્વીકારી હોવાથી નૈતિક મૂલ્યોનું જતન કરવું જોઇએ. ઘણી સંસ્થાઓમાં સત્તા હાંસલ કરવા કાર્યકરોમાં વિગ્રહ થતો હોય છે. ન્યાયાલય સુધી કોઇવાર મામલો પહોંચી જતો હોય છે. ખરેખર, આ ધન કમાવાનું એકમ નથી, બીજા શબ્દોમાં કહુ તો સત્તાનો સંગ્રામ પણ નથી, સેવાનું ધામ છે. અહીં પીડિતોનાં આંસુ લૂછવાની હોડ લાગવી જોઇએ. હરીફાઇ અન્ય સાથે નહીં ખુદ સાથે થવી જોઇએ. કેટલીક સંસ્થાઓમાં સેકંડ હરોળના અભાવે મહાકાય ભવનો અને સાધનો ધૂળ ખાય છે. કેટલીક સંસ્થાઓ નામશેષ થઇ રહી છે, ખરેખર કોઇ પણ દેશની ખરી ઓળખ જાહેર સંસ્થાઓ હોય છે. તેથી સરકારે જાહેર સંસ્થાઓને જીવંત રાખવા પ્રોત્સાહન પૂરું પાડવું જોઇએ. દેશના વિકાસમાં જાહેર સંસ્થાની ઘણી મોટી ભૂમિકા રહેલી છે. આ વાત દેશના દરેક નાગરિકોએ યાદ રાખવી પડશે. જે કામ સરકાર કરી શકતી નથી, તે કામ જાહેર સંસ્થાઓ કરી બતાવતી હોય છે. અંગત સ્વાર્થ માટે ખોલવામાં આવતી સંસ્થાઓને ઓળખી લઇ ઘઉંમાંથી કાંકરાની જેમ અલગ પાડી દૂર કરવી પડશે. જરૂર પડ્યે કાનૂની સુધારો દાખલ કરી પગલાં ભરવા પડશે. સરકાર સાબદી બની જાહેર સંસ્થાઓના વિકાસ માટે કાર્ય કરશે તો પ્રજાકલ્યાણનાં હિતને વરેલા આપણા દેશને જરૂર લાભ થશે. સરકારે આ માટે પોતાની ઉદાર નીતિ અમલમાં મૂકવી પડશે. ધંધાદારી બનેલી જાહેર સંસ્થાઓ પર નિયંત્રણ પણ મૂકવું પડશે. કાર્યકરોની નવી ટીમ ઊભી થતી રહે તેવા શૈક્ષણિક અભ્યાસક્રમો પણ ઘડવા પડશે. રાષ્ટ્રીય સેવા યુનિટના વિકાસ માટે ખાસ નીતિ તૈયાર કરવી પડશે.

જાહેર સંસ્થાઓ પૈકી આપણે શૈક્ષણિક સંસ્થાઓના પરિપ્રેક્ષ્યમાં વિશેષ પ્રકાશ પાડવા નમ્ર પ્રયાસ કર્યો છે. ધાર્મિક અને સામાજિક સંસ્થાઓના તમામ વર્ગના લોકોએ આગળ જણાવ્યા મુજબ પોતાનો રોલ નિભાવવો પડશે. ધાર્મિક સંસ્થાઓએ

પણ લોકોની આસ્થા-યાચના, ભાવથી મળેલી ધન-સંપત્તિનો ઉપયોગ જે તે ધાર્મિક સ્થળના વિકાસમાં કરતા રહેવું જોઇએ. આવી રકમ દર્દીઓના કલ્યાણ પાછળ પણ ફાળવી શકાય. શાળા-કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સગવડ કે શિક્ષણ માટે અનામત રાખી તેના નિભાવનો પ્રબંધ ગોઠવી શકાય. મેડિકલક્ષેત્રમાં ઘણી મોટી રકમની જરૂર પડતી હોય છે. ધાર્મિક સંસ્થાઓ પોતાનું ભંડોળ વધારવાના બદલે સામાજિક, આરોગ્ય અને શૈક્ષણિક હેતુઓ માટે મૂડીનો ખર્ચ કરી શકે છે. પોતાની મૂડી સંસ્થા, મેડિકલ અને શૈક્ષણિક ઉદ્દેશોને પહોંચી વળવા-ખર્ચ કરવા તત્પર રહે છે, તે સંસ્થા લોકોના દિલમાં રાજ કરે છે. હું આવી સંસ્થાઓને સરકારી તંત્રથી પણ ઉપર સમજું છું. જાહેર સંસ્થા શૈક્ષણિક, ધાર્મિક, સામાજિક અને આરોગ્યનાં કાર્યો કરવાં અસ્તિત્વમાં આવતી હોય છે. તેથી કોઇપણ જાહેર સંસ્થાના ભંડોળની રકમ પ્રજા કલ્યાણ માટે વાપરવામાં આવે તેવી પ્રણાલી સંચાલકોએ દાખલ કરવી જોઇએ.

જોકે રાજકીય સંસ્થાઓ પણ જાહેર સંસ્થાનો જ એક હિસ્સો ગણાય છે. પરંતુ તેની પાસે કોઇ મૂલ્યોની અપેક્ષા રાખી શકાય તેમ નથી. તેથી તેના પર ચર્ચા કરવાનું ટાળ્યું છે. મને તેમ કરવાનું ઉચિત લાગે છે, કારણ કે રાજકીય સંસ્થાઓનો હેતુ સત્તા પ્રાપ્ત કરવાનો હોય છે. તેથી મૂલ્યોની જાળવણી કરવાની રાજકીય સંસ્થાઓની રુચિ હોતી નથી. સામ, દામ, દંડ, ભેદ તેમનો ગોલ હોય છે. ''વર મરો, કન્યા મરો, મારું તરભાણું ભરો'' ઉકિત રાજકીય સંસ્થાઓનું સૂત્ર હોય છે. સત્તા મેળવવા લક્ષ્ય પ્રાપ્ત કરવા મૂલ્યોનું ગળું ટૂંપતા રાજકીયપક્ષો ખચકાતા નથી. તેથી હું રાજકીય સંસ્થા લોકશાહી વ્યવસ્થાને વરેલું સંગઠન હોવા છતાં તેને જાહેર સંસ્થા તરીકે ઓળખાવવા ઇચ્છતો નથી. ટૂંકમાં, જાહેર સંસ્થાઓએ તેના લાભાર્થીના કલ્યાણ માટે તેના બંધારણીય હેતુ મુજબ કાર્ય કરતા રહેવું જોઇએ. કારણ...

**જાહેર સંસ્થા એટલે :**

લોકોની અપેક્ષાનું પોટલું.

**જાહેર સંસ્થા એટલે :**

હિસાબ-કિતાબનો દસ્તાવેજ.

**જાહેર સંસ્થા એટલે :**

પીડિતોની સેવાનું ધામ.

**જાહેર સંસ્થા એટલે :**

કર્મનિષ્ઠાની પાઠશાળા.

**જાહેર સંસ્થા એટલે :**

વાતચીત, સંવાદ, માન-સન્માન અને માનવ શક્તિની પરખ.

**જાહેર સંસ્થા એટલે :**

માનવ કલ્યાણનું જીવતું જાગતું મંદિર.

જાહેર સંસ્થા કોઇની જાગીર નથી, કોઇની પેઢી પણ નથી.

દરેક જાહેર સંસ્થાનો 'બહુજન સુખાય, બહુજન હિતાય'નો મંત્ર ગૂંજતો રહેવો જોઇએ. ગગનભેદી મંત્રનો નાદ ઘણી જાહેર સંસ્થાઓ ગુંજતો રાખી રાષ્ટ્રની અમૂલ્ય સેવા કરી રહી છે. તે દરેક સંસ્થાઓને મારા શત-શત વંદન...

# ૩૦. વિચાર પ્રદેશની વાંસળીના સૂર

સંગીતની સૂરાવલી આપણને પુલિકત કરી દે છે. ગાયન, વાદન અને નૃત્ય પૈકી વાદન સંગીતનો અતિ અગત્યનો પ્રકાર પુરવાર થયો છે, કારણ કે ગાયન અને નૃત્ય કલાની રજૂઆતમાં વાદનનું અનેરું પ્રદાન  જોવા મળે છે. જેમાં સૂર અને તાલવાદ્યોનો સમાવેશ થાય છે. સૂર વાદ્યોનું ઘણું મોટું લિસ્ટ બની શકે તેમ છે. પણ આપણે તો તેમાંથી વાંસળીના કામણ વિશે જાણકારી મેળવવા પ્રયત્ન કરવો છે. વાંસળી ભગવાન કૃષ્ણનો આત્મા હતો.

ગોપીઓ ભાન ભૂલી વાંસળીનો સૂર સાંભળી ઘેલી બની જતી હતી. વાંસળીનો છેડાયેલો નાદ એવો તો કર્ણપ્રિય બની જતો હતો કે યમુના નદી પણ માર્ગ આપી દેતી હતી. એવી આપણને અનેક દંતકથા સાંભળવા અને જાણવા મળે છે. શ્રીકૃષ્ણ ભગવાનની મોરલીનો નાદ સાંભળી વૃંદાવનનાં વૃક્ષો પણ ડોલી ઊઠતાં હતાં. ભાન ભૂલેલી ગોપીઓને પોતાની ડાળીઓના વળાંકથી આ વૃક્ષો માર્ગ ચીંધતાં હતાં. વાંસળીનો નાદ કાને પડતાં જ ગોપીઓ અડધી રાતે પણ ઘર છોડી નીકળી પડતી હતી. સંગીતના સૂરોને લાડ લડાવી શકે તેવું સમર્પણ વાંસળીનું જોવા મળે છે. વાંસળીનું સ્વરૂપ ધારણ કરવા તે પોતાની જાત અર્પણ કરી ઘા સહન કરી લે છે, શરીરે વીંધાવાનું પસંદ કરે છે. જે દુઃખ સહન કરી શકે છે, તેને આવું સન્માન ભગવાન આપ્યા વિના રહી શકતા નથી.

જેમ સંગીતની વાંસળીના સૂર આપણને આહ્‌લાદક પળોમાં વિહાર કરાવે છે. તેમ વિચારોની વાંસળીના સૂર પણ આપણને જીવનરૂપી આનંદ પ્રદેશમાં લઇ જાય છે. આ પ્રદેશ એટલે સોહમ-સોહમના છેડાતા સૂરોનો પ્રદેશ. અહીં માત્ર આનંદ જ પ્રાપ્ત થાય છે. ચિંતા, ભય બધું જ ખોવાઇ જાય છે. વિચારોની વાંસળીના સૂર તમને જેમ-જેમ સાંભળવાની ટેવ પડવા લાગે છે, તેમ-તેમ વિશાળ માનવ સમુદાય વચ્ચે પણ તમે ઈશ્વરની લીલાના સૂરોનું સંગીત સાંભળવાનો લહાવો ઉઠાવવાનું ચૂકતા નથી. ભૌતિક જગતના ઘોંઘાટ વચ્ચે પણ જયારે તમે ઇશ્વરનું સંગીત સાંભળવાનો આનંદ લેવાની કેળવણી પામી લો છો, ત્યારે ભીતરનું કમાડ ખૂલી જાય છે. જેમ ગંધાતા કીચડ

વચ્ચે કમળ પોતાની સુંદરતા મેળવી લે છે તેમ, તમે પણ અનેક અંતરાયો હોવા છતાં ભીતરના ભેરુની મિત્રતા કેળવી વિચારોની વાંસળીના છેડાતા સૂરોનું સંગીત માણી શકો છો.

મારા જીવનમાં આવતા અંતરાયો મને મારા વિચારોની વાંસળીના છેડાતા સૂરોના મધુર સંગીતથી અલાયદો કરી શક્યા નથી. હું હંમેશા વિચારોની છેડાતી વાંસળીનો ચાહક બની રહેવા ઇચ્છું છું. પોપ મ્યુઝિકનો લાભ વિચારોની વાંસળી હમણા પરિવર્તનના પગલે વધુ આપવા લાગી છે. આ મ્યુઝિક મને થોડું અપ્રિય જરૂર છે. તેમ છતાં હું તેને સાંભળવાનું કદી ટાળતો નથી. કારણ કે વિચારોની વાંસળી પર તે છેડાયા વિના રહી શકે નહીં. લાગણીનો દુકાળ પડવા લાગ્યો છે. પારકી પીડા આજ-કાલ તમાશો બનવા લાગી છે. મિત્રો, આ વિચારોની વાંસળીનું પોપ મ્યુઝિક છે. સેલ્ફી અને સોશિયલ મીડિયાએ આપણી માનવતાનો દાટવાળી દીધો છે. એટલું જ નહીં નજીકના સભ્યોથી દૂર કરી દીધા છે. ફેસબુક પર રોજ લાઇક આપતો મિત્ર અણીના સમયે દેખાતો નથી. સગપણ એક મ્યુઝિયમમાં ફેરવાયું છે. શહીદો અને મહાપુરુષોના મ્યુઝિયમો ઊભા કરવાનો રિવાજ લોકો અથવા સરકારના કોઠે પડી ગયા છે. તેના વિચારોની વાંસળીનો નાદ કોઇનો કાન સાંભળવા ખુલ્લો હોય તેવું લાગતું નથી. દેખાદેખીથી માનવ મહેરામણ ઊમટી જરૂર પડે છે, પણ વિચારોની વાંસળી ક્યાંય વાગતી નથી.

મારા નજીકના સગાના પીડાના સમાચાર તારીખ ૧૬/૧૦/૨૦૧૯ ને બુધવારના રોજ મારી ઑફિસમાં થોડીવાર પહેલા જ મને મળ્યા હતા. હું મારી વિચારોની વાંસળીના સૂરોમાં અટવાઇ ઇશ્વરની પ્રાર્થનામાં જોડાયો હતો. સંવાદ બરાબર ચાલતો હતો. અચાનક અમારા બે કાર્યકર શ્રી પંકજભાઇ નટુભાઇ ત્રિવેદી અને કનુભાઇ એમ. પટેલ મારી ઑફિસમાં આવી બોલ્યા, 'આપણી ગાડીને અકસ્માત નડયો છે, અમે કુશળ છીએ. થોડી ઇજા પંકજભાઇ અને મને પણ થઇ છે, અમે જેલ રોડ ડૉ.તુષારભાઇની હૉસ્પિટલે પહોંચીએ છીએ.' અકસ્માત કરનાર સામાવાળાનો એક માણસ આવીને અમારા ડ્રાઇવરને ધમકાવવા લાગ્યો. તે પોતે જાણે દૂધે ધોયેલો હોય તે રીતે વર્તી રહ્યો હતો. થોડો તોડ કરવાની મહેચ્છાથી તે માથાકૂટ

કરી રહ્યો હતો. તેની વાત કરવાની શૈલી જોતા તે દાદાગીરી કરતા લોકોના ગ્રૂપનો સભ્ય લાગતો હતો. આવા સમયે મારું ત્રીજું નેત્ર ખૂલ્યાં વિના શાંત રહી શકે નહીં. મેં તેને કહ્યુંઃ જે રીતે અકસ્માત થયો, તેમાં વાંક તમારો દેખાય છે. સાંભળી પેલો માણસ ધુંવાંપુવાં થતો બોલ્યો : 'તમે આ અંગે મારા ભાઇ સાથે ચર્ચા કરી લેજો.' મેં કહ્યું 'તેના બાપ સાથે પણ હું ચર્ચા કરવા તૈયાર છું.' સાંભળી પેલાનો મિજાજ ગયો. તે થોડીવારમાં દસ-બાર માણસોનું ટોળું લઇ આવી પહોંચે, તે પહેલા મેં થોડા ઉપયોગી થઇ શકે તેવા માણસોને મારી ઑફિસે આવી જવા બોલાવવા ફોન જોડયો. જેમાં એકાદ પોલીસમિત્ર પણ હતા. કમનસીબે કોઇનો ફોન ઊપડયો નહીં. જેમણે ફોન ઉઠાવ્યો હતો, તેઓ બહારગામ હતા. મારું કામ પતે તે પહેલાં મારી શંકા મુજબ દસ-બાર માણસોનું ટોળું મારી ઑફિસમાં ઘૂસી ગયું. સંવાદ કહેવો કે વિસંવાદ તે મારી બુદ્ધિ નક્કી કરી શકતી નથી. અજ્ઞાની અને અભણ લોકો ગાંજયા જાય તેવા હોતા નથી. જ્ઞાની સાથે ચર્ચા કરવાનું ખૂબ સરળ છે. અજ્ઞાની સાથે કામ પાડવું લોઢાના ચણા ચાવવા જેવું અઘરું હોય છે. મારો ઉછેર ગામડાગામમાં થયો હોવાથી મને આ અનુભવ જાણે-અજાણે મળ્યો છે. અમને બિવડાવાના પેંતરા સાથે આવેલા આ લોકો લડી લે તેવા લાગતા હતા. મને આવા લોકોની સાન ઠેકાણે લાવતા આવડે છે. મારા આ કાર્યમાં કીર્તિભાઇ ઈટાળિયા, જયસુખગિરિ ગૌસ્વામી તેમજ ઘનશ્યામભાઇ બારૈયા સહાયભૂત થયા હતા. મામલો સમાધાન પર જઇ પહોંચ્યો. શાળાની ગાડીનો ફૂલ વીમો હોવાથી શાળાને કોઇ આર્થિક નુકસાન થયું નહીં. બધું હેમખેમ પતી ગયા પછી જે મિત્રોના ફોન ઉપડયા ન હતા, તે દરેક મિત્રોના એક પછી એકના ફોન પણ આવ્યા. મેં મારા મિત્રોને કહ્યું : 'જણનારીમાં જોર હોય તો સુયાણી ન હોય તો પણ બાળક જન્મ લઇ શકે છે. તમારી ખૂબ જરૂર હતી, પણ શું થાય? ફોન નો રિપ્લાય આવતો હતો.'

મારા વિચારોની વાંસળીના સૂરોનું સંગીત સ્પષ્ટ નાદ આપી કહે છે. ''તું ફિકર કયું કરે પ્રાણી તેરા ભંડાર ભરેગા રામ''. શબ્દનાદ ઘણું કહી જાય છે. આપણે ફિકર કારણ વિનાની કરવા લાગીએ છીએ. અકસ્માતમાં ગાડીને થયેલું નુકસાન જોતા તે જીવલેણ હશે તેમ લાગે પણ ભગવાને આબાદ બચાવી લઇ. જાણે-અજાણે મારી નિરંતર ચાલતી પ્રાર્થના ઇશ્વર સાંભળતો રહ્યો હશે તેમ મને લાગે છે. ઈશ્વર ખૂબ દયાળુ

છે. થોડા સમય પહેલા અમારા પાયાના મોભી કાર્યકર શ્રી કીર્તિભાઇ શાહની અચાનક આવી પડેલી બીમારીમાંથી આબાદ બચાવ કર્યો હતો. આને હું સંસ્થાનું નસીબ ગણું છું. બાકી તો જાણીતા કવિ પ્રદીપજી કહે છે. 'કોઇ લાખ કરે ચતુરાઇ કરમ કા લેખ મીટે ના રે ભાઇ.' મને આ બધી પંક્તિઓનો સૂર સંભળાતો રહે છે. ઇશ્વરના સંગીતમાં કેટલી તાકાત છે ? એક વેણુનો નાદ મૃત્યુ પામેલા મૃગને બેઠો કરી શકે છે.

એક બ્રાહ્મણ હતો. તે તેની પત્ની બ્રાહ્મણીને ખૂબ ચાહતો હતો. બ્રાહ્મણી જેમ કહે તેમ તે પ્રેમ ખાતર કરવા તૈયાર થઇ જતો હતો. બ્રાહ્મણીએ તેની પરીક્ષા કરવા બાણવિદ્યા શીખી લાવવા કહ્યું. બ્રાહ્મણ બાણ વિદ્યામાં પારંગત થઇ ગયો. એક દિવસ બ્રાહ્મણીએ તેની પરીક્ષા કરવા મૃગનો શિકાર કરી તેને ઉપાડી પોતાની પાસે લઇ આવવા હઠ પકડી. બ્રાહ્મણ કહે આપણાથી શિકાર કરાય નહીં, આપણે તો હોમહવન કરવાના હોય. બ્રાહ્મણી પોતાની હઠ છોડવા તૈયાર થતી નથી. આખરે બ્રાહ્મણ શિકાર કરવા નીકળી પડે છે. દૂર જંગલમાં શિકાર કરવા જાય છે પણ મૃગલાં ઝપટમાં આવતાં નથી. આખરે બ્રાહ્મણ થોડો લોથપોથ થઇ જાય છે. રાજા ભોજ પોતાની આદત મુજબ વેશપલટો કરી શિકાર કરવા નીકળે છે. તે બ્રાહ્મણને થાકેલો જોઇ તેની પાસે આવી પહોંચે છે. અને પૂછે છે : 'બ્રહ્મદેવ હું આપની શી સેવા કરી શકું ?' બ્રાહ્મણ હાથ જોડી બોલ્યો : 'હે મહાશય, મારી પત્ની હઠ લઇ બેઠી છે. મારે મૃગનો શિકાર કરી તેની પાસે લઇ જવાનો છે. હું તેમ નહિ કરી શકુ તો તે નારાજ થઇ મને ધિક્કારી શાપ આપશે'. સાંભળી રાજા ભોજ બોલ્યાઃ 'હે બ્રહ્મદેવ, હું વેણુ છેડું છું. સાંભળી મૃગલાના ટોળા આવશે. તમે તેના પર બાણ ચલાવી શિકાર કરી લેજો. તેમ કરી તમે તમારી પત્નીને રીઝવી શકો છો.' રાજાએ વેણુ છેડી. મૃગલાના ટોળાં આવ્યાં. બ્રાહ્મણે બાણ ઉપાડયું પણ તીર ખાલી ગયું. મૃગલાઓ ભાગી ગયા. આ રીતે બે ત્રણ વખત થયું છતાં બ્રાહ્મણ નિશાન મુજબ તીર ચલાવી શકયો નહિ. આખરે રાજાને સમજ પડી ગઇ કે, બ્રાહ્મણ નિશાન ચૂકી જાય છે. વેણુ છેડતા પહેલાં રાજા ભોજે પણ પોતાનું બાણ તૈયાર કરી લીધું. વેણું વાગતાં જ મૃગલાનાં ટોળાં આવી પહોંચ્યાં. બ્રાહ્મણની સાથે રાજા ભોજે પણ પોતાનું તીર ચલાવ્યું. એક મૃગ ઘવાયો છે. થોડીવારમાં તે મૃત્યુ પામ્યો. બ્રાહ્મણ રાજી થઇ દોડયો. તેને એમ હતું કે પોતાના તીરથી મૃગ મૃત્યુ પામ્યો છે. તે

મૃગલાને ઉપાડી બ્રાહ્મણી પાસે લાવે છે. બ્રાહ્મણને શિકાર કરી આવેલો જોઇ બ્રાહ્મણી બોલી ઊઠે છે : 'આ શિકાર તમારા હાથે ઘવાયો નથી. હું તેને અંજલિ છાંટી કહુ છું. તને જો રાજા ભોજનું તીર વાગ્યું હોય તો ઊઠીને જતો રહેજે, પણ મારા પતિનું તીર તને વાગ્યું હોય તો તું સૂતો રહેશે.' બ્રાહ્મણીનો શબ્દ સાંભળતા જ મૃગલો કૂદીને જતો રહ્યો.

બીજા દિવસે રાજા ભોજે મોટી સભા ભરી. સભામાં આવેલા લોકોને અને પંડિતોને ઉદ્દેશી રાજા ભોજે કહ્યું: ''બોલો તમારી દષ્ટિએ બ્રહ્મ ભલો કે રા'' બધા વિચારમાં પડી ગયા. એક પંડિતે એક દિવસની મહેતલ માગી જવાબ આવતીકાલે આપવા રાજાની સંમતિ મેળવી. બીજા દિવસે પણ આગલા દિવસની જેમ સભામાં આવેલા લોકો અને પંડિતોને રાજાએ પૂછ્યું : 'બોલો બ્રહ્મ ભલો કે રા' ગઇ કાલે મહેતલ માગી હતી તે પંડિત નમસ્કાર કરી બોલી ઊઠયા : 'હે રાજન બ્રહ્મ પણ ભલો નથી અને રા' પણ ભલો નથી. ભલી તો છે પેલી બ્રાહ્મણી, જેમણે અડધી રાતે ઓળખ્યો ઘા' સાંભળી રાજા ભોજ ખુશ થઇ ગયા. તેમણે પંડિતને મોટું ઇનામ આપી વિદાય આપી. રાજા ભોજને એમ હતુ કે હું મહાન કે પેલો બ્રાહ્મણ મહાન. આ વાતનો ઉકેલ મેળવવા તેમણે સભા બોલાવી પૂછ્યું 'બ્રહ્મ ભલો કે રા' જવાબ બુદ્ધિશાળી પંડિતે આપ્યો. એટલે પ્રકરણ પૂરું જરૂર થઇ જાય છે. પણ મારા વિચાર પ્રદેશની વાંસળીના સૂર છેડાતા જ રહેવાના કારણ કે મને ઘણી વેળાએ મારું પરાક્રમ દેખાતું હોવાનો ઊભરો આવે પણ મને રાજા ભોજ જેવો કોઇનો છૂપો ટેકો હોય છે. તે વાતનો અનુભવ ડગલે ને પગલે થતો રહે છે. તેથી મારી જાતને જશનો બોજો નહિ ઉઠાવવા હું સમજાવતો રહુ છું. આપણે પેલા બ્રાહ્મણની જેમ આપણી જાતને ફૂલીને ફાળકો થતાં રોકી શકતા નથી, માટે આપણે વિચારપ્રદેશની સુરીલી વાંસળીના સૂરોની સૂરાવલી માણી શકતા નથી.

# ૩૧. મૃત્યુ મહોત્સવ

જન્મ અને મૃત્યુ એક મહોત્સવ છે, એક પ્રસંગ પણ છે. બંનેના આગમનથી જીવાત્માની યાત્રાનો પ્રારંભ થાય છે. જન્મ સમયે આપણે ખુશી વ્યકત કરતા હોઇએ છીએ, પણ મૃત્યુ આપણને ભયાનક લાગે છે. તે દરેક પ્રાણી માટે દુઃખદાયી પણ છે. તેથી આપણે હંમેશાં મૃત્યુથી ડરતાં હોઇએ છીએ. કેટલાક લોકો મૃત્યુને પ્રેમથી વહાલું કરતાં હોય છે. કંટાળી આપઘાત કરી લેતા હોય છે. આમ તો મૃત્યુ આપણા માટે જટિલ સમસ્યા બની જાય છે. હકીકતમાં મૃત્યુ આપણું નવું મુકામ બનીને આવે છે. એવી જ રીતે જન્મ પણ આપણને નવા મુકામ તરફ દોરી જાય છે. જોકે આપણે બંને ઘટનાઓનો આનંદ જાતે માણવા સક્ષમ કે સબળ હોતા નથી. એટલે કે આપણે પોતે આ અનેરા ઉત્સવની મોજ ઉઠાવી શકતા નથી. આપણે બંને ઘટના સમયે સભાન હોતા નથી. જન્મ સમયે આપણે રડતા હોઇએ છીએ. પણ સગાં-વહાલાં આપણા આગમનથી ખુશ થઈ આનંદની છોળો ઉડાવતા હોય છે. જયારે મૃત્યુ સમયે સગાં-વહાલાં રડતાં હોય છે. આપણે ઈશ્વર સાથેના સંવાદનો આનંદ ઉઠાવાનો લહાવો લેતા હોઇએ છીએ. હું આને એક સિક્કાની બે-બાજુઓ સમજું છું. જયાં સુધી કોઇ પણ સિક્કાને બંને બાજુઓ પ્રાપ્ત થતી નથી, ત્યાં સુધી કોઇ પણ સિક્કો ચલણમાં આવી શકતો નથી. જીવાત્માએ પણ જન્મ અને મૃત્યુરૂપી ઘટતી ઘટનાઓને એક ચલણી સિક્કાની માફક સ્વીકારી લઇ લખચોરાસી યોનિની યાત્રા કરવી રહી. મને મૃત્યુનો કદી ડર લાગતો નથી. હું જન્મ કે મૃત્યુને એક સહજ ઘટના તરીકે લેવા આપ સૌને અનુરોધ કરુ છું. વિવિધ યાત્રા પ્રવાસે નીકળેલો યાત્રાળુ એક પછી એક બસ અથવા ટ્રેન કે હવાઇ જહાજ બદલતો રહે છે. તેમ આપણે પણ જુદી-જુદી યોનિમાં અવતાર ધારણ કરતા રહીએ છીએ. આપણી આ યાત્રામાં ઘણીવાર અમુક પરિવહનમાં થયેલી યાત્રા જીવન-પર્યંત યાદ રહી જાય છે. તેમ જીવાત્માની કેટલીક યોનિમાં થયેલી અવતારી યાત્રા યાદગાર બની જતી હોય છે. અર્થાત્ આત્મકલ્યાણનું પુણ્ય કમાઇ લઇ, આત્મ શુદ્ધિનું લક્ષ્ય પણ હાંસલ થઇ શકતું હોય છ. આવું પુણ્ય કોઇવાર આત્માને પરમેશ્વરનો અંશ બનાવી દે છે. આપણે આ બધી બાબતોથી અળગા રહી જીવનની

નાવ ચલાવતા રહીએ છીએ. લક્ષ્ય ભટકેલી આપણી નાવ કિનારા સુધી પહોંચી શકતી નથી. સંસાર-સાગરમાં સૃષ્ટિના પ્રલય સુધી આપણી મંજિલથી ભૂલી પડેલી નાવ ભટકતી રહે છે. માટે કહેવાનું મન થાય :

**'જીવનના રહસ્યોનો ઉકેલ કોઇ ધર્મગ્રંથોમાં નથી જોવા મળતો,**
**આત્મ કલ્યાણનો માર્ગ કોઇ મંદિર કે મસ્જિદમાં શિશ ઝુકાવી નથી જડતો'**

આત્માને ઓળખી લેવા ભીતરના ભેરુનો સંગ કરવો પડે છે. તેને શોધવા બાહ્ય આડંબર ત્યજવો પડે છે. એકાંતના આંગણે પ્રતીક્ષા કરવાથી ભીતરનો ભેરુ મળી જાય છે. મારો ઉત્તરાર્ધ શરૂ થઇ ગયો છે. હું મારા ભીતરના ભેરુની શોધમાં મારા એકાંતના આંગણે ડેરો જમાવી બેસી જાઉં છું. તેનો મીઠો ટહુકો કોયલના ટહુકા કરતા પણ વધુ આનંદ આપે છે. તેનો થોડો સંવાદ પણ કૉલેજના શિક્ષણથી ભવ્ય લાગે છે. ભીતરના જ્ઞાન જેવો પ્રકાશ કોઇપણ યુનિવર્સિટી આપી શકે નહિ. મને બંધ આંખે તેનો ઉજાસ દષ્ટિપાત થાય છે. નિરંતર સૂર્યની માફક પ્રકાશતો ભીતરના જ્ઞાનનો ઉજાસ મને દિશા દર્શન કરાવે છે. અજ્ઞાનથી સબડતા ઘોર અંધકાર વચ્ચે સંસાર-સાગરમાં મારી નાવ અંતર કાપી રહી છે. મૃત્યુનો મુકામ કઇ વેળાએ આવી પહોંચશે તેની મને ખબર ન હોવા છતાં ઉર આનંદથી છલોછલ ઉભરાય છે. જેમ એક યાત્રાળુ વધુ ને વધુ સ્થળ જોવાનો ભૂખ્યો હોય છે, તેમ હું પણ મારા અવનવા સેવાક્ષેત્રોમાં કદમ ઉપાડવાનું ચૂકવા માગતો નથી. જોકે મારી ઇચ્છા મુજબ મારા કદમ ઉપડતા નથી. થાકેલાં ચરણો શી રીતે ગતિ પકડી શકે? પ્રવાસનો છેલ્લો સમય હોય ત્યારે પ્રવાસી થાકે જરૂર છે પણ થાકીને પરત ફરવા યાત્રા ટૂંકાવતો નથી. તેમ હું પણ મારા ઉત્તરાર્ધમાં સેવાક્ષેત્રમાં ઉતાવળ કરવા માગતો નથી. માણસને ઇશ્વરની કૃપા વિના સફળતા મળતી નથી, તેની મને ખબર છે, એટલે હું માત્ર મારો યત્ન કરતો રહુ છું. સફળતા ઇશ્વરની ઇચ્છા હશે તો અવશ્ય મળશે. તે મંત્ર મારું ચાલકબળ પુરવાર થયું છે.

મૃત્યુ શું છે? પ્રશ્ન બધાનો માથાનો દુઃખાવો સાબિત થયો છે. તેને ટાળવા માણસ અધીરો બન્યો છે. રોજ અવનવા સંશોધન કરી અવનવી ઔષધિ શોધી કાઢતો માણસ દુઃખી શા માટે થઇ રહ્યો છે ? એક તરફ ઔષધિની ખોજ કરતો માણસ ઊભો છે. તો બીજી તરફ ખાદ્ય પદાર્થોમાં ઝેરી દ્રવ્યોની ભેળસેળ કરતો માણસ અડીખમ

બનીને ઊભો છે. ખબર નથી પડતી મૃત્યુને શી રીતે ખાળી શકાશે.

એક મકાન ખાલી કરવાનું કામ ચાલતું હતું. એટલામાં કોઇ એક મજૂરનો અવાજ આવ્યો. આ કબાટ ખૂબ વજનદાર લાગે છે. થોડા વધુ માણસોને બોલાવવા પડશે. શેઠના કાને તે વાત પડતા જ શેઠે થોડા વધુ મજૂરો બોલાવ્યા. મજૂરો આવી પહોંચ્યા. આવનાર મજૂરોને કબાટ બહાર કાઢવાનો છે કે અંદર લઇ જવાનો છે, તે કહેવામાં આવ્યું ન હતું. તેથી આવનાર મજૂરો કબાટને અંદર ધક્કો મારી કબાટને અંદર લઇ જવા પ્રયત્ન કરતા હતા. જયારે અગાઉ કામ કરતા હતા તે મજૂરો કબાટને બહાર કાઢવા મથતા હતા. બંને વચ્ચે સંકલન ન હતું. કબાટ શી રીતે બહાર નીકળી શકે? એક માણસ મૃત્યુને ટાળવા મથે છે. બીજો મૃત્યુને બોલાવતો હોય તેમ ખાદ્ય પદાર્થોમાં ઝેરી પદાર્થોની આડેધડ ભેળસેળ કરતો રહે છે. વધુ ધન કમાવાની હોડ વચ્ચે જીવતો માણસ પાયમાલ થઇ રહ્યો છે. નૈતિક મૂલ્યોનો કચ્ચરઘાણ વાળી રહ્યો છે. ભ્રષ્ટ માણસ ભ્રષ્ટાચાર મિટાવવા નીકળ્યો છે. સાધુ-સંતો ધનદોલતના ઢગલા પર બેસી ત્યાગના ભાષણની મધૂરી મોરલીના સૂર છેડી ધનિકોનું ધન ઝુંટવી રહ્યા છે. મતલબી માયાની જાળમાં સૌ ફસાઇ રહ્યા છે. ત્યારે મૃત્યુના મહોત્સવમાં મહાલવાની કોની તાકાત છે!

એક મોટા શેઠ હતા. તેને એક દીકરો હતો. તે લગભગ અઢાર વર્ષનો થયો હશે. એક દિવસ તે મિત્રો સાથે તળાવમાં નહાવા ગયો હતો. શેઠના દીકરાનો અચાનક પગ લપસી જતા તે ઊંડાં પાણીમાં ગરકાવ થઇ ગયો. તરવૈયાને બોલાવવામાં આવ્યો. મહામહેનતે શેઠના દીકરાનું શબ હાથ લાગ્યું, શેઠ વિલાપ કરવા લાગ્યા. એક મહાપુરુષ આવી પહોંચ્યા. શેઠને દુઃખી જોઇ નગરજનોએ મહાપુરુષને મદદ કરવા વિનંતી કરી. મહાપુરુષ બોલ્યાઃ ''શેઠ તમારા પુત્રસુખની અવધિ પૂર્ણ થઇ છે. તેથી વ્યથિત થવાનું કોઇ કારણ નથી. તમારે તેની પાછળ દાન પુણ્ય કરવાનો આનંદ ઉઠાવવાની તક લેવી જોઇએ. તેમ કરી તમે મૃત્યુનો મલાજો શોભાવી શકો છો. તેનું મહત્ત્વ પણ વધારી શકો છો.'' શેઠ શાંત પડતા નથી. રોકકળ કરી તે માથું પટકવા લાગે છે. નગરજનોની વિનંતીને લઇ, મહાપુરુષ મૃત્યુ પામેલ શેઠના પુત્રને સજીવન કરી આપે છે. સજીવન થયેલો પુત્ર લોકોને હેરાનપરેશાન કરવા લાગે છે. શેઠને પણ રોજ ઢોરમાર મારી

અધમૂવા કરી દુ:ખી દુ:ખી કરી દેતો. હવે બધા કંટાળી મહાપુરુષની શોધમાં નીકળી જાય છે. રણમાં ગુલાબની શોધ જેવું કામ અઘરું હોવા છતાં સૌ મહેનત કરવા લાગી જાય છે. વર્ષોની મહેનતના અંતે પેલા મહાપુરુષ અચાનક મળી જાય છે. થાકેલા નગરજનો અને શેઠ તેને પાય લાગી દીકરાને પુનઃ મૃત્યુ આપવા અરજ કરે છે. મહાપુરુષ વિનંતિને માન આપી. શેઠના પુત્રને પુનઃ મૃત્યુ આપી. વિદાય થવા પગ ઉપાડે છે. શેઠ તેના ચરણોમાં પડી જાય છે. ક્ષમા-યાચના માગી જીવિત થયેલ પુત્રનું એકાએક વલણ કેમ બદલાયું ? પ્રશ્ન મહાપુરુષને સંબોધીને પૂછે છે. બાપજી હસીને બોલી ઊઠે છે. ઋણાનુબંધ પૂર્ણ થયા પછી એક પણ વ્યવહાર ટકી શકતો નથી. સજીવન તમારા પુત્રનો ક્રુરતાનો વ્યવહાર આગામી જન્મનો બદલો હતો. તે પૂર્ણ ન થાય ત્યાં સુધી હું પણ આપને મદદ કરી શકુ તેમ ન હતો. એટલે હું આપને મળવા ઈચ્છતો ન હતો. ઈશ્વરની લીલાને તોડવાનો કોઇનો અધિકાર નથી. એટલે મીરાંબાઇ ગાય છે.

**'રામ રાખે તેમ રહીએ, ઓધવજી રામ રાખે તેમ રહીએ'**

આજ-કાલ ટેકનોલોજીના ઉપકરણો આપણને જેમ રાખે તેમ રહેવા આપણે ટેવાઇ ગયા છીએ. પૃથ્વી પર જાણે આપણો કાયમી કબજો અકબંધ રહેવાનો હોય તેમ આપણે વર્તી રહ્યા છીએ. પૃથ્વીનો કાયમી પરવાનો તાજો કરી લીધો હોય તેમ માણસ ઉધામા કરી રહ્યો છે. માણસ એ પણ જાણતો નથી. દુનિયાનો સર્જનહાર તેની સૃષ્ટિને શોભાવવા કયા જીવને તેની કમાન્ડ સોંપવા માગે છે. પરમકૃપાળુ પરમેશ્વર દયાળુ છે. તેણે મારો અનેક વેળાએ બચાવ કરી જીવનનો પરવાનો તાજો કરી આપ્યો છે. હું મારો પરવાનો તાજો કરવો કે નહિ. તેનો સંપૂર્ણ આધાર કર્મફળને આધીન ઈશ્વરને અબાધિત સમજુ છું. મને મૃત્યુનો મહોત્સવ પણ માણવો ગમે છે. સર્જન અને વિસર્જન ઈશ્વરની લીલા છે. ઈશ્વરની લીલાનો વૈભવ નિરાળો અને અચરજ પમાડે તેવો હોય છે.

યમરાજ પોતાનો હિસાબકિતાબ મેળવી રહ્યા હતા. દિવાળીના પર્વનું પાંચમું પર્વ એટલે ભાઇબીજ આ દિવસે ભાઇને પોતાની બહેનના ઘરે જમવા જવાની પરંપરા આપણે ત્યાં વર્ષોથી ચાલે છે. આ પરંપરા દેવલોકમાં હોવાનો ઉલ્લેખ આપણને

શાસ્ત્રોમાં મળી આવે છે. ઉપર મુજબની વાયકા મુજબ યમરાજનાં બહેન યમના સાથે ભોજન લેવા, યમનાના નિવાસસ્થાને આવી પહોંચે છે. યમરાજ ભોજન લઇ પાછા ફરતા પહેલા બહેનને દક્ષિણા આપવા પોતાનો હાથ લંબાવે છે. બહેન દક્ષિણા સ્વીકારતાં પહેલાં વચન માગે છે. કોઇ પણ ભાઇ પોતાની બહેનના ઘરે ભાઇબીજના દિવસે ભોજન લેવા પધારી બહેનનો આશીર્વાદ પ્રાપ્ત કરશે, તેને મૃત્યુ સમયે યમલોક દ્વારા આપવામાં આવતી પીડા સહન કરવી પડશે નહિ. યમરાજ બહેન યમુનાને તથાસ્તુ કહી વિદાય થાય છે.

વાર્તાનો સાર માત્ર પીડામાંથી મુકિત મેળવવાનો નથી, પણ વ્યકિતના કર્તવ્ય પ્રત્યેની નિષ્ઠા પણ સૂચવે છે. આપણને આ પ્રસંગ દ્વારા બહેનની લાગણી અને માગણી એમ બંનેનું સન્માન થતું જોવા મળે છે. કોઇ પણ ભાઈ તેની બહેનના ઘરે ભોજન લેવા જશે, તો પોતાની બહેનની લાગણીના સરોવરમાં ડૂબકી મારી પીડિતોની પીડાનું દર્શન કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થશે. માનવતાની મહેક માણવા મળશે. જિંદગી સાથે દોસ્તી બાંધતી મારી કવિતાથી મંગળાચરણ કરીશ.

'જિંદગી'

શબ્દ થઇ વહી ગયો ગગનમાં, ફૂલ બની મહેકી ગયો ચમનમાં,
કાશ હવે મળે તું કોઇ બીજા જન્મમાં;
લાખ લુંટાયા હશે સપના,
ઊડી હશે ઊંઘ રાતમાં.
તારી સફર આ બની ગઇ છે,
પવનની લહેરખી,
દોસ્ત જિંદગી આવે ને જાય,
થાય સફર મુલકની.
અંધારાં થાય અજવાળાં થાય, ચાલે ઘટમાળ જીવનની.
એક સમય હતો, એક દિવસ હતો, એક મજાનો મુકામ હતો,
ભલું કરવાનો તરવરાટ હતો.
પાસે બેસી કરતો મીઠી વાત,

સંવાદની સાંકળ રચી ઉરમાં ભરતો હામ.
'ઝગમગ' કહે થઇ ગઇ કહાની હવે નથી રહી જિન્દગાની,
દૂર નીકળી ગયા તમે, અહીં રહ્યા અમે,
લટાર મારી આવજો વળી આદરીશું કામ,
અમે અને તમે.
કાશ, કામણ કરે સમય કોઇ લઇ આવે મોજ મળવાની.

# ૩૨. ભવસાગરની રમત

'જિંદગી નથી જૂતાઓની જોડ કે,
તેને જૂતાઓની જેમ ઘસી નખાય,
જિંદગી તો છે ઉતાર-ચડાવની સોગઠાંબાજી,
મળી બાજી જીતી જવાય.'

સોગઠાં-બાજી ૯૬ કયારાની રમત છે. ૧૬ સોગઠાં અને ૪ રમનારા મળી ભવસાગરની રમતનો એકસ-રે તૈયાર કરે છે. બીજા શબ્દોમાં કહુ તો સંસારનું આબેહૂબ ચિત્ર તૈયાર કરી મને અને તમને કોઈ ને કોઈ સંદેશ આપે છે. લાલ, લીલાં, કાળાં અને પીળાં સોગઠાં જીવનના રંગો છે. આપણે ક્રોધ, ઈર્ષા, મોહમાયા અને લોભના દૂષણ વચ્ચે અટવાઇ પડીએ છીએ. આપણું આખું આયખું કયારે વીતી જાય છે, તેની પણ ખબર રહેતી નથી.

લાલ રંગ : આપણી આ વૈભવી સુખની દોટ વચ્ચે જિંદગી વેરવિખેર થઇ જાય છે. બીજો રંગ લીલો છે. આપણી લીલા રચવામાં આપણું જીવન નદીના પ્રવાહની જેમ સડસડાટ વહી જાય છે. જેમ પોપટ એક વૃક્ષ પરથી બીજા વૃક્ષ પર વિહાર કરતો હોય છે, તેમ આપણે પણ જીવનના તબક્કા વટાવતા રહીએ છીએ. પોપટ અચાનક તેની જાણ વિના શિકારીના સકંજામાં આવી જાય છે, તેમ માણસ પણ બંગલા, મોટર અને ધન કમાવામાં જિંદગી વેડફી નાખે છે. આત્માની ઓળખ કરવાનો મોકો ગુમાવે છે. માણસને તેના માટે સમય મળતો નથી. તે માણસ ઇશ્વર પાસે પોતાના કલ્યાણ માટે સમય માગે છે. પીળો રંગ : શ્રમ અને મહેનતનો માનવામાં આવે છે. જીવનનાં રહસ્યો ખોલી અક્ષમ પ્રદેશની યાત્રા કરાવે છે. સોગઠાંબાજીની રમતમાં પીળા સોગઠાંને ગધેડાની ઉપમા પણ આપી છે. ગધેડું માલિકના ભલા માટે કર્મ કરે છે. આપણે પણ આપણા માલિક ઇશ્વરની સૃષ્ટિના કલ્યાણ માટે નિઃસ્વાર્થ કર્મ કરતાં રહેવું જોઇએ. કોઇને સંપત્તિનું દાન આપવું હોય તો તે સંપત્તિ પીળા પાને લખી આપવાનો અનોખો રિવાજ આપણે ત્યાં ખૂબ જૂનો છે. પીળુંપાનું એટલે સુવર્ણપત્ર. રાજા-મહારાજા પોતાની રૈયતને સુંદર કાર્ય કરવા બદલ પુરસ્કારના ભાગરૂપે ઘણી વેળા બક્ષિસમાં

સોનાનાં પતરા પર જમીન, જાગીર કે રાજનો ભોગવટો લખી આપતા હતા. ચોથો અને છેલ્લો કાળો રંગ છે. જેને સોગઠાબાજીની રમતમાં ભેંસની ઉપમા આપવામાં આવી છે. ભેંસને આપણે ડોબું પણ કહીએ છીએ. ડોબું એટલે અકલનો અભાવ. સોગઠાંબાજીની રમતને ચાર બાબતોની સીમા અને સોળ સોગઠાંમાં વિભાજિત કરવામાં આવી છે. ચાર લાલ, ચાર લીલાં, ચાર પીળાં અને ચાર કાળાં સોગઠાં હોય છે. ચાર યુગની બાજી જીતવા આપણે સોળ કળાનો ઉપયોગ કરવાનો હોય છે. આ સમય દરમિયાન આપણે ચોરાશી લાખ યોનિની યાત્રા કરવાની રહે છે. પ્રત્યેક યાત્રા પૂંજી કમાઇ આપે તેવી સુખદ નીવડતી નથી હોતી. માનવ અવતાર આપણી સ્વર્ગની સીડી બની શકે તેવી યાત્રા છે. આ યાત્રાનો પ્રારંભ પિંડનું બીજ રચાતા જ થાય છે. મુગ્ધ અવસ્થાની આપણી આ યાત્રા લગભગ એળે જાય છે. જોકે અભિમન્યુએ આ અવસ્થામાં પણ કોઠા યુદ્ધની વિદ્યા પ્રાપ્ત કરી લીધી હતી. ભગવાન કૃષ્ણ પોતાની બહેન સુભદ્રાને કોઠા યુદ્ધ વિશે સંભળાવી રહ્યા હતા. મોડી રાત્રીના પડઘમ વાગતા બહેન સુભદ્રા નિંદરમાં સરી પડે છે. હોકારો બંધ થતા ભગવાન કૃષ્ણ બોલે છે : 'સુભદ્રા વાર્તા સાંભળે છો?' ઉત્તર મળતો નથી. ભગવાન કૃષ્ણ સાત કોઠા યુદ્ધની વાર્તા અટકાવી દે છે. થોડીવારમાં અવાજ સંભળાય છે : 'મામા, વાર્તા ચાલુ રાખો હું સાંભળુ છું.' ભગવાન તેનો ખેલ બગડી ન જાય માટે આગળ વાત વધારતા નથી. માટે અભિમન્યુ સાતમા કોઠાનું શિક્ષણ પામી શકતો નથી. અભિમન્યુને સાતમા કોઠાના યુદ્ધમાં પોતાનો પ્રાણ ખોવો પડે છે. આમ, મુગ્ધ અવસ્થાની ઉતાવળ પણ આડખીલી બની શકે છે. બાળપણ પણ નદીમાં તણાતા છીપલાંની જેમ સરકી જાય છે. યુવાની મહત્ત્વાકાંક્ષામાં પુરાઇ જાય છે. વૃદ્ધાવસ્થા રોગોથી ઘેરાઇ જાય છે. પરિણામે આપણે મળેલી બાજી ખોઈ બેસીએ છીએ. આખરે કર્મની લેતી-દેતીના ચક્કરમાં ફસાઇ પડીએ છીએ. સુખ અને દુઃખનાં વમળ વચ્ચે આપણી જીવાત્માની ગાડી પોતાના યાત્રા માર્ગ પર ગબડતી રહે છે.

સોગઠાં-બાજીની રમત વિશે લખતાં પહેલાં તેના વિશે જાણી લેવા મને વિચાર આવ્યો. બાળપણમાં મારા કાકા-દાદાનાં ભાઇ-બહેનો આ રમત લગભગ રોજ રમતાં હતાં. બહેનોનું જાગરણ હોય ત્યારે તો બાજી મંડાયા વિના રહેતી જ નહિ.

ટેલિવિઝન કે મોબાઇલનો એ જમાનો ન હતો. ચલચિત્ર જોવાનો શોખ કેટલાંકની આદત જરૂર જોવા મળતી હતી. છતાં સોગઠાંબાજીનું ઘેલું લાગ્યું હોય તેમ બધાં ખૂણેખાંચરે રમતાં જોવા મળતાં હતાં. મારા મોટા ભાઇ આ રમતના બાદશાહ ગણાતા હતા. બ્હેન રંભાબેન પણ તેની બ્હેનપણીઓ સાથે સોગઠાંબાજી રમવાનો મોકો મળે તો ગુમાવતી નહિ. છ કોડી હથેળીમાં ઊલટસૂલટ થઇ જાય તે રીતે ખખડાવી દાણા લેવાની પ્રણાલી આ રમતમાં હોય છે. ચત્તી અને બઠ્ઠી પડેલી કોડીની સંખ્યાના આધારે રમતવીરે પોતાનું સોગઠું (કૂકરુ) બાજીના છન્નું કયારા પાર ઉતારી પકવવાનું હોય છે. રસ્તામાં આવતા સોગઠાં (કૂકરુ) મારતાં જવાનાં હોય છે. રમતની બાજીમાં કોઇ પોતાની સોગઠી નિશાને ન ચડાવી દે તેની કાળજી રાખવી પડે છે. સોગઠીને સલામત રાખવા ફૂલમાં પહોંચી જવું ડાહપણભર્યું ગણાય છે. ફૂલમાં કોઇ મારી શકતું નથી. જીવનમાં ચલિત થયા વિના આપણે પણ સોહમ્ પ્રદેશમાં સ્થાન પામી, સલામત બનવું જોઇએ. આપણી જીવનબાજીનું એ સલામત ફૂલ છે. કોઇ અલગારી આવું સ્થાન પામતો હશે. મોટા ભાઇ સાથે મારો સંવાદ સોગઠાંબાજી પર ચાલતો હતો. મારા મનમાં જીવનના ઉતાર-ચડાવના બદલાતા પ્રવાહો પર ઘમસાણ મચ્યું હતું. મેં પૂછયું : 'વલ્લભભાઇ, સોગઠાંબાજીના ચાર રંગો આપણને શું સૂચવે છે? '. મોટાભાઇ બોલ્યા : 'ભાઇ સાંભળ, સોગઠાબાજી ભવસાગરની રમત છે. તેને રમી જાણે તે ભવસાગર તરી જાય છે.' તેમણે ઉમેર્યું : 'લાલ રંગ અહંકારમાં ઢસડી જાય છે. લીલો વૈભવનું વળગણ આપે છે. પીળો ગધેડાની જેમ વૈતરું કરાવે છે. કાળો જગતના આટાપાટાથી અળગા રાખે છે. જે બધી લીલા જાણી શકે છે, તે ભવસાગરની રમત જીતી જાય છે.' તેમણે કહ્યું કે : 'આપણી સોગઠી ગાંડી થયેલી સોગઠીની ઝપટે ન ચડી જાય તેની કાળજી રાખવી પડે છે. ગાંડી થયેલી સોગઠી અવળી ચાલે છે. વળી તેને કોઇ ચાલવાના નિયમો પણ બંધનકર્તા નથી. તેથી તેનાથી બચવું ખૂબ અઘરું હોય છે. જીવનની બાજીમાં પણ આપણે ડગલે ને પગલે આવા લોકોનો સામનો કરવો પડે છે. મરણિયો થયેલો માણસ આપણને ગમે તેવું નુકસાન પહોંચાડી શકે છે. તેથી આવા લોકોથી ચેતતા રહેવું જોઇએ.

મોટાભાઇની વાત સોળ આનાની કહેવાય. આતંકવાદી લોકો સાથે બાથ

ભરવા જેવી ન કહેવાય. છતાં આજ-કાલ ખુમારીના નામે દેશની ખુશીઓ હોડમાં મૂકી બણગાં ફૂંકવાનો નશો ચડી ગયો હોય, તેમ રોજ નવા પડકારો ઊભા કરવામાં આવી રહ્યા છે. કરવા કરતાં બોલવાનું વધતું જાય છે. આપણે પણ ગાડરની માફક એક પછી એક કૂવામાં પડતા રહીએ છીએ. અંતની ખબર નથી. આતંકવાદને મિટાવવાની ફિશિયારીના નામે દેશના જવાનોનો ભોગ લેવાઇ રહ્યો છે. પરમાણુનો ભંડાર દબાવી બેઠેલા દેશને છંછેડી મૂલ્યવાન માનવજીવનને રગદોળવા સત્તાના લાલચુ લોકો ખુરશીના નશાખોર થઇને બબડી રહ્યા છે. કોઇ આતંકવાદીના હાથમાં પરમાણુનો ભંડાર આવી જશે. તો હર્યા-ભર્યા દેશની હાલત દયનીય થઇ જશે. વિશ્વનું સૌથી મોટું માનવધન નાશ પામશે. લાખો લોકોની આશા ધૂળમાં મળી જશે. વિકાસના વંટોળનો કચ્ચરઘાણ વળતા વાર નહિ લાગે. આતંકવાદને લલકારી જીતી શકાતો નથી. તેને જીતવા કીમિયો કરવો પડે છે. 'ચોર પાછળ ચણા ન ઉપાડાય' ચોરને ચોરી કરવાની ફાવટ હોય છે. ચોરને જોઇ આપણે તેની નકલ ન કરાય. આપણે આવડતના અભાવે રંગેહાથે ખેતરના માલિક ખેડૂતના હાથમાં સપડાઇને તેનો માર ખાવો પડે છે. તેવી જ રીતે આપણે, અર્જુનની જેમ શબ્દબાણનો ટંકાર કરી આતંકવાદ ચલાવતા લોકોને ઉશ્કેરી યુદ્ધના રણમેદાનમાં ફસાવાનું જોખમ નોતર્યું છે. કોઇવાર તેનું દૂરગામી પરિણામ ભોગવવાની નોબત આવી શકે છે. અમેરિકા કરે તે આપણે કરવાની જરૂર નથી. કારણ કે આપણી તે સંસ્કૃતિ નથી, આપણી તે પરંપરા પણ નથી. આપણી ધરતીમાં સત્ત્વ છે. જયાં મહાભારત વવાય છે ત્યાં ગીતા ઊગી નીકળે છે. આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે.ત્યાગની આ ભૂમિમાં જિંદુ રતન પાકે છે. જયારે યુદ્ધનું મંચ બનેલી ભૂમિમાં ખનીજતેલ નીકળે છે. મિત્રો, ભારત અને અમેરિકા વચ્ચેનો આ મોટો તફાવત છે. એટલે હું અમેરિકાની નકલ નહિ કરવા કાકલૂદી કરું છું.

કાળાં સોગઠાંની વાત આગળ ધપાવું તો કાળો રંગ ભગવાન કૃષ્ણનો છે. ભારતવર્ષમાં કૃષ્ણની તોલે કોઇ આવી શકે તેમ નથી. તેમણે પાંડવોને વિજયની વરમાળા પહેરાવવા યુદ્ધમાં ઘણા કાવા-દાવા કરવા મદદ કરી હતી. પણ પાંડવોને એક પણ આંચ આવી નહિ. તેનું કારણ ભગવાન કૃષ્ણની કુશળતા ન હતી. તેનું કારણ પ્રજાના કલ્યાણનું કામણ હતું. આજ-કાલ પ્રજાની સગવડના નામે પોતાના ઘર

ભરવાની હોડ જાગી છે. માત્ર ચોમાસાના ચાર માસમાં રસ્તાનું નામ નિશાન પણ રહેતું નથી. લગભગ ૮૦ ટકા રકમ લાગતાવળગતા લોકોના ખિસ્સામાં લહેર કરવા પહોંચી જાય છે. ૨૦ ટકા ખર્ચાયેલી રકમ ગુણવત્તાવાળા માર્ગો આપી શકતી નથી. આ તો માત્ર ઉદાહરણ છે. સરકારી દરેક કામમાં આવી જ પોલ ચાલે છે. ભગવાન કૃષ્ણ ગીતાના માધ્યમથી દરેકને કર્મ બજાવવા અંગુલીનિર્દેશ કરે છે. છતાં આપણે ગેરરીતિથી ધન કમાવા વલખાં મારતા રહીએ છીએ. ધનના વળગણથી દૂષિત થયેલા આપણે સૌ સત્યને વીસરી ગયા છીએ. છતાં નરસી મહેતા, મહાત્મા ગાંધીજીના ઉદાહરણ આપી, મહાપુરુષોના મહોત્સવ ઉજવવાનો ડોળ કરી. સત્યના ચિંથરા ઉડાડી રહ્યા છીએ. ત્યારે ચોપાટના છન્નુ ઘર જીતવા નીકળેલા રમતવીરને કહીશ.

'લાલ રંગ દરબાર છે, લીલો એનો સરદાર.
પીળો પેટિયું રળવા ખૂબ કરે ધમાલ;
કાળો કૃષ્ણ કામણ કરે, વીંધે વાંસ અપાર,
પીડા પામી બને વાંસળી સૂર છેડે અફાટ.'

ભગવાન કૃષ્ણ અન્યની સુખાકારી માટે કામણ કરતા હતા. તેઓ પોતાના હુંકારથી મુકત રહેતા હતા, એટલું જ નહિ કોઇ કર્મ બાંધવા ઇચ્છતા ન હતા. તેઓ શરીરથી આત્માને અલગ જોઇ શકતા હતા. તેથી તેઓ અનેક અપમાન સહન કરી શકયા હતા. પોતાની અંતિમ ઘડી આવી પહોંચી ત્યારે એક ભીલના હાથે ઘવાઇ દુનિયામાંથી વિદાય થયા હતા. ભગવાન કૃષ્ણ કર્મના બંધને પોતાનું ઈશ્વરપણું ભૂલી, સંસારની માયાજાળ અકબંધ રાખવા, કર્મના ત્રાજવે ભીલ દ્વારા મળનાર મૃત્યુ દંડ સ્વિકારવા તૈયાર થયા હતા. રામા અવતારમાં ભગવાન રામચંદ્રજીએ વાલીનો વધ વૃક્ષ પાછળ છુપાઇ, દગાથી કર્યો હતો. કારણ વાલીને વરદાન મળ્યું હતું. તેની સામે આવી જે લડે તેનું અડધું બળ વાલીમાં આવી જાય, તેથી સામી છાતીએ ભગવાન રામ પણ તેનો વધ કરી શકે તેમ ન હતા. બીજા અવતારમાં બદલા રૂપે ભીલના તીરકામઠે ભગવાન કૃષ્ણનો પ્રાણ લીધો હતો. આમ, કર્મનું ફળ કોઇને છોડતું નથી. જેમ હજારો ગાયોનું ધણ ચાલ્યું જાતું હોય પણ વાછરડું તેની માતાની ઓળખ કરી તેના આંચળે વળગી પડે છે. તેમ કર્મ ફળ પણ અનેક યાત્રા પૂરી કરી આવેલા આત્માને ઓળખી લે

છે. તેનો હિસાબ ચૂકતે કરી લે છે. કર્મના આટા-પાટા સમજવા સોગઠાબાજીની રમત ઘણું શીખવી જાય છે. ચોપાટના છન્નું કયારા જે સોગઠી પાર કરી લે છે. તેનો તોડ થઇ ગયો કહેવાય છે. પાકટ બનેલી સોગઠી ચોપાટની માયાજાળમાંથી મુકિત મેળવી લે છે. કેટલાક પાકટ બનતા પહેલા ગાંડું કાઢે છે. ગાંડી સોગઠી બીજાની બાજી બગાડે છે.

આતંકવાદનો ધોબી માનવની મલીનતાનો પડદો ધોવા ઇશ્વર મોકલતો હશે, એવું પણ બની શકે છે. બાકી તો એક ધરતીમાતાના સંતાનને નિર્દોષ માનવજાતનો ખૂડદો બોલાવવા ભગવાન શા માટે મોકલે? તમે કહેશો કે તેને ધર્માંધ બનાવી તાલીમ આપવામાં આવે છે. ઇશ્વરની ઇચ્છા વિરુદ્ધ જો એક પાન પણ ફરકી શકતું ન હોય, તો આટલો મોટો આતંકવાદ શી રીતે ભભકી શકે?

સોગઠાંબાજી પણ લુપ્ત થઇ રહી છે. ત્યારે મંગળાચરણ એકકાવ્ય પંકિતથી કરીશ.

'ભુલાઇ રહ્યું છે, એક ભારત, ભારત દેશ તરીકે,
ભભકી રહ્યો છે ભ્રષ્ટાચાર, એક ભીષણ ભાર તરીકે;
ફેલાઇ રહ્યો છે આતંકવાદ, એક આતંકવાદ તરીકે,
દૂર કરવા છે આ દૂરાચાર, એક ઉત્તર તરીકે.'

# ૩૩. રેલાયા રંગો અને વેરાયાં મોતી

મારી જીવન ઘટમાળની ચમકતી સંધ્યાના રચાયેલા રંગોની રંગોળીમાં સોનેરી ઉષાના રંગોએ ભાતીગળ મિત્રસર્કલ આપી ઉપકાર કર્યો છે. મિત્રોના સંગાથે મને તરબતર કરી દીધો છે. પ્રારંભમાં મોતિયા નામના કૂતરાએ પોતાની મિત્રતા નિભાવાનું શરૂ કર્યું હતું. પાછળથી મોટો માનવમહેરામણ ઉમટી પડયો છે. માતાનો સ્વર્ગવાસ થતા બાળપણમાં જ માતૃપ્રેમથી વંચિત રહેવું પડયું હતું, પણ પાછળથી ઈશ્વરે જાણે માતાને પ્રેમની વર્ષારાણીની હેલી બનાવી પૃથ્વી પર મારા માટે મોકલી આપી હોય તેવું લાગે છે. જેના કારણે મારું જીવન હર્યું-ભર્યું બની ગયું છે. હાલ તો હું સંસારરૂપી ભૂમિ પર મબલખ પાક લણવાની મોજ લઇ રહ્યો છું. મારા અંતરના બત્રીસે કોઠે નિજાનંદના દીવા બળી રહ્યા છે. ખુદ ઈશ્વર દીવાની જયોત જલતી રાખવા, વખતોવખત દીવેલ પૂરતા હોય તેવી રાત-દિવસ અનુભૂતિ થાય છે. એટલું જ નહિ અંતરના કોઇ ખૂણે ગ્લાની ડોકિયા કરી શકતી નથી.

બાળપણમાં બચુદાદાનો ડગલે ને પગલે ટેકો મળતો હતો. તેઓ મારી નાની મોટી જરૂરિયાતની કાળજી રાખતા હતા. લગભગ પાંચેક વર્ષની ઉંમર થતાં ઘણા મિત્રોનો સંગ થયો. બધા મિત્રો શરૂઆતમાં અમારા ઘરે રમવા આવતા હતા, પણ મારી મોબીલિટીનો વિકાસ જેમ-જેમ થવા લાગ્યો ; તેમ-તેમ હું પણ દરેક મિત્રોના ઘરે જવા લાગ્યો હતો. મિત્રોના સહવાસથી મને ઘણું શીખવા મળ્યું છે. અરવિંદ પી. અને બાબુ પી. સોનાણી, રમેશ પી. સોનાણી, રાઘવ પી. સોનાણી, હરજી પી. સોનાણી, વિનુ ડી. સોનાણી, વિનોદ પી. સોનાણી, કુંવરજી કે. સોનાણી, કાળુ ડી. સોનાણી, ભડિયાદ્રા સતીષ તેમજ વાલજીભાઇ, કાકાનો દીકરો તળશી અને લલ્લુભાઇ, સનત અને સંજય, શંભુ અને દલસુખ તેમજ જીતુ, બાળપણના મારા અંગત સાથી રહ્યા હતા. નામાવલી તો ઘણી મોટી આપી શકાય, પણ આ તો માત્ર મારા મિત્ર વર્તુળની ઝાંખી છે. દોસ્તો સાથે રમતો રમવાનો લહાવો આપી ઈશ્વરે મને ઉમંગના સરોવરમાં નવડાવ્યો હતો. આવો વૈભવ કોઇ નસીબદારને જ મળતો હશે, તેમ હું માનુ છું. જીવન શિક્ષણના પાઠ મને આ બધા મિત્રો પાસેથી શીખવા મળ્યા છે.

કેટલીક બહેનો પણ અમારા મિત્રવર્તુળમાં હતી. તેની નામાવલીની યાદી ઘણી લાંબી છે, તેથી તેનો ઉલ્લેખ કરતો નથી.

મારી છ સાત વર્ષની ઉંમર થતા હું પ્રથમ બાલમંદિર અને બાદમાં પ્રાથમિક શાળામાં મિત્રો સાથે ભણવાના હેતુથી જતો હતો. પણ પ્રાથમિક શાળાના આચાર્યે અંધ વ્યક્તિને શાળામાં ભણવા પ્રવેશ આપી શકાય નહિ, તેવું કારણ આપી મારી દોડતી ગાડીને બ્રેક લગાવી દીધી હતી. પણ તેના દિલમાં રામ વસતાં નામની નોંધણી વિના તેઓ મને શાળામાં મિત્રો સાથે બેસવા દેતા હતા. બાળમંદિરનો અનુભવ આનાથી ઊલટો થયો હતો. બાલમંદિરના શિક્ષિકા મંજુબહેન પંડયા માયાળુ હતાં. તેમણે બાળમંદિરના રજિસ્ટરમાં મારું નામ દાખલ કર્યું હતું. એટલુ જ નહિ, તેઓ મારી ગણતરી સામાન્ય બાળકો સાથે કરતાં હતાં. બાળકોને જે રમત રમાડે તે મને પણ રમાડતાં હતાં. નાસ્તો પણ આપે, ઠપકો પણ આપતાં હતાં. મારા હૃદયને આંચકો લાગે નહિ, તેની ખાસ કાળજી રાખતા હતા. બાળરમત રમતાં બાળકોને સમજાવી પકડાપકડીની રમતમાં મારા પર દાવ ન આવે તેવી સૂચના ખૂબ ખાનગી રીતે આપી દેતા હતા. તેથી આવી કોઇ પણ રમતમાં મને ભૂલથી એક પણ બાળક અડકતું નહિ. કોઇવાર હું દોડતા-દોડતા અટકી જાઉં તો પણ મને કોઇ અડકતું નહિ. આવું રોજ બનવા લાગ્યું. મને અચાનક અહેસાસ થયો. મને કેમ કોઇ અડતું નહિ હોય? મેં એક બાળકને પૂછયું : ‘તમે લોકો મને કેમ અડતા નથી.?’ સાંભળી જવાબ મળ્યો. ‘તું દહીં દૂધમાં છો તને અડવાથી અમારો દાવ ન ઊતરે, એટલે અમે તને કોઇ અડતાં નથી. મંજુબહેને બધાને એમ કરવા કહ્યું છે. ભૂલથી પણ તને અમે જો અડીએ તો અમારે બે દાવ આપવા પડે. એક દાવ અમે માંડ આપીએ છીએ. એમાં બે દાવ શી રીતે આપવા? તને દેખાતું નથી તેમ મંજુબહેન કહેતાં હતાં.’ શિક્ષિકાની સમજને સલામ.

આજે જયારે પ્રજ્ઞાચક્ષુ બાળકો અને શિક્ષકોને પ્રાથમિક શાળામાં અણઘડ શિક્ષકો અને આચાર્યના કારણે સહન કરવાનું આવે છે, ત્યારે મારા હૃદય પર મોટો ઘાત થાય છે. એ સમયના મંજુબહેન જેવાં શિક્ષિકા છે, તો બીજા સમયના એચ-ટાટ આચાર્યો છે. મિત્રો કઇ લાયકાત ચડિયાતી ગણવી? મારું મન નક્કી કરી શકતું નથી. માધ્યમિક શિક્ષણનો પ્રારંભ વિશુદ્ધાનંદ વિદ્યામંદિરમાં થયો હતો. મને આ શાળામાં

ગંગાસ્નાન જેટલો આનંદ અને પ્રેમની વર્ષાની હેલીનો લાભ મળ્યો હતો. પ્રિન્સીપાલ જીવરાજભાઇ અને શિક્ષિકાબહેનોએ મારો ઉત્સાહ વધાર્યો હતો. ભાવી શાહ અને ભૈરવી શાહ સહપાઠી બહેનોએ સગી બેન જેવી કાળજી રાખી. બ્લેકબોર્ડ પર શિક્ષક લખતા તે દરેક નોંધ મને ખાલી તાસમાં ભૂલ્યા વિના બ્રેઇલમાં કરાવી દેતી હતી. આવી ચીવટ લોહીના સગપણ ધરાવતી વ્યકિત પણ રાખી શકે નહિ. આવો હૂંફાળો સ્નેહ બંને બહેનોએ આપ્યો હતો.

પાઠય પુસ્તક બ્રેઇલમાં કેટલાંક વિષયોના ઉપલબ્ધ હતા પરંતુ નવનીત, અપેક્ષિત વગેરેનું વાંચન શાળા સમય સિવાય મારા અંગત સાથી એવા પોલીટેકિનિક કૉલેજમાં તે સમયે અભ્યાસ કરતા જીતુભાઇ એચ. નિર્મલ કરી આપતા હતા. તેઓ મોડી રાત્રીના ૧ થી ૨ વાગ્યા સુધી રીડિંગ કરી પોતાના ઘરે પરત ફરતા તેવું પણ મને યાદ છે. તેમનો લાગણીભર્યો સહકાર અન્ય કાર્યોમાં પણ મળતો. પરીક્ષામાં રાઇટરને શોધી આપવા તેમજ રાઇટર શાળામાં પહોંચી જાય તેવી તમામ દેખ-રેખ રાખતા હતા. મારી પાછળ પોતાનો અભ્યાસ છોડીને તેમને સમય ફાળવવો પડતો હતો, આના કારણે તેમને એકાદ-બે વખત કેટલાક વિષયોમાં એટીકેટી પણ આવેલી. આવા અદ્વિતીય વ્યકિતત્વને શબ્દોમાં આલેખવું દુષ્કર છે. આમ, મારા જીવન વિકાસમાં અનેક મહાનુભાવોએ મને સહયોગ આપ્યો છે. પરિણામે ધોરણ ૯ માં ૧૨૦ સામાન્ય વિદ્યાર્થીઓ વચ્ચે મારો પ્રથમ નંબર આવ્યો હતો. મારા જીવનમાં પ્રેમના રંગો રેલાતા રહ્યા છે. સંકલિત શિક્ષણમાં ફરજ બજાવતા ઘણાં શિક્ષક ભાઇ-બ્હેનોએ મારા કાર્યને દીપાવવા યત્કિંચિત ટેકો કર્યો છે, તો વળી અંધઉદ્યોગ શાળાના કર્મવીરોએ પણ કર્મયજ્ઞને પ્રજવલિત રાખવા યોગદાન આપ્યું છે.

આ બધી સફળતાનો યશ હું ભગવાન કૃષ્ણને અર્પણ કરું છું. મનમંદિરમાં મારો અંતર્યામી બિરાજમાન થઇ, મને સુંદર કાર્યનો સહભાગી બનાવ્યો છે - તે સૌ કોઇને યશના ભાગીદાર ગણું છુ. મારા જીવનની રંગબેરંગી રંગોળીના તેઓ માલિક છે. મારા ઘડતરમાં ઘણા લોકોનો ફાળો છે. પણ એક યાદગાર પ્રસંગ કહ્યા વિના મન શાંત નહિ પડે. લગભગ ૨૦૦૩-૨૦૦૪નું એ વર્ષ હતું. પાલિતાણામાં સંકલિત શિક્ષકોની તાલીમ શિબિર ચાલતી હતી. રાત્રી સભામાં ૧૨૦૦ સંકલિત શિક્ષકો,

ગુજરાત રાજયના તાલીમભવનના અધિકારીઓ, વ્યાખ્યાતાઓ અને ગાંધીનગરથી પધારેલા ગુજરાત શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદના અધિકારીઓ અને આમંત્રિત મહાનુભાવો સભામાં બેઠા હતા. રાત્રીના દસ ને પિસ્તાલીસ કલાકે સભાને સંબોધવા મને આમંત્રણ આપવામાં આવ્યુ. બગાસાંનો વરસાદ ધીમે-ધીમે ટપકી રહ્યો હતો. મનથી કોઇ સભામાં હાજર હોય તેવું એક પણ લક્ષણ દેખાતું ન હતું. કહેવાતા મહાનુભાવો ગરજી ચૂકયા હતા. વચ્ચે-વચ્ચે અભિનયની વીજળીએ પણ પોતાનો રંગ જમાવી લીધો હતો. હવે તો સભા બરખાસ્ત થાય તો સારું એમ બધા ઇચ્છતા હતા. તેથી મારે મોરલીના નાદ વિના નાગને ધુણાવવા જેવું કાર્ય મેદાને પડી કરી બતાવવાનું હતું. એક તરફ સમય વહી રહ્યો હતો. બીજી તરફ સંકલિત શિક્ષકોના પેચીદા પ્રશ્નો સરકારના ઉપસ્થિત અધિકારીઓ સમક્ષ ધારદાર ભાષણ આપી રજૂ કરવાનો પડકાર હતો. યોજના ચલાવતા સ્વૈચ્છિક સંસ્થાઓના નેતાઓ સરકારની વાહ-વાહ પુકારી, ભાષણ પતાવી કયારનાય સભામાં આરામ ફરમાવી રહ્યા હતા. મારે ઝંડા-જૂલણનો ખેલ રચી બગાસાંના વરસાદને રોકવાનો હતો. રણમાં સુગંધી ગુલાબની ખેતી કરવાનો મારો વારો હતો. કયાંથી ભાષણ શરૂ કરવું તે સમજાતું ન હતુ. ક્રિકેટનો વર્લ્ડકપ પૂરો થયો તેને બહુ સમય વિત્યો ન હતો. મકકમ વિચારોને મૂકવા મેં તેનો જ સહારો લીધો :

''ભાઇઓ તથા બહેનો, આજકાલ વન-ડે ક્રિકેટનો જમાનો છે. બેટિંગ કરે તે બાદશાહ કહેવાય. છેલ્લી ઓવરોમાં જે બેસ્ટમેન બેટિંગમાં આવે તેને બોલ ન બગાડવા જોઇએ. દુનિયાના મોટાભાગના ઓપનિંગ બેસ્ટમેન ધીમી ઇનિંગ રમી મારી જેવા ઉગતા ખેલાડીને રનરેટ વધારવા છેલ્લી ઓવરોમાં માંડ મોકો આપે છે. ક્રિકેટમાં જેમ કપીલદેવ, વીરેન્દ્ર સેહવાગ, શ્રીકાંત જેવા ખેલાડીઓ છે. તેમ મારે પણ મારી યાદગાર ઇનિંગ રમી બતાવી, મારી ઇચ્છા વ્યકત કરવી પડશે. મારા શબ્દબાણ અધિકારની બાઉન્ડ્રી કૂદી જશે, તેની પૂરી શ્રદ્ધા છે. સભામાં બિરાજમાન અધિકારી મારા આ શબ્દ-બાણને રોકી શકે તેમ નથી. પ્રવાસી શિક્ષક પ્રત્યેની આ લાગણીનો પ્રવાહ છે. તેથી તેને કોઇ નહિ રોકી શકે તેની મને શ્રદ્ધા છે. વિકલાંગ બાળકોના શિક્ષણની સંકલિત શિક્ષણ યોજનાને હું આવકારું છું. પણ તેમાં કામ કરતો શિક્ષક

દુઃખી હશે તો યોજના સફળ થઇ શકશે નહિ. હાલ આ યોજનામાં એક હજારથી વધુ શિક્ષકો કાર્યરત છે. છેલ્લી ભરતીમાં વધુ નવા શિક્ષકોને નિમણૂક આપવામાં આવી છે. એટલે છેલ્લો આંકડો મારી પાસે નથી. આ યોજનાના મહારથીઓઃ જેવા કે ભાસ્કર મહેતા, પ્રફૂલ વ્યાસ, અનિલભાઇ પટેલ, પ્રકાશ મંકોડી અને યુસુફી કાપડિયા છે. કાપડિયાસાહેબે દાહોદમાં હમણા જ વધુ ૧૦૦ પ્રવાસી શિક્ષકોની ભરતી કરી છે. તેને મારા અભિનંદન છે પણ મને દુઃખ એ વાતનું થયા કરે છે કે પ્રવાસી શિક્ષકોની ભરતી કરી છે પણ પ્રવાસી શિક્ષક હજુ પણ સલામત બન્યો નથી. દાહોદનો એક શિક્ષક પોતાના શિક્ષણક્ષેત્રમાં બાળકોને ભણાવા નીકળ્યો હતો, પણ હજુ તે પરત ફર્યો નથી. તેનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ નીપજયું છે. તે કદી પાછો નહિ ફરી શકે. તેનાં બૈરાં છોકરાં આધાર વિનાના થઇ ગયાં છે. તેને સરકારી કોઇ સહાય પણ મળી નથી. હાલ કામ કરતા શિક્ષકોને એક વર્ષની બાર રજા સિવાય કોઇ લાભ મળતા નથી. પેન્શન કે મેડિકલ રજા પણ મળતી નથી. સરકાર એક હાથે તાળીના ટપાકા કરવા ઇચ્છે છે. વિકલાંગ બાળકોના શિક્ષણનો વિસ્તાર કરવો છે. પણ કર્મચારીઓની સમસ્યા દેખાતી નથી. તાલીમના આયોજનને હું આવકારું છું. પણ કર્મચારીના અભિગમ પ્રત્યેની ઉદાસીનતાને ધિક્કારું છું. પ્રવચન લગભગ પૂરી ૩૦ થી ૩૫ મિનિટ ચાલ્યું હશે. પણ અહીં તો તેનો માત્ર રસાસ્વાદ કરાવ્યો છે.

ભાષણ પૂરું કરી મંચ પરથી નીચે ઊતર્યો એટલે મને લોકોએ ઘેરી લીધો હતો. બધા અભિનંદન આપી રહ્યા હતા. પણ ટોળામાં ઘુસી જઇ. માત્ર સાડા ચાર વર્ષની મારી દીકરી નિષ્ઠા આવીને બોલી : 'પપ્પા ખૂબ મજા આવી પણ મને બહુ દુખ થયું, કારણ તમને આવડયું નહિ. તમે કહેતા હતા કે છેલ્લો આંકડો મારી પાસે નથી. તમને કેમ ન આવડયું ? બધાને કેવું લાગે? પપ્પા હવે શીખી લેજો.' મારી પ્રગતિનું આ મોટું પરિબળ છે. જીવનસાથી નીલાની પણ અવારનવાર આવી ટકોર ખાવી પડે છે. આ તો છે જીવનની મજા ! નિખાલસ બાળક પણ પિતાની કેટલી ચિંતા કરતું હોય છે. એટલે હું મારા આ વૈભવરૂપી મોતીને વેરતો રહું છું. ચમકતા મોતીના અજવાળે હું અંધ અભ્યુદય મંડળ, એન. એ. બી. ભાવનગર જિલ્લા શાખા, અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ અને અંધ ઉદ્યોગ શાળાની પ્રગતિની ગાડી આગળ ધપાવી રહ્યો છું.

અંતરના અમી વડે ઊંજણ પૂરી આ બધી જાહેર સંસ્થાઓને પ્રગતિની પાંખે ઉડાન ભરી આદર્શ સંસ્થા તરીકે દીપાવવા કામ કરતો રહીશ. સમાજનો પ્રેમ મને જિંદગીના છેલ્લા શ્વાસ સુધી કાર્ય કરવા ઊર્જા આપતો રહેશે – તેવી શ્રદ્ધા રાખું છું. કારણ કે જીવનમાં રેલાયા છે રંગો અને વેરાયાં છે મોતી.

મને પ્રાપ્ત થયેલ સહકાર મારા જીવનના રેલાયેલા રંગો છે. પણ તેમાંથી ફૂટી નીકળેલી સેવા વેરાયેલાં મોતી છે.

''નયનોનું નૂર ભલે લઇ લીધું નાથ તેં,
પ્રજ્ઞાનું આખુંય આભ દીધું,
દિવ્ય દષ્ટિનો રૂડો આપ્યો દરબાર, ભલા કામણ કેવું કીધું!
રંગો રેલાવી નાથ, તેં લાખો આંખોનું તેજ દીધું,
કહે 'ઝગમગ' પ્રભુ તારા પ્રતાપે મોતી લીધા ગોતી.''